વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૫૧મું
ઓગસ્ટ : ૨૦૨૫
અંક : ૫૬૭

મંગલ મંદિર ● ઓગસ્ટ-૨૦૨૫ ● ૧
(કુલ પાના : ૮૮)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## મંગલ મંદિરની ૫૦ વર્ષની પૂર્ણતા અને ૫૧માં વર્ષપ્રવેશની ખૂબ ખૂબ વધાઈ

: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાળા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005

Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

# ભારતભરમાં ટ્રાન્સપોર્ટ, એક્સપ્રેસ, વેરહાઉસિંગ, 3પીએલ અને ઈકોમર્સક્ષેત્રે નિપુણતા સાથે સાત દાયકાની ગૌરવવંતી સફર




**V-Trans** - Modern fleet of Surface Transport offering PTL, FTL & ODC services across India.

**V-Xpress** - Multimodal Express Cargo & e-Comm services with door-to-door deliveries.

**V-Logis** - Comprehensive Warehousing and 3PL solutions with state-of-the-art infrastructure.

## અમારી ખાસીયતો

- **૧૫૦૦**થી વધુ શાખા અને **૬૦**થી વધુ હબ સેન્ટર
- વેરહાઉસિંગ માટે **૩.૨** મિલિયનથી વધુ ચોરસ ફૂટ જગ્યા
- **૨૫૦૦**થી વધુ જીપીએસયુક્ત વાહનો
- **૨** મિલિયન ટન અને **૯૦** મિલિયન આર્ટિકલ્સ
- **૪૦૦૦**થી વધુ જોમવંતા વ્યવસાયિકો
- **એક લાખ**થી વધુ ગ્રાહકો

**અમે દેશભરના વેપારીઓ, વિતરકો અને ઉદ્યોગપતિઓ માટે શ્રેષ્ઠ અને વિશ્વસનીય સર્વિસ પૂરી પાડીએ છીએ. પાર્ટ-લોડ સર્વિસીસમાં નિર્વિવાદ અગ્રણી હોવા સાથે વિવિધ સેગમેન્ટ્સના કલાયન્ટ્સને શ્રેષ્ઠ-કક્ષાના લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પૂરાં પાડીએ છીએ.**

Scan QR code for details

Great Place To Work. Certified FEB 2025 - FEB 2026 INDIA

V-TRANS® Driving Excellence

Other Divisions: V-Xpress | V-Logis

7227 056 089 | marketing@vtransgroup.com | www.vtransgroup.com

JIVRAJ
DR. JIVRAJ MEHTA SMARAK HEALTH FOUNDATION
BAKERI MEDICAL RESEARCH CENTRE
35 Years Of Trust
NABL

# પથરી?
# પેશાબ?
# પ્રોસ્ટેટ?
## જવાબ માત્ર એક
## ડૉ. જીવરાજ મહેતા હોસ્પિટલ, વાસણા



## Comprehensive Urology Department :

- Uro-oncology
- Urinary Issues
- Advanced Laser Treatment
- Kidney Stones
- Male Infertility

Cashless Facility Available*

OPD: Mon to Sat, 9AM to 5PM | For Appointment, Call +91 63571 88191

079 2663 6363 | jivrajhealthcare.org | info@jivrajhealthcare.org

Dr. Jivraj Mehta Hospital, Vasna, Ahmedabad-380007 | Follow us on:

24/7 EMERGENCY SERVICES



NANAVATI MAX Super Speciality Hospital

## Nanavati Max OPD Centres now in Ahmedabad

# Consult our experts

| | | |
|---|---|---|
| Liver, Intestine & Pancreas Transplant | **Dr Gaurav Chaubal**<br>Director - Liver & Multi Organ Transplant | 1st Monday of the month |
| Liver, Intestine & Pancreas Transplant | **Dr Lalit Verma**<br>Associate Director - Paediatric Hepatology | 2nd Friday of the month |
| Liver, Intestine & Pancreas Transplant | **Dr Aditya Nanavati**<br>Associate Director,<br>HPB Surgery, Liver & Multi Organ Transplant | 2nd Monday of the month |
| Liver, Intestine & Pancreas Transplant | **Dr Alisha Chaubal**<br>Principal Consultant - Hepatology | 4th Monday of the month |

501-502, Khsitij Aria, Opp. Golden Triangle, Near Stadium Petrol Pump, Stadium Road, Navrangpura, Ahmedabad

**For appointment Khalifa Tohid: 75066 17368**

# જૈન શાસનના કોહિનુર "શ્રી શાંતિલાલભાઈ" ને "શાસન ગૌરવ" પદવીની હાર્દિક અભિવંદના....



અચલગચ્છાધિપતિ, રાજસ્થાન દક્ષિણ
દીપક પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. એ
દેવપુર (કચ્છ) ખાતે ચાતુર્માસ પ્રવેશ દરમ્યાન
પર/૪૨ ગામોની ૫,૦૦૦ના
માનવ મહેરામણ તથા ડાયસ ઉપર
મુંબઈ તથા અન્ય સ્થળોના
ઊંચા હોદ્દા ધરાવતા મહાનુભાવો સમક્ષ

જૈન શાસનના કોહિનુર શ્રી શાંતિલાલભાઇ સાવલા ને
"શાસન ગૌરવ" ની ઉપલબ્ધિ આપી
તે બદલ અમો સર્વ ગર્વની લાગણી અનુભવીએ છીએ...

## શ્રી શાંતિલાલ મુરજી સાવલા
(નાની તુંબડી – અમદાવાદ)

અત્રેની અમદાવાદની સંસ્થાઓમાં આ વયે પણ સક્રિય રહેનારા આપ
તન-મન-ધનથી શાસન-ગચ્છ - સમાજ માટે હંમેશાં ગર્વભેર આગળ રહો છો...

સમય આપ્યો... સેવાઓ આપી... સહુની સાથે ચાલ્યા...
વધારી સમાજની આપે શાન... અંતરથી કરીએ આજે આપના બહુમાન...

શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ.
શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન સમાજ - અમદાવાદ
શ્રી ક.વી.ઓ. અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
શ્રી કચ્છી દસા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન - અમદાવાદ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

મંગલ મંદિરને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

# હાર્દિક શુભેચ્છાઓ

જીવનમાં બે વાત શીખી લો :
એક માફ કરવાનું
અને બીજું શાંત રહેવાનું.
તમે એવી તાકાત બની જશો
કે પહાડ પણ તમને રસ્તો આપી દેશે.

ક્યારેક ક્યારેક ઠોકરો પ્રત્યે પણ
પોઝીટીવલી જોવું જોઇએ.
એક તો તેના કારણે
રસ્તા પરની રૂકાવટોનો ખ્યાલ આવી શકે
અને એ સમયે સંભાળી લેવાવાળા હાથ
કયા હતા તેનો પણ ખ્યાલ આવી શકે.

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

છેલ્લા ૫૦ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું

મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫

ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com

વેબ-સાઈટ : www.kjss.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  **મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  **મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
- **ચૌલા કુરૂવા – સભ્ય**
  **મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  **મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**
- **પ્રભુલાલ કપૂરચંદ સંઘવી – સભ્ય**
  **મો. ૯૯૭૯૮ ૮૧૭૨૦**

**કવર પેઇજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

## ભાગ-૧ : સંસ્થા સમાચાર તથા અન્ય

### તંત્રી લેખ

- ૫૦ વર્ષની મંઝીલ પાસ કરી ૫૧મા વર્ષના પ્રવેશ સમયે ........ **અશોક મહેતા** ....... ૯
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર 'મંગલ મંદિર' તેની મંઝીલના ૫૦ વર્ષ પૂરા કરી ૫૧મા વર્ષમાં પ્રવેશે છે તેના અનુસંધાને મળેલ શુભેચ્છા સંદેશાઓ ........ ૧૧
- શ્રી શાંતિલાલભાઈ મુરજી સાવલાને "શાસન ગૌરવ એવોર્ડ" એનાયત કરવામાં આવ્યો ........ ૨૧
- શ્રી ક.વી.ઓ. જ્ઞાતિના ૫૨/૪૨ ગામોની વિગત ........ ૨૩
- માળા - નવકારવાળીમાં ૧૦૮ મણકા શા માટે? ........ **સંકલન : પ્રભુલાલ કે. સંઘવી** ..... ૨૪
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : ધ્વજ વંદન કાર્યક્રમ : જાહેર આમંત્રણ ........ ૨૫
- મંગલ મંદિરના આવેલ લવાજમ ........ ૨૫
- નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગરની પ્રથમ વર્ષગાંઠ ........ ૨૬
- મહિલા ઉત્કર્ષ સમિતિના કાર્યક્રમનો અહેવાલ ........ ૨૮
- વયસ્ક સમિતિના કાર્યક્રમનો અહેવાલ ........ ૨૯
- સરનામા ફેરફાર ● અવસાન નોંધ ● સાભાર સ્વીકાર ........ ૩૨
- ઉડતી નજરે ........ ૩૩
- અતીતના ઓવારેથી : મણકો-૨૪ ........ ૩૫
- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૨૮ ........ **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી** ..... ૪૧
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ........ ૪૩
- દેશ - વિદેશ ........ **ચૌલા કુરૂવા** ..... ૪૬
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ........ **સંકલન : રસીક ખીમજી મહેતા** ..... ૪૮
- પ્રતિભાવ ........ ૫૦
- ***Nano Nine*** શબ્દ રમત-૨૨૧ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૫૧
- ***Nano Nine Sudoku*** (ક્રમાંક-૧૧૭૯) ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૫૩
- અન્ય સંસ્થાના સમાચાર ........ ૫૪

## ભાગ-૨ : લેખ વિભાગ તથા અન્ય

### પ્રેરણાત્મક પ્રસંગો

- મણકો-૩૬ : મારા પિતાથી કોઈ ભૂલ થઈ હોય તો માફ કરજો
  મણકો-૩૭ : નવા વિચારો, નવી પદ્ધતિ અને નવો ઉત્સાહ .... **સંકલન : ડૉ. આશિષ ચોકસી** ..... ૫૭

### સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો

- મણકો-૨૦ : સેનાપતિ તાત્યા ટોપે ........ **રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ** ..... ૫૮

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી દેવેશ દિલીપ દંડ
મો. ૯૩૨૭૯ ૧૮૫૭૭

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kjss.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## એરિસ્ટોક્રેટ્સ


● પ્રકરણ-૧૭ : ઓસવાલ શ્રેષ્ઠી – ૧૦ .................... **દેવેન્દ્ર પટેલ**..... ૫૯

● સાચા દિલની ક્ષમા .................... **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**..... ૬૧
● સેવા પ્રવૃત્તિઓનું વટવૃક્ષ : કુલીનકાંત લુઠિયા .................... ૬૩
● કચ્છ યાત્રા વખતે ગાંધીજીએ
વિંઝાણમાં ભાણજીભાની મહેમાનગતિ માણી હતી .................... **જગદીશચંદ્ર છાયા**..... ૬૪
● ભાઈ-બહેનના સ્નેહનું પર્વ : રક્ષાબંધન .................... **દિલીપ આચાર્ય 'દિલકશ'**..... ૬૫
● મંદિરો અને બેન્કો પાસે અધધ સોનું .................... **ભાલચંદ્ર જાની**..... ૬૬
● દેશની ન્યાયિક વ્યવસ્થા માટે એ.આઈ.ની મદદ સહારો બનશે! .................... **ડૉ. નાનક ભટ્ટ**..... ૬૮
● ચિનાબ રેલ બ્રિજ ખુલ્લો મૂકી
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને મોટી ભેટ આપી છે .................... **ડૉ. મિહિર એમ. વોરા**..... ૬૯
● ભૂગર્ભ જળનું સ્તર વધારવા વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ જરૂરી .................... **મનીષ જોશી 'મૌન'**..... ૭૧
● વસતી વધારાના કારણે માથાદીઠ આવકમાં ઘટાડો થવાની શક્યતા .................... **ભાલચંદ્ર જાની**..... ૭૨
● વિદ્યાર્થી જીવનમાં સફળતાના માપદંડ .................... **પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**..... ૭૩
● ડાયરેક્ટ માર્કેટિંગ કંપનીઓની માયાજાળ .................... **ચૌલા કુરૂવા**..... ૭૬
● દાંપત્ય જીવનમાં ટકટક .................... **ડૉ. કમલેશ એન. શાહ**..... ૭૭
● કચ્છની મુસાફરી .................... **વસંત 'કચ્છ કેસરી'**..... ૭૮
● આહાર .................... **શરદ શાહ**..... ૭૯
● માનસિક સ્ટ્રેસની શરીર પર અસર
ભાગ-૭ : સારવાર ● સાઈકોથેરાપિ કાઉન્સેલિંગ ... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક**..... ૮૧
**ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
● વાર્તા : હેમુ .................... **વસંત મારૂ**..... ૮૩


## તીર્થ દર્શન


● દર્શન-૮૧ : શ્રી સમેતશિખર તીર્થ (શ્રી શામળિયા પાર્શ્વનાથ ભગવાન)
● દર્શન-૮૨ : શ્રી પાવાપુરી તીર્થ (શ્રી મહાવીર ભગવાન) .......... **પ્રેષક : કે.ડી. શાહ**..... ૮૫

● બોધકથા : બીજાને ઉપયોગમાં આવે એ નાના નહીં બહુ મોટા હોય છે . **પ્રેષક : નવનીત પટેલ**..... ૮૬


## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો


● ગાલગા .................... **કેતના છેડા 'કેતુ'**..... ૩૬
● મહેફિલ .................... **સંપાદક : મણિલાલ ડી. રૂઘાણી**..... ૪૦
● હાઈકુ .................... **તુષાર દેસાઈ**..... ૫૦
● મુક્તક .................... **અરવિંદ સોમૈયા**..... ૫૩
● વલોપાત .................... **મણિલાલ ડી. રૂઘાણી**..... ૭૬


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# ૫૦ વર્ષની મંઝીલ પાસ કરી ૫૧મા વર્ષના પ્રવેશ સમયે

અશોક મહેતા

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર “મંગલ મંદિર”નો પ્રથમ અંક ઓગસ્ટ-૧૯૭૫ના રોજ શ્રી પ્રભુલાલ કે. સંઘવીના તંત્રીપણા હેઠળ પ્રકાશિત કરવામાં આવેલ હતો. ‘મંગલ મંદિર’ના ચાલુ મહિનાનો અંક એટલે કે ઓગસ્ટ-૨૦૨૫નો અંક તેના ૫૦ વર્ષની સરાહનીય કારકિર્દી પૂર્ણ કરી ૫૧મા વર્ષમાં પ્રવેશ કરી રહેલ છે કે જેને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની એક અલભ્ય સિદ્ધિ તરીકે ગણી શકાય.

આ ૫૦ વર્ષના સમયગાળા દરમિયાન તેના મુખ્ય તંત્રી તરીકેની જવાબદારી શ્રી પ્રભુલાલભાઈ સંઘવી, સ્વ. પ્રમીલાબેન કુરૂવા, શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી કેશુભાઈ દેસાઈ, શ્રી પ્રતાપભાઈ દંડ વગેરેએ ક્રમાનુસાર અલગ અલગ સમયે સ્વિકારી ‘મંગલ મંદિર’ને એક જ્વલંત માસિક મુખપત્ર બનાવવાની પોતાના સમયમાં કોશિશ જારી રાખેલ હતી અને તેને સફળતાપૂર્વક અદા પણ કરેલ હતી. હાલે કેટલાક સમયથી શ્રી અશોક મહેતાના મુખ્ય તંત્રીપણાના નેજા હેઠળ, તંત્રી મંડળના અન્ય સભ્યો શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ, બહેનશ્રી ચૌલાબેન કુરૂવા, શ્રી રસીકલાલ ખીમજી મહેતા તથા શ્રી પ્રભુલાલભાઈ સંઘવી (સ્થાપક તંત્રી)એ તેને સવિશેષ વાંચનપૂર્ણ બનાવવા પોતાના પ્રયત્નો જારી રાખેલ છે.

હાલના ‘મંગલ મંદિર’ની નિયમિત કોલમોમાં આપણા ડૉક્ટર્સને પહેચાનો, સવાલ અમારો... જવાબ તમારો..., દેશ વિદેશ, જ્ઞાન-વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી, Nano Nine શબ્દ રમત તથા Nano Nine સુડોકુ જેવી કોલમો નિયમિતપણે પ્રસારિત કરવામાં આવે છે. સાથે સાથે પ્રેરણાત્મક પ્રસંગો, સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો તથા એરિસ્ટોકેટ્સના માણવા લાયક તેમજ બુદ્ધિગમ્ય લેખો પણ પ્રસારિત કરવામાં આવે છે. ‘મંગલ મંદિર’ના કેટલાક નિયમિત લોકોએ તો પોતાની અણમોલ કૃતિઓનું ‘મંગલ મંદિર’માં નિયમિત પ્રસારણ કરાવી ‘મંગલ મંદિર’ને ચાર ચાંદ લગાવી દીધેલ છે.

‘મંગલ મંદિર’ના શરૂ થતા ૫૧મા વર્ષના સમયે આપણે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિ પર પણ એક દૃષ્ટિપાત કરી લઈએ તો તે હકીકત સરાહનીય બની રહેશે. શરૂઆતના સમયે જે સંસ્થાનું વાર્ષિક ટર્નઓવર ૧૫-૨૦-૨૫ હજાર રૂપિયા હતું તે આજે ૧૬ કરોડની આસપાસ પહોંચવા આવેલ છે. તદ્દુપરાંત તેની અસ્ક્યામતો રૂપિયા ૫૦ કરોડથી પણ વધુ રકમની રહેવા પામેલ છે. આ સંસ્થાના અમદાવાદ ખાતે ૩ અતિથિ ભવન, ૪ મેડિકલ સેન્ટર, ૩ ડાયાલિસિસ સેન્ટર, ૧ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર, ૧ સાંસ્કૃતિક કેન્દ્ર વગેરે કાર્યરત છે. તેના અન્ય પ્રોજેક્ટો પણ તરતમાં સ્થાપિત થવાના છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજના સેવા ક્ષેત્રની વાત કરીએ તો દર મહિને અંદાજિત ૩૫,૦૦૦ વ્યક્તિઓ એટલે કે દરરોજની અંદાજિત ૧૨૦૦ વ્યક્તિઓ તેની સેવાનો લાભ લે છે. વર્ષ ૨૦૨૪-૨૫માં પાલડી સેન્ટરે તેની સામાન્ય જનની સેવા પાછળ રૂા. ૬.૯૨ કરોડનો ખર્ચ કરેલ છે. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતેથી રૂા. ૨.૩૫ કરોડ, એસ.ટી. ભવન - ગીતા મંદિરથી રૂા. ૬૧.૩૬ લાખ, મેડિકલ સેન્ટર - બોપલથી રૂા. ૩.૨૫ કરોડ, મેડિકલ સેન્ટર - ચાંગોદરથી રૂા. ૬૩.૩૪ લાખ અને મેડિકલ સેન્ટર - જશોદાનગરથી રૂા. ૧.૬૮ કરોડનો ખર્ચ કરેલ છે.

વર્ષ દરમિયાન રૂા. ૧૫.૪૫ કરોડના ટોટલ ખર્ચ સામે તેના વિવિધ સેવાઓના દર ખૂબ જ ઓછા હોવાથી તેની આવક ખર્ચ કરતાં ઓછી એટલે કે રૂા. ૧૪.૨૬ કરોડ થયેલ છે. વર્ષભરના ઉપરોક્ત સેવાકાર્ય દરમિયાન નુકસાનીની રકમ રૂા. ૧.૨૯ કરોડ થવા પામેલ છે. પરંતુ આ સમયગાળા દરમિયાન તેના કાર્યકરોની ધગશ અને મહેનતના પરિણામ સ્વરૂપે રૂા. ૧.૬૦ કરોડ જેટલા ડોનેશન્સ મેળવી નુકસાનીની અસર આ સમાજ પર રહેવા દીધેલ નથી.

આપણે ઇચ્છીએ કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આવતા વર્ષોમાં પોતાની સેવાની પાંખો અમદાવાદના વિવિધ વિભાગોમાં ફેલાવીને મુંબઈ તથા કચ્છ તરફ પણ પોતાની સેવાની પાંખો ફેલાવે તો આ સંસ્થા સમગ્ર કચ્છી પરિવારોમાં અત્યાર કરતાં પણ વધુ નમૂનારૂપ સંસ્થા બની રહે.

'મંગલ મંદિર' તેના ૫૧મા વર્ષના પ્રવેશ સમયે સંસ્થાના હોદ્દેદારો, કાર્યકરો અને સભ્યોની ખૂબ ખૂબ અનુમોદના કરી, આવતા વર્ષો વધુને વધુ સેવામય બને તેવી શુભેચ્છા વ્યક્ત કરે છે.

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦**

# પ્રભુ સાથેનો સવારનો પ્રથમ સંવાદ

***હે પ્રભુ,***

તું રાત-દિવસ મારી સંભાળ લે છે...તેથી જ તો મારા જીવનમાં નિશ્ચિંતતા છે... કૃતજ્ઞ છું પ્રભુ, તારા એ પ્રેમ અને ઉપકાર માટે...

કેવી અદ્‌ભુત રચના કરી છે મારા શરીરની...!!

આટલા નાનકડા શરીરમાં ૭૮ અવયવો અને ૧૫ ગ્રંથિઓ! દરેકના ભિન્ન ભિન્ન કાર્ય.... કેવી અદ્‌ભુત રચના! કૃતજ્ઞ છું પ્રભુ, તારા એ પ્રેમ અને ઉપકાર માટે...

શરીરનાં દરેકે દરેક અવયવોને એક સાથે કાર્યરત રાખવા ૬૦૦ સ્નાયુઓની રચના... અદ્‌ભુત! કૃતજ્ઞ છું પ્રભુ, તારા એ પ્રેમ અને ઉપકાર માટે...

૨૦૬ હાડકાઓ...કેટ-કેટલા સાંધાઓ...?? નહીં કોઈ સ્ક્રુ કે નહીં કોઈ નટ-બોલ્ટ...!! સાવ છુટ્ટા... છતાં જોડાયેલા જ રહે છે... કઈ રીતે રહે છે...?? કંઈ ખબર નથી પ્રભુ.... કૃતજ્ઞ છું પ્રભુ, તારા એ પ્રેમ અને ઉપકાર માટે...

આખા શરીરને આ ચામડીનું કવર કેવું ચડાવ્યું છે પ્રભુ... કેટલું નાજુક, કોમળ, મોહક, આકર્ષક, મૃદુ, છતાં કેવું સંરક્ષક પડ..!! ટાઢ, તાપ, વરસાદમાં શરીરનું રક્ષા-કવચ...!! વળી, કેવી અદ્‌ભુત રચના છે ચામડીની...??? સાંધો નહીં... સિલાઈ નહીં...!!

વળી, શરીરનો જેમ જેમ વિકાસ થાય તેમ તેમ આ ચામડીનું કવર પણ મોટું થાય.... અને, શરીર દુબળુ થાય તો નાનું થઈ જાય...!! કઈ રીતે થતું હશે આ....!! કંઈ ખબર નથી... ચામડી તો એની એ જ... પણ, ઠંડી અને ગરમીની સંવેદના અલગ-અલગ... કઈ રીતે થતું હશે આ...?? કંઈ ખબર નથી...

મને એક જ ખબર છે પ્રભુ, કે, તારો મારા પર અનહદ પ્રેમ છે... કૃતજ્ઞ છું પ્રભુ, તારા એ પ્રેમ માટે....

તારા એ પ્રેમને સમજી શકું એવી સમજણ દીધી અને અનુભવી શકું એવું હૃદય દીધું.

***હે પરમેશ્વર,***

★ મને મારા ભાગ્ય મુજબ 'કણ' આપવા બદલ આભાર.
★ હિંમતભેર ચાલી શકુ તેવા 'ચરણ' આપવા બદલ આભાર.
★ હંમેશાં કોઈનું સારું કરી શકું તેવું 'આચરણ' આપવા બદલ આભાર.
★ સદાય મુખ પર સ્મિત ને હૈયે તારું 'સ્મરણ' આપવા બદલ આભાર.
★ થાકી હારી જાઉં ત્યારે તારું 'શરણ' આપવા બદલ આભાર....

જીવન માત્ર ત્રણ પાનાનું છે. પ્રથમ અને છેલ્લું પાનું ભગવાને લખ્યું છે. પ્રથમ પાનું 'જન્મ' અને છેલ્લું પાનું 'મૃત્યુ.' આપણે ખાલી વચ્ચેનું પાનું ભરવાનું છે – પ્રેમ, વિશ્વાસ અને હાસ્યથી.... ■

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર "મંગલ મંદિર" તેની મંઝીલના ૫૦ વર્ષ પૂરા કરી ૫૧મા વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે તેના અનુસંધાને મળેલ**

# શુભેચ્છા સંદેશાઓ

### 'મંગલ મંદિર' પોતાની સફરનાં ૫૦ વર્ષ પૂર્ણ કરતાં...

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ નામની સંસ્થાએ પોતાની માસિક પત્રિકાની શરૂઆત ઓગસ્ટ-૧૯૭૫થી 'પ્રેરણા' નામે શરૂ કરેલ હતી ત્યારે શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવીએ પ્રથમ તંત્રી તરીકેની જવાબદારીઓ સ્વીકારેલ હતી. એ વખતે સંસ્થાના માસિક મુખપત્ર 'પ્રેરણા'નું નામ બદલી 'મંગલ મંદિર' કરવામાં આવેલ હતું. ત્યારબાદ શ્રીમતી પ્રમીલાબેન ઉમરશી કુરુવાએ સંપાદિકા તરીકે પોતાની સેવાઓ આપેલ હતી. તેઓના અવસાન પછી શ્રીમતી ચંદ્રિકાબેન ચંદ્રકાંત દેઢિયાએ સંપાદિકા તરીકેની જવાબદારીઓ સંભાળી લીધેલ હતી. તેઓએ સતત ૨૨ વર્ષ સુધી મંગલ મંદિરને પોતાની અવિરત સેવાઓ આપેલ હતી. ત્યારબાદ જુદા-જુદા તંત્રી મંડળ અને સલાહકારોએ પોતાની સેવાઓ આપી મંગલ મંદિરને પ્રગતિના પંથે તથા સારી એવી ઉંચાઈએ પહોંચાડેલ છે.

માસિક મુખપત્ર 'મંગલ મંદિર' દ્વારા સંસ્થાની પ્રવૃત્તિઓ સભ્ય પરિવારો સુધી પહોંચે અને તેઓ સંસ્થાની પ્રવૃતિઓથી માહિતગાર રહે, તંત્રી સ્થાનેથી લખાયેલ તંત્રીશ્રીના વિચારો સમાજના સભ્યોને પ્રેરિત કરતા રહે આવા ઉમદા હેતુને સાર્થક કરવા માસિક મુખપત્ર મંગલ મંદિરની શરૂઆત કરવામાં આવેલ હતી. આ મુખપત્રમાં સમાજની પ્રવૃત્તિઓ, તંત્રી લેખ, ધાર્મિક, આરોગ્ય, સામાજિક, રમત-ગમત, જ્ઞાન-વિજ્ઞાન અને કચ્છ વિશેની માહિતી વગેરે લેખન સામગ્રી પ્રકાશિત કરવામાં આવે છે. અવાર-નવાર વિશેષાંકો પણ બાહર પાડવામાં આવેલ છે કે જે કચ્છી પરિવારો, કચ્છી સિવાયની વ્યક્તિઓ અને વાચક વર્ગમાં ખૂબ જ પ્રિય બની રહેલ છે. મંગલ મંદિર ફક્ત અમદાવાદ-ગાંધીનગર જ નહીં પરંતુ આખાયે ભારતમાં તેનો વ્યાપ છે અને વાંચનાર વર્ગ તેને ખૂબ જ પસંદ કરે છે તે સરાહનીય છે.

ઓગસ્ટ-૨૦૨૫માં મંગલ મંદિર તેની સફરના ૫૦ વર્ષ પૂર્ણ કરી ૫૧મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે ત્યારે શરૂઆતથી અત્યાર સુધીના તમામ તંત્રીશ્રીઓ, સંપાદકો-સંપાદિકાઓ, સલાહકારો, તંત્રી મંડળ અને તંત્રી મંડળના સભ્યોને ખૂબ ખૂબ અભિનંદન અને મંગલ મંદિર આવી જ રીતે ઉત્તરોઉત્તર પ્રગતિના પંથે આગળ વધતું રહે અને સમાજના પરિવારો તથા કચ્છી સિવાયનો વાચક વર્ગ આ માસિક મુખપત્ર વર્ષો સુધી વાંચતા રહે તેવી અભિલાષા.

મંગલ મંદિરના હાલના તંત્રી શ્રી અશોકભાઈ મહેતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં તેઓ ઘરે રહી રોજના ૧૨ થી ૧૪ કલાક મંગલ મંદિર માટે પોતાની સતત અવિરત સેવાઓ આપી રહ્યા છે તે ખૂબ જ સરાહનીય અને કાબિલેદાદ છે. મંગલ મંદિરનાં કવર પેજની ડિઝાઈન, જાહેરાત અને સૌજન્યરૂપે આર્થિક સહયોગથી લઇ લેખન સામગ્રીને વ્યવસ્થિત રીતે ગોઠવીને પ્રકાશિત કરવાની આગવી કળા, સર્જનાત્મકતા અને વૈવિધ્યતા તેઓમાં જોવા મળે છે. આમ, શ્રી અશોકભાઈ મહેતાએ મંગલ મંદિરને ચાર ચાંદ લગાવીને પ્રગતિના ફલક પર પહોંચાડેલ છે. આવી જ રીતે મંગલ મંદિર માટે તેઓ પોતાની અવિરત સેવાઓ પ્રદાન કરતાં રહે એવી અભિલાષા અને અભિનંદન... અભિનંદન..... અભિનંદન...

*પ્રતાપ નારાણજી દંડ*
*મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ*
*પૂર્વ મુખ્યતંત્રીશ્રી, મંગલ મંદિર*

★

### મંગલ મંદિરની સફરના ૫૦મા વર્ષે

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંસ્થાનું માસિક મુખપત્ર મંગલ મંદિર કે જે સમાજના સભ્યો ઉપરાંત વાંચનના શોખીનો માટે એક ઉત્તમ મેગેઝિન બની ગયેલ છે. અમદાવાદ-ગાંધીનગર જ નહીં પરંતુ ભારતના ખૂણે-ખૂણે આ મુખપત્ર વંચાય છે.

મંગલ મંદિર મુખપત્રની શરૂઆત ઓગસ્ટ ૧૯૭૫થી કરવામાં આવેલ. એ સમયે પ્રથમ તંત્રી તરીકે પ્રભુલાલ કપૂરચંદ સંઘવીએ પોતાની જવાબદારી નિભાવેલ હતી. ત્યારબાદ સંપાદિકા તરીકે શ્રીમતી પ્રેમીલાબેન ઉમરશી કુરુવા અને તેમના અવસાન પછી શ્રીમતી ચંદ્રિકાબેન ચંદ્રકાંત દેઢિયાએ વર્ષો સુધી સંપાદિકા તરીકે જવાબદારી સંભાળેલ હતી. તેઓની સ્વૈચ્છિક નિવૃત્તિ બાદ માસિક મુખપત્ર મંગલ મંદિરનાં હાલના તંત્રી મંડળ નિષ્ઠાપૂર્વક પોતાની જવાબદારી નિભાવતાં આવી રહ્યા છે.

ઓગસ્ટ-૨૦૨૫માં મંગલ મંદિર તેની સફરના ૫૦ વર્ષ પૂર્ણ કરી આગળ વધે છે ત્યારે શરૂઆતથી અત્યાર સુધીના તંત્રી, સંપાદકો અને તંત્રી મંડળને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

મંગલ મંદિર કચ્છીયતને ઉજાગર કરતું માસિક મુખપત્ર છે કે જે વિવિધ સાહિત્ય, માહિતીસભર લેખો, આરોગ્ય અને સમાજની જુદી-જુદી પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કરે છે. મંગલ મંદિરે કચ્છ અને કચ્છની બહાર કે વિદેશોમાં વસતા કચ્છીઓ અને કચ્છી સિવાયના લોકોમાં પણ જે સ્થાન પ્રાપ્ત કરેલ છે તેનું મને ગૌરવ છે.

કચ્છના પ્રશ્નો, નર્મદાના પ્રશ્નો, ઔદ્યોગિકરણ બાદના કચ્છના પ્રશ્નો વગેરે વિવિધ પ્રશ્નોને વાચા આપવા ઉપરાંત દર વર્ષે બે થી ત્રણ વિવિધ વિષયો ઉપર વિશેષાંક જેવાં કે ઔદ્યોગિક અંક, કચ્છના પટેલોના કંપાનો વિશેષાંક વગેરે – આ યાદી ખૂબ જ લાંબી છે.

આમ સેવા, સમર્પણ, સમરસતા, સમભાવ, સમયોચિત સમગ્ર સમાજમાં સમરંગી મેઘ ધનુષ્યના સાત રંગોની લાલીમાં ફેલાવતું માસિક એટલે કે મંગલ મંદિર.

આમ અત્યારના તંત્રી મંડળના વરિષ્ઠ કર્મનિષ્ઠ મુખ્યતંત્રી એવા શ્રી અશોકભાઈ મહેતા અને અન્ય તંત્રીઓ નિયમિત રીતે અંકો પ્રસારિત કરીને સમાજની ખૂબજ મોટી સેવા કરે છે તે કાબિલેદાદ છે.

*રજનીકાંત પારેખ*
*માનદ્ મંત્રી,*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

★

### ॥ શુભેચ્છા સંદેશ ॥

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિર'ની અડધી સદીની યશસ્વી અને પ્રશંસનીય સફર પૂરી કરી ૫૧મા વરસમાં પ્રવેશ નિમિત્તે સંકળાયેલા તમામને હાર્દિક અભિનંદન તેમજ શુભેચ્છાઓ..

*વિમેશ શાહ*
*ખજાનચી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

★

### અડધી સદીના પડાવ પ્રસંગે અભિનંદન...

'મંગલ મંદિર'ની અડધી સદીની ગૌરવયાત્રાના મંગલ પ્રસંગે અભિનંદન પાઠવવા સાથે, આ સામાયિક એક સદીની યાત્રા સંપન્ન કરે એવી શુભેચ્છાઓ પણ પાઠવું છું.

લોકો કહે છે કે આજના યુગમાં સામાયિક ચલાવવું અને એ પણ નિયમિતરૂપે ચલાવવું ખૂબ અઘરું છે. હું માનું છું કે આ માત્ર આજના યુગની જ વાત નથી, દરેક યુગમાં સામાયિક ચલાવવું એ સામા પૂરમાં તરવા જેવું કઠિન કાર્ય રહ્યું છે. એમાં પણ કોઈ ચોક્કસ વર્ગ કે સમૂહ માટે, એના ચોક્કસ બંધારણને વફાદાર રહીને સામાયિક ચલાવવું તો વધારે મુશ્કેલ છે. મૂલ્યનિષ્ઠાની સંપૂર્ણ માવજત સહિત આવું અઘરું કાર્ય પાર પાડવા બદલ અત્યાર સુધીના તમામ સંચાલકો, વ્યવસ્થાપકો, તંત્રીઓ અને જાહેરાત-દાતાઓ, સર્જકો અને સહયોગીઓ સૌને હું હૃદયપૂર્વક બિરદાવું છું.

'મંગલ મંદિર' નિયમિત મળે છે અને વાંચવાની જિજ્ઞાસા પણ નિયમિત રહે છે. એમાં પીરસાતી સામગ્રીની પસંદગી ગુણવત્તાસભર હોય છે. એના કેટલાક વિશેષ અંકો તો સંદર્ભગ્રંથ બની રહે એવા વિશિષ્ટ બન્યા છે. કોરોનાની બીમારી વિશેના વિશેષાંકો ભવિષ્યની પેઢીને પણ સાચા સંદર્ભો પૂરા પાડશે. સામાયિકનું નામ સાર્થક કરે એવા વિવિધ વિભાગો જેમકે – સમાચારો, તંત્રીલેખ, વાર્તાઓ, કાવ્યો, સાંપ્રત સંદર્ભના લેખો, વાચકોના પ્રતિભાવ વગેરે વૈવિધ્ય વિસ્મયપ્રેરક છે. જીવનપ્રેરક અને ઉપયોગી સામગ્રી ભાષાશુદ્ધિના આગ્રહ સહિત રજૂ કરવાની નિષ્ઠા માટે પણ આપને ખાસ અભિનંદન પાઠવું છું. કારણ કે એમાં સંપાદકની સૂઝ અને ચીવટ દેખાય છે.

*મનુભાઈ શાહ, ગૂર્જર પરિવાર - અમદાવાદ*

★

### ॥ શુભેચ્છા સંદેશ ॥

ખૂબ આનંદ અને ગૌરવની વાત છે કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિર'ને ૫૦ વર્ષ (અર્ધ સદી) પૂર્ણ થયા અને ૫૧મા વર્ષમાં પ્રવેશ થયો. કોઈ એક સમાજનું મુખપત્ર સળંગ પચાસ વર્ષથી અવિરતપણે ચાલે તેવું ભાગ્યે જ બને. માટે આપણા સૌ માટે આ ગૌરવની વાત છે.

આ મુખપત્રમાં સિંચન કરવામાં અનેકનો સિંહફાળો છે. ખાસ કરીને શરૂઆતમાં શ્રી પ્રભુભાઈ સંઘવી, ત્યારબાદ શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયા તેમજ તેમની ટીમને અભિનંદન પાઠવું છું.

શ્રી અશોકભાઈ મહેતા છેલ્લા ઘણા સમયથી આ જવાબદારી તેમની ટીમને સાથે રાખી સારી રીતે કરી રહ્યા છે. તેમને ખૂબ ખૂબ અભિનંદન. તેમણે મુખપત્રની ગુણવત્તા પણ ખૂબ વધારી છે. તે માટે ખાસ અભિનંદન.

*હસમુખ ગઢેચા*
*ટ્રસ્ટી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

★

**'મંગલ મંદિર' – શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર.**

આજથી પચાસ વર્ષ પૂર્વે ૪-૮ પાનાથી 'મંગલ મંદિર' નામે શ્રી કચ્છી જૈન સેવા સમાજનું માસિક મુખપત્ર પ્રગટ કરવાનો સુવિચાર તત્કાલીન ટ્રસ્ટીઓને સ્ફુર્યો હશે. આજે 'મંગલ મંદિર' તેના ૫૧મા વર્ષમાં પોતાના વિરાટ વ્યાપ સાથે પ્રવેશ કરી રહ્યું છે ત્યારે ખૂબ આનંદની લાગણી વ્યક્ત થાય છે. સહજ રીતે આંખોની સમક્ષ વામનમાંથી વિરાટ બનતું આ માસિક પત્ર 'મંગલ મંદિર' તેના નામ પ્રમાણે ગુણો વ્યક્ત કરે છે. એક તો એ 'મંગલ' છે અને સમાજના દરેક વિષયને સ્પર્શતા વિવિધ સંદેશા પ્રગટ કરે છે. શ્રી કચ્છી જૈન સમાજમાં થતી નાની મોટી ઘટનાઓને 'મંગલ મંદિર' આવૃત્ત કરે છે. તો સાથોસાથ લબ્ધ પ્રતિષ્ઠિત લેખકોના લેખ, સુવિચાર, ધાર્મિક ઉત્સવો, સામાજિક નિસ્બતતાને વ્યક્ત કરે છે. સમાજમાં આમવર્ગની મુશ્કેલી, રીતિ રિવાજ, માન્યતાઓ, વ્યવહાર ગાથા, ઉન્નતિ, પ્રગતિ, તેના સંસ્કાર અને ચારિત્રનો શિલાલેખ જાણે કે 'મંગલ મંદિર' દ્વારા વ્યક્ત થાય છે. પચાસ વર્ષ પહેલાં માત્ર ૪-૮ પાનાનું આ માસિક, જે વિકાસની હરણફાળ ભરતાં સમાજમાં પણ લોકપ્રિય થયું છે. દર મહિને પ્રગટ થતાં આ 'મંગલ મંદિર' પત્રિકાનો આમ વર્ગને ઇંતેજાર રહે છે. તેની વિવિધ વિષયોની સપ્તરંગીથી એનો એક ચોક્કસ વાચક વર્ગ ઉભો થયેલ છે. સાથોસાથ સામાજિક ક્રાંતિના પ્રહરી તરીકે પણ આપણે 'મંગલ મંદિર'ને નવાજી શકીએ તેમ છીએ.

પચાસ પચાસ વર્ષના વહાણા વાયા બાદ આજે પણ અડીખમ ઉભેલા 'મંગલ મંદિર' માસિકને ૫૧મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે હું હૃદયના ઉલ્લાસથી વધાવું છું અને આજ રીતે વિષય વૈવિધ્ય અને સમાજના આઈનાનું, સમાજના ભાવોને, તેની ગતિવિધિઓને વ્યક્ત કરતું રહે તેવી ભાવના પણ વ્યક્ત કરું છું.

ફરીથી તેના સમગ્ર તંત્રીગણને ૫૧મા વરસના મંગલ પ્રવેશે 'મંગલ મંદિર'ને હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

***અશ્વિન સાવલા***

***ટ્રસ્ટી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અલગ અલગ મણકા, જે પોતાની રીતે સધ્ધર હોવા છતાં તે સ્વતંત્ર રીતે કાર્યશીલ હોય છે. આ મણકાઓને ભેગા કરી છેલ્લા ૫૦ વર્ષથી મંગલ મંદિરે તેમને એક સૂત્રએ બાંધવાનું ભગીરથ કાર્ય કર્યું છે.

દેશ - દુનિયાના દરેક ખૂણે કચ્છી જૈન સમાજના સભ્યોને અમદાવાદમાં થતા કાર્યભારની સુવાસ પહોંચાડવામાં 'મંગલ મંદિર'ની મોટી ભૂમિકા છે અને તેમને માતૃભૂમિ સાથે રહેવાનો અહેસાસ કરાવે છે.

ખાલી કચ્છી જૈન સેવા સમાજને જ નહીં પરંતુ સમાજના દરેક લેયરને ધ્યાનમાં રાખીને સત્ય અને સંવેદનાને વડીલોથી કરીને બાળકો સુધી પહોંચાડવામાં સફળતાપૂર્વક લેખન કરેલ છે. તદુપરાંત સમયની માંગ મુજબ વિશેષ અંકો થકી માર્ગદર્શન કરેલ છે.

'મંગલ મંદિર'ના સર્વે તંત્રીઓ અને તંત્રીગણને આપના અથાગ પ્રયત્નોને બિરદાવું છું. 'મંગલ મંદિર' આવતા વર્ષો વર્ષ સુધી ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભેચ્છા પાઠવું છું.

***ડૉ. હિતેન્દ્ર શાહ***

***ટ્રસ્ટી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

★

**॥ શુભેચ્છા સંદેશ ॥**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે પોતાના માસિક મુખપત્રની વર્ષ ૧૯૭૫માં 'પ્રેરણા' નામે શરૂઆત કરેલ હતી. પછીથી સંસ્થાના મુખપત્ર 'પ્રેરણા'નું નામ બદલીને 'મંગલ મંદિર' કરવામાં આવેલ હતું. માસિક મુખપત્ર મંગલ મંદિર દ્વારા સંસ્થાની પ્રવૃત્તિઓ સભ્ય પરિવારો સુધી પહોંચે અને તેઓ સંસ્થાની પ્રવૃત્તિઓમાં સહભાગી બને તે હેતુથી માસિક મુખપત્ર મંગલ મંદિરની શરૂઆત કરવામાં આવેલ હતી. આ મુખપત્રમાં સમાજની પ્રવૃત્તિઓ, ધાર્મિક, સ્વાસ્થ્ય, સામાજિક, રમત-ગમત (સુડોકુ - શબ્દ રમત) વગેરે લેખન સામગ્રી પ્રકાશિત કરવામાં આવે છે. મંગલ મંદિર ફક્ત અમદાવાદ-ગાંધીનગર જ નહીં પરંતુ ભારતભરના કચ્છી પરિવારોમાં વંચાય છે અને વાંચનાર વર્ગ તેને ખૂબ જ પસંદ કરે છે તે ખૂબજ સરાહનીય છે.

મંગલ મંદિર તેની સફરના ૫૦ વર્ષ પૂર્ણ કરી ઓગસ્ટ-૨૦૨૫નાં અંકથી ૫૧મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. આ પ્રસંગે મંગલ મંદિરના તંત્રી શ્રી અશોકભાઈ મહેતાની હાલ તબિયત સારી ના હોવા છતાં તેઓ ઘરે રહીને સતત મંગલ મંદિર માટે પોતાની સેવાઓ આપી રહ્યા છે, એ એમનો સંસ્થા પ્રત્યેનો લગાવ અને કમિટમેન્ટ કહેવાય. શ્રી અશોકભાઈ મહેતાએ મંગલ મંદિરને નવું રૂપ આપી આકર્ષક બનાવ્યો છે તે બદલ તેઓને ખૂબ ખૂબ અભિનંદન અને મંગલ મંદિર આવી જ રીતે ઉત્તરોઉત્તર પ્રગતિના પંથે આગળ વધતું રહે અને વાચકો વધુને વધુ વાંચે એવી શુભ કામનાઓ...

***કે. ડી. શાહ***

***ટ્રસ્ટીશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

★

સૌ વાચકોને, શુભેચ્છકોને નમસ્કાર તથા વડીલોને વંદન...

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અંતર્ગત ચાલતી વિવિધ સેવાકીય તથા રચનાત્મક પ્રવૃત્તિઓમાંની એક એટલે સુવ્યવસ્થિત રીતે પ્રકાશિત થતું મેગેઝીન 'મંગલ મંદિર.' મને જાણીને આનંદ થયો કે મંગલ મંદિર ૫૦ વર્ષ પૂરા કરી અને ૫૧મા વર્ષમાં પ્રવેશ કરે છે. પુસ્તક, એ માં સરસ્વતીનું જીવંત સ્વરૂપ છે. નિયમિત રીતે સાત્વિક વિચારોને વાચા આપી ઘર ઘર સુધી પહોંચાડવાનું કાર્ય 'મંગલ મંદિર' જેવા સમર્પિત સામાયિકો દ્વારા વર્ષોથી થતું આવ્યું છે ત્યારે આ જ્ઞાનયજ્ઞમાં પોતાની આહૂતિ આપનાર પૂર્વ તંત્રીશ્રીઓ પ્રભુલાલભાઈ સંઘવી, સ્વ. પ્રમીલાબેન કુરૂવા, ચંદ્રિકાબેન દેઢિયા, શ્રી અશોકભાઈ મહેતા, ડૉ. કેશુભાઈ દેસાઈ, શ્રી પ્રતાપભાઈ દંડને પણ હું સાદર વંદન કરું છું.

શબ્દતીર્થ સમા 'મંગલ મંદિર' થકી સર્વ સમાજમાં તેના વિચારો વ્યાપક બને, વધુને વધુ વિદ્વાનો અને લેખકો સમાજના વિશાળ વાચક વર્ગને પ્રેરક બળ પૂરું પાડે એવી મંગલ કામના સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજના પ્રમુખશ્રી તથા સમગ્ર ટીમને પણ અનંત શુભકામનાઓ...

***હિમાંશુ ઠક્કર, શિક્ષણવિદ્ તથા સામાજિક કાર્યકર***
***માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત થતું માસિક મુખપત્ર 'મંગલ મંદિર'ને ૫૦ વર્ષ પૂરા થયા છે. નાના પાયેથી શરૂ થઈને આજે એ દળદાર અંક તરીકે ઉભરી આવ્યું છે. એનો યશ સમગ્ર તંત્રી મંડળને જાય છે. પહેલા લગભગ ૨૦ વર્ષ સુધી ચંદ્રિકાબેન દેઢિયા અને હાલમાં અશોકભાઈ મુખ્ય તંત્રી પદ પર રહી માનદ્ સેવા આપી રહ્યા છે એની સૌએ નોંધ લેવી ઘટે. આપના અથાગ પરિશ્રમ અને નિષ્ઠાનું આ ફળ સમાજના દરેક વયજુથોના સભ્યો માણે છે. આ સામાયિક ઉત્તરોત્તર પ્રગતિ કરતું રહે એવી અભ્યર્થના.

***લીલાબેન વીસરિયા***

★

It is a golden jubilee year of magazine 'Mangal Mandir' of Kutchi Jain Seva Samaj - Ahmedabad. It is published every month.

This magazine covers all the topics in such a lovely interesting way that everyone likes to read each and every page. Even the children have their interesting topic like games, jokes, general knowledge. It covers all the latest news of Ahmedabad and all over India. It also covers some interesting world news.

Last week we all friends visited skill development activity held by Samaj. I was very impressed to know nowadays all the girls have platform in future for their different skills.

Very very thanks to Ashokbhai and all who are involved in publishing such a good magazine. I am sure it will continue as it is in future for many many years.. Thanks with many many good wishes.

***Manjulaben Savla - Gandhinagar***

★

'મંગલ મંદિર' – જેના નામમાં જ 'મંગલ' છે એવું સમાજની આરસીરૂપ 'મંદિર' છે. હવે ૫૦ વર્ષની મંઝીલ પૂરી કરી ૫૧મા વર્ષમાં પ્રવેશે છે. ૫૦ વર્ષ અડધી સદી - ગોલ્ડન વર્ષો, સપ્તરંગી મેઘધનુષ જેવું.

મંગલ મંદિરમાં સામાજિક, રાજકીય, સેવાકીય, તબીબી, સ્ટાર્ટ-અપ, વિશિષ્ટ વ્યક્તિ વિશે ઉપરાંત મગજને કસતા કોયડા – સુડોકુ અને શબ્દરમત, ઉપરાંત કચ્છના પણ વિશિષ્ટ લેખ – આ બધાનો એક જ અંકમાં સમાવેશ કરીને રંગીન બન્યું છે. સમાજના સભ્યો મહિનાના પહેલા-બીજા વીકમાં એની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. અત્યાર સુધીની સફરમાં સાથ આપનાર દરેક તંત્રીશ્રી અને દાતાને કેમ ભૂલાય? આગળની સફર પણ વિશિષ્ટ જ રહે એવી શુભેચ્છા...

***તરૂબેન નરેન્દ્રભાઈ શાહ***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું અગ્રીમ મુખપત્ર 'મંગલ મંદિર' ૫૦ વર્ષ પૂરા કરે છે. જૈન મહાજને હંમેશાં સર્વના મંગલની કામના કરી છે. એમનું આ મુખપત્ર પણ બધા જ સમાજને સાથે લઈને ચાલે છે અને એમાં પ્રગટ થતું સાહિત્ય ક્યારેય પણ વિવાદ ન થાય એવું અને પ્રેરણાત્મક હોય છે એ એની મોટી વિશેષતા છે.

કોઈપણ સામયિક ૫૦ વર્ષ ચાલે એ જ એક મોટી ઘટના છે. આ ૫૦ વર્ષનો સમય કઈ સામાન્ય નથી. લગભગ ત્રણ પેઢીને સંસ્કાર, વાચન અને માર્ગદર્શન પૂરું પાડવાનું અને એમને સમૃદ્ધ કરવાનું કામ મંગલ મંદિરે કર્યું છે.

મંદિર તો હંમેશાં કલ્યાણ માટે હોય, જે એમાં પ્રવેશ કરીને એને અનુસરે એનું કલ્યાણ થાય. પણ તે માટે મંદિરમાં જવું પડે. પણ 'મંગલ મંદિર' તો પોતે સામે ચાલીને, લોકોના

મંગલ કરવા માટે, એમના મગજમાં ઉતરીને એમનું કલ્યાણ કરતું હાલતું ચાલતું મંદિર છે.

એ સતત કાર્યરત રહે, દિવસે દિવસે એ વિકસતું રહે, હવે તો ટેકનોલોજીના સમયમાં આધુનિક ટેક્નોલોજીનો સંસ્પર્શ પામીને ડિજિટલ સ્વરૂપે પણ વિકસતું રહે અને માત્ર જૈન સમાજ જ નહીં પણ સમસ્ત માનવજાતને વૈચારિક રીતે સમૃદ્ધ કરતું રહે એવી શુભેચ્છાઓ.

***ડૉ. કાંતિલાલ ગોર 'કારણ'***
***પ્રથમ કુલપતિ, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી***

★

'મંગલ મંદિર' સામાયિક સફળતાપૂર્વક પચાસ વર્ષ – પાંચ દાયકા પૂરા કરે છે તે એક અતિ આનંદદાયક ઘટના કહી શકાય. એક સામાયિકનું પાંચ પાંચ દાયકા સુધી ટકી રહેવું એ જ મોટી ઘટના છે. ઈલેક્ટ્રોનિક માધ્યમોના આક્રમણ વચ્ચે ટકવું આજે દુષ્કર થતું જાય છે. કેવળ ગુણવત્તાયુક્ત સાહિત્ય જ એ ઝંઝાવાત સામે ટકી શકે છે. આ સામાયિક માત્ર ટક્યું જ નથી, પણ સમાંતરે વિકસતું રહ્યું છે અને માત્ર અમદાવાદના જ નહીં, પણ સમગ્ર ગુજરાતના કચ્છીઓને અદ્યતન માહિતી સાથે ઉમદા સાહિત્ય પણ પીરસતું રહ્યું છે. આ શક્ય ત્યારે જ બને જ્યારે તેનું સંચાલન ઉત્તમ તંત્રીઓ અને સંપાદકોના હાથમાં હોય. સદ્‌ભાગ્યે આ સામાયિકને તે મળતા રહ્યા છે. તેથી જ તે પોતાની ગુણવત્તાને જાળવી શક્યું છે.

આજે જ્યારે સામાયિક એકાવનમાં વર્ષમાં પ્રવેશ કરે છે, ત્યારે એક જ શુભેચ્છા હોય કે તેની ગુણવત્તા માત્ર જળવાઈ જ ન રહે, પણ સમયાનુસાર વધતી જાય. આવનાર પેઢી માટે તે વાંચનક્ષમ અને માર્ગદર્શક બને.

***હરેશ ધોળકિયા – ભુજ, કચ્છ***
***તત્ત્વચિંતક, લેખક, વાર્તાકાર, ઈતિહાસકાર***

★

સૌ પ્રથમ તો એકાવનનું થયું આપણું 'મંગલ મંદિર.' આ માટે ખાસ આદરણીય વડીલ મુરબ્બી શ્રી અશોકભાઈ મહેતા અને આપણા પોતાના લાડીલા મંગલ મંદિરની સમગ્ર ટીમને મંગલમય શુભેચ્છાઓ.

હું આ મેગેઝીન સાથે લગભગ પંદર વર્ષોથી એક નાના નવોદિત લેખક તરીકે જોડાયેલો છું. આથી આ મેગેઝીન મારા હૃદયની કાયમ નજીક છે અને રહેશે. આ મેગેઝીન આપણા કચ્છીઓની વાચા સમગ્ર વિશ્વ સુધી પહોંચાડતો એક સહારો છે. આ ઉપરાંત શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની અમદાવાદ - ગાંધીનગર ખાતેની વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ પણ વખાણવા લાયક છે. આ ઉપરાંત આમાં પ્રસિદ્ધ થતા તમામ લેખકોના લેખ પણ બિરદાવવા લાયક હોય છે. ફરીથી આ મેગેઝીનને પચાસ વર્ષ પૂરા થવા બદલ મારી હાર્દિક શુભેચ્છા સહ પ્રણામ...

આગળ પણ આ મેગેઝીન ૧૦૦ વર્ષ ની ઉજવણી કરે એવી અંતરની અભિલાષા છે.

***ડૉ. મિહિર એમ વોરા – ભુજ, કચ્છ***
***લેખક, સંશોધક, અધ્યાપક***

★

'મંગલ મંદિર' વન પ્રવેશ કરી રહ્યું છે ત્યારે આપ સહુની સાતત્યભરી સમાજલક્ષી ભૂમિકા પણ નોંધનીય છે. ૫૦ વર્ષ પૂર્ણ થવા એ એક સફળતાનો પર્યાય કહી શકાય.

સામાયિક વધુ ને વધુ શ્રેષ્ઠ જ્ઞાન, માહિતી તથા પ્રોત્સાહક સામગ્રી પીરસે તેવી શુભકામનાઓ.

***ભાવિન વોરા, પત્રકાર - ભુજ, કચ્છ***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું સામાયિક 'મંગલ મંદિર' પોતાની સફરના પચાસ વર્ષ પૂર્ણ કરી એકાવનમાં વર્ષમાં પ્રવેશ કરે છે, એ આનંદની પળે આપને હાર્દિક શુભેચ્છાઓ અને અભિનંદન આપતાં 'મંગલ મંદિર'ના લેખક પરિવારના એક સભ્ય તરીકે આનંદ અને મારો રાજીપો વ્યક્ત કરું છું.

સામાન્ય રીતે જ્ઞાતિ કેન્દ્રિત સામાયિકનું ધ્યેય પોતાની જ્ઞાતિ ઉત્કર્ષ પૂરતું જ સિમીત રહેતું હોય છે. પરંતુ 'મંગલ મંદિર' ભલે જૈન સમાજ દ્વારા જૈન સમાજ માટે પ્રકાશિત થતું હોય પરંતુ એણે પોતાનું ધ્યેય કચ્છના સર્વાંગી વિકાસ પર અને આમ સમાજના ઉત્કર્ષ પર કેન્દ્રિત કર્યું છે એ મહત્ત્વની અને નોંધપાત્ર હકીકત છે.

'મંગલ મંદિર' માત્ર સમાજનું મુખપત્ર ન બની રહેતા જૈન સમાજની સાથે એ આમ સમાજનું પણ મુખપત્ર બની રહ્યું છે.

'મંગલ મંદિર'ના કર્મઠ અને યુવાનને પણ શરમાવે એવી સ્ફુર્તિથી કાર્ય કરતા અભ્યાસુ તંત્રી અશોકભાઈ મહેતાની દૃષ્ટિ પણ વિશાળ અને કાયમ કચ્છની ચિંતા કરતી હોય છે. કચ્છનો કોઈ પણ પ્રશ્ન હોય, 'મંગલ મંદિર'માં તેને સ્થાન મળ્યું જ હોય. એમાં ખાસ કરીને નર્મદાના પ્રશ્ન માટે મંગલ મંદિરે આદરેલી ઝુંબેશ કાયમ યાદ રહે એવી છે. તો એમાં પીરસાતી સાહિત્ય સામગ્રી પણ 'મંગલ મંદિર'ને એક પૂર્ણ કક્ષાનું આમ સમાજનું મુખપત્ર બનાવે છે. એના વિશેષાંકો પણ કાયમ સંગ્રહવા લાયક અને નવી પેઢીના સંશોધકોને તૈયાર સંદર્ભ

આપી રહે તેવા રહ્યા છે. અશોકભાઈના તંત્રી લેખો પણ અભ્યાસપૂર્ણ અને કચ્છ, ગુજરાત, રાષ્ટ્ર અને વિશ્વની ચિંતા કરતા અને માહિતીપ્રદ હોય છે.

કોરોના કાળ દરમિયાન અશોકભાઈએ તૈયાર કરેલી રોજે રોજની વિગતો, આંકડાઓ એ મોટા મોટા સંશોધકો માટે પણ એક મહત્ત્વના દસ્તાવેજ સમાન સાબિત થયા છે. કચ્છના અને ગુજરાતના મોટા ગજાના લેખકો અને નવોદિતોને સમાન રીતે સ્થાન આપી એક કુશળ સંપાદક તરીકેની સૂઝના પણ દર્શન થાય છે.

આગામી વર્ષોમાં પણ 'મંગલ મંદિર'ની આવી જ આગેકૂચ ચાલુ રહે એવી શુભકામનાઓ સાથે ઉજ્જવળ ભવિષ્યની અભ્યર્થના સાથે પુનઃ સમગ્ર તંત્રી મંડળને તથા કચ્છી જૈન સેવા સમાજના મોભીઓને તેની ઉદાત્ત ભાવના માટે અભિનંદન.

***નરેશ પી. અંતાણી - ભુજ, કચ્છ***
***લેખક અને પત્રકાર***

★

નામ પ્રમાણે ગુણ ધરાવતું આપણું સરસ માસિક મંગલ મંદિર વાચક માટે સાચે જ માંગલ્યનો અનુભવ કરાવે છે.

એના લેખોનું વૈવિધ્ય, દરેક પેઢીના સર્જકોની આવડતનો એને મળતો લાભ, કચ્છ પ્રદેશનો પ્રવેશ – આ સઘળું એને રળિયાત કરે છે.

આ માસિક દ્વારા અપાતો સંસ્કાર વારસો પણ નવી પેઢી અને ભાવકો માટે ઘણો જ કામનો છે.

આ સામાયિકના ૫૧માં વર્ષ પ્રવેશ પ્રસંગે વધામણી...

***ડૉ. દર્શના ધોળકિયા***
***પૂર્વ અધ્યક્ષ – ગુજરાતી વિભાગ***
***કચ્છ યુનિવર્સિટી – ભુજ***

★

## સુહાના સફર

સાહિત્યની સરિતા વહાવતું, આપણું શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક પ્રકાશન 'મંગલ મંદિર', ઓગસ્ટ-૨૦૨૫ના સમયે અવિરત સફરના ૫૦ વર્ષ પૂર્ણ કરી ૫૧મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે એ સુવર્ણ જયંતી વર્ષના પ્રસંગે, શ્રી કચ્છી જૈન સેવા સમાજના શરૂઆતથી અત્યાર સુધીના સર્વ કર્ણધાર અને મોભીઓ તથા 'મંગલ મંદિર'ના પ્રકાશનનું સંચાલન અવિરત જાળવી રાખનાર તંત્રીશ્રીઓ તેમજ પ્રકાશન ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લોકોપયોગી અને એની સામાજિક પ્રવૃત્તિઓ, એનાથી મળતા લાભની જાણકારી સમાજના સભ્યો તથા રસિક વાચકો સુધી પહોંચાડવાની તંત્રી મંડળની જહેમત ખરેખર ખૂબ સરાહનીય છે.

સાહિત્ય રત્ન જેવા આપણા 'મંગલ મંદિર'ની સાહિત્ય સરિતા, પ્રકાશનના હિરક વર્ષને આંબવા યશસ્વી થાય એવી અંતરના ઊંડાણથી શુભકામના.

***જય જય ગરવી ગુજરાત... જીએ કચ્છ...***

***વસંત 'કચ્છ કેસરી' – મુલુંડ, મુંબઈ***

★

## સુવર્ણ જયંતી નિમિત્તે હાર્દિક અભિનંદન

'મંગલ મંદિર' માસિક મુખપત્ર ૫૦ – ગોલ્ડન વર્ષ પૂરા કરી ૫૧મા વર્ષમાં પ્રવેશ કરે છે. આ નોંધપાત્ર સીમાચિહ્ન બદલ આપને, સંપૂર્ણ તંત્રીમંડળ અને સંપૂર્ણ ટીમને અમારા હાર્દિક અભિનંદન.

'મંગલ મંદિર' સાથે લેખક તરીકે અમે ૨૦૦૮થી એટલે કે છેલ્લા ૧૮ વર્ષથી સતત જોડાયેલા છીએ તથા સહભાગી છીએ.

છેલ્લા ૫૦ વર્ષથી દર મહિને નિયમિત રીતે 'મંગલ મંદિર'નો અંક બહાર પડે છે, જે એક બહુ મોટી સિધ્ધિ છે. કોરોના સમય દરમિયાન પણ 'મંગલ મંદિર'ના અંકો બહાર પાડવા, એ વખાણવા લાયક વિશેષ સિધ્ધિ છે.

વચ્ચે બે-ત્રણ વખત અમારો લેખ સમયસર ન પહોંચતા આપે વ્યક્તિગત રીતે અમને ફોન કરી લેખ વિશે યાદ કરાવી આપ્યું હતું. આ જ દર્શાવે છે કે આપ 'મંગલ મંદિર' મુખપત્ર બાબત કેટલા સતત જાગૃત રહો છો. આપના આ સમર્પણને લીધે 'મંગલ મંદિર' મુખપત્ર આ ઊંચાઈએ પહોંચ્યું છે. 'મંગલ મંદિર'નો અંક ક્યારે આવશે એની અમે રાહ જોતા હોઈએ છીએ.

આપના પ્રોત્સાહનથી અમે પણ 'મંગલ મંદિર' માટે મનોચિકિત્સા વિશે ગુજરાતી ભાષામાં (માતૃભાષામાં) લખવા પ્રેરિત થયા છીએ. વચ્ચે આપે એક સ્પર્ધા યોજી હતી કે વર્ષ દરમિયાન 'મંગલ મંદિર'માં છપાયેલા લેખોમાં કયા લેખ શ્રેષ્ઠ છે? એક સ્વતંત્ર પેનલે આ નિર્ણયો કર્યા હતા. અમને જણાવતા હર્ષ થાય છે કે સતત બે વર્ષ અમારા લેખો પ્રથમ ત્રણ ક્રમાંકમાં આવ્યા હતા તથા પારિતોષિક પણ મળ્યા હતા. આથી અમને નિયમિત લેખ લખવા માટે પ્રેરણા મળે છે.

આપની દીર્ઘદૃષ્ટિથી 'મંગલ મંદિર' મુખપત્રમાં અલગ અલગ વિષય પર એ વિષયના નિષ્ણાતો દ્વારા લખાયેલા માહિતીપૂર્ણ લેખો છપાય છે, જે વખાણવાલાયક છે. કચ્છ

વિશેની ઐતિહાસિક માહિતી પણ જાણવા મળે છે.

આજના સમયમાં પ્રાદેશિક ભાષાઓનું મહત્ત્વ ઓછું થઈ રહ્યું છે એ સમયમાં ગુજરાતી ભાષાના માસિક મુખપત્ર ૫૦ વર્ષ પૂરા કરે તે અભિનંદનને પાત્ર છે.

'મંગલ મંદિર' મુખપત્ર ઉત્તરોત્તર પ્રગતિ કરે તથા શતાયુ થાય એવી શુભેચ્છાઓ.

***ડૉ. મણિલાલ ગડા, M.D., D.P.M.***
***વરિષ્ઠ મનોચિકિત્સક***
***(કચ્છી સમાજમાં પ્રથમ મનોચિકિત્સક)***

***ડૉ. દિપ્તી શાહ (ગડા), M.D., D.P.M. (Gold Medal)***
***મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક***

★

શબ્દ સાધક શ્રી અશોકભાઈ મહેતા સાહેબ તેમજ સમગ્ર ટીમને નમસ્કાર...

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત કચ્છિયતને સાચા અર્થમાં ઉજાગર કરતું 'મંગલ મંદિર' માસિક મુખપત્ર જ્ઞાતિના સમાચાર ઉપરાંત વૈવિધ્યસભર દેશ-વિદેશની સાંપ્રત સમસ્યા અને ઉત્તમ વિચારોને ઉજાગર કરી અલગ કેડી ચાતરીને આગળ વધતું રહ્યું છે. વધતા જતા સોશિયલ મીડિયાના પ્રભાવ વચ્ચે પ્રિન્ટ મીડિયા તરીકે પોતાની આગવી ઓળખ ઉભું કરનાર 'મંગલ મંદિર' ૫૦મા વર્ષમાં મંગલમય પ્રવેશ કરી રહ્યું છે.. ત્યારે સમગ્ર ટીમને અઢળક અભિનંદન.. 'લખ લખ વધાઈયું' આપ્યા વગર કેમ રહી શકાય?

મને એ વાતનો આનંદ છે કે છેલ્લા બે વર્ષ ઉપરાંતના સમયથી 'મંગલ મંદિર' પરિવારના સભ્ય તરીકે મારી કલમને પણ સ્થાન મળ્યું છે અને વાચકો તેને સમગ્ર મુખપત્રની સાથે મારી કલમને પણ વધાવે છે.

હું એવી આશા રાખું કે ૭૫મા વર્ષના મુખપત્રના અંકમાં પણ હું શુભેચ્છા પાઠવું.

***મનીષ જોષી 'મૌન' – વડોદરા***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રસિદ્ધ લોકપ્રિય માસિકનું નામ છે 'મંગલ મંદિર.' અહીં બે શબ્દો છે 'મંગલ' અને 'મંદિર.' મંગલ એટલે કલ્યાણકારી અને મંદિર એટલે એવો પરિસર કે જ્યાંથી સતત ચેતના અને ઊર્જાનો પ્રવાહ પ્રાપ્ત થતો રહે. 'મંગલ મંદિર'ના તંત્રી તરીકે પ્રારંભે પ્રભુલાલભાઈ સંઘવી, પ્રેમીલાબેન કરૂવા અને ચંદ્રિકાબેન દેઢિયાએ નેતૃત્વ સંભાળ્યું. અત્યારે જ્યારે આ સામાયિક તેના ૫૬૬ ના અંક સાથે ૫૦ વર્ષ પૂર્ણ કરી રહ્યું છે ત્યારે અધ્યયનશીલ તંત્રી અશોકભાઈ મહેતા અને અન્ય મિત્રો જવાબદારી વહન કરી રહ્યા છે તે સૌને અભિનંદન. કોઈપણ સામાયિક ત્યારે જ અર્ધશતાબ્દિને આરે પહોંચી શકે કે જ્યારે તેમાં વિષય વૈવિધ્ય, સમાજશક્તિ કરણ, ચારિત્ર ઘડતર અને સર્જનાત્મકતાને પ્રાધાન્ય આપવામાં આવતું હોય. 'મંગલ મંદિર' આ શરતોને પરિપૂર્ણ કરે છે તેથી મારા જેવા અનેક જિજ્ઞાસુ વાચકોને તેનો નિયમિત આસ્વાદ લેવાનું આકર્ષણ રહ્યા કરે છે. નૈતિકતા અને પ્રામાણિકતાનો સંદેશ આપતા તંત્રીલેખ સાથે અનૈતિકતાના બનાવોના ઉદાહરણ, વ્યક્તિત્વ ઘડતરની કથાઓ, સામાન્ય જ્ઞાનના સવાલ જવાબ, કચ્છી જૈન સેવા સમાજની ડાયરી, દેશ-વિદેશ, જ્ઞાન વિજ્ઞાન, સ્વાધીનતા સંગ્રામના શૂરવીરો, ઓસવાલ શ્રેષ્ઠિઓ, સંવેદનાની સરવાણી, પુસ્તક સમીક્ષા, વ્યક્તિ વિશેષ, વાર્તા, લઘુ કથા, કાવ્ય, તીર્થ દર્શન – આ તમામ સાહિત્ય સામાજિક ગુણનું સંવર્ધન કર્યા કરે છે. આપણા સૌનું સામાયિક 'મંગલ મંદિર' સ્વસ્થ શતાબ્દીનું આયુષ્ય પૂર્ણ કરશે એવી અખંડ શ્રદ્ધા સાથે...

***પ્રવીણચંદ્ર ઠક્કર***
***પૂર્વ નિયામક, લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ***

★

## એકાવન વર્ષની યુવાનીમાં પ્રવેશતા મંગલ મંદિર

પચાસ વર્ષની યાત્રા કોઈ સામાયિક પૂરી કરે એ જેવી તેવી વાત નથી જ નથી. એના તંત્રીઓની માવજત, લેખકો, કવિઓની સર્જનતાથી 'મંગલ મંદિર' લીલુંછમ બન્યું છે. આ લીલોતરીથી કંઈ કેટલાય જીવનમાં જ્ઞાનના દીવડા પ્રકાશ્યા હશે!

આ નવલખા સામાયિકે કંઈ કેટલાય વિષયોને પોતાની છાતીમાં ધરબી વાંચકોને લહેર કરાવી છે. સાહિત્યથી લઈ સત્ય સુધીની માહિતી, ઈતિહાસ કથાઓ, વાર્તાઓ, નિબંધોનું પુષ્પગુચ્છ બની રસિકોના મન પર મોરપીંછ બની રેશમી સ્પર્શ કર્યો છે. લોક માનસ ઘડતર કર્યું છે. ભલે એ કચ્છીઓનું સામાયિક હોય પણ 'મંગલ મંદિર' તમામ ગુજરાતીઓ હોંશે હોંશે વાંચે છે કારણકે એમાં છપાતું સાહિત્ય કોઈ પણ ગુણવત્તાસભર સામાયિકની હરોળમાં આવે એવું છે.

બે બે પેઢીના વાંચકોના મન-મસ્તિષ્કને લીલુંછમ બનાવતા 'મંગલ મંદિર'ની સફળતા પાછળ એના તંત્રીઓ, સંપાદકોની મહેનત નીતરતી દેખાય છે. મારી વાત કરું તો હું નાટક - સિરીયલમાં વ્યસ્ત માણસ! મુંબઈના અખબારમાં કચ્છ ઉપર, ખાસ કરીને કચ્છના મહાપુરુષોની જીવન ગાથાની કોલમ લખતો હતો. અશોકભાઈ મહેતાની નજર મારા પર પડી. અશોકભાઈએ આગ્રહ કરીને મારી પાસે આવા જાણીતા કચ્છી માડુઓની જીવનકથા લખાવી 'મંગલ મંદિર'માં છાપી.

વાંચકોએ આ લેખો દિલથી વધાવી લીધા. આમ, અશોકભાઈની પારખુ નજરને કારણે હું 'મંગલ મંદિર' સાથે જોડાયો.

એકાવનની યુવાન ઉંમરે 'મંગલ મંદિર' પ્રવેશે છે ત્યારે ભણકારા વાગે છે કે 'મંગલ મંદિર' કદાચ હવે એ.આઈ. જનરેટેડ ઓડિયો ફોર્મમાં આવશે અને કદાચ યુ-ટ્યુબ પર પણ આવશે. 'મંગલ મંદિર'ની અડધી સદી પાર પાડવા બદલ અભિનંદન સહ મંગલ કામનાઓ.

***વસંત મારૂ - મુંબઈ***

★

આજે જ્યારે સોશિયલ મીડિયાના સમયમાં મોટાભાગના સામાયિકો ને યા તો બંધ કરવા પડ્યા છે, યા તો ઇ-બુક રૂપે પ્રગટ થઈ રહ્યા છે, ત્યારે આજે ૫૦ વર્ષથી 'મંગલ મંદિર' નિયમિત પુસ્તક રૂપે પ્રગટ થઈ રહ્યું છે, એ જ એની લોકપ્રિયતા સાબિત કરે છે. આમેય PDF વાંચવા કરતાં પુસ્તક વાંચવાની મજા જ કંઈ ઓર હોય છે.

સતત ૫૦ વર્ષથી 'મંગલ મંદિર'ના 'પૂજારી' (તંત્રી મંડળ) 'દર્શનાર્થીઓ' (વાચકો)ને વિવિધ પ્રસાદ (લેખ-કાવ્યો - વાર્તા - આરોગ્યલક્ષી લેખો - જ્ઞાન-વિજ્ઞાનની વાતો) આપણને આપી રહ્યા છે અને હજુ પણ આપતા રહેશે એવી આશા સાથે...

ભવિષ્યમાં પણ 'મંગલ મંદિર'ના અંકો 'ડંકો' વગાડીને જ રહેશે એવા વિશ્વાસ તથા એવી શ્રદ્ધા સાથે 'મંગલ મંદિર'ને ૫૧ વર્ષમાં પ્રવેશ નિમિત્તે લીલીછમ લાખો શુભેચ્છાઓ.

***અરવિંદ સોમૈયા – નખત્રાણા, કચ્છ***

★

સાહિત્ય તથા સાહિત્યકારોનું સાંનિધ્ય મેળવતું 'મંગલ મંદિર' એવું ઉત્તમ સામાયિક છે કે તેમાં સાહિત્ય તથા અન્ય સુંદર પ્રેરણારૂપ રચનાઓ પ્રગટ થતી રહી છે.

સાહિત્યકારોની રચનાઓ પ્રગટ થતાં તેમને સાહિત્ય સર્જનના આનંદ સાથે પ્રેરણા મળે છે. 'મંગલ મંદિર'ને તથા તેના પ્રકાશનકાર્ય માટે માનનીય તંત્રીશ્રી તથા સમગ્ર કાર્યકર્તાઓને હાર્દિક તથા મંગલ શુભેચ્છા.

***નવીન ત્રિપાઠી 'અલ્પ'***

★

'મંગલ મંદિર' એ માત્ર સામાજિક માસિક નથી પણ કચ્છ, કચ્છીયત અને કચ્છી માડુઓના હિતનું પ્રહરી છે. મુરબ્બી અશોકભાઈ મહેતા વ્યવસાયે ભલે પત્રકાર નથી પરંતુ એક પીઢ પત્રકારની જેમ 'મંગલ મંદિર'માં વાંચન સામગ્રીનો સમાવેશ કરે છે. આપણને સૌ કચ્છી માડુઓને ઢંઢોળી વતન કચ્છ સાથે જોડે છે. દર મહિને નિયમિત પ્રિન્ટ કોપી, તેની સાથે જ વર્તમાન સમય અનુસાર ડિજિટલ કોપી વાંચકો સુધી પહોંચે છે. 'મંગલ મંદિર'ના વિવિધ વિશેષાંકો અને સંશોધનાત્મક માહિતી, કચ્છને સ્પર્શતી ભૂતકાળ અને વર્તમાનની સમસ્યાઓ હોય કે ઇતિહાસ હોય, એ વિશેની તલસ્પર્શી આંકડાકીય માહિતી ભાવિ પેઢી માટે પથદર્શકનું કામ કરશે. ટૂંકાણમાં કચ્છના સમાચારો હોય કે કચ્છી સાહિત્ય હોય, અમદાવાદ સમાજની પ્રવૃત્તિ, ગતિવિધિની વાત હોય 'મંગલ મંદિર'ના અંકમાં બધું જ વાંચવા મળી રહે છે. તંત્રી, સૌ લેખકો, સંચાલન મંડળ સૌને અભિનંદન...

***વિનોદ શિવજી ગાલા – ભુજ, કચ્છ***

★

હું સન ૧૯૯૯માં કલકત્તાથી અમદાવાદ આવ્યો ને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો સભ્ય થયો. વર્ષ ૨૦૦૦થી 'મંગલ મંદિર' વાંચવાનું શરૂ થયું. આજે જ્યારે 'મંગલ મંદિર'નું સ્વર્ણ જયંતિ વર્ષ પૂરું થાય છે ત્યારે હાર્દિક અભિનંદન આપતા ખૂબજ ગર્વની લાગણી અનુભવું છું. 'મંગલ મંદિર'નો ઈતિહાસ જે તેના લેખોથી જ મળેલો છે તે મુજબ તેના પ્રથમ તંત્રી તરીકે (૧) શ્રી પ્રભુલાલભાઈ કે. સંઘવી, (૨) સ્વ. પ્રમિલાબેન કુરૂવા, (૩) શ્રીમતી ચંદ્રિકાબેન સી. દેઢિયા (૨૨વર્ષ), (૪) શ્રી અશોકભાઈ એસ મેહતા, (૫) ડૉ. કેશુભાઈ દેસાઈ, (૬) શ્રી પ્રતાપભાઈ દંડ, (૭) શ્રી અશોકભાઈ એસ. મહેતા રહ્યા છે. તેમાં મારી જાણકારી મુજબ શ્રીમતી ચંદ્રિકાબેન સી. દેઢિયા તથા શ્રી અશોકભાઈ એસ. મહેતાની કામગીરી અત્યંત નોંધપાત્ર કહી શકાય એવી રહી છે. મારી જાણમાં ભારતમાં બહુ જ ઓછી સંસ્થા હશે જેની પોતાની માસિક પત્રિકા છપાતી હશે અને તે પણ આટલી બધી વિવિધતા સાથે! તંત્રી લેખોનું સ્તર વ્યવસાયિક માસિકની કક્ષાના હોય, આકર્ષક મુખપૃષ્ઠ, અલગ-અલગ વિષયો પર લેખો, તે સિવાય સામાજિક સમસ્યાઓ, આર્થિક વિષયો, કચ્છના સમાચાર, દેશ તથા રાજ્યના સમાચારો, સંસ્થાની પ્રવૃત્તિ વિશે વિસ્તારથી માહિતી તથા રાબેતા મુજબની કોલમો તો ખરી જ.

આ બાબતે વિચારતા એટલી બધી વિશાળ ઉપલબ્ધિઓ સામે ફિલ્મના દૃશ્યોની જેમ દૃષ્ટિગોચર થાય છે. શું લખવું, કયા વિષયો પર લખવું તે નક્કી કરવું ખૂબજ મુશ્કેલ છે.

સંસ્થાના વિવિધ હોદ્દેદારો તરીકે સેવા દરમિયાન શ્રી અશોકભાઈ સાકરચંદ મહેતાએ અત્યંત મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવેલી છે પણ સંસ્થાના હોદ્દેદારો તરીકે અને 'મંગલ મંદિર'ના તંત્રીની જવાબદારી ખૂબ જ તટસ્થતાપૂર્વક અદા કરી

છે તે વિશે લખવું જરૂરી લાગે છે.

કચ્છ માટે નર્મદાના પાણીના મુદ્દે કચ્છના આગેવાનો સાથે, વિધાનસભાના સભ્યો સાથે, રાજ્ય સરકારના લાગતા વળગતા મંત્રીઓ વગેરે સાથે મંત્રણાઓ ચર્ચા કરીને 'મંગલ મંદિર'માં લેખો દ્વારા દેશ-વિદેશમાં વસતા કચ્છીઓને જાગૃત કરવા જે ભગીરથ કાર્ય કરેલ છે તે અવિસ્મરણીય છે. જેમના લેખોની નોંધ કચ્છ મિત્ર, જયહિંદ અને બીજા અનેક વર્તમાન પત્રો પણ લઈ અને તે પોતાના પત્રોમાં છાપે તે નાની બાબત ન ગણાય.

***કિરણ બી. મહેતા***

***પ્રમુખ, શ્રી કચ્છી જૈન ગૂર્જર મંડળ - અમદાવાદ***

★

## ॥ શુભેચ્છા સંદેશ ॥

સમગ્ર વાગડ બે ચોવીસી સમાજ તરફથી 'મંગલ મંદિર'ની પચાસ વર્ષની સફળ યાત્રા માટે હાર્દિક શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવીએ છીએ.

આ પચાસ વર્ષ માત્ર સમયગાળો નથી પણ વિચારશીલતાની સફર, સંસ્કૃતિના સંવર્ધન અને સમરસતા તરફના સંકલ્પોની ઉર્જાસભર નોંધ છે.

આ 'મંગલ મંદિર' જે કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મુખપત્ર છે, જેણે વર્ષો સુધી સમાજને જાગૃત કરવાનું, એકતા અને સમાજસેવાના કાર્યો કર્યા છે અને આજે પણ એ જ ભાવના સાથે આગળ વધી રહેલ છે.

પ્રથમ મુખ્યતંત્રી રૂપે શ્રી પ્રભુલાલ સંઘવી દ્વારા શરૂ કરેલી આ યાત્રા શ્રી અશોકભાઈ મહેતા સુધી આજે પણ અવિરત ચાલી રહી છે. લેખકો, સંપાદકો અને સહયોગીઓના અવિરત પ્રયાસોને હૃદયના ભાવથી નમન કરીએ છીએ.

આ સુવર્ણ અવસરે અમારા સમગ્ર વાગડ બે ચોવીસી સમાજ તરફથી પ્રાર્થના છે કે 'મંગલ મંદિર' યથાવત પ્રગતિ કરતો રહે, નવી પેઢીઓ સુધી સાંસ્કૃતિક વારસો અને સમકાલીન ચિંતન પહોંચાડે અને સમાજને જ્ઞાનમય બનાવી રાખે...

ફરી ફરી વાગડ બે ચોવીસી સમાજ તરફથી હાર્દિક શુભેચ્છાઓ...

***મહેન્દ્રભાઈ મોરબીયા***

***પ્રમુખશ્રી, શ્રી વાગડ બે ચોવીસી સમાજ - અમદાવાદ***

★

## ॥ શુભેચ્છા સંદેશ ॥

શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ અનેક દાયકાઓથી આરોગ્ય, શિક્ષણ અને સમાજ ઉત્થાન ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપી રહેલ છે. ખાસ કરીને મેડિકલ ક્ષેત્રે સમાજના અનેક પરિવારો માટે આશાનું પ્રકાશ બન્યું છે – એ માટે સંપૂર્ણ સમુદાય કૃતજ્ઞ છે.

એજ રીતે 'મંગલ મંદિર' મુખપત્ર કાર્યરત છે. અદ્‌ભુત ઉત્કૃષ્ટ કાર્યના અનેક વર્ષો પછી આજે જયારે 'મંગલ મંદિર' મુખપત્ર પોતાના ૫૦ યશસ્વી વર્ષ પૂર્ણ કરીને ૫૧મા વર્ષમાં મંડાણ કરી રહ્યું છે, ત્યારે હું હૃદયપૂર્વક અભિનંદન તથા શુભેચ્છાઓ પાઠવું છું.

આ મુખપત્ર માત્ર માહિતીનું સાધન નથી, પરંતુ સમાજના દરેક સ્તરની વચ્ચે એક મજબૂત સેતુરૂપ છે. સમાજના નાના મોટા વિભિન્ન ક્ષેત્રોના સમાચાર, જ્ઞાનવર્ધક માહિતી તથા પ્રેરણાદાયક પ્રસંગો દ્વારા સમાજને જાગૃત અને જોડી રાખવાનો આ નોખો પ્રયાસ ખરેખર પ્રશંસનીય છે.

મને આશા છે કે 'મંગલ મંદિર' આમ જ પ્રકાશપથ બની સમાજના સર્વાંગી વિકાસમાં ભાગીદાર બની રહેશે અને આગલા અનેક દાયકાઓ સુધી ઉન્નતિના પથ પર ગતિશીલ રહેશે.

પરમાત્મા પાસે પ્રાર્થના છે કે આ મુખપત્રનું દૈવી કાર્ય યથાવત્ આગળ વધે અને વધુ ને વધુ જ્ઞાતિજનોને પ્રેરણા આપે.

***જિતેન્દ્ર દેવજી ખોના***

***પ્રમુખશ્રી , શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - અમદાવાદ***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'ને ૫૦ વર્ષ પૂરા થવા બદલ હાર્દિક અભિનંદન પાઠવું છું. 'મંગલ મંદિર' એ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર જ નહીં પરંતુ સમગ્ર સમાજનું દર્પણ છે. આ લાંબી યાત્રા માટે 'મંગલ મંદિર'ના શરૂઆતથી આજ દિન સુધીના તમામ તંત્રીશ્રીઓ અને સંપાદક મંડળ અભિનંદનના અધિકારી છે. તેઓની નિઃસ્વાર્થ સેવા અને ભાવના થકી આ યાત્રા અવિરતપણે ચાલુ છે. 'મંગલ મંદિર'ની આ મેરેથોન યાત્રામાં સહભાગી તમામ નામી અને અનામી સમાજના કાર્યકરો અને આગેવાનોને હાર્દિક અભિનંદન પાઠવું છું. સમાજનું આ દર્પણ ભવિષ્યમાં પણ ઉત્તરોત્તર પ્રગતિ કરતું રહે તેવી શુભેચ્છાઓ પાઠવું છું.

***રાજેન્દ્ર વાડીલાલ મહેતા***

***પ્રમુખ, શ્રી કચ્છી દશા શ્રીમાળી જૈન વણિક જ્ઞાતિ - અમદાવાદ***

## જૂની રંગભૂમિનાં લોકપ્રિય ગીતો

લે. જીના શેઠ ❙ કિં. 750




જૂની રંગભૂમિના દરેક નાટકમાં એની કથાને અનુરૂપ પ્રેરક અથવા રમૂજી ગીતો રજૂ થતાં અને એ ગીતો નાટક જેટલું જ, ક્યારેક નાટક કરતાં પણ વધારે મહત્ત્વ ધરાવતાં હતાં. ક્યારેક તો ગીતને કારણે જ પ્રેક્ષકો નાટક જોવા જતા!

આ પુસ્તકમાં રજૂ થયેલાં જૂની રંગભૂમિનાં કુલ 48 ગીતો એના વિરલ આસ્વાદ અને વિશિષ્ટ સંદર્ભ સાથે મૂકવાનો લેખિકાનો પ્રયત્ન પ્રશસ્ય છે. કોઈ ખાસ ભૂમિકા સાથે, આસ્વાદ સહિત ગીત માણવાનું હોય ત્યારે એમાં તરબોળ થવાનું સહજ બને. આ પુસ્તક કાવ્યરસિકો માટે તો મોંઘેરું ઘરેણું છે જ, સાથે-સાથે આપણી પ્રાચીન રંગભૂમિની વિરાસતનો વૈભવ પણ છે. ગુજરાતી સાહિત્યમાં એનું વિશેષ સ્થાન બની રહેશે.

## હૃદયરત્નો

લે. રોહિત શાહ ❙ કિં. 400




કેટલીક પ્રતિભાઓને સરકાર 'ભારતરત્ન'થી સન્માને છે, તો કેટલીક પ્રતિભાઓને સમાજ 'સમાજરત્ન'થી બિરદાવે છે.

આ પુસ્તકમાં વિવિધ ક્ષેત્રની 17 પ્રતિભાઓને 'હૃદયરત્ન'થી સન્માની છે. જેમકે સ્વામી સચ્ચિદાનંદ, ડૉ. કુમારપાળ દેસાઈ, વાઘજીભાઈ વોરા (આસોપાલવ), જીવદયાપ્રેમી કુમારપાળ વી. શાહ અને કલ્પેશ વી. શાહ, એડવોકેટ રશ્મિન જાની, લીલાવતીબહેન શાહ, આ.શ્રી રાજશેખરસૂરિજી મ. વગેરે

## સંતો/આધ્યાત્મિક પ્રતિભાઓનાં જીવનચરિત્રો

**સંતચરિત્રો અને ચિંતન**
લે. સ્વામી સચ્ચિદાનંદ
રૂ. 400

**મહર્ષિ દયાનંદ સરસ્વતી**
લે. સ્વામી સચ્ચિદાનંદ
રૂ. 225

**સ્વામી ચિન્મયાનંદ**
લે. પ્રસાદ બ્રહ્મભટ્ટ
રૂ. 200

**સ્વામી વિવેકાનંદ**
લે. પ્રસાદ બ્રહ્મભટ્ટ
રૂ. 350

**મહાયોગી આનંદઘન**
લે. કુમારપાળ દેસાઈ
રૂ. 150

**જે. કૃષ્ણમૂર્તિ : જીવનચરિત્ર**
લે. પુપુલ જયકર, અનુ. હર્ષદ દવે
રૂ. 650

**પપાસ્વામી રામદાસ (ખંડ 1થી 4 સંયુક્ત)**
લે. રમણલાલ સોની
રૂ. 600

**રાષ્ટ્રગુરુ સમર્થ રામદાસ**
લે. સ્મિતા ભાગવત
રૂ. 130

**આદ્ય શંકરાચાર્ય**
લે. કૃપાશંકર મો. જાની
રૂ. 45

**મહર્ષિ અરવિંદ**
લે. હરેશ ધોળકિયા
રૂ. 125



**ધીરુબહેન પટેલની જન્મશતાબ્દી પ્રસંગે...**

ગુજરાતી મહિલા-લેખકોમાં આદરપાત્ર અને અત્યારે એમની જન્મશતાબ્દી ઉજવાઈ રહી છે, તે સાહિત્યકાર ધીરુબહેન પટેલે બાળકિશોર સાહિત્યથી લઈને નવલકથાઓ અને નાટકોના વ્યાપક સર્જન દ્વારા ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ અને સુગંધિત કર્યું છે. એમના સાહિત્યમાં માનવીય સંબંધો તથા સંવેદનાનો વિશેષ ધબકાર છે. એમનાં વિવિધ સ્વરૂપનાં પુસ્તકો મેળવવા માટે સંપર્ક કરો :

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિ-સ્થાનો

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail: goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com,
website : gspbooksmall.com

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપપ્રમુખ
# શ્રી શાંતિલાલભાઈ મુરજી સાવલાને
# "શાસન ગૌરવ ઍવોર્ડ"
# એનાયત કરવામાં આવ્યો



## શ્રી શાંતિલાલભાઈ મુરજી સાવલા
### (નાની તુંબડી, અમદાવાદ)

કચ્છમાં નાની તુંબડી ગામના વતની અને જેમનું બચપન ગુજરાતના ખેડામાં વ્યતીત થયેલ છે અને હાલમાં અમદાવાદના નિવાસી એવા શ્રી શાંતિલાલભાઈ મુરજી સાવલાના પિતાશ્રી તથા માતુશ્રીના ધર્મના સંસ્કારોનું સિંચન તેમનામાં બચપણથી જ થયેલ છે અને એ ધાર્મિકપણાને તેઓશ્રી આજ દિન સુધી બખૂબી નિભાવી રહેલ છે. તેઓશ્રી તન, મન અને ધનથી ધર્મકાર્ય કરતા રહ્યા છે. તેટલું જ નહીં પરંતુ અનેક તીર્થોમાં, સંઘોમાં, દેરાસરો તથા ઉપાશ્રયોના નિર્માણમાં, સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચમાં તથા અન્ય અનેક ધાર્મિક પ્રક્રિયાઓમાં આજ દિન સુધી ભાગ લેતા આવ્યા છે.

તેઓશ્રીના વર્ષો પર્યંતના આ કાર્યોની અનુમોદના સ્વરૂપે પરમ પૂજ્ય અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વજી મહારાજ સાહેબે કચ્છના દેવપુર ગામે ચાતુર્માસ પ્રવેશના સમયે જ, કચ્છના ૫૨/૪૨ ગામોના ૫,૦૦૦થી પણ વધુ માનવ મહેરામણની ઉપસ્થિતિમાં તેમજ ડાયસ પર મુંબઈ તથા અન્ય ગામોના અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં જૈન શાસનના કોહિનુર સમાન શ્રી શાંતિલાલભાઈ સાવલાને "શાસન ગૌરવ"ની પદવી એનાયત કરેલ હતી કે જે કોઈ પણ કચ્છના તથા કચ્છ બહાર વસવાટ કરતા કચ્છી જૈનો માટે અને તેમાં પણ અમદાવાદ સ્થિત કચ્છી જૈનો માટે ખૂબ જ ગૌરવ લેવાની ઘટના બની રહેવા પામેલ છે. આ પ્રસંગે આપણે સહુ શ્રી શાંતિલાલભાઈ સાવલાની અનુમોદના કરીએ છીએ. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારો, ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ તથા અન્ય દરેક સભ્યશ્રી આ પ્રસંગે શ્રી શાંતિલાલભાઈને ખૂબ ખૂબ અભિનંદન આપી તેમના કાર્યોની સરાહના સાથે અનુમોદના કરે છે.

આ શુભ પ્રસંગે શ્રી શાંતિલાલભાઈ સાવલાએ તેમના જીવનમાં કરેલ ધાર્મિક કાર્યોની વિગતો અત્રે રજૂ કરીએ છીએ કે જેનું વાંચન કર્યા બાદ કોઈ પણ વ્યક્તિ જરૂરથી અભિભૂત થવા પામશે.

❖ વર્ષ ૧૯૭૨માં ખેડાના મુખ્ય દેરાસરમાં મૂળનાયક વાસુપૂજ્ય સ્વામીની પુનઃ પ્રતિષ્ઠાનો લાભ લીધેલ હતો.

- ❖ વર્ષ ૧૯૮૦માં ખેડાથી પાલીતાણાના ૫૦૦ યાત્રાળુઓ સાથેના છ'રી પાલીત સંઘનો લાભ લીધેલ હતો.
- ❖ વર્ષ ૧૯૮૪માં ગચ્છાધિપતિ આચાર્ય દેવેન્દ્રસાગરસૂરિજી મહારાજ સાહેબના નારાણપુરા ખાતે ૭૮ સાધુ - સાધ્વીજીના વિશાળ સમુદાયના ચાતુર્માસમાં ભાગ લીધો. આ સમયે સંઘમાતા શ્રાવિકા પ્રભાબેન શાંતિલાલ સાવલાએ માસક્ષમણની આરાધના કરેલ હતી.
- ❖ વર્ષ ૧૯૮૫માં ગચ્છાધિપતિ આચાર્ય શ્રી દેવેન્દ્રસાગરસૂરિશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં ૫૦૦ યાત્રાળુઓ સાથેના અમદાવાદથી શંખેશ્વરના છ'રી પાલીત સંઘનો લાભ લીધેલ હતો.
- ❖ વર્ષ ૧૯૮૮માં પોતાના નારાણપુરા ખાતેના નિવાસ સ્થાને ગૃહ જિનાલય બનાવી તીર્થંકર પ્રભુ શ્રી શાંતિનાથ દાદાના મૂળનાયક પદે પાંચ તીર્થંકરો સહિતના જિનાલયની પ્રતિષ્ઠા કરાવેલ હતી.
- ❖ કચ્છના ૭૨ જિનાલયની દહેરીમાં પ્રભુજીની પ્રતિષ્ઠા અને કાયમી ધ્વજાનો લાભ લીધેલ હતો.
- ❖ ખેડા, મુંબઈ, કાત્રજ (પૂના), ઉજ્જૈન, કણજરી, કલીકુંડ (ધોળકા), શંખેશ્વર સહિતના ૧૧ સ્થળોના ઉપાશ્રય પર મુખ્ય નામનો લાભ લીધેલ હતો.
- ❖ ખેડા અને વિજયનગર (નારાણપુરા)માં ઉપધાન તપ કરાવવાનો લાભ લીધેલ હતો.
- ❖ પાલીતાણામાં ૯૯ની જાત્રા કરાવવાનો સંઘપતિ તરીકે લાભ લીધેલ હતો.
- ❖ પાલીતાણામાં ગિરિરાજનું અષ્ટપ્રકારી પૂજન કરાવવાનો લાભ લીધેલ હતો.
- ❖ કચ્છમાં સાધ્વી શ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સા.ની દીક્ષાનો લાભ લીધેલ હતો.
- ❖ ખેડામાં સાધ્વી શ્રી મૃદુરત્નાશ્રીજી મ.સા.ની દીક્ષાનો લાભ લીધેલ હતો.
- ❖ પાલીતાણામાં સાધ્વી શ્રી કલ્પરત્નાશ્રીજી મ.સા. (પૂ.સાધ્વી શ્રી મૃદુરત્નાશ્રીજી મ.સા.ના શિષ્યા)ની દીક્ષાનો લાભ લીધેલ હતો.
- ❖ અમદાવાદમાં સાધ્વી શ્રી તક્ષશિલાશ્રીજી મ.સા. અને તેમની શિષ્યાની દીક્ષાનો લાભ લીધેલ હતો.
- ❖ સિધ્ધચક્ર પૂજન, અર્હત પૂજન, અઢાર અભિષેક વગેરે નાના મોટા અનેક ધાર્મિક અનુષ્ઠાનોનો લાભ લીધેલ હતો.
- ❖ આ સિવાય અન્ય ધાર્મિક પ્રક્રિયામાં અવાર નવાર ભાગ લેતા રહ્યા છે.

***શ્રી શાંતિલાલભાઈ મુરજી સાવલા તથા તેમના પરિવારને જૈન ધર્મની ધ્વજા જ્વલંત રાખવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સાથેની અનુમોદના.***


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### *અમદાવાદ પધારતા અતિથિઓની સગવડતા વધારાઈ*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ત્રણે અતિથિ ભવન – પાલડી, શાહીબાગ અને ગીતા મંદિરનું બુકિંગ હવે ઓનલાઈન થઈ શકશે.*

**www.kjss.org** પર બુકિંગ થઈ શકશે.

| | |
|---|---|
| **રજનીકાંત પારેખ** | **પ્રતાપ દંડ** |
| **માનદ્ મંત્રી** | **પ્રમુખશ્રી** |
| **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ** | **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ** |

# શ્રી ક.વી.ઓ. જ્ઞાતિના ૫૨/૪૨ ગામોની વિગત

શ્રી ક.વી.ઓ. જ્ઞાતિમાં તેમજ 'ખબર પત્રિકા'માં બાવન-બેંતાલીસ શબ્દનો પ્રયોગ વારંવાર થતો હોય છે. આ બાવન-બેંતાલીસ એટલે કંઠી વિભાગના બાવન ગામોનો સમૂહ અને બેંતાલીસ એટલે અબડાસા વિભાગના બેંતાલીસ ગામોનો સમૂહ. આવો, આ સમૂહના ગામોના નામ જાણીએ....

## કંઠી – ૫૨

| | | | |
|---|---|---|---|
| (૧) | આસંબિયા નાના | (૨૭) | લૂણી |
| (૨) | આસંબિયા મોટા | (૨૮) | લાખાપર |
| (૩) | બગડા | (૨૯) | મોખા |
| (૪) | બારોઈ | (૩૦) | મુંદ્રા |
| (૫) | બેરાજા | (૩૧) | માડી |
| (૬) | બીદડા | (૩૨) | મંગરા |
| (૭) | ભારાપુર | (૩૩) | નવી નાર |
| (૮) | ભોરારા | (૩૪) | નાગલપુર |
| (૯) | ભુજપુર | (૩૫) | પત્રી |
| (૧૦) | ભાડિયા નાના | (૩૬) | તુંબડી |
| (૧૧) | ચુનડી | (૩૭) | પ્રતાપર |
| (૧૨) | છસરા | (૩૮) | પ્રાગપર |
| (૧૩) | દેશલપર કંઠી | (૩૯) | રામાણિયા |
| (૧૪) | દુર્ગાપુર/નવાવાસ | (૪૦) | રાયણ મોટી |
| (૧૫) | ડેપા | (૪૧) | રતાડિયા ગણેશ |
| (૧૬) | ફરાદી | (૪૨) | સાડાઉ |
| (૧૭) | ગજોડ | (૪૩) | સમાઘોઘા |
| (૧૮) | ગેલડા | (૪૪) | તલવાણા |
| (૧૯) | ગુંદાલા | (૪૫) | તુંબડી નાની |
| (૨૦) | કપાયા મોટા | (૪૬) | ટોડા |
| (૨૧) | કોડાય | (૪૭) | ટુંડા |
| (૨૨) | કાંડાગરા મોટા | (૪૮) | ત્રગડી |
| (૨૩) | કુંદરોડી | (૪૯) | વાંકી |
| (૨૪) | કારાઘોઘા | (૫૦) | વાંઢ |
| (૨૫) | ખાખર નાની | (૫૧) | વડાલા |
| (૨૬) | ખાખર મોટી | (૫૨) | વરજડ |

## અબડાસા – ૪૨

| | | | |
|---|---|---|---|
| (૧) | બાડા | (૬) | ભોજાય |
| (૨) | બાયઠ | (૭) | બાંભડાઈ |
| (૩) | બાલાચોડ મોટી | (૮) | ચાંગડાઈ |
| (૪) | ભાડઈ મોટી | (૯) | ચિયાસર |
| (૫) | ભીંસરા | (૧૦) | ડોણ |
| (૧૧) | ડુમરા | (૨૭) | મંજલ રેલડિયા |
| (૧૨) | દેઢિયા | (૨૮) | મંજલ હમલાવાલી |
| (૧૩) | દેવપુર | (૨૯) | નરેડી |
| (૧૪) | ગોધરા | (૩૦) | નાગ્રેચા |
| (૧૫) | ગઢશીશા | (૩૧) | નારણપુર |
| (૧૬) | હાલાપુર | (૩૨) | રાજડા |
| (૧૭) | કોકલિયા | (૩૩) | રાયધણજર |
| (૧૮) | કોટડા રોહા | (૩૪) | રતડિયા નાના |
| (૧૯) | કોટડી મહાદેવપુરી | (૩૫) | રતડિયા મોટા |
| (૨૦) | ખારૂઆ | (૩૬) | શેરડી |
| (૨૧) | લાયજા મોટા | (૩૭) | સાભરાઈ મોટી |
| (૨૨) | લઠેડી | (૩૮) | સણોસરા |
| (૨૩) | માપર | (૩૯) | ઉનડોઠ મોટી |
| (૨૪) | મેરાઉ | (૪૦) | વીંઢ |
| (૨૫) | મકડા | (૪૧) | વિંઝાણ |
| (૨૬) | મોથારા | (૪૨) | વરંડી મોટી |

★ ઉપર દર્શાવેલ કંઠીના બાવન ગામના લીસ્ટમાં માડી ગામ હવે એકદમ ઉજ્જડ થઈ ગયેલ છે. ત્યાં ફક્ત એક જૂનું મંદિર જીર્ણશીર્ણ અવસ્થામાં છે. કોઈ મકાન કે માનવ વસ્તી નથી. જો કોઈ ભુજપુરથી ફરાદીના રસ્તે જતા હોય તો આ ગામના અવશેષ હજી પણ જોવા મળે છે. મારી પાસે વીરા નુખની કુળદેવીની એક પુસ્તિકા છે. તેમાં આ ગામ વિશે થોડુંક લખાણ છે. એક વખત માડી નામે મોટું શહેર હતું. ક.વી.ઓ. જ્ઞાતિના અનેક નુખોની વસ્તી હતી. સંવત ૧૫૯૬ (સને ૧૫૪૦)ના સમયમાં લોકો ખેતીવાડીનો ધંધો કરી ગુજરાન ચલાવતા. સંવત ૧૭૬૩ (સને ૧૭૦૭)ના વખતમાં જાડેજા અજાજીનો રાજ્ય અમલ હતો. તેના કારભારીઓ વસ્તી ઉપર જુલમ ગુજારવાથી લોકો આજુબાજુના ગામડામાં નીકળી ગયા. માડી શહેરમાં વીરા નુખના ભાઈઓનાં અનેક કુટુંબો હતા. જેમાંથી જીઆણી અને લખીઆણી કુટુંબના પરિવારો દેશલપુરમાં રહેવા ગયા.

★ આ સિવાય ૫૨/૪૨ ગામના મંગરા, વરજડ, બાલાચોડ મોટી, ભાડઈ મોટી અને રાજડા ગામો હજી અસ્તિત્વ ધરાવે છે અને આ ગામોમાં ક.વી.ઓ. જ્ઞાતિ સિવાયની અન્ય જ્ઞાતિના લોકો રહે છે.

★ આ પાંચ ગામોમાંથી ક.વી.ઓ. જ્ઞાતિના લોકો બીજા ગામોમાં શા માટે સ્થળાંતર કરી રહેવા ગયા તેની વિગત હોય તો મને જણાવશો.

★ હાલના સમયમાં ચાંગડાઈ ગામનો દાખલો તાજો છે. કેટલાક અસામાજિક તત્ત્વોની હેરાનગતિના કારણે ક.વી.ઓ. જ્ઞાતિના બધા જ ઘર ચાંગડાઈ ગામ છોડી આજુબાજુના ગામોમાં કાયમ વસવાટ માટે રહેવા ગયા છે. પરંતુ આ ગામનું મુંબઈ મહાજન હજી સક્રિય છે અને ગામના નામનું અસ્તિત્વ ટકાવી રાખ્યું છે.

*દિલીપ નાગડા – વીંઢ*

# માળા - નવકારવાળીમાં ૧૦૮ મણકા શા માટે?

સંકલન :
પ્રભુલાલ કે. સંઘવી

નવકારમંત્રની સાધનામાં સાધકોને આગળ વધવા માટે માળા – જેને આપણે નવકારવાળી કહીએ છીએ તેનું ભારે મહત્ત્વ છે. નવકારમંત્રની સાધના કરનારે રોજ અમુક પ્રકારનો જાપ કરવાનો હોય છે. તેની સંખ્યા ૫૦૦થી ઓછી હોતી નથી. આટલા મોટા જાપની ગણના કરમાળાથી કરવાનું કામ કપરું છે અને તેમાં ભૂલ થવાનો સંભવ પણ છે. તેથી તેના માટે માળા-નવકારવાળીનો ઉપયોગ કરવામાં આવે છે.

ભારતના લગભગ બધા જ ધર્મોમાં પ્રભુસ્મરણ તથા મંત્રજાપ કરવા માટે માળાનો સ્વીકાર થયો છે. આથી એ વાતની તો અવશ્ય પ્રતીતિ થાય છે કે ઈષ્ટસ્મરણ કે મંત્રજાપ માટે માળા એક અત્યંત ઉપયોગી સાધન છે.

આ માળા નવકારવાળી ૨૭ મણકાની, ૩૬ મણકાની અને ૧૦૮ મણકાની હોય છે. તેમાં ૧૦૮ મણકાની માળા-નવકારવાળી સર્વકાર્ય સિદ્ધ કરનારી મનાય છે. જૈન શાસ્ત્રકારોએ ૧૦૮ મણકાની માળા-નવકારવાળીને જ પસંદગી આપી છે.

માળા નવકારવાળીમાં ૧૦૮ મણકા હોય છે. હવે પ્રશ્ન એ થાય છે કે આ માળા-નવકારવાળીમાં ૧૦૮ મણકા શા માટે? તેનો ઉત્તર જૈન શાસ્ત્રકારો આપે છે કે નવકાર મહામંત્રમાં પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યા છે. પંચ પરમેષ્ઠી ભગવંતોના મુખ્ય ગુણ ૧૦૮ છે. જેમાં અરિહંત પરમાત્માના ૧૨ ગુણ, શ્રી સિદ્ધ પરમાત્માના ૮ ગુણ, શ્રી આચાર્ય ભગવંતના ૩૬ ગુણ, શ્રી ઉપાધ્યાય ભગવંતના ૨૫ ગુણ અને શ્રી સાધુ ભગવંતના ૨૭ ગુણ મળીને કુલ ગુણોનો સરવાળો ૧૦૮ થાય છે. શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોના ૧૦૮ ગુણ હોવાથી આપણી માળા-નવકારવાળીમાં મણકા પણ ૧૦૮ રાખવામાં આવ્યા છે. આપણા પરમોપકારી એવા શ્રી પંચપરમેષ્ઠી ભગવંતોના ૧૦૮ ગુણોને યાદ રાખવા નીચેનું ચૈત્યવંદન ખૂબ જ ઉપયોગી છે

*બાર ગુણ અરિહંત દેવ, પ્રણમી જે ભાવે,*
*સિદ્ધઆઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે.*
*આચાર જ ગુણ છત્રીશ, પચવીશ ઉવજ્ઝાય,*
*સત્તાવીસ ગુણ સાધુના, જપતાં શિવસુખ થાય*
*અષ્ટોત્તર શત ગુણ મળી, એમ સમરો નવકાર,*
*ધીર વિમલ પંડિત તણો, નય પ્રણમે નીત સાર.*

આમ પંચપરમેષ્ઠીના ગુણો ૧૦૮ છે અને તેનો સરવાળો પણ ૯ થાય છે અને નવકાર મહામંત્રના પદ પણ ૯ છે. ૯નો અંક એ પૂર્ણ સંખ્યા છે, એટલે આ પૂર્ણ સંખ્યાનો વિસ્તાર જ છે. વળી ૯નો આંકડો ગણિતશાસ્ત્રની દૃષ્ટિએ પણ મહત્ત્વનો છે.

૯ને ૧ વાર ૧૨થી ગુણીએ તો ૧૦૮ આવે છે.
૯ને ૨ વાર ૬થી ગુણીએ તો ૧૦૮ આવે છે.
૯ને ૩ વાર ૪થી ગુણીએ તો ૧૦૮ આવે છે.
૯ને ૪ વાર ૩થી ગુણીએ તો ૧૦૮ આવે છે.
૯ને ૬ વાર ૨થી ગુણીએ તો ૧૦૮ આવે છે.

આ ઉપરાંત ૧૦૮, ૮૧, ૭૨, ૬૩ ૫૪, ૪૫, ૩૬, ૨૭, ૧૮ વગેરે અંકનો સરવાળો ૯ જ આવે છે. આ જગમાં ૯ના અંકનો ભારે મહિમા જોવા મળે છે. નવકારનાં ૯ પદ છે, તે રીતે ગ્રહો ૯ છે. સમસ્ત સંસારને સમજવાનાં તત્ત્વો ૯ છે, બ્રહ્મચર્યની વાડો ૯ છે. તેવી જ રીતે ઠાણાંગ નામના આગમમાં આવતા ૯ના પ્રત્યેક અંક સાથે નવકાર મંત્ર ગૂઢ અને ગાઢ સંબંધ ધરાવે છે. આ ૯નો અંક શબ્દમાં 'નવ' લખાય છે. આ 'નવ' શબ્દને ઊલટાવીએ તો 'વન' શબ્દ થાય છે. વન એટલે જંગલ, ભયંકર અટવી કે જ્યાં કોઈ જાતની સલામતી નથી, જ્યાં સાતે પ્રકારના ભય વચ્ચે મરતા-મરતાં જીવવું પડે છે. આ ભયંકર વનમાં કાળી ચીસો પાડતા જીવને આંગળી ઝાલીને બહાર કાઢવાની અનુપમ શક્તિ જેનામાં છે તે નવકાર મહામંત્રનાં પદ પણ ૯ છે, એ તેની પરમ મંગલકારિતાના સૂચક છે.

મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ પણ ૧૦૮ના અંકનું ભારે મહત્ત્વ છે. એ દૃષ્ટિએ પણ પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણોને ધ્યાનમાં રાખી માળા-નવકારવાળીમાં ૧૦૮ મણકા રાખવામાં આવ્યા હોવાનું ફલિત થાય છે. આપણું મન અતિવિચિત્ર છે, મર્કટ સમું ચંચલ અને સ્વચ્છંદ છે. મનને બાંધ્યું બંધાય તેમ નથી પણ તેને વાળ્યું વળાય તેમ છે. આપણા જ્ઞાની ભગવંતોએ મનની ચંચળતાને ધ્યાનમાં લઈ મનને પંચ પરમેષ્ઠીમાં જોડવા માટે ૧૦૮ મણકાની આ માળા-નવકારવાળી આપણને ભેટ આપી છે તે આપણા સો માટે મોટા સૌભાગ્યની વાત છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૫ ઉપર)

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## જાહેર આમંત્રણ

### શુક્રવાર, તા. ૧૫-૦૮-૨૦૨૫ – ધ્વજ વંદન કાર્યક્રમ

રાષ્ટ્રના ૭૯મા સ્વતંત્રતા દિન નિમિત્તે શુક્રવાર, તા. ૧૫-૮-૨૦૨૫ના રોજ સવારે ૯.૦૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના પટાંગણમાં **શ્રી રાજુભાઈ ગાલા (નવનીત ગ્રુપ)**ના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે.

ધ્વજ વંદન બાદ આપણા સાંસ્કૃતિક વારસા વિશે *શ્રી જીતેન્દ્ર શાહ* દ્વારા વાર્તાલાપ.

***આથી સમાજના સર્વે સભ્યોને આ કાર્યક્રમમાં સમયસર પધારવા માટે ભાવભર્યું આમંત્રણ છે.***

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## માળા – નવકારવાળીમાં ૧૦૮ મણકા શા માટે?

(અનુસંધાન : પાના નં. – ૨૪ ઉપરથી ચાલુ)

આ માળા-નવકારવાળી ઘણા પ્રકારની આવે છે. તેમાં શંખની, રત્નની, સુવર્ણની, ચાંદીની, સ્ફટિકની, મણિની, પત્તાજીવની, સાંજણિની, ચંદનની, રૂદ્રાક્ષની અને સુતરની મુખ્ય છે. તેમાં સુતરના દોરાની ગૂંથેલી માળા-નવકારવાળીને શ્રેષ્ઠ ગણવામાં આવી છે. આ માળા-નવકારવાળીના બે છેડા બાંધતી વખતે ત્યાં ત્રણ મણકા બીજા મૂકવામાં આવે છે અથવા એક જુદી જાતનો મોટો મણકો મૂકવામાં આવે છે. તેને 'મેરૂ' કહેવાય છે. જાપ કરતી વખતે આ 'મેરૂ'નું ઉલ્લંઘન કરવું નહિ એમ જૈન શાસ્ત્રકારોએ સ્પષ્ટ આદેશ આપ્યો છે. એટલે ત્યાં મંત્રજાપ કરવામાં આવતો નથી પણ ત્યાંથી માળા-નવકારવાળીને ફેરવી લેવામાં આવે છે અને જાપનું કામ આગળ ચાલે છે.

આપણે જે માળા – નવકારવાળીના મણકેમણકે અરિહંત, સિદ્ધ વગેરે ભગવંતોના મન દઈને જાપ કરતા હોઈએ ત્યારે આપણે આપણી દુનિયા, આપણો સંસાર ભૂલી જઈએ તે જરૂરી છે. આ જાપ દરમિયાન આપણું મન સંપૂર્ણ પંચ પરમેષ્ઠીને સમર્પિત હોવું જોઈએ. બસ આ જ વસ્તુને આપણે લક્ષમાં રાખીશું અને ચિત્તને જાપમાં એકાગ્ર બનાવીશું તો આપણી આ માળા- નવકારવાળી આપણા સો માટે અવશ્ય મુક્તિની વરમાળા બની રહેશે તેમાં લેશમાત્ર શંકા નથી. ■

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### તા. ૧૯-૦૬-૨૦૨૫થી તા. ૧૬-૦૭-૨૦૨૫ સુધી 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી

| | | | |
|---|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | ગૌરવ વિનોદભાઈ ગંગર | અમદાવાદ | ૨૮-૦૬-૨૫ |
| ૨. | સૂર્યકાંત ગોવિંદલાલ શાહ | અમદાવાદ | ૧૨-૦૭-૨૫ |
| **૩ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | તારાબેન પ્રવીણ પ્રેમજી શાહ | અમદાવાદ | ૨૧-૦૬-૨૫ |
| ૨. | કલ્પના મહેન્દ્ર મહેતા | અમદાવાદ | ૧૪-૦૭-૨૫ |

*દરરોજ બે કલાક પૂજા કરવાવાળાએ સંતને પૂછ્યું કે ભગવાન મારા પર પ્રસન્ન છે કે નહીં તેની કઈ રીતે ખબર પડે?*

*સંતે જવાબ આપ્યો કે તમારા પરિચયમાં આવનાર દરેક વ્યક્તિ તમારાથી પ્રસન્ન હોય તો સમજવું કે ભગવાન તમારાથી પ્રસન્ન છે. પરંતુ જો તેઓ દુઃખી હોય તો દરરોજ ૪ કલાક પૂજા કરો કે ૪ કરોડના મંદિર બનાવો, તેની કિંમત કંઈ જ નથી!*

# નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર

## સ્થાપનાની પ્રથમ વર્ષગાંઠે...

પા પા પગલી ભરતું બાળક જેમ વિકાસ પામે તેમ નવનીત મેડિકલ સેન્ટરે પણ અવિરતપણે વિકાસ પામતા પામતા પોતાની એક વરસની અવધિ પૂર્ણ કરેલ છે. આ અવધિના પૂર્ણ થવાના પરિપાકરૂપે તેની પ્રથમ વર્ષગાંઠ ૨ જુલાઈના રોજ ઉજવવામાં આવી.

આ ઉજવણીમાં સમાજના હોદ્દેદારો, ટ્રસ્ટીગણ, કારોબારી સભ્યો અને મેડિકલ સેન્ટરના સ્ટાફે ઉમંગભેર ભાગ લીધેલ હતો.

કાર્યક્રમની શરૂઆતમાં મંત્રી શ્રી રજનીકાંત પારેખે દરેક ઉપસ્થિત વ્યક્તિઓને તેમજ દર્દીઓને આવકાર્યા હતા અને સ્ટાફના સરાહના કરતા કહ્યું હતું કે, આપ સ્ટાફ મેમ્બરો અને ડૉક્ટરોની જુગલ જોડીની અવિરત સેવા કરવાની ભાવનાના પરિપાકરૂપે આજે આ સેન્ટર આટલું બધું માતબર કાર્ય કરી રહેલ છે.

સહમંત્રી શ્રી વિશાલ શાહે દરેક સ્ટાફ મેમ્બર્સની કાર્યવાહીને બિરદાવેલ હતી. કન્વીનરશ્રી ડૉ. હિતેન્દ્રભાઈ શાહે દરેક સ્ટાફના કાર્યને બિરદાવેલ અને જણાવ્યું હતું કે આપ જે સેવા યજ્ઞમાં જોડાયેલા છો, તે યજ્ઞમાં સેવારૂપી આહૂતિ આપીને આ યજ્ઞને સફળ બનાવજો.

પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે કેક કાપવામાં આવી હતી અને ડૉ. હિતેન્દ્ર શાહે દરેક સ્ટાફને કેક ખવડાવેલ હતી. ત્યાં ઉપસ્થિત રહેલા દર્દીઓએ પ્રતિભાવ આપેલ કે માનવ સેવાનું આપનું આ કાર્ય ખૂબ જ ઉમદા છે. અહીંના ડૉક્ટરો અને સ્ટાફ મેમ્બર્સના કાર્યથી અને તેમના સ્નેહભર્યા સ્વભાવને કારણે અમારું દુઃખ ખૂબ જ જલ્દી દૂર થઈ જાય છે.

અંતમાં ડૉ. હિતેન્દ્ર શાહે જણાવ્યું કે આ સેન્ટર વધુને વધુ પ્રગતિ સાધે અને આવતી વર્ષગાંઠે આપણે અત્યાર કરતાં ત્રણગણા વધુ દર્દીઓની સેવા કરવાનો ગૉલ રાખીએ, કે જે આપણા માટે એક ઉમદા કાર્ય બની રહેશે.

આ પ્રસંગ નિમિત્તે નિયમિત રીતે અવિરત સેવા આપનાર શ્રી ચેતન ધરોડે શાયરના અંદાજમાં એક શાયરી રજૂ કરી હતી :

*નવનીતનો નાદ નિરોગી નવજીવનનો*
*કચ્છી જૈન સમાજે રચ્યો ઈતિહાસ અનન્યનો*
*એક વર્ષની યાત્રા, સેવાનું સરવાણું,*
*જશોદાનગરમાં ફેલાયું આરોગ્યનું આંગણું*

*હૃદયથી હૃદય સુધી સંભાળનો સંદેશો,*
*દર્દીની આંખ દીસે, આશાનો પ્રદેશો,*
*ડૉક્ટરોની ટીમે, સમર્પણે રંગ ભર્યો,*
*નવનીત મેડિકલે, જીવનને જીવંત કર્યો.*

*સમાજની શક્તિ, એકતાનો અહેસાસ,*
*દરેક પગલે દેખાય, સેવાનો વિશ્વાસ.*
*એક વર્ષની ઉજવણી, નવા સપનાની શરૂઆત.*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને નવનીતની*
*યાત્રા, થાય સદા અમર વાત...*

અંતમાં આઈસ્ક્રીમને ન્યાય આપી સૌ વિદાય થયા.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**



*કેક કાપતા હોદ્દેદારો, ટ્રસ્ટીશ્રીઓ અને મેડિકલ સેન્ટરનો સ્ટાફ*



*(તસવીરમાં ડાબેથી) શ્રી પટેલભાઈ, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી વિશાલ શાહ, શ્રી રોહિત સંઘવી, શ્રી લક્ષ્મીચંદ વીરા અને શ્રી ચેતન ધરોડ*



સ્ટાફને કેક ખવડાવતા ડૉ. હિતેન્દ્ર શાહ



(તસવીરમાં ડાબેથી) શ્રી રજનીકાંત પારેખ, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી કે.ડી. શાહ, શ્રી વિશાલ શાહ, શ્રી લક્ષ્મીચંદ વીરા અને શ્રી રોહિત સંઘવી



પ્રસંગોપાત ઉદ્‌બોધન કરતા શ્રી ચેતન ધરોડ




નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગરનો સ્ટાફ

# મહિલા ઉત્કર્ષ સમિતિ

**અહેવાલ**

**ત્રણેય પેઢીને સાંકળતી ફિલ્મ – "ગોતી લો"**

**ત્રણેય પેઢીની બહેનોએ ખૂબ માણી....**

**પ્રચાર અને પ્રસાર લાયક સંદેશાત્મક ફિલ્મનું આયોજન.**



*ફિલ્મ 'ગોતી લો'ના દિગ્દર્શક શ્રી દીપક અંતાણી અને કમિટી મેમ્બર્સ*




*ફિલ્મ 'ગોતી લો'ના દિગ્દર્શક શ્રી દીપક અંતાણી અને દર્શક ગણ... બહેનો*

**સમિતિનો નવતર પ્રયોગ –** "ગોતી લો" ફિલ્મનું આયોજન ઓરિએન્ટ મિનિ પ્લેક્સ ખાતે શુક્રવાર, તા. ૧૧-૭-૨૦૨૫ના રોજ કરાયું હતું.

આ ફિલ્મના દિગ્દર્શક શ્રી દીપક અંતાણી (કચ્છના નાગર) જેઓ રંગભૂમિ, ટી.વી. સિરીયલ અને ફિલ્મ ક્ષેત્રે લેખક, દિગ્દર્શક અને અભિનેતા તરીકે વર્ષોથી કાર્યરત છે. તેઓ ગાંધીજીની ભૂમિકા માટેના જાણીતા અભિનેતા છે.

### ફિલ્મ "ગોતી લો"ની પસંદગી શા માટે?

વર્ચ્યુઅલ ટચ સ્ક્રીનની દુનિયામાં વ્યસ્ત વર્તમાન પેઢીને દિલના ટચથી એક્ચ્યુઅલ દુનિયામાં ડોકિયું કરાવતી અને ત્રણેય પેઢીને સાંકળતી એક પારિવારિક ફિલ્મ છે.

### ફિલ્મના કેટલાક અંશો :

❖ મોબાઈલનો વધારે પડતો ઉપયોગ / એના ગેરફાયદા.

❖ બાળકોનું બાળપણ છીનવી / ગેરમાર્ગે દોરતા મોબાઈલ.

❖ બાળકો માટેની મેદાની રમતોનું મહત્ત્વ (દેશી રમતો ખાસ – બચપણની યાદ અપાવતી)

❖ ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિ ઉપર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે.

❖ ફિલ્મના ગીતોના શબ્દો અને સંગીત કહાનીને સુંદર રીતે આગળ ધપાવી રહ્યા છે.

### વિશેષતા :

ફિલ્મ સંપન્ન થયા બાદ ફિલ્મના દિગ્દર્શક શ્રી દીપક અંતાણીએ ખાસ હાજરી આપી હતી. સમિતિ દ્વારા મોમેન્ટોથી તેમનું બહુમાન કરાયું હતું.

આ ફિલ્મ નિહાળવા ત્રણેય પેઢીની બહેનોએ હાજરી આપી હતી અને સૌએ ફિલ્મને દિલથી માણી હતી. જેનું દિગ્દર્શન પણ પ્રસંશનીય હતું, વખાણવાલાયક હતું.

***સમિતિની પ્રવૃતિઓથી વાકેફ રહેવા WhatsAppથી જોડાઓ @૮૦૦૦૯ ૭૨૯૯૯***

*સુલુ જલદીપ શાહ - કન્વીનર*

*ગમશે નહીં તો ગમાડવું પડશે,*
*જીવન તો રમકડું છે-રમાડવું પડશે,*
*મૂર્તિને દીવા કરવાની જરૂર નથી,*
*કોઈનું દિલ ના બળે એનું ધ્યાન રાખો તો સમજજો કે*
*પૂજા થઈ ગઈ.*

# વયસ્ક સમિતિ

કહેવાય છે કે સંગીત માનવના મસ્તકને ડોલાવે છે અને ગીત હૃદયના તારને ઝણઝણાવે છે. આવો જ એક સાત સૂરોનો કાર્યક્રમ સમિતિ દ્વારા રવિવાર, તા. ૧૩-૭-૨૦૨૫ના રોજ કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજાઈ ગયો.

કાર્યક્રમની શરૂઆતમાં કન્વીનર શ્રી રજનીકાંત પારેખે સર્વે વડીલોને આવકાર્યા હતા. ત્યારબાદ હૃદયના તારને ઝણઝણાવતો સંગીતના મહાસાગરમાં સુહાની સફર કરાવતો કાર્યક્રમ શરૂ થયો હતો.

સફરની શરૂઆત ડૉ. ગુરૂદત્ત ઠક્કરે 'લિખે જો ખત તુજે...'થી કરી હતી. ત્યારબાદ ગીતોનો દોર ચાલ્યો હતો. શ્રીમતી રીપલબેને 'કાંટોસે ખીંચકે યે આંચલ...', ડૉ. મયુર શાહે 'એક દિન બીત જાયેગા માટીકે મોલ...', શ્રી રોહિત પારેખે સિસોટીના માધ્યમથી 'લાખો હૈ નિગાહેં જિંદગીકી રાહ મેં...', ડૉ. જયેશ સરૈયાએ હાર્મોનિયમ ઉપર 'યે નયન ભીગે ભીગે...', ડૉ. હિમાંશુ શાહે માઉથ ઓર્ગન ઉપર 'કુછ ના કહો... કુછ ભી ના કહો...' આ ઉપરાંત ડૉ. ગુરૂદત્ત ઠક્કરે, શ્રીમતી રીપલબેને અને ડૉ. કેયુરભાઈ શાહે યુગલ ગીતો ગાયા હતા જેવા કે 'માંગ કે સાથ તુમ્હારા ઓ મેરે સનમ... ઓ મેરે સનમ...' વગેરે. અંતમાં ડૉ. શિલ્પા તોશ્નીવાલે 'લગજા ગલે સે...' ગીત ગાઈને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરેલ હતા. આ ગીતો ઉપરાંત અન્ય સોલો ગીત, યુગલ ગીતો – એમ કુલ ૨૨ ગીતોનો ગુલદસ્તો તેમના દ્વારા પેશ કરવામાં આવ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાયરીઓના દોર, ફિલ્મી જગતની માહિતી અને હાસ્યના રમૂજી ટુચકા સાથે ડૉ. જયદીપ શાહે કર્યું હતું. તેમની અસ્ખલિત વાણી, તેમના જ્ઞાન અને કહેવાની ઢબે સર્વે લોકોના દિલમાં એક અનોખી જગ્યા બનાવી દીધી હતી. અસ્ખલિત વહેતા સમયને નાછૂટકે રોકીને આ માસમાં આવતા જન્મ દિવસની કેક નીચેના વડીલોએ કાપીને તેમનો જન્મ દિવસ ઉજવ્યો હતો : (૧) લક્ષ્મીબેન ખત્રી, (૨) કલ્પનાબેન મહેતા, (૩) ડૉ. હિમાંશુ શાહ, (૪) નિર્મળા કોઠારી, (૫) નરેન્દ્ર કોઠારી, (૬) રજનીકાંત પારેખ.

આ કાર્યક્રમની મહેફિલ જમાવનાર ડૉક્ટરોનું બહુમાન વિવિધ વ્યક્તિઓ તરફથી કરવામાં આવ્યું હતું.

| | | |
|---|---|---|
| ૧. | *ડૉ. ગુરૂદત્ત ઠક્કર* | *શ્રી પ્રતાપભાઈ દંડ અને શ્રી રજનીકાંત પારેખ* |
| ૨. | *ડૉ. કેયુર શાહ* | *શ્રી દિલીપભાઈ દંડ અને શ્રી નરેન્દ્ર કોઠારી* |
| ૩. | *ડૉ. જયેશ સરૈયા* | *શ્રી કે.ડી. શાહ અને શ્રી રમણિકભાઈ ગોસર* |
| ૪. | *ડૉ. જયદીપ શાહ* | *શ્રી વિશાલ શાહ અને શ્રી મનીષ વીરા* |
| ૫. | *શ્રીમતી રીપલબેન* | *શ્રીમતી લક્ષ્મીબેન ખત્રી* |
| ૬. | *ડૉ. હિમાંશુ શાહ* | *શ્રી રોહિત સંઘવી અને શ્રી મહેશ શાહ* |
| ૭. | *ડૉ. શિલ્પા તોશ્નીવાલ* | *શ્રીમતી મીનાક્ષી પારેખ અને નિર્મળા કોઠારી* |

જન્મ દિન નિમિત્તે નીચેની વ્યક્તિઓ તરફથી નીચે પ્રમાણે સ્પોન્સરશિપ મળેલ હતી.

| | | |
|---|---|---|
| ૧. | *ડૉ. હિમાંશુ રમેશભાઈ શાહ* | *રૂા.૧૦,૦૦૦/-* |
| ૨. | *શ્રી રજનીકાંત ધરમશી પારેખ* | *રૂા. ૫,૦૦૦/-* |
| ૩. | *શ્રીમતી નિર્મળા નરેન્દ્ર કોઠારી અને નરેન્દ્ર જયંતીલાલ કોઠારી* | *રૂા. ૫,૦૦૦/-* |
| ૪. | *શ્રીમતી લક્ષ્મીબેન મહેશભાઈ ખત્રી* | *રૂા. ૫,૦૦૦/-* |
| ૫. | *શ્રી જયપ્રકાશ મનુભાઈ શાહ* | *રૂા. ૨,૫૦૦/-* |
| ૬. | *શ્રીમતી કલ્પનાબેન મહેન્દ્ર શાહ* | *રૂા. ૨,૫૦૦/-* |

**રજનીકાંત પારેખ**
**કન્વીનર - વયસ્ક સમિતિ**


*ડૉ. ગુરૂદત્ત ઠક્કર*


*ડૉ. જયેશ સરૈયા*


*યુગલ ગીત ગાતા રીલમબેન અને ડૉ. કેયુર શાહ*


સીટી વાદન કરતાં ડૉ. રોહિત પારેખ


માઉથ ઓર્ગન પ્લે કરતાં ડૉ. હિમાંશુ શાહ


ડૉ. શિલ્પાબેન તોશનીવાલ


જન્મ દિવસની કેક કાપતા કલ્પનાબેન મહેતા


કેક કાપતા શ્રીમતી નિર્મળા કોઠારી અને શ્રી નરેન્દ્ર કોઠારી


જન્મ દિવસની કેક કાપતા શ્રી રજનીકાંત પારેખ


જન્મ દિવસની કેક કાપતા ડૉ. હિમાંશુ શાહ


કેક કાપતા શ્રીમતી લક્ષ્મીબેન ખત્રી


કેક કાપતા શ્રી જયપ્રકાશ શાહ



એન્કરીંગ કરતા ડૉ. જયદીપ શાહ



ડૉ. ગુરૂદત્ત ઠક્કરનું બહુમાન



ડૉ. કેયુર શાહનું બહુમાન



ડૉ. જયેશ સરૈયાનું બહુમાન



જયદીપ શાહનું બહુમાન



શ્રીમતી રીપલબેનનું બહુમાન



ડૉ. હિમાંશુ શાહનું બહુમાન



ડૉ. શિલ્પા તોશનીવાલનું બહુમાન

## સરનામા ફેરફાર

- **કમલેશ શામજી કેશવજી શાહ (લોડાયા)**
  પી-૬, કોમલ એન્કલેવ, પીપીસીસી ગ્રાઉન્ડ સામે,
  શાંતિવન બસ સ્ટેન્ડ પાસે,
  પી.ટી. કૉલેજ રોડ, પાલડી,
  અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૯૯૮૦ ૪૨૭૯૦, ૯૬૬૨૧ ૬૨૮૮૭, ૯૭૨૫૭ ૯૮૭૪૧

- **પ્રિયેશ પ્રભુલાલ કપૂરચંદ સંઘવી**
  ૫૦૫, સૃષ્ટિ એપાર્ટમેન્ટ, સંજીવની હોસ્પિટલ સામે,
  જૈન નગર, પાલડી
  અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૯૭૯૮ ૮૧૭૧૮, ૯૯૭૯૮ ૮૧૭૨૦

- **વાસુ હરેશ ભવાનજી ગાલા**
  એ-૪૦૩, સત્ત્વ-૨ રેસિડેન્સી,
  મંગલમૂર્તિ એપાર્ટમેન્ટની સામે,
  નારોલ-અસલાલી હાઈવે, નારોલ,
  અમદાવાદ-૩૮૨ ૪૦૫.
  મો. ૯૦૩૩૮ ૩૯૬૨૧, ૯૭૨૫૯ ૬૯૫૬૪

## અવસાન નોંધ

- *શનિવાર, તા. ૨૮-૬-૨૦૨૫*
  **શ્રી જયંતીલાલ લખમશી લોડાયા** (ઉં.વ. ૮૦) **(અમદાવાદ - મોટી સિંધોડી)** નું આજ રોજ અમદાવાદ ખાતે દુ:ખદ અવસાન થયેલ છે.

- *સોમવાર, તા. ૩૦-૬-૨૦૨૫*
  **શ્રી ગુલાબ દામજી સાવલા** (ઉં.વ. ૬૯) **(અમદાવાદ – બાડા)** નું આજ રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

- *સોમવાર, તા. ૩૦-૬-૨૦૨૫*
  ગુજરાત હાઈકોર્ટના પૂર્વ જસ્ટીસ શ્રી કાંતિલાલ અંબાલાલ પૂજના માતુશ્રી **કંચનબેન અંબાલાલ પૂજ** (ઉં.વ. ૯૪) **(અમદાવાદ - લાકડિયા)** નું આજ રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

- *મંગળવાર, તા. ૧-૭-૨૦૨૫*
  **તારાચંદભાઈ માણેકજી દંડ** (ઉં.વ. ૭૭) **(અમદાવાદ – વરાડિયા)** નું આજ રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

- *રવિવાર, તા. ૬-૭-૨૦૨૫*
  **મહેન્દ્રભાઈ મણિલાલ વસા** (ઉં.વ. ૭૦) **(અમદાવાદ – વાંકી)**નું આજ રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય શ્રી મહેન્દ્ર સાકરચંદ દોશીના વેવાઈ **પ્રો. પ્રવીણભાઈ શાહ**નું મંગળવાર, તા. ૧૫-૭-૨૦૨૫ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. જેઓ આજીવન દર વર્ષે જુદી જુદી સંસ્થાઓને અનુદાન આપવામાં અનુગ્રહ રાખતા હતા. તેઓએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટરને રૂા. ૭,૦૦,૦૦૦/-નું અનુદાન આપેલ.

*સદ્‌ગતશ્રીઓના આત્માને*
*પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે એ જ અભ્યર્થના.*

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વયસ્ક સમિતિ

| | | |
|---|---|---|
| રૂા. | ૧૦,૦૦૦/- | ડૉ. હિમાંશુ રમેશભાઈ શાહ - અમદાવાદ |
| રૂા. | ૫,૦૦૦/- | શ્રી દિનેશ પ્રેમચંદ શાહ - અમદાવાદ |
| રૂા. | ૫,૦૦૦/- | શ્રીમતી વિમળાબેન શાંતિલાલ શાહ - અમદાવાદ |
| રૂા. | ૫,૦૦૦/- | શ્રીમતી લક્ષ્મીબેન મહેશભાઈ ખત્રી - અમદાવાદ |
| રૂા. | ૫,૦૦૦/- | શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી - અમદાવાદ |
| રૂા. | ૪,૦૦૦/- | શ્રી કમલેશ મનુભાઈ શાહ - અમદાવાદ |
| રૂા. | ૨,૫૦૦/- | શ્રી કે.ડી. શાહ - અમદાવાદ |
| રૂા. | ૨,૫૦૦/- | શ્રી જયપ્રકાશ મનુભાઈ શાહ - ખાનપુર, અ'વાદ |

### જનરલ ડોનેશન

| | | |
|---|---|---|
| રૂા. | ૧૫,૦૦૦/- | શ્રી જીજ્ઞેશ પ્રબોધભાઈ શાહ - અમદાવાદ |

### કેળવણી સહાય યોજના

| | | |
|---|---|---|
| રૂા. | ૫,૦૦૦/- | શ્રીમતી પ્રેમીલાબેન ઉમરશી કુરૂવા ફાઉન્ડેશન - અમદાવાદ |
| રૂા. | ૫,૦૦૦/- | ચૌલાબેન ઉમરશી કુરૂવા - અમદાવાદ |

### વૈયાવચ્ચ યોજના

| | | |
|---|---|---|
| રૂા. | ૫,૦૦૦/- | શ્રી રૂષભ ગિરીશભાઈ શાહ - અમદાવાદ |

### જલારામ અન્નક્ષેત્ર યોજના

| | | |
|---|---|---|
| રૂા. | ૨,૫૦૦/- | શ્રીમતી પ્રભાવતી સૂરજલાલ મહેતા - અમદાવાદ |

### મેડિકલ રીલીફ યોજના

| | | |
|---|---|---|
| રૂા. | ૨,૦૦૦/- | શ્રીમતી ઈતી નીતિનકુમાર નાણાવટી - અમદાવાદ |

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## ઉડતી નજરે.... માસ જૂન-૨૦૨૫ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા**<br>**શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* • શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ ૫૮૨<br>• સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ ૯૨<br>• બોડી ચેક-અપ ........ ૨૯૬<br>• સોનોગ્રાફી ........ ૧,૨૦૦<br>• ટી.એમ.ટી. ........ ૪૧<br>• ઑપરેશન ........ ૮<br>• ઈકો ........ ૨૬૫<br>• અન્ય ........ ૬,૯૬૭ | ૯,૪૫૧ |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* • પુરુષો ........ ૩૬૪<br>• સ્ત્રીઓ ........ ૨૩૬<br>• બાળકો ........ ૧૮<br>• કેન્ટીન ........ ૪,૦૧૦ | ૪,૬૨૮ |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* • પુરુષો ........ ૮૬<br>• સ્ત્રીઓ ........ ૨૩<br>• બાળકો ........ ૦૧ | ૧૧૦ |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૧૬૭ |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* • શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર ........ ૧,૯૬૫<br>• મ્યુઝિયમ ........ ૯૬૩<br>• કેન્ટીન ........ ૩,૯૩૦<br>• જલારામ અન્નક્ષેત્ર ........ ૩૫૦<br>• ડિસ્પેન્સરી ........ ૯૪ | ૭,૩૦૨ |
| ૬. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૫૬૩ |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર *તથા***<br>**દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* • બોડી ચેક- અપ ........ ૧૮૭<br>• સોનોગ્રાફી ........ ૫૦૪<br>• ઑપરેશન ........ ૫<br>• માઈનોર ઓ.ટી. ........ ૧૪<br>• ફિઝિયોથેરાપી ........ ૧,૯૨૫<br>• અન્ય ........ ૫,૩૦૫ | ૭,૯૪૦ |

| | | |
|---|---|---|
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** | **૩૦૩** |
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* • એક્સ-રે ........ **૧૪૨**<br>• સોનોગ્રાફી ........ **૫૦**<br>• બોડી ચેક-અપ ........ **૨૩૫**<br>• ઈકો ........ **૮**<br>• અન્ય ........ **૧,૨૧૮** | **૧,૬૫૩** |
| ૧૦. | **નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* • એક્સ-રે ........ **૩૭૧**<br>• સોનોગ્રાફી ........ **૧૯૭**<br>• ફિઝિયોથેરાપી ........ **૮૨૫**<br>• ડેન્ટલ ........ **૨૧૮**<br>• બોડી ચેક-અપ ........ **૭૫**<br>• 2-D ઈકો ........ **૩૧**<br>• પેથોલોજી ........ **૩૩૪**<br>• ઈ.સી.જી. ........ **૧૩૪**<br>• ટી.એમ.ટી. ........ **૨૪**<br>• ઑપરેશન ........ **૬**<br>• અન્ય ........ **૪૩૭** | **૨,૬૫૨** |
| | *માસ જૂન – ૨૦૨૫ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ* | **૩૪,૭૬૯** |

## ખૂબ જ સુંદર લખાણ
## દિવસમાં એક વાર જરૂર વાંચો

★ વીતી જશે આ સમય પણ. બસ, ધીરજ રાખો સાહેબ. સુખ ના ટકી શક્યું તો દુઃખની શું ઔકાત છે?

★ ગમી જઈએ છીએ આપણે ઘણાને એ પણ ગમતું નથી ઘણાને...

★ દીવાનું પોતાનું કોઈ ઘર નથી હોતું. જ્યાં મૂકો ત્યાં અજવાળું કરે છે!

★ જિંદગી ત્યારે સફળ ગણાય જ્યારે તમારો પરિચય તમારે ના આપવો પડે...!

★ ઉંમર સાથે કોઈ લેવા-દેવા નથી. એકબીજાના વિચારો મળે ત્યાં જ દોસ્તી થાય છે.

★ હીરા પારખું કરતાં... પીડા પારખુંનું સ્થાન ઊંચું છે.

★ ઓવરટેક કરવામાં થોડું ધ્યાન રાખજો સાહેબ, સૌથી આગળ ક્યાંક એકલું ના થઈ જવાય!

★ હક્ક વગરનું લેવાનું મન થાય છે ત્યારે મહાભારતનું સર્જન થાય છે. પરંતુ હક્કનું હોય છતાં પણ છોડી દેવામાં આવે છે ત્યારે રામાયણનું સર્જન થાય છે!

★ નાટકમાં સૌથી અઘરું પાત્ર મૂર્ખનું હોય છે... અને તે ભજવનાર બહુ જ હોંશિયાર હોય છે.

★ શબ્દો તો હંમેશાં સંવેદનાથી છલોછલ હોય છે. તેમને છંછેડવા, છેતરવા, છાવરવા, છુપાવવા કે છલકાવવા એ નક્કી આપણે કરવાનું!

★ આપણે માફ તો વારંવાર કરી દઈએ છીએ, પણ ભરોસો તો એક જ વાર કરીએ છીએ.

★ કેમ કરીને રહી શકાય ફૂટપટ્ટીમાં? ઇચ્છાઓ તો હંમેશાં માપ બહારની હોય છે.

★ દુનિયામાં જો કોઈ સમયસર આવતું હોય તો તે ખુદ સમય છે, પછી તે સારો હોય કે ખરાબ!

★ 'ખોવાઈ' ગયેલી વ્યક્તિ મળી શકે પણ 'બદલાઈ' ગયેલી વ્યક્તિ ક્યારેય મળતી નથી.

★ 'અભિમાન' અને 'પેટ' જ્યારે વધે છે ત્યારે 'વ્યક્તિ'ની ઇચ્છા હોવા છતાં પણ બીજાને ભેટી નથી શકતો!

★ જબરી ચીજ બનાવી છે ધન. મોટા ભાગનાનું ભેગું કરવામાં જ નિધન થઈ જાય છે...

★ એકલા ચાલવું આમ તો અઘરું નથી, પણ કોઈની સાથે ચાલ્યા પછી એકલા પાછા ફરવું એ ખૂબ જ અઘરું છે!

*સંકલન : ચંદ્રકાંત દામજી શાહ (કે. ડી. શાહ)*

# અતીતના ઓવારેથી.... : મણકો-૨૪

*'મંગલ મંદિર' ના ઓગસ્ટ-૨૦૨૫ના અંકની 'અતીતના ઓવારેથી...' કોલમમાં 'અતીતના મંગલ મંદિર'ના અંકોમાંથી નીચેની વિગતો લેવામાં આવેલ છે.*

*(૧) જાન્યુઆરી-૨૦૦૭ના અંકનો તંત્રીલેખ કે જેમાં એ સમયના શ્રી કચ્છીજૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓનો વ્યાપ નોંધાયેલ છે.*

*એ સમયે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓનો લાભ દર વર્ષે લગભગ ૧,૨૫,૦૦૦ લોકો લેતા હતા કે જ્યારે આજે એ આંક લગભગ ૪ લાખ લોકો પર પહોંચેલ છે.*

*એ સમયે સમગ્ર કચ્છની પ્રવૃત્તિઓ પર ધ્યાન સવિશેષ હતું કે જ્યારે આજે તેમાં સવિશેષ ધ્યાન આપવાની જરૂરત છે.*

*(૨) એ સમયે માર્ચ-૨૦૦૭માં 'મંગલ મંદિર' દ્વારા "કચ્છ ઉદ્યોગ વિશેષાંક" પ્રસારિત કરવામાં આવેલ હતો કે જેના અનુસંધાને શ્રી ગૌતમભાઈ અદાણીની રૂબરૂ મુલાકાત લેવામાં આવેલ હતી કે જેમાં મુખ્યત્વે મુંદ્રા પોર્ટના ડેવલપમેન્ટ અંગેની વિગતોનો સમાવેશ થાય છે.*

*બંને લેખો વાંચીને આપશ્રી જરૂરથી પુલકિત થઈ ઉઠશો.*

***– તંત્રી મંડળ***

**તંત્રીલેખ**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાર્યો પર એક દૃષ્ટિપાત

તા. ૯-૧-૨૦૦૭ના શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું તૃતીય સોપાન "શ્રી કચ્છી વિશ્રામ ગૃહ"ને ૫ વર્ષ પૂરા થાય છે અને તા. ૨૬-૧-૨૦૦૭ના તેના દ્વિતીય સોપાન "શ્રી કચ્છી જૈન ભવન"ને ૧૦ વર્ષ પૂરા થાય છે ત્યારે સમાજે તેની અત્યાર સુધીની પ્રવૃત્તિ પર દૃષ્ટિપાત કરી લેવો જરૂરી બની રહે છે.

જો કે આ સમાજના પ્રથમ સોપાન ગીતા મંદિર ખાતેના "સેવા ભવન"ની શુભ શરૂઆત વર્ષ ૧૯૮૬માં કરવામાં આવી. આ સેવા ભવનનું વાસ્તુપૂજન તા. ૧૫-૫-૮૬ના દિવસે કરવામાં આવેલ હતું. જ્યારે જનતા માટે તેને તા. ૧-૬-૮૬થી ખુલ્લો મૂકવામાં આવેલ હતો. તેના નામકરણની વિધિ તથા તક્તીઓના અનાવરણની વિધિ તા. ૧૪-૯-૮૬ના રાખવામાં આવેલ હતી. પ્રથમ વર્ષે એટલે કે તા. ૧-૬-૮૬થી તા. ૩૧-૫-૮૭ સુધીમાં ૫૧૧૯ અતિથિઓએ તેનો લાભ લીધેલ હતો. આ સેવા ભવનની દીર્ઘ કારકિર્દી નિહાળીશું તો તે ૨૦ વર્ષ પૂરા કરી ૨૧મા વર્ષે પણ લોકોને અવિરતપણે સેવા આપી રહેલ છે.

હાલે ગીતા મંદિર પર "સેવા ભવન"નો દર વર્ષે અંદાજિત ૮૦૦૦ અતિથિઓ, પાલડી પરના "શ્રી કચ્છી જૈન ભવન"નો દર વર્ષે અંદાજિત ૧૦,૦૦૦ અતિથિઓ તથા શાહીબાગ ખાતેના "શ્રી કચ્છી વિશ્રામ ગૃહ"નો દર વર્ષે અંદાજિત ૨૦,૦૦૦ અતિથિઓ લાભ લઈ રહ્યા છે. તદુપરાંત પાલડી ખાતેના તબીબી સેવા કેન્દ્રનો દર વર્ષે અંદાજિત ૯૦,૦૦૦ દર્દીઓ ખૂબ જ કિફાયત દરે લાભ લઈ રહ્યા છે. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરની કચ્છી વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓની હોસ્ટેલનો ૩૦થી પણ વધુ વિદ્યાર્થીઓ દર વરસે લાભ લઈ રહ્યા છે. ઉપરોક્ત તમામ સેવાઓની વાત કરીએ તો સંયુક્તપણે દર વર્ષે ૧,૨૮,૦૦૦ વ્યક્તિ આ સંસ્થાનો લાભ લઈ રહેલ છે; જે સિધ્ધિ સમાજ માટે જરૂરથી ગૌરવપૂર્વકની ગણી શકાય. આ સિધ્ધિ અન્ય શહેરના લોકો સમક્ષ આ સમાજને આદરપાત્ર સ્થાને નિયુક્ત કરે છે.

સમાજની અન્ય પ્રવૃત્તિઓની વાત કરીએ તો સમાજના દરેક કુટુંબને તબીબી સેવાના દરમાં ૭૫ ટકા કન્સેશન, બાલ સમૃધ્ધિ યોજના હેઠળ સમાજમાં નવા જન્મતા દરેક બાળકને તેના જન્મ પછી રૂા. ૫,૦૦૦/-ની કિંમતના ગીફ્ટ વાઉચર જે તેની ૨૦ વર્ષની ઉંમરે જ વટાવી શકાય; સમાજના દરેક કુટુંબનો રૂા. ૨૫,૦૦૦/-ની કિંમત સુધીનો સ્વાસ્થ્ય વીમો તથા તેના જેવી અન્ય અનેક પ્રવૃત્તિઓ સમાજના વિશાળ કાર્યકર વર્ગ દ્વારા ચલાવાઈ રહેલ છે.

સમાજે સમગ્ર કચ્છની પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરી ગાંધીનગરના સચિવાલયમાં જે-તે મંત્રીશ્રીઓ તથા અધિકારીશ્રીઓ

સાથે રૂબરૂ ચર્ચા કરી તે પ્રવૃત્તિઓને વેગ અપાવેલ છે. નર્મદા નદીના પીવાના પાણી, નર્મદા નદીના સિંચાઈના પાણી, નર્મદા નદીના વધારાના પાણી, ઉદ્યોગોને વપરાશ માટે જોઈતા ડી-સેલિનેશન પ્લાન્ટના પાણી, કચ્છ યુનિવર્સિટી, ભુજ ખાતેની જી.કે. જનરલ હૉસ્પિટલ જેવી અનેક બાબતોએ સફળ વાટાઘાટો કરેલ છે. કચ્છની પ્રવૃત્તિઓ પર વિશેષ ધ્યાન આપવા "કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ"ની રચનામાં આ સમાજનો અગ્રીમ ફાળો રહેલ છે. કચ્છને લગતી હવે મોટાભાગની પ્રવૃત્તિઓ "કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ" દ્વારા ચલાવાઈ રહેલ છે.

તા. ૨૬-૧-૨૦૦૭ના દિવસે કચ્છના છ વર્ષ અગાઉના એ ભયંકર ભૂકંપને યાદ કરીએ ત્યારે સમાજની એ સમયની કામગીરી પણ ખૂબ જ યશસ્વી રહેલ હતી.

આ સમાજનું મુખપત્ર "મંગલ મંદિર" છેલ્લા ૩૩ વર્ષથી નિયમિતપણે પ્રસારિત કરવામાં આવે છે. આ ૩૩ વર્ષના ગાળામાં તેણે અનેક વિશેષાંકો પણ આપેલ છે કે જે કોઈના પણ ઘરની લાઈબ્રેરીને જરૂરથી સમૃધ્ધ બનાવી શકે.

આ તો થઈ ભૂતકાળની વાત. ભવિષ્યકાળનું શું?

સામાન્ય જનમાસની દૃષ્ટિએ આ સમાજે નીત નવા પ્રોજેક્ટો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. કેમકે આ સમાજનો દરેક કાર્યકર શિસ્તબધ્ધ અને કર્તવ્યનિષ્ઠ રહેવા પામેલ છે.

નજદીકના ભવિષ્યની વાત કરીએ તો મુંબઈમાં અતિથિ ભવનની સુવિધા, અમદાવાદમાં વિદ્યાર્થી તથા વિદ્યાર્થિનીઓ માટે હોસ્ટેલની સુવિધા, સમાજના નબળા વર્ગ માટે આવાસ યોજના, કચ્છમાં પણ તેણે હસ્તગત કરેલ અંદાજિત ૮ એકર જેટલી જમીન પરના વિવિધ પ્રોજેક્ટો, વગેરે કાર્યો આ સમાજ જરૂરથી હાથ પર લઈ શકે છે.

ત્યાર પછીના પ્રોજેક્ટની વાત કરીએ તો એજ્યુકેશનના ક્ષેત્રના પ્રોજેક્ટો - કે જેના પર આ સમાજ અત્યાર સુધી ધ્યાન કેન્દ્રિત કરી શકેલ નથી - તેમજ જનરલ અથવા સુપર સ્પેશિયાલિટી સગવડવાળી હૉસ્પિટલ માટે પણ વિચારી શકાય. "શ્રી કચ્છી જૈન સેવા સમાજ"ની અત્યાર સુધીની નિઃસ્વાર્થ અને દીર્ઘ સેવા જોતાં તેને કોઈ પણ પ્રોજેક્ટ માટે ફંડનો પ્રશ્ન રહેશે નહીં તેવી ધારણા રાખવામાં આવે છે. સવાલ માત્ર છે તેના કાર્યકરે જાગૃત રહી એક પછી એક પ્રોજેક્ટ હાથ પર લઈ તેને અંતિમ તબક્કે પહોંચાડવાનો.

આશા છે કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો કાર્યકર આ માટે હંમેશાં કટીબધ્ધ રહેશે.

**– અશોક મહેતા**

## વૉટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ જરૂરી

**(અનુસંધાન : પાના નં. – ૭૧ ઉપરથી ચાલુ)**

સિસ્ટમનો ઉપયોગ મકાન બનાવતી વખતે કરવાનો હોય છે. પરંતુ વિટામીન 'એમ'ની અસર તળે કાગળ ઉપર સિસ્ટમ બની જતી હોય છે. તેને કારણે મહામૂલું પાણી વેડફાતું રહે છે. આપણે પણ બિનજરૂરી રીતે પાણીનો રોડ પર છાંટવા, કાર ધોવા સહિતના માટે ઉપયોગ કરીએ છીએ. તેને કારણે પાણી વેડફાય છે. પાણીને બચાવાશે તો જ માનવ બચશે. એ વાત સમજવી જોઈએ તેમ નથી લાગતું?

સોકલીન સંસ્થાની પ્રવૃત્તિને અઢળક અભિનંદન.

- **સંવેદના :**
  *પાણીને ફૂટી વાણી મને વાપરો જાણી જાણી.*

*'મેઘવર્ષા', ૧૪, સપ્તગિરિ સોસાયટી વિભાગ-૩,*
*સાંઇ મંદિર અને બગીચાની પાછળ,*
*વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા-૩૯૦ ૦૦૧.*
*મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮*
*ઈ-મેઈલ : maunjoshi@gmail.com, maun_66@yahoo.co.in*

## ગાલગા

પ્રેમની રાહ પર ચાલવાનું ગમે
ઊર્મિઓ કાવ્યમાં ઢાળવાનું ગમે.

આંસુઓ શીખવે પાઠ આગ્રહ કરી
દર્દને સાંત્વના આપવાનું ગમે.

ચાંદને તારલા ટમટમે રાતમાં
ચાંદની છું મને જાગવાનું ગમે.

પ્રેમને ટેવ છે પ્રેમ પંપાળશે,
આંખમાં ડૂબકી મારવાનું ગમે.

જિંદગી પાંગરે ફૂલની સેજમાં
ગીત બાગો તણાં માણવાનું ગમે.

ભાગ્યના ખેલ ને કર્મના બંધનો
ઈશને ભાવથી પામવાનું ગમે.

આયખું ગાળશું 'કેતુ' એ પ્રીતમાં
હૂંફની નાવ હંકારવાનું ગમે.

**કેતના છેડા 'કેતુ'**

**અતીતના ઓવારેથી...**

# અદાણી પોર્ટ લિમિટેડના ચેરમેન શ્રી ગૌતમભાઈ અદાણી સાથે થયેલ પ્રશ્નાવલી અને તેમના વિચારોની રજૂઆત

*અશોક મહેતા – હંસરાજ કંસારા*



**શ્રી ગૌતમભાઈ અદાણી**

*છેલ્લા એક દાયકા દરમ્યાન કચ્છના મુન્દ્રા બંદરનો જે ઝડપી ગતિએ વિકાસ થયેલ છે અને એના પરિણામે કચ્છની આ પટ્ટીમાં સમગ્રપણે ઔદ્યોગિક વિકાસની જે અપાર સંભાવનાઓ સાકાર થઈ રહી છે તેમાં ખાનગી ક્ષેત્રે હરણફાળ ભરતા અદાણી ગ્રૂપનું અપાર યોગદાન છે. સૈકાઓથી સુષુપ્ત એવા મુન્દ્રા બન્દરનું મહત્ત્વ સમજી, એના વિકાસની જોખમી જવાબદારી ઓઢવાનું સાહસ કરનાર અદાણી ગ્રૂપના પ્રણેતા શ્રી ગૌતમભાઈ અદાણીના સ્વપ્નને સાકાર કરતી પ્રક્રિયા વિષેની રસપ્રદ માહિતી સાથે એમના વિચારો "મંગલ મંદિર"ના વાંચકો માટે અત્રે પ્રસ્તુત છે. આ માહિતી એમને "કચ્છ ઉદ્યોગ વિશેષાંક" માટે પૂછવામાં આવેલ પ્રશ્નોત્તરીના સંદર્ભે 'પ્રશ્નો અને તેના જવાબો' ના સ્વરૂપે જ અત્રે પ્રસ્તુત કરવામાં આવેલ છે.*

*પ્રશ્ન* : આપશ્રીએ આપના એકમની સ્થાપના કચ્છમાં ક્યારે કરી?

*જવાબ* : અદાણી ગ્રૂપ શરૂથી એક્ષપોર્ટના બિઝનેસ સાથે સંકળાયેલ હતું. એ સમયે અદાણી ગ્રૂપના એક્ષપોર્ટનું ૮૦ ટકા કાર્ય કંડલા અને મુંબઈ બંદરેથી કરવામાં આવતું. આ બંને પોર્ટ કાર્ગો ટ્રાફિકના વ્યવહાર માટે ખૂબજ કન્જસ્ટેડ થઈ જતાં હેવી ડેમરેજ, સ્ટોરેજ તથા હેરફેર માટેના અનેક પ્રશ્નો ઉભા થતાં. આ કારણે અનેક અડચણો ઉભી થતી હતી. અડચણ વગરના એક્ષપોર્ટ વ્યવહારના અમને અન્ય વિકલ્પો શોધવાની જરૂરિયાતો ઉભી થઈ. એ દરમિયાન ૧૯૯૧માં લિબરલાઈઝ પોલિસીની શરૂઆત થઈ અને તેના કારણે અમારો વ્યવહાર મોટી માત્રામાં વધી જતાં અમારે આનુષંગિક અન્ય ધંધાની શરૂઆત કરવાની જરૂરિયાત ઉભી થઈ. અમે ઘણી બધી શક્યતાઓ વિચારી. એક શક્યતા "ગ્રીન ફિલ્ડ પોર્ટ" બાબતની હતી. તપાસ કરતા અમને જાણવા મળ્યું કે પશ્ચિમના દરિયાકાંઠાના વિસ્તારમાં આ ઉદ્યોગ હજુ પણ વધુ સારા પ્રમાણમાં વિકસી શકે તેવી શક્યતા છે. તેથી અમે અમારા મુન્દ્રા પોર્ટના એકમની સ્થાપના કરી કે જે લાંબી પ્રક્રિયા બાદ ૧૯૯૮માં કાર્યરત થયેલ.

*પ્રશ્ન* : સમગ્ર દેશમાં અનેક ઉપયોગી બંદર હોવા છતાં આપશ્રીએ મુન્દ્રા પોર્ટ પર પંસદગી કેમ ઉતારી?

*જવાબ* : દરેક પોર્ટને તેની પોતાની લાક્ષણિકતા હોય છે. મુન્દ્રા પોર્ટની પણ કેટલીક લાક્ષણિકતાઓ અમારી નજરમાં આવી. તપાસ કરતા જાણવા મળ્યું કે કોલંબોથી ઈરાન સુધીની સમગ્ર દરિયાઈ પટ્ટીમાં વધુમાં વધુ ઊંડાણ મળતું હોય તો તે આ બંદરે મળે છે કે જેના કારણે અહીં ખૂબ જ મોટી ક્ષમતા ધરાવતા વહાણો-શિપ્સ લાંગરી શકે. આ પોર્ટ કોઈપણ જાતની ભરતી-ઓટની રૂકાવટ વગર કાર્યરત રહી શકે તેમ છે તેવું પણ અભ્યાસ કરતા જાણવા મળ્યું. વળી આપણા દેશના ઉત્તર તરફના વિસ્તારથી તે નજદીક હોતાં અને સાથે સાથે રાતા સમુદ્ર તથા ખાડીના વિસ્તારના દેશો સાથે અન્ય પોર્ટની સરખામણીમાં સામુદ્રીક અંતર ઓછું હોતા અમે તેના પર પસંદગી ઉતારી.

*પ્રશ્ન* : મુન્દ્રા પોર્ટ કંડલા પાર્ટની એકદમ નજદીક હોવા છતાં અને મહાકાય કંડલા પોર્ટ આધુનિક ઢબે વિકસિત

હોવા છતાં આપશ્રીને મુન્દ્રા પોર્ટની સ્થાપના કરતાં અને આટલું જબરદસ્ત મૂડીરોકાણ કરતા કોઈ હિચકિચાટ ન થયો?

જવાબ : મુન્દ્રા પોર્ટ કાર્યરત કરવા પાછળના મુખ્ય પ્રેરક બળોમાં સરકારશ્રીનો ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસલક્ષી પ્રોજક્ટો પ્રત્યેનો હકારાત્મક અભિગમ મુખ્યત્વે ગણી શકાય. એ દરમિયાન સરકાશ્રીની બુટ (Built - Own - Operate - Transfer) પોલિસી અમલમાં આવતા, એક વિકાસશીલ અને ઔદ્યોગિક વિકાસ સમર્પિત સંશાધન તરીકે અને સમય નિર્ધારિત પ્રોજેક્ટોની સંચાલન ક્ષમતા ધરાવતા ઔદ્યોગિક એકમ તરીકે અમે આ "ગ્રીન ફિલ્ડ પોર્ટ"ના અભિગમ સાથે ઝંપલાવ્યું જેમાં અમારે પાછું વાળીને જોવાપણું ન હતું.

પ્રશ્ન : આપશ્રીએ મુન્દ્રા પોર્ટને કાર્યરત કરી, કચ્છના આ પ્રદેશમાં ક્રાંતિ સર્જી દીધી છે. આ પાછળ આપશ્રીનું પ્રેરક બળ શું હતું? આપે કયા પીઠબળ હેઠળ આટલું મોટું ક્રાંતિકારી પગલું ભર્યું?

જવાબ : સમયની એ જરૂરિયાત હતી, જે સમજી પારખીને અમે ઝડપી લીધી. ઉત્તર ભારતની નજદીકનું બંદર, કિનારા પર દરિયાની ૨૪ મીટર ઊંડાઈ, ભરતી - ઓટની બાર માસમાં કોઈ અડચણ નહીં અને ખાડી પ્રદેશથી નજદીકના અંતરે આવેલ આ બંદર અને તેની ક્ષમતા જોઈ અમે આ પગલું ભર્યું.

પ્રશ્ન : આપશ્રી મુન્દ્રા પોર્ટ ખાતે જેટીની સંખ્યા વધારતા જ રહેલ છો. આ બાબતે આપશ્રીનું અંતિમ લક્ષ્ય શું છે?

જવાબ : જરૂરિયાત પ્રમાણેની જેટીઓ મુન્દ્રા બંદર પર તૈયાર કરવામાં આવેલ છે. અમારા ગ્રાહકોની જરૂરિયાત સંતોષાય અને દુનિયાના અન્ય બંદરોની તુલનાએ આ બંદર પરના માલની હેરાફેરી સસ્તી પડે એ રીતે અમે આ પોર્ટને મોટામાં મોટું અને સારામાં સારું બનાવવા માંગીએ છીએ. દા.ત. આ બંદર પર ખૂબજ મોટી સાઈઝના શીપ દ્વારા ફર્ટીલાઈઝર્સ (રાસાયણિક ખાતરો) ઈમ્પોર્ટ કરવામાં આવ્યા કે જેના દરો અહીંના ખેડૂતોને ખૂબજ સસ્તા પડ્યા અને તેઓને ઝડપી રીતે આ ફર્ટીલાઈઝર્સ મળી શક્યા. મોટા કન્ટેઈનર શીપ ડાયરેક્ટ જેટી પર લાંગરી શકતા હોવાથી અહીં કોલંબો કે દુબઈની જેમ વધારાની ટ્રાન્સીપમેન્ટ કરવી પડતી નથી કે જે સરવાળે ગ્રાહકો માટે ખૂબજ ઓછી ખર્ચાળ સાબિત થાય છે.

પ્રશ્ન : મુન્દ્રા પોર્ટ પર અત્યારે એક સાથે ૪ મહાકાય જહાજ લાંગરી શકે છે. ભવિષ્યના આયોજનો બાબત શું વિચારણા કરેલ છે?

જવાબ : અત્યારે મુન્દ્રા બંદર પર ૮ મલ્ટી પરપઝ અને ૨ કન્ટેઈનર બર્થ એની પૂર્ણ ક્ષમતાએ કાર્યરત છે. આ વર્ષના મધ્ય સુધીમાં બીજી બે કન્ટેઈનર બર્થ પણ કાર્યરત કરવામાં આવશે.

માલની હેરફેર માટે અમે 'કન્વેયર બેલ્ટ' સિસ્ટમ અપનાવેલ છે કે જેની લંબાઈ ૩.૬ કિલોમીટર જેટલી છે. ગોટ્ટવાલ્ડ, લીબહેર અને નોએલની ક્રેઈન સિસ્ટમ ઈન્સ્ટોલ કરેલ છે. અમારી SPM (Single Point Moorning) સિસ્ટમ સંપૂર્ણપણે કાર્યરત છે કે જેના કારણે VLCC's (Very Large Crude Carrier) નિયત સમયમાં ૩,૬૦,૦૦૦ DWT ક્રુડનો નિકાલ કરી શકે છે.

અમારી પોતાની ૬૪ કિ.મી. લાંબી રેઈલ લાઈન છે (કે જે ભારતભરમાં માત્ર આ એક જ પ્રાઈવેટ રેઈલ લાઈન છે) કે જે અમારે ત્યાં આવતા માલને અંદરના પ્રદેશમાં લઈ જવા ઝડપી કામગીરી બજાવે છે. ભારતભરમાં એક માત્ર અમારું પોર્ટ જ એવું છે કે જેની પાસે પોતાના એન્જિનો છે અને રેઈલ વેગનને વજન કરવા માટે બે વે-બ્રિજ છે.

અમારી પાસે પૂરતા પ્રમાણમાં ઑપન તથા કવર્ડ ફેસિલીટી તેમજ લિક્વિડ કાર્ગોના સ્ટોરેજ માટે ટેન્ક ફાર્મ પણ છે, જે ભારતભરના પોર્ટની વિશાળતામાં પ્રથમ ક્રમાંકે આવે છે.

અમારી પાસે ૧૯૦૦ મીટર લાંબી હવાઈ પટ્ટી સાથેનો એરપોર્ટ કાર્યરત છે કે જ્યાં વિમાનો ઉતરી શકે છે.

ભવિષ્યમાં અમે રેલવે માટે સીંગલ લાઈનમાંથી ડબલ લાઈન ટ્રેક કરવા માંગીએ છીએ. અત્યારની બર્થ કેપેસીટીમાં બીજી ૧૪ બર્થ પણ અમે નજદીકના ભવિષ્યમાં ઉમેરવા માંગીએ છીએ.

પ્રશ્ન : માલની વાર્ષિક હેરાફેરીના આંકડા જાણી શકાય?

જવાબ : અમારો ગ્રોથ રેશિયો ખૂબજ આકર્ષક છે. વર્ષ ૨૦૦૦માં અમે ૧૨ લાખ મેટ્રીક ટનની આયાત - નિકાસ કરેલ. અત્યારે આ આંકડો ૧૮૦ લાખ મેટ્રીક ટન પર પહોંચેલ છે. ૨૦૧૦માં અમારું ધ્યેય પાંચ કરોડ મેટ્રીક ટન માલની આયાત-નિકાસ કરવાનું છે.

પ્રશ્ન : કચ્છમાં આપના એકમના પ્રારંભિક સમયે અનેક અડચણો આવેલ હશે. આ બાબતે કંઈ પ્રકાશ પાડી શકાય? આપશ્રીના એકમના સ્થાપના સમયના કોઈ

ખાસ હકારાત્મક કે નકારાત્મક અનુભવ વિષેની માહિતી મળી શકે?

*જવાબ* : અન્ય પોર્ટને શરૂઆતના તબક્કે જે રીતે અડચણો પડે છે એ રીતે અમારું કાર્ય ખૂબ જ સરળ રહ્યું. સરકારશ્રી તરફથી તથા કચ્છની જનતા તરફથી અમને ખૂબજ સારો સહકાર મળેલ કે જેના કારણે અમે અમારા સ્વપ્ન સાકાર કરી શક્યા.

*પ્રશ્ન* : ગુજરાત અદાણી પોર્ટ, અદાની વિલ્માર લિમિટેડ, કન્ટેઈનર ડેપો, મુન્દ્રા અદાણી સેઝ, પાવર પ્રોજેક્ટ, ગાંધીધામ - મુન્દ્રા રેલવે, આ બધા એકમોની સ્થાપના કરી, આ મહાકાય તંત્રને આપશ્રી આટલી નાની ઉંમરે કઈ પ્રેરણાથી ચલાવી શકો છો? આ બધા એકમોની સ્થાપના પાછળના પ્રેરક બળોની માહિતી મળી શકે?

*જવાબ* : અમારી પાસે વિશાળ ક્ષમતાવાળું કાર્યરત ગ્રૂપ છે. અમે શરૂથી જ આ બધા પ્રકારના કાર્યો સાથે સંકળાયેલ હોવાથી આ મહાકાય તંત્ર ચલાવવું અમારે માટે કઠીન કાર્ય ન બની શક્યું. અમે પોતે કોલસાના મોટામાં મોટા ઈમ્પોર્ટર હોવાથી કોલ બેઝ પાવર પ્લાન્ટ સ્થાપવાનું કાર્ય અમારા માટે સરવાળે સરળતાપૂર્ણ રહ્યું. અમે પામ ઑઈલ તથા અન્ય તેલોના ઈમ્પોર્ટર હોવાથી ફોર્ચ્યુન બ્રાંડ ખાદ્ય પ્રોજેક્ટની પણ સ્થાપના કરી શક્યા.

*પ્રશ્ન* : ભવિષ્યમાં આપશ્રીના અન્ય કયા કયા એકમો આ વિસ્તારમાં આવવાના છે.

*જવાબ* : અદાણી પાવરના નામથી ૧૩૦૦ મેગાવોટના વિજ - શક્તિ કેન્દ્રો સ્થાપવાનું અમારું આયોજન છે.

*પ્રશ્ન* : મુન્દ્રા અદાણી પોર્ટની તુલના વિશ્વના અન્ય પોર્ટોની સરખામણીએ કઈ રીતે કરી શકાય?

*જવાબ* : ખાનગીક્ષેત્રે બંદરીય વિકાસનો આધુનિક અભિગમ ભારત સરકાર દ્વારા હાલના વર્ષોમાંજ અપનાવાયેલ છે કે જેમાં અદાણી ગ્રૂપ પ્રથમ કાર્યરત થયેલ છે. અન્ય સેવાઓ જેવી કે એરલાઈન્સ, રેલવે, વીજળી, ટેલિકોમ ઉદ્યોગ વગેરે ક્ષેત્રોમાં ખાનગી ક્ષેત્રનો પ્રવેશ થતાં, હરીફાઈનું તત્ત્વ ઉમેરાયેલ છે. પરિણામે સેવાઓના સ્તરમાં સુધારો થયેલ છે. બંદરીય વિકાસ ક્ષેત્રે પણ એ જ સંભાવનાઓ રહેલ છે. વૈશ્વિક દૃષ્ટિએ જોતાં અમારી આ નમ્ર શરૂઆત કહી શકાય. આગળ હજુ ઘણું કરવાનું બાકી રહે છે. લોઈડસ લિસ્ટે આ વર્ષે મુન્દ્રા બંદરને મધ્યપૂર્વે અને ભારતનાં બંદરો પૈકીનું શ્રેષ્ઠ બંદર જાહેર કર્યું. લોઈડસ લિસ્ટ લંડન સ્થિત વહાણવટા ઉદ્યોગનું અગ્રગણ્ય પ્રકાશન સંસ્થાન છે.

*પ્રશ્ન* : આપશ્રીના મુન્દ્રા ખાતેના મહાકાય એકમો સંયુક્તપણે કેટલા કુશળ/અકુશળ શ્રમિકો તેમજ અન્ય કર્મચારીઓને રોજગાર આપે છે? કોઈ પણ પ્રકારના માનવબળની અહીં ખામી વર્તાય છે? જો વર્તાતી હોય તો તેનું નિરાકરણ કઈ રીતે લાવો છો?

*જવાબ* : વિશ્વના કોઈ પણ બંદરે પોતાનું કૌશલ્ય દાખવી શકે તેવા નિપુણ ટેકનિક્લ કર્મચારીઓ અમારી પાસે છે. ૯૦૦ જેટલા નિયમિત અને ૪૦૦૦ જેટલા રોજંદારી પર કુશળ તેમજ અકુશળ કર્મચારીઓ આ બંદરે કાર્યરત છે. અમારી ઉચ્ચ શ્રેણીના એક્ઝીક્યુટીવ્ઝ માટેની જરૂરિયાત ભારતના વિવિધ સ્થળોએથી તેમજ આંતરરાષ્ટ્રીય માર્કેટમાંથી પૂર્તિ કરીએ છીએ.

*પ્રશ્ન* : કચ્છમાં આપશ્રીના સ્થપાયેલા ઉદ્યોગોના લીધે પાણીનો વપરાશ વધી જતાં ઊભી થયેલી અથવા ભવિષ્યમાં થનારી પરિસ્થિતિ વિષે આપશ્રીનો અભિપ્રાય જણાવી શકશો? આ બાબતના ઉકેલ અંગે શું વિચારી શકાય?

*જવાબ* : અમે દુનિયાની નંબર ૧ ફ્રેંચ કંપની "વોઈલા"ને પાણી તથા વેસ્ટ વોટર મેનેજમેન્ટ માટે નિયુક્ત કરેલ છે. તે અમારી જરૂરિયાત મુજબ વોટર ડી-સેલિનેશન પ્લાન્ટ તથા વેસ્ટ વોટર મેનેજમેન્ટ માટે કાર્યરત છે.

*પ્રશ્ન* : પર્યાવરણ - સંતુલન હેતુ અંગે આપશ્રીના વિચારો જણાવશો? આ બાબત કયા કયા આયોજનો વિચારી શકાય?

*જવાબ* : અમારી પાસે પર્યાવરણની દેખરેખ રાખવા માટે બાગ - બગીચા જાળવી શકે તેવા વૈજ્ઞાનિકોની એક સરસ ટીમ છે. મુન્દ્રા તેમ જ આસપાસના વિસ્તારોમાં વૃક્ષારોપણ, વનરાજી વિકાસ, બાગ - બગીચા વગેરેની વ્યવસ્થા પ્રક્રિયા કાયમી ધોરણે ચાલુ છે. શાળાના બાળકો તેમજ કર્મચારીઓના સહયોગથી ઝુંબેશની ઢબે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. અમે જખૌ પોર્ટ નજીક ૬૭૦ હેક્ટર અને લૂણી નજીક ૮૫૦ હેક્ટર જમીન ચેરીયાના મોટા પાયાના વાવેતર માટે સંપાદિત કરેલ છે કે જેથી સમુદ્રી વાતાવરણ જળવાઈ રહે.

*પ્રશ્ન* : કચ્છ એ દુષ્કાળગ્રસ્ત પ્રદેશ છે. તેના પાણીના પ્રશ્નો વોટર શેડસ યોજનાઓ, ચેક ડેમો, ડી-સેલિનેશન પ્લાન્ટ વગેરેથી હલ થઈ શકે. આપશ્રીના એકમો આ

બાબતે કચ્છને કઈ રીતે મદદરૂપે થઈ શકે? આપશ્રી કચ્છમાં જે સામાજિક જવાબદારી ઉઠાવી રહેલ છો તેની વિગતો મળી શકે?

*જવાબ* : કચ્છ જેવા રણવિસ્તારના પ્રદેશમાં જ્યાં આખું વર્ષ પવન સુસવાટા મારતો હોય તથા જમીન ક્ષાર તત્ત્વોથી ભરપૂર હોય ત્યાં આ પ્રકારનું બંદર મહત્ત્વપૂર્ણ છે. આ બંદર એના સ્થાયી વિકાસ માટે પ્રતિબધ્ધ છે. ગ્રીન બેલ્ટ, લેન્ડ સ્કેપ અને મેન્ગ્રોવ વૃક્ષ ઉછેર માટે નર્સરીનું આયોજન છે. સરકારશ્રી તરફથી આયોજન મંજૂર થયે મેન્ગ્રોવ વૃક્ષ ઉછેર માટે કાર્ય શરૂ કરવામાં આવશે. અહીં લવણ ક્ષેત્ર વૃક્ષ ઉછેરને પ્રોત્સાહન આપવામાં આવે છે. આ વર્ષે શાળા, કોલોની તેમજ ઍપ્રોચ રોડ પર બધા મળીને કુલ ૧૦,૦૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે. અદાણી ગ્રૂપ એની સામાજિક પ્રવૃત્તિઓ માટે કાર્યરત છે. ગત વર્ષે કચ્છના અખાતમાં ટેન્કર સાથે કન્ટેઈનર વેસલ અથડાતા, સર્જાયેલી પરિસ્થિતિને પહોંચી વળવા રેસ્ક્યુ ઓપરેશન માટે બે ટગ મોકલવામાં આવેલ હતી. અદાણી ફાઉન્ડેશન અંતર્ગત સ્થાનિક શાળામાં નોટબુક તેમજ કોમ્પ્યુટર વિતરણ કરવામાં આવેલ હતું. ૭ શાળામાં ઓરડા બંધાવવા ઉપરાંત બીજી અનેક શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે. નાના કપાયામાં આધુનિક ટાઉનશીપ કોમ્પલેક્સ બાંધવામાં આવેલ છે. આ કોલોનીમાં ૧૨ ધોરણ સુધીની અંગ્રેજી મિડિયમની શાળા શરૂ કરવામાં આવેલ છે. "મુન્દ્રા SEZ હેલ્થ કેર સેન્ટર" પણ ઊભું કરવામાં આવેલ છે કે જ્યાં બધી જ સગવડતા સાથે ચેક-અપ સેન્ટર પણ કાર્યરત છે. મોબાઈલ ICU સગવડ ઊભી કરવામાં આવેલ છે. કે જ્યાં સ્પેશિયાલિસ્ટ ડોક્ટર્સ અને કાર્યદક્ષ મેડિકલ સ્ટાફ હંમેશા કાર્યરત રહે છે.

*પ્રશ્ન* : SEZની સ્થાપનાને કારણે વ્યાપાર ઉદ્યોગોને કોઈ વિશેષ લાભની સંભાવના ખરી? આ બાબત આપશ્રીના વિચારો જાણી શકાય? કચ્છના સમુચિત વિકાસની દષ્ટિએ SEZ થતાં કચ્છ / ગુજરાત / દેશને થનારા નફા - નુકસાન વિશે આપના વિચારો જાણી શકાય?

*જવાબ* : આપણા દેશના બધા SEZમાં મુન્દ્રા સૌથી વિશાળ SEZ વિસ્તાર છે કે જે ૧૦,૦૦૦ હેક્ટરના વિસ્તારમાં પથરાયેલ છે. અહીં ટેક્ષટાઈલ, ઓટો કોમ્પોનન્ટ, લાઈટ તેમજ હેવી એન્જિનિયરીંગ યુનીટો, ઔષધો, ફુડ પ્રોસેસીંગ, વૈશ્વિક વ્યાપાર અને લોજિસ્ટિક્સ, મીઠા ઉદ્યોગ, ફર્ટીલાઈઝર, જેમ્સ એન્ડ જ્વેલરી આદિ વિવિધ ક્ષેત્રે વિવિધ પાર્ક ઉભા કરવામાં આવશે. ઝોન અંતર્ગત જ બંદર તેમજ કન્ટેઈનર ટર્મિનલ, હવાઈ પટ્ટી, રેલવે તેમજ સડક પરિવહન સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. SEZ અંતર્ગત મળતા સરકારી લાભોમાં કસ્ટમ તેમજ એક્સાઈઝ ડ્યુટી, સર્વિસ ટેક્ષ, સેલ્સ ટેક્ષ, સ્ટેમ્પ ડ્યુટી વગેરેથી મુક્તિ ઉપરાંત પંદર વર્ષ સુધી તબક્કાવાર ઈન્કમ ટેક્ષમાં રાહત રહેશે. દસ વર્ષ સુધી વીજળી દરમાં પણ રાહત રહેશે. સ્વ પ્રમાણિત સર્ટિફિકેટના આધાર પર અહીં સીંગલ વીન્ડો ક્લિયરન્સ પ્રથા અમલમાં રહેશે. નિકાસ માટેના કોઈ જ પૂર્વ નિર્ધારિત લક્ષ્યાંકો રહેશે નહીં. ઓટોમેટીક રૂટ અન્વયે ૧૦૦ ટકા FDI ઉપલબ્ધ રહેશે. મજૂર કાયદાઓમાં છૂટછાટ રહેશે. અહીં ગુજરાત SEZ એક્ટ અમલમાં રહેશે. આ SEZ વિસ્તારનો વિકાસ કચ્છ, ગુજરાત અને રાષ્ટ્રના ઔદ્યોગિક વિકાસ સાથે સંકળાયેલ છે. ■

## મહેફિલ

**સંપાદક : મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ**

રેતીના રણમાં વિસ્તરતી પ્રતિક્ષા
અડાબીર જંગલમાં ધરતી પ્રતિક્ષા
પ્રેમના ગુંજતા આલાપમાં લય બની
આથમતા સૂરજને ચુમતી પ્રતિક્ષા.

***– કૃષ્ણકાંત ભાટિયા કવિકાંત***

★

સમય હસાવી જાય છે સમય રડાવી જાય છે
ડહાપણ ભરેલા સૌને સમય ભણાવી જાય છે
ધોમધખતા તાપમાં શીતલતા દોહ્યલી
સમય બદલાય ત્યારે વાદળી વરસી જાય છે.

***ભગુભાઈ ભીમડા - ભરૂચ***

★

પાંપણોની ભીની ભીનાશથી
મે ખુદને ભીંજવ્યો
ઘા તમારો હતો અને
અમે વગર વાંકે ઝીલ્યો.

***એ.પી. મકવાણા 'અમિત' – નડિયાદ***

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૨૮

સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી – અમદાવાદ
(સમાજના ભૂતપૂર્વ મંત્રી, 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી તથા પ્રવર્તમાન મંગલ મંદિર તંત્રી મંડળના સભ્ય)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

## ★ આપે આટલું કરવાનું છે :

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. જુલાઈ અંકમાં ગુજરાત રાજ્યના કયા ભૂતપૂર્વ મુખ્યમંત્રી સાથે વાર્તાલાપ થયાનો ઉલ્લેખ છે? ______________________ (શ્રી સુરેશભાઈ મહેતા, શ્રી નરેન્દ્રભાઈ મોદી, શ્રી વિજયભાઈ રૂપાણી)

૨. આપણા ______________________ સભ્યે ટ્રકના પૈડા વડે બ્રોડગેજ રેલવેને અનુકૂળ રેલ પર ટ્રકને દોડતી કરી. (કે. ડી. શાહ, નરેન્દ્રભાઈ કોઠારી, દક્ષેશભાઈ સંઘવી)

૩. ડૉ. ______________________ એ વયસ્ક સમિતિના તા. ૨૧-૬ના કાર્યક્રમમાં કેન્સર વિશેની માહિતી આપી હતી. (નિશાંત સંઘવી, ધીરેન શાહ, હિમાંશુ શાહ)

૪. હોંશિયારપુરથી ૧૨૦ કિ.મી. આવેલા તીર્થનું નામ ______________________ છે. (સ્વર્ણ મંદિર તીર્થ, કાંગડા તીર્થ, પારસનાથ તીર્થ)

૫. સંસ્થાના ચાંગોદર ખાતેના મેડિકલ સેન્ટરમાં મે માસમાં ______________________ એક્સ-રે નીકળ્યા અને જશોદાનગરના મેડિકલ સેન્ટરમાં ______________________ એક્સ-રે નીકળ્યા. (૩૨૦, ૪૧૭, ૧૧૧, ૨૦૪)

૬. ભારતના સહિયારા રાજ્યની રાજધાનીનું નામ ______________________ છે કે જે કેન્દ્રશાસિત પ્રદેશ છે. (ચંદીગઢ, હૈદ્રાબાદ, દમણ)

૭. આત્માનું સાચું નિવાસ સ્થાન આપણા ______________________ છે. (ભાગ્ય, કર્મ, વિચારો)

૮. જૈન શાસનની સામ્રાજ્ઞી દેવીનું નામ ______________________ છે. (પદ્માવતી, ચક્રેશ્વરી, વામાદેવી)

૯. મુંબઈમાં પહેલી કાર ચલાવનાર ______________________ હતા. (જે.આર.ડી. તાતાના માતાજી, જે.આર.ડી. તાતા, બાલાસાહેબ ઠાકરે)

૧૦. કચ્છના પ્રતિભાશાળી શિક્ષક ______________________ એ ______________________ ની મહેમાનગતિ કરી હતી.(સાવજસિંહ જાડેજા, ગાંધીજી, વલ્લભભાઈ પટેલ, ભાણજીભા જાડેજા, પૂંજાજી જાડેજા)

## • મણકા–૨૭ ના સવાલોના સાચા જવાબો •

૧. મુંબઈમાં કચ્છી પ્રથમવાર આવ્યા : **૧૮૪૧**

૨. ગીતા મંદિર ખાતે સંસ્થા **કૌશલ્ય વિકાસ** કેન્દ્ર ચલાવે છે.

૩. આગ્રાથી શૌરીપુર તીર્થ **૭૫** કિ.મી. દૂર આવેલું છે.

૪. જૈન મહાજનના શ્રેષ્ઠીવર્ય શ્રી કસ્તુરભાઈ **૨૦-૧-૧૯૮૦**ના દિવસે અવસાન પામ્યા.

૫. ગુજરાત રાજ્યના ત્રીજા રાજ્યપાલ **ડૉ. શ્રીમન્ નારાયણ** હતા.

૬. મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાત સાહિત્ય અકાદમીએ **યુધ્ધ કેસરી** પુસ્તકને પારિતોષિકથી નવાજ્યું છે.

૭. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **યુ.એ.ઈ.** માં પ્રથમ હિંદુ મંદિરનું લોકાર્પણ કર્યું.

૮. આપણી આંખના પોપચાં એક મિનિટમાં **૧૨** વખત પલકારા મારે છે.

૯. 'મંગલ મંદિર'ના સંપાદક મંડળના સભ્ય શ્રી રસિકભાઈ મહેતાના સુપુત્ર ડૉ. વિવેક મહેતાએ **ચિલ્ડ્રન** હોસ્પિટલનો પ્રારંભ કર્યો છે.

૧૦. 'મંગલ મંદિર' માસિકનો પ્રારંભ થયો : **ઓગસ્ટ ૧૯૭૫**

***મણકા-૨૭ (મંગલ મંદિર જુલાઈ-૨૦૨૫ અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. મીનાક્ષી રજનીકાંત પારેખ – પાલડી, અમદાવાદ
૨. રીદ્ધિ આશિષ પરીખ – બોપલ, અમદાવાદ
૩. નેહા ભાવેશ પારેખ – પાલડી, અમદાવાદ
૪. ઝરણા હેમાંગ પારેખ – પાલડી, અમદાવાદ
૫. ફાલ્ગુની ડી. શાહ – નવરંગપુરા, અમદાવાદ
૬. અમરીશ કે. સંઘવી – પાલડી, અમદાવાદ
૭. મિત્તલ પટેલ – પાલડી, અમદાવાદ
૮. દિશા પટેલ – પાલડી, અમદાવાદ
૯. નવનીત ત્રિકમલાલ પટેલ – બોપલ, અમદાવાદ
૧૦. નરેન્દ્ર પ્રજાપતિ – પાલડી, અમદાવાદ
૧૧. દમયંતી દિલીપ દંડ – નારાણપુરા, અમદાવાદ
૧૨. નીલોફર શેખ – કાલુપુર, અમદાવાદ
૧૩. ડૉ. લુબનાબેન શેખ – કાલુપુર, અમદાવાદ
૧૪. અવ્વાબરાજ એ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૫. રોનકબેન આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૬. નીરવ મહેન્દ્રભાઈ જાદવ – વેજલપુર, અમદાવાદ
૧૭. અજય અશ્વિનભાઈ રાણા – પાલડી, અમદાવાદ
૧૮. હસમુખ દામજી દેઢિયા – અડાલજ
૧૯. ચંદ્રા મહેન્દ્ર શાહ – પ્રહલાદનગર, અમદાવાદ
૨૦. સ્મિતા વિશાલ શાહ – પ્રહલાદનગર, અમદાવાદ
૨૧. મહેન્દ્ર ડી. પૂજ – પાલડી, અમદાવાદ
૨૨. ગિરીશ પોલડિયા – અમદાવાદ
૨૩. ભરતભાઈ – અમદાવાદ
૨૪. કંચનબેન નરેન્દ્રભાઈ સંઘવી – વાસણા, અમદાવાદ
૨૫. જીનલ નીલેશ કારાણી – પાલડી, અમદાવાદ
૨૬. નીલેશ દીપકભાઈ કારાણી – પાલડી, અમદાવાદ
૨૭. ક્રિષા નીલેશ કારાણી – પાલડી, અમદાવાદ
૨૮. કામિની કૌશલભાઈ શેઠ – નવા વાડજ, અમદાવાદ
૨૯. ધનલક્ષ્મી કિશોર શાહ – મુંબઈ
૩૦. હેમાબેન જગતકુમાર શાહ
૩૧. જ્યોતિ એલ. શાહ – મણિનગર, અમદાવાદ
૩૨. અશોક વી. શાહ – ગાંધીનગર
૩૩. ઊર્મિલા એન. પટેલ – બોપલ, અમદાવાદ

***ઉપરોક્ત નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.***

| | | | |
|---|---|---|---|
| **૧.** | **દિશા પટેલ** | **– પાલડી, અમદાવાદ** | **મો. ૯૭૧૨૮ ૭૩૨૦૩** |
| **૨.** | **અવ્વાબરાજ એ. શેખ** | **– કાલુપુર, અમદાવાદ** | **મો. ૯૨૭૬૭ ૫૨૨૩૫** |
| **૩.** | **નરેન્દ્ર પ્રજાપતિ** | **– પાલડી, અમદાવાદ** | **મો. ૯૩૧૬૧ ૪૫૩૮૩** |
| **૪.** | **દમયંતી દિલીપભાઈ દંડ** | **– નારાણપુરા, અમદાવાદ** | **મો. ૯૩૭૭૮ ૩૯૬૨૩** |
| **૫.** | **નવનીત ત્રિકમલાલ પટેલ** | **– બોપલ, અમદાવાદ** | **મો. ૯૮૨૪૧ ૫૯૨૨૧** |

***આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.***

★ **નોંધ :** (૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## નવનીત મેડિકલ સેન્ટર – પાલડી

**તા. ૨૪-૬-૨૦૨૫**

- મેમોગ્રાફી મશીનના A.M.C. Renewalની પ્રોસીજર કરવામાં આવી.
- શાહીબાગ ખાતેના શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરના ડાયાલિસિસ મશીનનો A.M.C. પૂરો થઈ ગયેલ હોવાથી Frenisius કંપનીનું ક્વોટેશન મંગાવેલ હતું. તેની ચેક બનાવડાવવાની પ્રોસીજર કરવામાં આવી.

**તા. ૨૭-૬-૨૦૨૫**

- એક પેશન્ટ – ગીરાબેન શાહ તરફથી સર્વ સ્ટાફને પાણી ભરવાની સુંદર બોટલનું વિતરણ કરવામાં આવ્યું.

**તા. ૨૮-૬-૨૦૨૫**

- અમિતાબેન ગિરીશભાઈ તરફથી રૂા. ૫,૦૦૦/- ડોનેશન આપવામાં આવેલ છે.
- નાણાવટી પેસિફીકા આર્કિટેક્ટ તરફથી રૂા. ૨,૦૦૦/- ડોનેશન મળેલ છે.

**તા. ૧-૭-૨૦૨૫**

- મેડિસીન વિભાગમાં ડૉ. શિલ્પાબેન તોશનીવાલ આજથી સવારે ૯ થી ૧૧ અને સાંજે ૪ થી ૬ દરમિયાન આવવાનું નક્કી કરેલ છે.

**તા. ૨-૭-૨૦૨૫**

- આજથી ભક્તિબેન મારૂ – સાઇકોથેરાપિસ્ટે દર બુધવારે સવારે ૧૧ થી ૧ માં OPDમાં આવવાનું ચાલુ કરેલ છે.

**તા. ૮-૭-૨૦૨૫**

- આજથી દર મંગળવારે સાઇકોલોજિસ્ટ ડૉ. ધ્રુવ પટેલ ૧૧થી ૧૨.૩૦ની ઓ.પી.ડી.માં આવે છે.

**તા. ૧૮-૭-૨૦૨૫**

- પેથોલોજી લેબોરેટરીમાં ૮ વર્ષ જૂનું બ્લડ સેલ કાઉન્ટર મશીન વારેઘડીએ બગડે છે અને Sysmex Company માં તેના સ્પેર પાર્ટસ મળતા નથી. આ થ્રી પાર્ટ મશીનની જગ્યાએ ફાઇવ પાર્ટસ મશીનના ક્વોટેશન મંગાવવામાં આવેલ છે.

## શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ

**તા. ૧૯-૦૬-૨૦૨૫**

- ડૉ. કેતન શાહે કેન્ટીનની વિઝીટ લઈ લીકેજ વર્ક પૂરું થયાની નોંધ લીધેલ હતી.

**તા. ૦૧-૦૭-૨૦૨૫**

- શ્રી રજનીકાંત પારેખ અને શ્રી કે.ડી. શાહે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતેના રૂમોની, કેન્ટીનની, ડાયાલિસિસ સેન્ટરની વિઝીટ લીધેલ હતી.

**તા. ૦૩-૦૭-૨૦૨૫**

- શ્રી રજનીકાંત પારેખ અને શ્રી લક્ષ્મીચંદભાઈ વીરાએ શાહીબાગ ખાતેના ડાયાલિસિસ સેન્ટરના સ્ટોક જોઈ ઓર્ડર આપેલ હતા.

**તા. ૧૫-૦૭-૨૦૨૫**

- ડૉ. કેતન શાહે રૂમ, ડાયાલિસિસ સેન્ટર તેમજ ભવનને વીજળી પુરવઠો બંધ થાય ત્યારે શું કરવું તેની ચર્ચા શ્રી હિરેન કે. શાહ સાથે કરી હતી.

## નવનીત મેડિકલ સેન્ટર - બોપલ

**તા. ૨૦-૬-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હેમ દેસાઈ દ્વારા Pterygiumનું એક ઑપરેશન કરવામાં આવેલ હતું.

**તા. ૨૯-૬-૨૦૨૫**

- આજ રોજ 'સીટી લાઇન' ન્યુઝ પેપરમાં સ્ટાફ લેવા બાબતે જાહેરાત આપવામાં આવેલ હતી.

**તા. ૧-૭-૨૦૨૫**

- આજ રોજ જૂન-૨૦૨૫નો ડેટા ડૉ. હિતેન્દ્ર શાહને આપવામાં આવેલ હતો. જેમાં કુલ ૭૯૪૦ દર્દીઓએ મેડિકલ સેન્ટરમાં અને ૩૦૩ દર્દીઓએ ડાયાલિસિસ સેન્ટરમાં સારવાર લીધેલ હતી.

**તા. ૨-૭-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે મેડિકલ સેન્ટરની મુલાકાત

લીધેલ હતી. જેમાં તેઓ લેબ ટેકનિશિયનને મળેલ હતા.

**તા. ૮-૭-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે મેડિકલ સેન્ટરની મુલાકાત લીધેલ હતી. જેમાં ડાયાલિસિસ સેન્ટરના RO માટે નવી ટેંક લેવા માટે ચર્ચા થયેલ હતી.

**તા. ૧૦-૭-૨૦૨૫**

- આજ રોજ ડૉ. ચાંદની દ્વારા મોતિયાનું એક સફળ ઑપરેશન કરવામાં આવેલ હતું.

## પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર

**તા. ૨૦-૬-૨૦૨૫**

- આજ રોજ બાયોસ્ટીન ફાર્મા પ્રા.લિ. કંપનીએ તેમના વર્કરોની પ્રાથમિક સારવાર માટે સંસ્થા સાથે ટાઈ-અપ કર્યું અને ટાઈ-અપ લેટર એ કંપની પાસેથી મેળવી લેવામાં આવેલ હતો.

**તા. ૨૬-૬-૨૦૨૫**

- આજ રોજ ક્યુરેફોક્સ હેલ્થકેર પ્રા.લિ. - ચાચરવાડી વાસણા ગામે કંપનીએ સેન્ટર સાથે ટાઈ-અપ કર્યું અને ટાઈ-અપ લેટર કંપની પાસેથી મેળવેલ હતો.

**તા. ૨૭-૬-૨૦૨૫**

- આજ રોજ મહર્ષિ લેબલ્સ પ્રા.લિ. (ડોનર) - ચાંગોદર કંપનીના ૨૦ વર્કરોનું આંખનું ચેક-અપ ડૉ. ચાંદની મોદી દ્વારા સેન્ટર ખાતે કરવામાં આવ્યું અને તા. ૩૦-૬-૨૦૨૫ના રોજ ફાઈલ કંપનીમાં આવી.
- આજ રોજ કે. કે. કેટરર્સ કંપનીમાંથી ૫ વર્કર્સના મેડિકલ ફિટનેસ અને બ્લડ રીપોર્ટ સેન્ટર ઉપર કરવામાં આવ્યા.

**તા. ૨૮-૬-૨૦૨૫**

- આજ રોજ શ્રી પ્રતાપભાઈ દંડ અને શ્રી કે.ડી. શાહે સેન્ટરની મુલાકાત લીધી અને સેન્ટર ચોવીસ કલાક ચાલુ કરવામાં આવ્યું, તો પેશન્ટ બાબતે તેમજ ડોક્ટરની સારવાર કેવી છે તે બાબતે પ્રતીક વ્યાસ અને દીપક ત્રિવેદી સાથે ચર્ચા કરી અને સેન્ટરમાં કામ કરવા બાબતે જરૂરી માર્ગદર્શન આપ્યું.

**તા. ૨-૭-૨૦૨૫**

- આજ રોજ એસેમ વર્ક્સ પ્રા.લિ. કંપની - મોરૈયા ગામના અગાઉ તા. ૧૨-૦૬-૨૦૨૫ના રોજ થયેલ ચર્ચા મુજબ ફુલ બોડી ચેક-અપ (સ્કીમ-૧ : રૂા. ૬૫૦/-) ૨૨ કર્મચારીઓનું સેન્ટર ઉપર કરવામાં આવેલ છે.

**તા. ૩-૭-૨૦૨૫**

- લાલ દરવાજા PNDT ડિપાર્ટમેન્ટમાં એન્ટીનેટલ સોનોગ્રાફીના ફોર્મ જમા કરાવવાનું કામ કરવામાં આવ્યું.

**તા. ૪-૭-૨૦૨૫થી તા. ૭-૭-૨૦૨૫**

- કુલ ૨૦ કંપનીઓના જૂન-૨૦૨૫ના બીલો આપવાનું કામ પૂરું કરવામાં આવ્યું.

**તા. ૮-૭-૨૦૨૫**

- આજ રોજ ડૉ. કિશન માલી દ્વારા એસેમ વર્ક્સ પ્રા.લિ કંપનીમાં જઈને તેમનાં ૩૫ વર્કરોને ફર્સ્ટ એઇડની ટ્રેનિંગ આપવામાં આવી.

**તા. ૯-૭-૨૦૨૫**

- આજ રોજ સેન્ટરમાં શ્રી કિશોરભાઈના કહેવા મુજબ નવા ત્રણ કેમેરા લગાવવાનું કામ પૂર્ણ કરેલ છે. જે સેન્ટરની જરૂરિયાત મુજબ લગાવેલ છે.

**તા. ૧૨-૭-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહ સેન્ટરની મુલાકાતે આવ્યા અને પ્રતીક વ્યાસ અને દીપક ત્રિવેદી સાથે સેન્ટરની ચોવીસ કલાકની સારવાર માટેનું માર્કેટિંગ નજીકના વિસ્તારમાં તેમજ કંપનીમાં વધારેમાં વધારે કરવા બાબતે જણાવ્યું અને કામકાજ બાબતે ચર્ચા કરી અને માર્ગદર્શન આપ્યું.

**તા. ૧૪-૭-૨૦૨૫**

- આજ રોજ એમ.બી.આર. ફ્લેક્સિબલ કંપનીના ૧૦ વર્કરોનું મેડિકલ ફિટનેસ કરવામાં આવ્યું.
- આજ રોજ કે.કે. કેટરર્સ કંપનીના ૩ વર્કરનું મેડિકલ ફિટનેસ કરવામાં આવ્યું.

**તા. ૧૫-૭-૨૦૨૫**

- આજ રોજ બીપીસી પ્રોજેક્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ. કંપની ચાચરવાડી વાસણા ગામે કંપનીના મેનેજર શ્રી કૃણાલ સોની અને સાઈટ સુપરવાઈઝર શ્રી શૈશવ જોષીને પ્રતીક વ્યાસ મળ્યા અને અગાઉ થયેલ મીટિંગ મુજબ કંપનીનું સેન્ટર સાથે ટાઈ-અપ કર્યું અને ટાઈ-અપ લેટર લીધો. કંપનીના ૨૦૦ કામદારોની પ્રાથમિક સારવાર સેન્ટર ઉપર કરવામાં આવશે.

**તા. ૧૬-૭-૨૦૨૫**

- આજ રોજ મોરૈયા ગ્રામ પંચાયતમાં જઈને સ્ટાફનો ટેક્સનો ચેક જમા કરાવ્યો.
- આજ રોજ હેમલોન - હેમટેક કંપનીના મેનેજર શ્રી નિકુંજભાઈ અને શ્રી આનંદસિંઘ (HR) પાણીના લીકેજના પ્રોબ્લેમના સોલ્યુશન માટે સેન્ટરની મુલાકાતે આવેલ હતા અને પ્રતીક વ્યાસ સાથે મળીને ચોવીસ કલાક હોસ્પિટલ થઈ ત્યારબાદ પેશન્ટ બાબતે મેડિકલની સેવા વધારે આપવામાં આવે છે કે નહીં તેમજ કામકાજ બાબતે ચર્ચા કરેલ હતી. પાણીની લીકેજના પ્રોબ્લેમનું સોલ્યુશન જલ્દીથી આવી જશે તેમ જણાવેલ હતું.
- આજ રોજ એમનીલ ફાર્માસ્યુટીકલ કંપનીના જીતુભાઈ પરમાર અને સુપરવાઈઝર અશોકભાઈ મકવાણા સેન્ટરની મુલાકાતે આવેલ હતા અને પ્રતીક વ્યાસ સાથે ચોવીસ કલાક સેન્ટર ચાલુ કરવા બાબતે અભિનંદન પાઠવ્યા હતા અને મેડિકલ સારવારમાં પેશન્ટ મોકલવા બાબતે મદદરૂપ થવા પણ જણાવેલ હતું. કંપનીના વર્કરોનું મેડિકલ ફિટનેસ કરાવવાનું કામ આગળ જતા પણ કાર્યરત રહેશે અને કંપનીનાં પણ રેફરન્સ આપીશું તેમ જણાવેલ હતું.

**તા. ૧૯-૭-૨૦૨૫**

- ડૉ. હિતેન્દ્ર શાહના કહેવા મુજબ આજથી પાર્ટીશન લગાવવાનું કામ શરૂ થઈ ગયેલ છે.

## નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગર

**તા. ૧૭-૬-૨૦૨૫**

- આજ રોજ ગિરીશભાઈ એન. શાહ (કન્વીનર - બી.જે.પી.)એ સેન્ટરની મુલાકાત લીધી. એડમિન સ્નેહલભાઈ ભાવસારે એમને સેન્ટરમાં ચાલતી વિવિધ સેવાઓ વિશે માહિતી આપી.

**તા. ૨૦-૬-૨૦૨૫**

- આજ રોજ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી રમણિકભાઈ ગોસર તથા શ્રી કે.ડી. શાહે જશોદાનગર સેન્ટરની મુલાકાત લીધી.

**તા. ૨૧-૬-૨૦૨૫**

- આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે સેન્ટરમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં ગુજરાત યોગ બોર્ડના કોચ કૃપાબેન સેજપાલે સેન્ટરમાં આવીને સ્ટાફને યોગ અને પ્રાણાયામ કરાવ્યા.

**તા. ૩૦-૬-૨૦૨૫**

- તા. ૧-૭-૨૦૨૫ના રોજ જશોદાનગર મેડિકલ સેન્ટરને એક વર્ષ પૂર્ણ થયા નિમિત્તે તા. ૩૦-૬-૨૦૨૫થી તા. ૫-૭-૨૦૨૫ દરમિયાન – એક અઠવાડિયા માટે દરેક સ્પેશિયાલિસ્ટનું કન્સલ્ટેશન ૫૦% રાહત દરે તથા બોડી ચેક-અપની સ્કીમમાં રૂા. ૨૦૦/- સુધીનું ડિસ્કાઉન્ટ રાખવામાં આવેલ.

**તા. ૨-૭-૨૦૨૫**

- આજે જશોદાનગર સેન્ટરને એક વર્ષ પૂરું થયાની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે શ્રી રજનીકાંત પારેખ, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી રોહિત સંઘવી, શ્રી લક્ષ્મીચંદ વીરા, શ્રી વિશાલ એમ. શાહ તથા શ્રી અશ્વિનભાઈ સાવલાએ હાજરી આપી હતી.

**તા. ૩-૭-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાના બે ઑપરેશન કરવામાં આવ્યા.

**તા. ૫-૭-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાનું એક ઑપરેશન કરવામાં આવ્યું.

**તા. ૭-૭-૨૦૨૫**

- આજે નવા યુરોલોજીસ્ટ ડૉ. વીરેન્દ્ર સોની નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગર સાથે જોડાયા. જે દર સોમવારે સાંજે ૫.૦૦થી ૬.૦૦ દરમિયાન ઓ.પી.ડી.માં સેવા આપશે.

**તા. ૧૦-૭-૨૦૨૫**

- આજે એચ.ઓ.ડી. ડૉ. કોમલ દવેના જન્મ દિવસ નિમિત્તે KJSS તરફથી HR ખુશ્બુ શાહ સેન્ટર પર આવીને જન્મ દિવસની શુભકામના આપી તથા કેક કાપીને સ્ટાફ સાથે જન્મ દિવસની ઉજવણી કરી.

**તા. ૧૪-૭-૨૦૨૫**

- સેન્ટરના ઓર્થોપેડિક સર્જન ડૉ. હર્ષિલ પોરિયા હવેથી રોજ સાજે ૫ થી ૬.૩૦ને બદલે ૪.૩૦થી ૬.૩૦ દરમિયાન મળશે.

**તા. ૧૫-૭-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી. સેન્ટરના સ્ટાફના સમય અને કામગીરી વિશે ચર્ચા કરી.

દેશ વિદેશ

# દેશ – વિદેશ...

ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

★ *ભારત બનાવી રહ્યું છે 'બંકર બસ્ટર' મિસાઈલ.*

ભારતની નવી બંકર બસ્ટર મિસાઇલ હવે દુશ્મનના સૌથી સુરક્ષિત ભોંયરાઓ અને ઠેકાણાને મિનિટોમાં નષ્ટ કરી દેશે. મીડિયા રીપોર્ટસ અનુસાર DRDO અગ્નિ-૫ મિસાઇલને અપગ્રેડ કરી રહ્યું છે, જે જમીનની અંદર ૧૦૦ મીટરની ઊંડાઈ સુધી જઈ શકશે. *(તા. ૨-૭-૨૦૨૫)*

★ *અમરનાથ યાત્રાની પ્રથમ ટુકડી રવાના*

LG મનોજ સિન્હાએ યાત્રાને લીલી ઝંડી આપી. અત્યાર સુધીમાં ૩.૫ લાખ યાત્રાળુઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું.

અમરનાથ યાત્રાના પ્રથમ દિવસે જ ભક્તોની ૧૬ કિ.મી. લાંબી લાઈન. આ વખતે ૪ ફૂટનું ભવ્ય શિવલિંગ. 'બાબા બર્ફાની'ની ભક્તિમાં ગુજરાતીઓ બન્યા ઘેલા.

'બમબમ ભોલે'ના નાદ સાથે તા. ૩-૭-૨૦૨૫થી અમરનાથ યાત્રાનો પ્રારંભ થયો છે. અમરનાથ યાત્રા આ વર્ષે ૩૮ દિવસની છે, જે રક્ષાબંધનના દિવસે પૂર્ણ થશે. *(તા. ૩-૭-૨૦૨૫)*

★ *કેરળમાં ફસાયેલું ફાઈટર જેટ F-35B રીપેર ન થયું. ૨૦ દિવસ પહેલા ઈમરજન્સી લેન્ડિંગ થયું હતુંય*

બ્રિટીશ રોયલ નેવીનું ફાઈટર જેટ F-35 હજુ પણ કેરળના તિરૂવનંતપુરમ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પાર્ક કરેલું છે. અનેક સમારકામ છતાં, વિમાન ઉડવા યોગ્ય સ્થિતિમાં નથી. બ્રિટનથી એન્જિનિયરોની એક ટીમ તેને સુધારવા માટે આવી હતી, પરંતુ અત્યાર સુધી સમારકામ સફળ થયું નથી. પેન્ટાગોનના ઈતિહાસમાં આ સૌથી મોંઘુ વિમાન છે. *(તા. ૫-૭-૨૦૨૫)*

★ *કર્ણાટકની ગોકર્ણ ગુફામાંથી રશિયન મહિલાનું રેસ્ક્યુ.*

વગર વિઝાએ વરસોથી ૨ દીકરી સાથે ગુફામાં રહેતી હતી. જંગલમાં કેવી રીતે રહ્યા હતા એ અંગે પોલીસ પણ આશ્ચર્યમાં પડી ગઈ. પરત મોકલવાની કાર્યવાહી... *(તા. ૧૨-૭-૨૦૨૫)*

★ *જસ્ટીસ વર્માને હટાવવાની તૈયારીઓ શરૂ.*

લોકસભામાં પ્રસ્તાવ આવશે. સાંસદોની સહી લેવામાં આવી રહી છે. ૨૧ જુલાઈથી ચોમાસુ સત્ર શરૂ થશે. *(તા. ૧૨-૭-૨૦૨૫)*

★ *દક્ષિણના લોકપ્રિય વિલન કોટા શ્રીનિવાસ રાવનું નિધન*

'સરકાર' સહિત ૭૫૦ ફિલ્મોમાં કામ કરેલું. આંધ્રપ્રદેશ, તેલંગાણાના સી.એમ. સહિત અનેક સેલેબ્સે શ્રદ્ધાંજલિ આપી. *(તા. ૧૨-૭-૨૦૨૫)*

★ *પંજાબના ૧૧૪ વર્ષીય એથ્લીટ ફૌજાસિંહનું અવસાન.*

ઘરની બહાર ફરવા જતા કારે તેમને ટક્કર મારી હતી. આજે જલંધરમાં અંતિમ સંસ્કાર.

વિશ્વભરમાં પોતાના અદ્‌ભુત મેરેથોન રેકોર્ડસ માટે પ્રખ્યાત એથ્લીટ ફૌજા સિંહનું સોમવારે પંજાબના જલંધરમાં અવસાન થયું. ૧૧૪ વર્ષીય ફૌજા સિંહને જલંધરમાં તેમની ઘરની બહાર એક અજાણ્યા વાહને ટક્કર મારી હતી. તેઓ ફરવા માટે બહાર ગયા હતા. *(તા. ૧૫-૭-૨૦૨૫)*

★ *બાંગ્લાદેશે પી.એમ. મોદીને ૧૦૦ કિલો કેરી મોકલી.*

યુનુસે મેંગો ડિપ્લોમસી જાળવી રાખી. મમતાને પણ હરિભંગા કેરી ભેટમાં આપી. *(તા. ૧૪-૭-૨૦૨૫)*

★ *દિલ્હીમાં ૪૫, બેંગલુરુમાં ૪૦ સ્કૂલને બૉંબની ધમકી.*

દેશની રાજધાનીમાં ૫ દિવસમાં ચોથો મામલો. લખ્યું : માતા-પિતા વિકૃત મૃતદેહો જોશે તો ખુશી થશે. *(તા. ૧૬-૭-૨૦૨૫)*

★ *ત્રણ વર્ષથી મમ્મી દ્રૌપદી મુર્મુની રાહ જોતો ધ્રુવ.*

રાજ્યપાલ હતા ત્યારે દત્તક લીધો હતો. અધિકારીઓ ગીફ્ટ આપવા આવતા હતા. પણ રાષ્ટ્રપતિ બનતા બધું જ બંધ થયું. *(તા. ૧૯-૭-૨૦૨૫)*

★ *અમદાવાદ પ્લેન ક્રેશ – ૫૦૦ કરોડના ફંડ સાથે ટાટાએ ટ્રસ્ટ બનાવ્યું.*

'AI-171 મેમોરિયલ એન્ડ વેલફેર ટ્રસ્ટ' મૃતકોના પરિજનો - ઈજાગ્રસ્તોને કરશે મદદ. અતુલ્યમ હોસ્ટેલના સમારકામનો ખર્ચ પણ ઉઠાવશે. *(તા. ૧૮-૭-૨૦૨૫)*

★ *મેટાએ લખ્યું : કર્ણાટકના સી.એમ. હવે નથી રહ્યા. સિદ્ધારમૈયાએ નારાજગી વ્યક્ત કરી; X ને લેટર મોકલ્યો : કન્નડથી અંગ્રેજી ટ્રાન્સલેશન બંધ કરો.*

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ સોશિયલ મીડિયા કંપની મેટાના ટ્રાન્સલેશન ફીચર સામે વાંધો ઉઠાવ્યો છે. હકીકતમાં, ૧૫ જુલાઈના રોજ સિદ્ધારમૈયાએ X પર અભિનેત્રી બી. સરોજાદેવીના નિધન પર શોક સંદેશ પોસ્ટ કર્યો હતો. *(તા. ૧૭-૭-૨૦૨૫)*

*કોઈ દુઃખમાં હોય અને આપણી પાસેથી હસીને જાય, એટલે સમજવાનું કે આપણા પૂજા-પાઠ અને દીવાબત્તી થઈ ગયા.*

# વિદેશના સમાચાર

★ *ઈરાનને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધ વિરામ ટ્રમ્પના આદેશ મુજબ થઈ ગયેલ છે.* *(તા. ૨૪-૬-૨૦૨૫)*

★ ***૧૦૦ વર્ષ જૂના ચર્ચને ૧૮૦ કરોડમાં ખરીદ્યું હવે મંદિર બનશે.***

ઓહાયોના ક્લિવલેન્ડમાં ૧૫ મંજૂરી બાદ મંદિરનું નિર્માણ શરૂ થશે. યુ.એસ.માં એકસાથે ૩ મંદિર બનાવાશે.

વડતાલ સંપ્રદાય દ્વારા પશ્ચિમી દેશોમાં હિંદુ ધર્મનો પ્રચાર-પ્રસાર, ક્લિવલેન્ડમાં ચર્ચમાંથી શિખરબંધ મંદિર તૈયાર કરશે. ઓહાયોના ક્લિવલેન્ડમાં નોર્થ કેરોલિનાના રાલેમાં અને સાનહોજેના ફ્રિમોન્ટ શહેરમાં મંદિર બનાવાશે. *(તા. ૨-૭-૨૦૨૫)*

★ ***લંડનના વિલ્સડન સ્વામિનારાયણ મંદિરનો સુવર્ણ મહોત્સવ.***

રૂા. ૨૭ કરોડના સોનાના સિંહાસનનું અનાવરણ. આજથી નવ દિવસીય ઉત્સવનો પ્રારંભ. *(તા. ૫-૭-૨૦૨૫)*

★ ***અમેરિકાના ટેક્સાસમાં ભારે વરસાદ, પૂરને કારણે ૫૧ના મોત. ગર્લ્સ કેમ્પ ડૂબી ગયો. ૨૭ છોકરીઓ ગૂમ. ડ્રોન અને હેલિકોપ્ટર દ્વારા શોધખોળ. પી.એમ. મોદીએ દુઃખ વ્યક્ત કર્યું.*** *(તા. ૫-૭-૨૦૨૫)*

★ ***૬ વર્ષની બાળકીના ૪૫ વર્ષના પુરૂષ સાથે લગ્ન. અફઘાનિસ્તાનના હેલ્મદ પ્રાંતમાં.***

રૂપિયા આપીને સોદો નક્કી કર્યો. તાલિબાને કહ્યું, ૯ વર્ષની થશે ત્યારે તેને પતિના ઘરે મોકલાશે. *(તા. ૯-૭-૨૦૨૫)*

★ ***સૌથી ઝડપી બાળકો પેદા કરે છે મુસ્લિમ. વર્લ્ડ પોપ્યુલેશન ડે પર ચોંકાવનારા આંકડા. હિંદુઓની વસતિ ઘટી. દુનિયાની દરેક ચોથી વ્યક્તિ નાસ્તિક.*** *(તા. ૧૧-૭-૨૦૨૫)*

★ ***અમેરિકાને સમૃદ્ધ બનાવી રહ્યા છે ભારતીય ઈમિગ્રન્ટ્સ. અમેરિકામાં મોટાભાગના ભારતીય મૂળના અબજોપતિઓ લગભગ ૨૫ લાખ કરોડનો ટેક્સ ચૂકવે છે.*** *(તા. ૧૧-૭-૨૦૨૫)*

★ ***લંડનમાં અમદાવાદ જેવી પ્લેન દુર્ઘટના. નેધરલેન્ડ્સ જઈ રહેલું નાનું એરક્રાફ્ટ ઊડાન ભરતાવેંત ક્રેશ થઈ ગયું. વિમાનમાં કેટલા લોકો હતા તેની તપાસ થઈ રહી છે.*** *(તા. ૧૨-૭-૨૦૨૫)*

★ ***વિદેશમાં કચ્છી ઓસવાલ જૈન સંગઠનની બેઠક.***

અમેરિકામાં કચ્છી ઓસવાલ જૈન સંગઠનની બેઠકમાં ૧૭૫ કચ્છી સભ્યોએ ભાગ લીધો. કચ્છીઓના યોગદાન પર પ્રકાશ પાડી સંસ્થા દ્વારા કરાતી પ્રવૃત્તિ વિશે વિગત અપાઈ. અમેરિકાના શિકાગો ખાતે જૈના સંમેલન દરમિયાન કોજૈનના (કચ્છી ઓસવાલ જૈન એસોસિએશન ઓફ નોર્થ અમેરિકા) સભ્યો માટે વિશેષ સામુદાયિક બેઠક યોજાઈ હતી. કોજૈન સમુદાયના સભ્યો વચ્ચેના સંબંધો મજબૂત બનાવવા અને કચ્છી સંસ્કૃતિ, જીવનશૈલી અને ભાઈચારાની ઉજવણી કરવાના આશય સાથે આ બેઠક મળી હતી. *(તા. ૧૨-૭-૨૦૨૫)*

★ ***ડ્રેગન કેપ્સ્યુલમાંથી બહાર નીકળ્યા શુભાંશુ શુક્લા.***

શુભાંશુ શુક્લા સહિત ચાર અવકાશયાત્રીઓ ૧૮ દિવસ અવકાશમાં રહ્યા પછી પૃથ્વી પર પાછા ફર્યા છે. લગભગ ૨૩ કલાકની મુસાફરી પછી ડ્રેન અવકાશયાન આજે એટલે કે ૧૫ જુલાઈના રોજ બપોરે ૩ વાગે કેલિફોર્નિયાના દરિયા કિનારે ઉતર્યું છે. *(તા. ૧૫-૭-૨૦૨૫)*

★ ***યમનમાં કેરળની ભારતીય નર્સ નિમિષાની મૃત્યુદંડની સજા ટળી. બંને દેશોના ધર્મગુરૂઓએ કરી વાતચીત.***

હત્યા કેસમાં કાલે ૧૬ જુલાઈએ ગોળી મારી મોતની સજા થવાની હતી. જો કે આગળ અનિશ્ચિત. *(તા. ૧૫-૭-૨૦૨૫)*

★ ***NATO ની ભારત પર ૧૦૦% ટેરિફ લગાવવાની ધમકી. NATO ના મહાસચિવ માર્ક રૂટે બુધવારે કહ્યું હતું કે ભારત, ચીન અને બ્રાઝીલે યુક્રેન સાથે શાંતિ વાટાઘાટો માટે પુતિન પર દબાણ કરવું જોઈએ.*** *(તા. ૧૫-૭-૨૦૨૫)*

★ ***અમેરિકાએ પાકિસ્તાન સમર્થિત TRFને આતંકવાદી સંગઠન જાહેર કર્યું. તેણે પહેલગામ હુમલાની જવાબદારી લીધી હતી. આ નિર્ણય ન્યાય માટે ટ્રમ્પનું આહવાન છે.*** *(તા. ૧૭-૭-૨૦૨૫)*

★ ***ઈરાને ૬ મહિનામાં ૧૪ લાખ અફઘાનીઓને હાંકી કાઢ્યા. માર-પીટ કરી, પૈસા છીનવી લીધા. બાળકોને પણ માતા-પિતા વિના સરહદ પર ધકેલ્યા. જાસૂસીના આરોપ લગાવ્યા.*** *(તા. ૧૭-૭-૨૦૨૫)*

★ ***અમેરિકાના કેલિફોર્નિયામાં કારચાલકે ભીડ પર ગાડી ચડાવી. ૨૦ લોકો ઘાયલ, ૧૦ની હાલત ગંભીર. અકસ્માતનું કારણ હજુ સ્પષ્ટ નથી.***

શનિવારે અમેરિકાના કેલિફોર્નિયાના લોસ એન્જેલસમાં એક કારચાલકે પોતાની કાર ભીડ પર ચડાવી દીધી. આ અકસ્માતમાં ૨૦ લોકો ઘાયલ થયા છે. જેમાંથી ૧૦ લોકોની હાલત ગંભીર છે.

લોસ એન્જેલસ ફાયર ડિપાર્ટમેન્ટની ટીમે મીડિયાને જણાવ્યું હતું કે ઘાયલોને હોસ્પિટલમાં લઇ જવાનું કામ ચાલી રહ્યું છે. અકસ્માત સમયે સ્થળ પર હાજર કેટલાક લોકોએ જણાવ્યું હતું કે અચાનક એક ઝડપથી આવેલી કાર ભીડમાં ઘૂસી ગઈ હતી, જેના કારણે અરાજકતા ફેલાઈ ગઈ.

એક મહિલાએ કહ્યું હતું કે, કાર ભીડમાં ઘૂસી એ પહેલાં તેણે ગોળીબારનો અવાજ સાંભળ્યો હતો. અકસ્માત પછી ડ્રાઈવર કારમાં જ રહ્યો હતો. પરંતુ બાદમાં સુરક્ષા ગાર્ડસે તેને પકડી લીધો અને જમીન પર પછાડી દીધો.

*(તા. ૧૯-૭-૨૦૨૫)*

# જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

• સંકલન •
રસીક ખીમજી મહેતા

## ઇલેક્ટ્રિક કાર કેવી રીતે ચાલે છે?

પેટ્રોલ અને ડીઝલ બળે એટલે પ્રદૂષણ થાય. વૈજ્ઞાનિકોએ પ્રદૂષણ પેદા ન થાય તેવી ઇલેક્ટ્રિક વડે ચાલતી કાર બનાવી છે. ઇલેક્ટ્રિક કાર અન્ય કાર જેવી જ છે પણ તેમાં પેટ્રોલની ટાંકીના સ્થાને હાઇડ્રોજન ફ્યુઅલ સેલ નામની બેટરી હોય છે. આ બેટરી હવામાંથી ઓક્સિજન મેળવી વીજળી પેદા કરે છે. બેટરીને હાઇડ્રોજન પૂરો પાડવા માટે હાઇડ્રોજનની ટાંકી હોય છે. બેટરીમાંથી મળતા ઇલેક્ટ્રિક પાવર દ્વારા તેની સાથે જોડાયેલી મોટર ફરે છે અને કારના આગલા વ્હીલને ફેરવે છે. આ કારની બેટરી રીચાર્જ થઈ શકે છે. હાઇડ્રોજન ખલાસ થાય ત્યારે વધુ હાઇડ્રોજન ભરવામાં આવે છે. આ કારથી પ્રદૂષિત વાયુ ઉત્પન્ન થતા નથી પરંતુ વરાળ સ્વરૂપે ધુમાડો પેદા કરે છે. વૈજ્ઞાનિકોએ કારના છાપરા પર સોલાર પેનલ બેસાડીને સોલાર પાવર વડે ચાલતી કાર પણ બનાવી છે. જે સોલાર પાવરને બેટરીમાં સંગ્રહ કરે છે અને પછી તેનો ઉપયોગ કરે છે.

## મોટા કામમાં ઉપયોગી નાનકડી પેન ડ્રાઇવ

ડેટા સંગ્રહ અને ટ્રાન્સફર કરવા માટે પેન ડ્રાઇવ ઉપયોગી જાણીતું સાધન છે. નાનકડી પેનડ્રાઇવ પિત્તળની બે પટ્ટીની બનેલી હોય તેવું લાગે પણ તેના કામ ઘણા મોટા છે. કમ્પ્યુટરની હાર્ડ ડિસ્કમાં ઘણા બધા ફોટો, ગીતો વગેરેનો ડેટા સંગ્રહ થાય. રેમ પણ ડેટા ટ્રાન્સફર કરવાનું કામ કરે પણ પેનડ્રાઇવ આ બધા કરતાં જુદી રીતે અને વધુ સરળતાથી કામ કરે છે. પેન ડ્રાઇવ ફ્લેશ મેમરી આધારિત છે. તેને સોલીડ સ્ટેટ કહે છે. પેન ડ્રાઇવ ઉપરાંત મેમરી કોર્ડ, ગેમ કોન્સોલ, ડિજિટલ કેમેરાના મેમરી કાર્ડ વગેરે પણ ફ્લેશ મેમરી છે.

ફ્લેશ મેમરી કેવી રીતે કામ કરે છે તે જાણવા જેવું છે. બબ્બે ટ્રાન્ઝીસ્ટરના કોલમની પટ્ટી વચ્ચે ઓક્સાઇડનું પાતળું આવરણ હોય છે. ટ્રાન્ઝીસ્ટરની ઉપલી લાઇનને ફ્લોટીંગ ગેટ અને નીચેની લાઇનને કન્ટ્રોલ ગેટ કહે છે. આ મેમરી કોમ્પ્યુટર સાથે જોડાય ત્યારે તેમાં ૧૦ વોલ્ટનો વીજપ્રવાહ દાખલ થાય છે. ફ્લોટીંગ ગેટના ટ્રાન્ઝીસ્ટર ઇલેક્ટ્રોન ગનનું કામ કરે છે. સેલ સેન્સર પ્રવાહનું નિયંત્રણ કરે છે. ડેટા વીજપ્રવાહની વધઘટ સ્વરૂપે નોંધાય છે. ફ્લેશ મેમરીમાં વીજપ્રવાહ બંધ થયા પછી પણ તેમાં આવેલો ડેટા કાયમ રહે છે. પેનડ્રાઇવ ૪ જીબી થી માંડી ૬૪ જીબી કે તેનાથી ડેટા સંગ્રહ કરી શકે તેટલી ક્ષમતાની બને છે.

## પર્યાવરણને સૌથી વધુ ઉપયોગી વનસ્પતિ : વાંસ

વાંસના ફર્નીચર, વાંસની દીવાલો, વાંસના ટોપલા-ટોપલી અને રમકડાં સહિત ઘણી ચીજો જોવા મળે છે. વાંસ વચ્ચેથી પોલા હોય છે અને તેના રેસા સ્ટીલ કરતાંય મજબૂત હોવાથી તે ઘણા ઉપયોગી થાય છે. વાંસ પર્યાવરણ માટે પણ સૌથી વધુ ઉપયોગી થાય છે. વાંસ વાતાવરણમાં અન્ય વનસ્પતિ કરતાં ૩૦ ટકા વધુ ઓક્સિજન ભેળવે છે. વાંસ આપમેળે ઉગે છે અને સૌથી વધુ ઝડપથી વિકાસ પામે છે. કુમળા વાંસ માત્ર પાંચ વર્ષમાં જ સખત લાકડું બની જાય છે. વાંસનું જંગલ જમીનનું ધોવાણ અટકાવે છે. વાંસને ઉધઈ કે અન્ય જીવાત લાગતી નથી. વાંસ ભેજનું શોષણ કરે છે એટલે જ તે જહાજ કે વહાણ બનાવવામાં ઉપયોગી છે.

## વસ્તુને લાખો ગણી મોટી કરી દેખાડતાં ઇલેક્ટ્રોન માઇક્રોસ્કોપ

ટાંકણી, વાળ અને કેટલીક રજકણો આપણે નરી આંખે જોઈ શકીએ પરંતુ ટાંકણીની અણી પર બેઠેલા સેંકડો બેક્ટેરીયા જોવા માટે માઈક્રોસ્કોપનો ઉપયોગ કરવો પડે.

માઈક્રોસ્કોપ ભૂંગળામાં ગોઠવેલા લેન્સ વડે વસ્તુને અનેકગણી મોટી કરીને જોવાનું સાધન છે. લેબોરેટરીમાં લોહીની તપાસ વગેરે માટે તેનો ઉપયોગ થાય છે. સાદા માઈક્રોસ્કોપ લેન્સના બનેલા હોય છે. પરંતુ વિજ્ઞાનીઓ વસ્તુનું ઊંડું નિરીક્ષણ કરવા માટે ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપ વાપરે છે. તેની કામગીરી અદ્ભુત છે. તે સેમ્પલને લાખો ગણું મોટું કરીને દર્શાવે છે.

સાદા માઈક્રોસ્કોપ પ્રકાશના કિરણો અને લેન્સની મદદથી મોટા પ્રતિબિંબ પેદા કરે છે. પરંતુ ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપ પ્રકાશ નહીં પણ ઈલેક્ટ્રોનના શેરડાનો ઉપયોગ કરે છે. પ્રકાશના કણોને ફોટોન કહે છે. ઊંડું નિરીક્ષણ કરવું હોય અને વસ્તુને વધુ મોટી જોવી હોય તો ફોટોન કરતાંય સૂક્ષ્મ એવા ઈલેક્ટ્રોનનો ઉપયોગ કરવો પડે. ફોટોનમાં વીજભાર હોય છે.

ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપમાં જે સેમ્પલનું નિરીક્ષણ કરવું હોય તેને વેક્યુમ બોક્સમાં મૂકવી પડે. લેન્સની જગ્યાએ ઈલેક્ટ્રો મેગ્નેટના ગૂંચળા ગોઠવેલા હોય છે. આ ગૂંચળા

સેમ્પલમાં રહેલા અણુમાંના ઈલેક્ટ્રોનની રચનાને મોટી કરી દર્શાવે છે અને ચીજની ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપ તૈયાર થાય છે. તે મોનીટરના સ્ક્રીન પર જોવા મળે છે. ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપની શોધ ૧૯૩૫માં થયેલી. હાલમાં ઘણા પ્રકાર વિકસ્યા છે, જે વિવિધ પ્રકારના સંશોધનોમાં ઉપયોગી થાય છે.

## અંતરીક્ષ વિજ્ઞાનનું અવનવું

★ અવકાશી સંશોધનો ઈ.સ. ૧૯૫૭માં રશિયાના સ્પુટનિક સેટેલાઈટના લોન્ચિંગ સાથે શરૂ થયા અને વિજ્ઞાન ક્ષેત્રે અવકાશયુગની શરૂઆત થઈ. રશિયાના યુરી ગેગેરીન અવકાશી સફર કરનાર પ્રથમ અવકાશયાત્રી બન્યો.

★ અવકાશી સંશોધનોમાં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનની મહત્ત્વની ભૂમિકા છે. ૫૦૦ ટન વજનનું આ સ્ટેશન પૃથ્વીની ફરતે પ્રદક્ષિણા કરતો સૌથી મોટો માનવ સર્જિત પદાર્થ છે.

★ સ્પેસ સ્ટેશન બાંધવાની શરૂઆત ૧૯૭૧માં થયેલી. રશિયાએ ૧૯૭૧માં સેલ્યુટ નામનું સ્પેસ સ્ટેશન લોન્ચ કરેલું. તેમાં અવકાશ ફોટોગ્રાફ લેવાની સગવડ હતી. ત્યારબાદ બીજા ૬ સેલ્યુટ સ્ટેશન લોન્ચ થયા છે.

★ અવકાશયાત્રાની શરૂઆત પછી લગભગ ૫૦૦થી વધુ અવકાશયાત્રીઓ અવકાશમાં જઈ આવ્યા છે. તેમાંના ૧૨ અવકાશયાત્રીઓએ ચંદ્રની ધરતી પર પગલા પાડ્યા હતા.

★ નાસાના એપોલો-૧૧એ ઈ.સ. ૧૯૬૯ની જુલાઈની ૨૦મી તારીખે પ્રથમવાર ચંદ્રની ધરતી પર ઉતરાણ કર્યું. પ્રથમ પગ મૂકનાર નીલ આર્મસ્ટ્રોંગ હતો.

★ હર્બલ ટેલિસ્કોપ સહિત અવકાશમાં જાયન્ટ મેગેલન, એલના ટેલિસ્કોપ, લાર્જ એરે, ચંદ્ર, કેક, જેમ્સવેબ જેવા અનેક ટેલિસ્કોપ પૃથ્વીની આસપાસ પ્રદક્ષિણા કરીને વિવિધ તસવીરો મોકલે છે.

## હાઈડ્રોલિક સિસ્ટમ શું છે?

બુલડોઝર અને ક્રેન જેવા સાધનો પ્રચંડ વજન ઉંચકતા હોય છે. આપણને નવાઈ લાગે, બુલડોઝરને આટલી તાકાત ક્યાંથી આવતી હશે? ભારે વજન ઊંચકતા આ સાધનોમાં હાઈડ્રોલિક સિસ્ટમ હોય છે. નળાકારમાં ભરેલા કોઈપણ પ્રવાહીની ઉપર દબાણ કરીએ તો તે દબાણ પ્રવાહીમાં ચારે તરફ ફેલાય છે. જો આ નળાકારમાં બીજી પાંચ નળીઓ જોડવામાં આવે તો નળાકારમાં આપેલું દબાણ પાંચ ગણું થઈને મળે છે. આ નિયમ પાસ્કલ નામના વિજ્ઞાનીએ શોધેલો. બુલડોઝર અને ક્રેનમાં વપરાતી હાઈડ્રોલિક સિસ્ટમના નળાકારમાં ઓઈલ ભરેલું હોય છે. સાંકડી નળીમાં ભરેલા ઓઈલનું ઉપરનું દબાણ પહોળી નળીમાં જતાં અનેકગણું થઈ જાય છે.

આમ, બુલડોઝરને શક્તિ મળે છે. અગાઉના જમાનામાં પાણીની ટાંકીમાં દબાણ આપીને પાણી દ્વારા ચાલતા દાબયંત્રો ઉપયોગમાં લેવાતા.

## પહાડી વિસ્તારોમાં થતા ભૂસ્ખલનનું વિજ્ઞાન

ભારે વરસાદને કારણે પહાડી વિસ્તારોમાં ભેખડો ધસી પડે છે અને પહાડ પરથી માટી અને કાદવ સહિત મોટા રોડા અને પથ્થરો રસ્તા કે જમીન પર છવાઈ જાય છે. આ ઘટનાને ભૂસ્ખલન કે લેન્ડ સ્લાઈડ કહે છે.

ભૂસ્ખલન એક વિલક્ષણ ભૌગોલિક ઘટના છે. પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ દરેક વસ્તુને પોતાના કેન્દ્ર તરફ ખેંચે છે. જમીનને સમાંતર રહેલી વસ્તુઓ પર આ બળ તટસ્થ થાય છે. પર્વતોના ઢોળાવ પર કાંકરા, માટી, નાના મોટા પથ્થરો વગેરે માટી સાથે જોડાઈને ટકી રહ્યા હોય છે. ભારે વરસાદથી તેમાં રહેલી માટી ભીની થઈ પીગળે ત્યારે ખડકોને ઊંચાઈ પર ટકાવી રાખતું બળ ઘટી જાય છે. ત્યારે આ બધો કડદો જમીન પર ગબડે છે. આ બે પ્રકારે ઘટના થાય છે. પાણીથી ધોવાઈને કે ભારે પવનને કારણે. આ ઘટના પળવારમાં જ થાય છે અને એટલી મોટી માત્રામાં થાય છે કે જમીન પર સેંકડો કિલોમીટરમાં કાદવ કિચડના બબ્બે ફૂટના થર પથરાઈ જાય છે. એકાએક થયેલા ભૂસ્ખલનથી પહાડી વિસ્તારના મકાનો દટાઈ ગયાના દાખલા પણ છે. ભેખડોના કાદવમાં ૨૦ ટકા પાણી હોય છે અને તે ૧૬૦ કિ.મી.ની ઝડપે જમીન તરફ ધસે છે. ગણતરીની મિનિટોમાં તે વિસ્તારનો નકશો બદલી નાખે છે.

## અજાયબ જળચર જીવો

★ દરિયામાં રહેલી જેલી ફિશ હાડકાં, મગજ, હૃદય વિનાનો જીવ છે. તેનું શરીર ૯૫ ટકા પાણીનું બનેલું છે.

★ એલિફન્ટ નોઝ માછલીનું મગજ સૌથી મોટું હોય છે. માણસનું મગજ શરીરના સરેરાશ ૨.૩ ટકા વજનનું હોય છે. આ માછલીનું મગજ શરીરના ૩૧ ટકા વજન ધરાવે છે. જો કે તે માણસ કરતા વધુ બુદ્ધિમાન નથી.

★ હોરિડા નામની માછલી બે ફૂટ લાંબી હોય છે. તેની પાંખોમાં ૧૩ જેટલા ઝેરી ડંખ હોય છે.

★ બેલુગા વ્હેલ ૧૫ ફૂટ લાંબું કદાવર જળચર છે. તે પક્ષીની માફક જાતજાતના સૂરીલા અવાજથી ગાઈ શકે છે.

# પ્રતિભાવ

### ઝાડવાના પાંદડાઓ પર વરસાદની બૂંદો પડતાં મોતીની જેમ ચમકે છે તેમ 'મંગલ મંદિર' વિવિધ સાહિત્યિક બૂંદોથી ચમકી ઉઠે છે

જુલાઈ ૨૦૨૫ 'મંગલ મંદિર'ના મુખપૃષ્ઠને જોતા વરસાદને વધાવતા હોય તેમ લાગે છે. કચ્છીઓના નવા વર્ષ અષાઢી બીજની શુભેચ્છા પાઠવતા હોય તેમ જણાય છે. સ્વ. હરખચંદ સાવલા પરિવારના હાર્દિક શુભેચ્છા સંદેશમાં રજૂ થતા ક્વોટેશન સુંદર હોય છે. કચ્છના ધ્વજ હરિયાએ ઓસ્ટ્રેલિયન ઓપન બિલિયર્ડસમાં વિજેતા તથા તેમના નામે રાષ્ટ્રીય, એશિયા તથા વર્લ્ડ કક્ષાએ અનેક ટ્રોફીઓ જીતીને ગૌરવ વધાર્યું છે. મે-૨૦૨૫ દરમિયાન સમાજના વિવિધ કેન્દ્રો ખાતે સેવાઓનો લાભ લેનાર કુલ ૩૩૧૪૭ વ્યક્તિઓ છે. જે દર્શાવે છે કે સમાજનો બહોળો વર્ગ આનો લાભ લઈ રહ્યો છે. જૂની કહેવતો વાંચવા યોગ્ય છે. અતીતના ઓવારેથી કૉલમમાં પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા સાથેનો ઈન્ટરવ્યુ નોંધનીય છે. સમાજના શ્રી દક્ષેસભાઈ સંઘવી દ્વારા રેલવેના પાટા પર ટ્રક દોડાવવાનો અહેવાલ વિસ્મયકારક છે. સમાજની દૈનિક ડાયરી વાંચતા સંસ્થામાં થતી પ્રવૃત્તિઓથી વાકેફ થવાય છે. ચૌલા કુરૂવા દ્વારા વિવિધ સમાચારો / ઘટનાઓનો રસથાળ પીરસાય છે. જ્ઞાન-વિજ્ઞાન શ્રેણીમાં પક્ષીઓનું અજાયબ જગતની વિગતો રોચક છે. ડૉ. આશિષ ચોક્સી દ્વારા પ્રેરણાત્મક પ્રસંગો પાછળ એક સુંદર સંદેશ છુપાયેલ છે. સ્વાધીનતા સંગ્રામના શૂરવીરોમાં હુતાત્મા સુખદેવ ક્રાંતિવીરની કથા રોમાંચક છે. દેશની આઝાદીમાં તેમનું બલિદાન કાયમ યાદ રખાય છે. પંજાબમાં ફિરોઝપુર પાસે હુસૈનીબલા ખાતે ભગતસિંહ, રાજગુરૂ તથા સુખદેવનાં શહીદ સ્મારક તેમની યાદો જીવંત રાખે છે. એરિસ્ટોક્રેટ્સ શ્રેણીમાં ઓસવાલ જૈનોનો ઈતિહાસ વિગતવાર દર્શાવેલ છે. 'એક અવિસ્મરણીય પ્રસંગપટ' લેખમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયાનો લેખ હૃદયના ધબકારા વધી જાય તેવો કહી શકાય. ગુજરાત સરકારમાં પશુપાલન વિભાગમાં વિસ્તરણ અધિકારી તરીકેનો તેમનો તત્કાલીન વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈ સાથેનો પ્રસંગ રસપ્રદ છે. બારડોલીના કાર્યકર દ્વારા રૂપિયા ચાલીસ લાખ પૂરાની લોન માટે દબાણ કરી સત્વરે 'ટેકનિકલ ના-વાંધા પ્રમાણપત્ર'ની માંગણી કરવી તથા તે પરિસ્થિતિમાં ખાતાના વડા શ્રી ડૉ. એન.સી. બૂચ સાહેબનું માર્ગદર્શન તથા ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા સમય વર્તે સાવધાન સાથે પૂરી ધીરજ અને નિપુણતાથી ચાલીસ લાખ પૂરાના બદલે એક હજાર પૂરાનો ચેક આપવાનો નિર્ણય જટીલ પરિસ્થિતિમાં લેવાયેલ પરિપક્વ નિર્ણય હતો. માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા લોનની રકમના ચેકનું બંધ કવર સુપરત કરવાના બદલે જાતે જ ખોલી રૂપિયા ચાલીસ લાખ પૂરાના બદલે માત્ર એક હજારની જ રકમ કેમ? જેવો વેધક પ્રશ્ન પૂછતાં ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા દ્વારા તેમના ખાતાના વડાએ આપેલ માર્ગદર્શન, અનુભવ, આત્મવિશ્વાસ તથા પૂરી હિંમતથી આપેલ જવાબ સમગ્ર ઘટનાનો ટર્નિંગ પોઈન્ટ કહી શકાય. શ્રી મોરારજી દેસાઈ જેવા નીડર, પ્રામાણિક, બાહોશ તથા કડક સ્વભાવના હોવાથી તેમની સાથેનો અનુભવ યાદગાર કહી શકાય. મનીષ જોષી દ્વારા ચંદીગઢમાં ગુજરાતી સમાજ અંગેની ઉપયોગી માહિતી મળી. પંજાબના તત્કાલીન રાજ્યપાલ શ્રી જયસુખભાઈ હાથી તથા વડોદરાના દેવાંશુ વૈષ્ણવના સિંહફાળાથી આ સ્વપ્ન સાકાર થયું. ડૉ. મિહિર વોરા દ્વારા આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક બેગ મુક્ત દિવસ પ્રસંગોચિત સુંદર લેખ છે. તીર્થ દર્શનમાં પંજાબમાં આવેલા શ્રી કાંગડા તીર્થ તથા શ્રી સ્વર્ણ મંદિર તીર્થનો ઈતિહાસ તથા મહિમાની જાણકારી પ્રાપ્ત થાય છે. વયસ્ક સમિતિ તથા સ્કીલ ડેવલપમેન્ટ સમિતિના કાર્યક્રમોની રંગીન તસવીરો સમિતિની કામગીરીનું સંભારણું કહી શકાય. ઝાડવાનાં પાંદડાઓ પર વરસાદની બૂંદો પડતાં મોતીની જેમ ચમકે છે તેમ 'મંગલ મંદિર' વિવિધ સાહિત્યિક બૂંદોથી ચમકી ઉઠે છે.

*અશોક વી. શાહ - ગાંધીનગર*
*મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯*

## હાઈકુ

સ્ટીમરે ઊભો
ખારવો, ભાર્યા છબી
દિલે કંડારી.

ભાર્યા - બાળની
ફિકરે રોઈ પડ્યો
ઘીટ ખારવો!

બોટ લાંગરી,
ખારવણ અધીરી
સંગ તલસે!

ખારી હવાએ
ખારવા દેહી થઈ
માયકાંગલી!

એ ખારવણ
વાટ જુએ, આજ છે
દરિયો ભારે.

*તુષાર દેસાઈ – અમદાવાદ • મો. ૯૪૨૭૪ ૫૪૫૧૮*

## NanoNine® શબ્દ રમત-૨૨૧

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | ૫ | | ૬ | | ૭ | ૮ |
| ૯ | | | | ૧૦ | | | ૧૧ | | | ૧૨ | |
| | | ૧૩ | ૧૪ | | | | ૧૫ | ૧૬ | | | |
| | ૧૭ | | | | ૧૮ | ૧૯ | | | | | |
| ૨૦ | | | ૨૧ | | | ૨૨ | | | ૨૩ | | |
| ૨૪ | | ૨૫ | | | ૨૬ | | | ૨૭ | | ૨૮ | ૨૯ |
| ૩૦ | | | | ૩૧ | | | | | | ૩૨ | |
| | | | ૩૩ | | ૩૪ | | ૩૫ | | | ૩૬ | |
| | ૩૭ | ૩૮ | | | ૩૯ | ૪૦ | | ૪૧ | | | |
| | ૪૨ | | | | ૪૩ | | | | | | |
| ૪૪ | | | | ૪૫ | | | ૪૬ | | | ૪૭ | |
| ૪૮ | | | ૪૯ | | | | | | ૫૦ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૮-૨૦૨૫ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

## આડી ચાવીઓ

૧. અર્જુનનું એક નામ (૪)
૪. પવન, સમીર, વાયરો (૨)
૬. આલેશાન, ભવ્ય, ભભકાદાર (૪)
૯. ખોપરીની અંદરનો નરમ ભાગ, ભેજું (૩)
૧૦. વહેલી સવાર, પરોઢ (૪)
૧૨. લાલ, પીળો વગેરે વર્ણ, અસર, આનંદ, કેફ (૨)
૧૩. રાવણનો પુત્ર ઇન્દ્રજીત (૪)
૧૫. સંસારરૂપી સમુદ્ર (૫)
૧૭. ઠંડીની ઋતુ, શિયાળો (અં.) (૩)
૧૮. બાળકને રમવાની વસ્તુ (૪)
૨૦. ભૂતકાળનું વીતી ચૂકેલું (૨)
૨૧. સુરતની પ્રસિદ્ધ મીઠાઈ (૨)
૨૨. કુંતીનો સૂર્યથી થયેલો પુત્ર (૨)
૨૪. નાનો પરપોટો (૪)
૨૬. દૂધ અને ભાતની એક વાનગી (૨)
૨૭. ગાઢું (વાદળ) ઘેઘૂર, ભયાનક (૪)
૩૦. સર્વ, સઘળું, તમામ (૩)
૩૨. ટપાલ (૨)
૩૩. એક પક્ષી જે વરસાદના ટીપાં પીને રહે છે (૩)
૩૬. માણસના વસવાટનું સ્થળ, વતન, રહેઠાણ (૨)
૩૭. શેકીને કડક કરેલી રોટલી (૩)
૩૯. કામશાસ્ત્રમાં ગણાવેલી ઉત્તમ પ્રકારની સ્ત્રી (૪)
૪૨. અશક્ત, કમજોર (૩)
૪૩. મનોહર (૪)
૪૪. ધંધો (૩)
૪૫. પિતાના ભાઈ (૨)
૪૬. કતલ થતી હોય તે જગ્યા (૫)
૪૮. દોલત, પૈસો (૨)
૪૯. અરબને લગતું, અરબસ્તાનનું (૩)
૫૦. ક્ષત્રિય (૨)

## ઊભી ચાવીઓ

૧. શુદ્ધ લોહીની નસ, આર્ટરી (૩)
૨. પહેલ પાડેલો હીરો (૨)
૩. ફેંસલો, ચુકાદો (અં.) (૪)
૪. રસોઈમાં વપરાતો પીળો પાવડર (૪)
૫. ગંધ, દુર્ગંધ (૨)
૭. વિષ્ણુનું ધનુષ્ય, સારંગ (૩)
૮. શહેર, પૂર (૩)
૧૦. બંધી, નિષેધ, મનાઈ (૨)
૧૧. રાવણનો ભાઈ (૪)
૧૪. ઘરમાં બધો વખત કામ કરતો નોકર (૪)
૧૬. અડદની દાળની એક વાનગી (૨)
૧૭. વિતરણ કરનારું (૪)
૧૯. કબરસ્તાન, રોજો (૪)
૨૦. આડી અવળી નવરાશની વાતો (૪)
૨૩. શુદ્ધિ, હોશ, સમજ (૨)
૨૫. દરવાજાવાળો મહોલ્લો (૨)
૨૭. ક્ષણ, ઘટિકા, તક, પ્રસંગ (૨)
૨૮. ઘોડા સાથેની ગાડી (૪)
૨૯. ચીજ, મોટી સંખ્યામાં નાણું, દાખલા ગણવાનું પ્રમાણ (૩)
૩૧. રાંધેલા ચોખા (૨)
૩૩. દૂધપાકમાં નાખવામાં આવતો બીજ (૩)
૩૪. ચા પીવા માટે જોઈએ (૫)
૩૫. સુંદર (૪)
૩૭. ખાવું પીવું તે, ખાવાની વસ્તુ (૪)
૩૮. સમાચાર, બાતમી, સંદેશો (૩)
૪૦. શ્વાસનો એક રોગ (૨)
૪૧. નિયતિ, નક્કી થયેલું (૩)
૪૪. છિદ્ર, વેહ (૨)
૪૫. મોટર (અં.) (૨)
૪૭. ભરોસો, સાબિતી, પ્રમાણ (૨)

***નોંધ** : "શબ્દ રમત" તથા "સુડોકુ"ની સ્પર્ધામાં ભાગ લેનારે તેમના જવાબ નિયત સમય મર્યાદામાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી. સમય મર્યાદા પછી મળનાર જવાબો મોકલનાર વ્યક્તિઓને ઇનામો આપવા માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં.*

## NanoNine® શબ્દ રમત-૨૨૦નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દે | વાં | ગી | | વે | પા | ર | ધં | ધો | | અ | જ |
| રા | સ | | જ | | ર | સો | | ર | મ | ણી | ય |
| સ | | મ | ળ | સ | કું | | ક | ણ | ક | | જ |
| ર | મ | તિ | યા | ળ | | | લ | | સ | મ | ય |
| | હે | | ન | | મ | ગ | ર | | દ | | કા |
| હે | ર | ત | | ક | | જા | વ | ક | | ન | ર |
| | બા | | વ | ર | દા | ન | | લ | ખો | ટી | |
| અ | ની | તિ | | વ | દ | ન | | શો | ર | | અં |
| મી | | થિ | યે | ટ | ર | | પ | ર | વા | ન | ગી |
| ન | ખ | | | | | નં | ગ | | વું | | ક |
| જ | મ | ણ | | | ઢ | | દં | ડ | | જ | ર |
| ર | ણ | | | આ | ગ | ગા | ડી | | મા | ગ | ણ |

*જૂન-૨૦૨૫ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૧૯ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. મુકેશ શાહ – અમદાવાદ
૩. વંદના શાહ – અમદાવાદ
૪. મિત્તલ પટેલ – અમદાવાદ
૫. દિશા પટેલ – અમદાવાદ
૬. ચંદ્રા શાહ – અમદાવાદ
૭. સ્મિતા શાહ – અમદાવાદ
૮. મહેન્દ્ર પુજ – અમદાવાદ
૯. પ્રવીણ દંડ – અમદાવાદ
૧૦. દમયંતી દંડ – અમદાવાદ
૧૧. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૧૨. શાંતિલાલ લાલકા – હુબલી (કર્ણાટક)
૧૩. ચંદ્રિકા દેઢિયા – અમદાવાદ
૧૪. રીદ્ધિ પરીખ – બોપલ, અમદાવાદ
૧૫. અરવિંદ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૧૬. ફાલ્ગુની શાહ – અમદાવાદ
૧૭. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૧૮. ઝરણા પારેખ – અમદાવાદ
૧૯. નેહા પારેખ – અમદાવાદ
૨૦. હંસાબેન ઠાકોર – અમદાવાદ
૨૧. મિતેશ દેઢિયા – અમદાવાદ
૨૨. જ્યોતિ શાહ – અમદાવાદ
૨૩. ધનલક્ષ્મી શાહ – મુંબઈ
૨૪. ચેતના મહેશ્વરી – આદિપુર, કચ્છ
૨૫. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૨૬. કામિની શેઠ – અમદાવાદ
૨૭. મંજુલા મહેતા – સુરત
૨૮. પ્રભા શેઠિયા – વલસાડ
૨૯. દત્તા અંતાણી – ભુજ, કચ્છ
૩૦. જયશ્રી સાવલા – અમદાવાદ
૩૧. ગુણવંતી ડાઘા – અમદાવાદ
૩૨. લીના લોડાયા – વડોદરા

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં ત્રણ વિજેતાઓના નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** :

(૧) મુકેશ શાહ – અમદાવાદ
(૨) ચંદ્રિકા દેઢિયા – અમદાવાદ
(૩) રીદ્ધિ પરીખ – બોપલ, અમદાવાદ

---

**જૂન-૨૦૨૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૭૭ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. ચંદ્રા શાહ – અમદાવાદ
૨. સ્મિતા શાહ – અમદાવાદ
૩. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૪. નયના કારાણી – અમદાવાદ
૫. મહેન્દ્ર શાહ – અમદાવાદ
૬. ભારતી શાહ – ગાંધીનગર
૭. અશોક શાહ – ગાંધીનગર
૮. એન. વી. શાહ – ગાંધીનગર
૯. આશિષ પરીખ – બોપલ, અમદાવાદ
૧૦. અરવિંદ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૧૧. પુષ્પા દેઢિયા – મુંબઈ
૧૨. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૧૩. ઝરણા પારેખ – અમદાવાદ
૧૪. નેહા પારેખ – અમદાવાદ
૧૫. મિતેશ દેઢિયા – અમદાવાદ
૧૬. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૭. ચેતના મહેશ્વરી – આદિપુર, કચ્છ
૧૮. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૧૯. કામિની શેઠ – અમદાવાદ
૨૦. પ્રભા શેઠિયા – વલસાડ
૨૧. માનસી શાહ – અમદાવાદ
૨૨. સુશાંત સાવલા – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર બે વિજેતાઓના નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** :

(૧) મહેન્દ્ર શાહ – અમદાવાદ
(૨) કામિની શેઠ – અમદાવાદ

## NanoNine™ Sudoku

જૂન-૨૦૨૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૭૭ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ તથા વિજેતાઓના નામ માટે જુઓ

પાના નંબર – ૫૨

## ગુજરાતમાં ભ્રષ્ટાચાર

ગુજરાતમાં ભ્રષ્ટાચાર વિશે ભાજપના જ ધારાસભ્ય - સાંસદના જાહેરમાં આક્ષેપો.

★ ભાજપના ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમારનો મુખ્યમંત્રીને ખુલ્લો પત્ર. R & B વિભાગ ભ્રષ્ટાચારથી ખદબદે છે. કૌભાંડીઓ સામે તાકીદે પગલા લેવા જરૂરી છે.

★ ઠાસરાના MLA નો આક્ષેપ : ખેડા જિલ્લામાં અધિકારીઓ તથા કોન્ટ્રાક્ટરોની મિલીભગત. એક જ એજન્સીને કામ આપવામાં આવે છે.

જુઠ,
નિસરણી લઈ આવ્યો,
પણ,
એને ક્યાંથી ખબર?
આકાશ જેટલી અજેય હોય છે,
'સચ્ચાઈની ઊંચાઈ.'

અરવિંદ સોમૈયા - નખત્રાણા

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૧૭૯અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૮-૨૦૨૫ સુધીમાં મોકલી આપવા વિનંતી.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૧૭૯

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 1 | 3 | | | | 4 | 8 |
| 5 | 3 | | 7 | 6 | | 1 | | 9 |
| 7 | | 8 | 9 | | 1 | | 3 | |
| | | 2 | 6 | 3 | | 8 | | 7 |
| 8 | | 6 | | 1 | 7 | 2 | | 3 |
| | 1 | 7 | | 9 | 2 | 4 | | |
| | 6 | | 2 | | 9 | | 7 | 4 |
| 4 | | 9 | | | 3 | | | 2 |
| 2 | 7 | | | 5 | 6 | 9 | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 6 | | | 2 | | | 9 | 8 |
| | | | 6 | | 5 | 1 | 3 | |
| 1 | | 7 | | | 8 | | | 5 |
| | 8 | | 5 | | | 9 | 2 | 4 |
| 5 | 2 | 9 | | 6 | 4 | | 1 | |
| | 3 | | | | 2 | | 8 | |
| 4 | | 3 | 7 | 8 | | 6 | | 2 |
| | | 2 | | | 6 | | | |
| 8 | 7 | | | 5 | 1 | | 4 | 9 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | | | | 2 | | 8 | 6 | |
| 8 | 1 | | | | 3 | 7 | 9 | |
| | | 9 | 8 | 4 | | 1 | | 5 |
| | 8 | | | | 4 | 2 | | |
| 4 | 2 | 1 | 9 | | 5 | | 7 | 3 |
| | 9 | | 3 | 6 | | | 8 | |
| 9 | | 2 | | 7 | 8 | 5 | | |
| | | 7 | | 3 | 6 | | 4 | 8 |
| 6 | | 8 | 5 | | | 3 | | 7 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 8 | 9 | 4 | 3 | | | 5 |
| | 3 | | | | | 8 | 6 | |
| 2 | 9 | | | 8 | 6 | 4 | | 7 |
| 7 | 2 | 6 | | | | | | 1 |
| | 5 | 9 | 6 | 1 | 8 | 7 | | |
| | | | | | 2 | 3 | 9 | |
| | 6 | 7 | | | 9 | | 4 | |
| 9 | | 3 | 7 | | | | 5 | 8 |
| | | | 4 | 6 | 5 | 9 | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૭૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | 6 | 5 | 2 | 7 | 8 | 4 | 3 |
| 8 | 5 | 3 | 6 | 4 | 1 | 9 | 7 | 2 |
| 7 | 4 | 2 | 3 | 8 | 9 | 5 | 6 | 1 |
| 3 | 8 | 7 | 1 | 9 | 6 | 4 | 2 | 5 |
| 5 | 1 | 4 | 2 | 3 | 8 | 6 | 9 | 7 |
| 2 | 6 | 9 | 4 | 7 | 5 | 3 | 1 | 8 |
| 9 | 2 | 8 | 7 | 6 | 3 | 1 | 5 | 4 |
| 6 | 7 | 1 | 8 | 5 | 4 | 2 | 3 | 9 |
| 4 | 3 | 5 | 9 | 1 | 2 | 7 | 8 | 6 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 3 | 5 | 6 | 1 | 2 | 7 | 8 | 4 |
| 1 | 6 | 4 | 8 | 7 | 9 | 5 | 3 | 2 |
| 7 | 8 | 2 | 3 | 5 | 4 | 6 | 1 | 9 |
| 3 | 7 | 1 | 9 | 2 | 5 | 8 | 4 | 6 |
| 5 | 4 | 6 | 7 | 8 | 1 | 2 | 9 | 3 |
| 2 | 9 | 8 | 4 | 6 | 3 | 1 | 7 | 5 |
| 8 | 1 | 3 | 2 | 4 | 6 | 9 | 5 | 7 |
| 4 | 2 | 7 | 5 | 9 | 8 | 3 | 6 | 1 |
| 6 | 5 | 9 | 1 | 3 | 7 | 4 | 2 | 8 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 9 | 4 | 8 | 3 | 7 | 1 | 2 | 6 |
| 3 | 1 | 7 | 4 | 6 | 2 | 8 | 5 | 9 |
| 8 | 6 | 2 | 9 | 5 | 1 | 3 | 4 | 7 |
| 2 | 8 | 9 | 6 | 1 | 5 | 7 | 3 | 4 |
| 6 | 7 | 5 | 3 | 4 | 8 | 9 | 1 | 2 |
| 1 | 4 | 3 | 7 | 2 | 9 | 6 | 8 | 5 |
| 9 | 2 | 1 | 5 | 7 | 3 | 4 | 6 | 8 |
| 4 | 3 | 8 | 2 | 9 | 6 | 5 | 7 | 1 |
| 7 | 5 | 6 | 1 | 8 | 4 | 2 | 9 | 3 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 4 | 8 | 7 | 6 | 5 | 3 | 1 | 9 |
| 5 | 9 | 1 | 8 | 3 | 4 | 2 | 6 | 7 |
| 6 | 7 | 3 | 1 | 2 | 9 | 4 | 5 | 8 |
| 7 | 5 | 6 | 9 | 1 | 2 | 8 | 3 | 4 |
| 8 | 3 | 2 | 4 | 5 | 6 | 7 | 9 | 1 |
| 9 | 1 | 4 | 3 | 8 | 7 | 5 | 2 | 6 |
| 1 | 2 | 5 | 6 | 7 | 8 | 9 | 4 | 3 |
| 4 | 6 | 7 | 5 | 9 | 3 | 1 | 8 | 2 |
| 3 | 8 | 9 | 2 | 4 | 1 | 6 | 7 | 5 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# અન્ય સંસ્થાના સમાચાર

## ડૉ. કુમારપાળ દેસાઇને એનાયત થયેલો જૈના ગ્લોબલ એવોર્ડ ૨૦૨૫

અમેરિકા અને કેનેડાનાં ૭૨ જેટલાં સેન્ટર અને સંઘોનું પ્રતિનિધિત્વ કરતી અને ભારત બહારની જૈન ધર્મની સૌથી મોટી અમેરિકાની 'જૈના' સંસ્થાનું શિકાગોમાં દ્વિ-વાર્ષિક સંમેલન યોજાયું. ૧૯૮૧માં સ્થપાયેલી બે લાખ સભ્યો ધરાવતી આ સંસ્થાએ પ્રથમવાર જૈન ધર્મ દર્શનનો વૈશ્વિક પ્રભાવ સર્જનારી વ્યક્તિઓને 'જૈના ગ્લોબલ એવોર્ડ ૨૦૨૫' આપવાનું જાહેર કર્યું. જેમાં જાણીતા સાહિત્યકાર, પત્રકાર અને જૈનદર્શનના ચિંતક ડૉ. કુમારપાળ દેસાઈને એમના વૈશ્વિક કક્ષાએ જૈન ધર્મ, દર્શન, ઈતિહાસ અને જૈન જીવનશૈલીના પ્રસાર માટે જૈના ગ્લોબલ એવોર્ડ ૨૦૨૫ એનાયત કરવામાં આવ્યો છે. ગુજરાતી, હિંદી અને અંગ્રેજીમાં ૭૦થી વધુ પુસ્તકો અને ત્રણ હજારથી વધુ લેખો લખનાર કુમારપાળ દેસાઈના વિશ્વવ્યાપી કાર્યને માટે આ ઍવોર્ડ અપાયો. વ્યાપક જનસમૂહમાં પ્રવચનો દ્વારા, ઑનલાઈન માહિતી દ્વારા અને અખબાર તથા સામયિકોના માધ્યમથી તેમજ કથાશ્રેણી દ્વારા જૈન ધર્મની વિશેષતાઓને વિશ્વમાં વ્યાપક સંદર્ભ સાથે રજૂ કરી છે. વિશ્વભરનાં ચારેય ખંડોમાં જૈન ધર્મ વિશેનાં પ્રવચનો આપવાની સાથોસાથ ભારતીય સંસ્કૃતિ અને ગુજરાતી સાહિત્ય વિશે વક્તવ્ય આપનાર કુમારપાળ દેસાઈને આ પૂર્વે અટલ બિહારી બાજપેયીના હસ્તે 'જૈન રત્ન'નો ઍવોર્ડ પ્રાપ્ત થયો હતો. એ પછી જૈન વિભૂષણ તથા ઈંગ્લૅન્ડમાં હેમચંદ્રાચાર્ય ઍવોર્ડ અને અહિંસા ઍવોર્ડ એનાયત થયા છે અને આ પૂર્વે અમેરિકાની 'જૈના' સંસ્થા દ્વારા ૧૯૯૭માં પ્રેસિડેન્ટ સ્પેશિયલ ઍવોર્ડ, ૨૦૨૩માં જૈના એમ્બેસેડર ઍવોર્ડ એનાયત થયા છે. આ દેશ-વિદેશના કાર્યો માટે ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી, ભારતના ચેરમેન તરીકે કાર્યરત પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની સાથોસાથ ઇંગ્લૅન્ડની ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીનું નેતૃત્વ કરનાર શ્રી નેમુ ચંદરયાને પણ જૈના ગ્લોબલ ઍવોર્ડ ૨૦૨૫ પ્રાપ્ત થયો છે.

## ભાવનગર કચ્છ સમાજ દ્વારા અષાઢ સુદ બીજ, કચ્છી નવા વર્ષની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી

આ વર્ષે ૨૭મી જૂન ૨૦૨૫ ને શુક્રવારે ભાવનગર કચ્છ સમાજ દ્વારા અષાઢી બીજ કચ્છી નૂતન વર્ષની ભવ્ય ઉજવણીનું દર વર્ષની માફક સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છ અને હાલાર વિસ્તારોમાં છેક ૧૨મી સદીથી એટલેકે જામ લાખા ફુલાણીના સમયથી અષાઢ સુદ બીજના દિવસે નવા વર્ષની ઉજવણી થાય છે. આ વર્ષે અષાઢ સુદ બીજથી કચ્છ હાલારમાં વિક્રમ સંવત ૨૦૮૨નો પ્રારંભ થયો. આ પ્રમાણે લગભગ છેલ્લા નવસો વર્ષથી આ અષાઢી બીજનું પર્વ સમગ્ર કચ્છમાં ધામધૂમથી ઉત્સાહપૂર્વક 'નૂતન વર્ષારંભ' તરીકે ઉજવવામાં આવે છે. તો કચ્છ બહાર સ્થાયી થયેલા દેશ-પરદેશનાં કચ્છીઓ, અષાઢી બીજના પર્વ પર બહુ ઉત્સાહપૂર્વક પોતાનાં માદરે વતનનો આ મોટો અને મુખ્ય તહેવાર ઉજવીને, પોતાની માતૃભૂમિ કચ્છને વંદન કરે છે.

કચ્છીઓ માટે એવું કહેવાય કે 'જીત હેકડો કચ્છી વસે ઉત ડીયોડી કચ્છ' એટલે કે જ્યાં માત્ર એક કચ્છી વસતો હોય ત્યાં તે આખું કચ્છ ઉભું કરી દે છે!

ભાવનગર કચ્છ સમાજની સ્થાપના થઇ (૧૯૮૬) ત્યારથી છેલ્લા ૩૯ વર્ષથી ભાવનગરમાં રહેતા અને ભાવનગર કચ્છ સમાજના તમામ કચ્છી પરિવારો એકઠા થઇ કચ્છી નવું વર્ષ અષાઢીબીજની હર્ષોલ્લાસથી ઉજવણી કરી હતી. કચ્છી લોકોનો વતનપ્રેમ વિશેષ હોય છે. જગતમાં ગમે ત્યાં વસતા હોય પણ પોતાના વતન પ્રત્યે કંઈક કરી છુટવાની ભાવના હંમેશાં રાખતા હોય છે. એવું કહેવાય છે કે પરદેશમાં વસતા કચ્છીને કચ્છમાં સારા વરસાદ થયાના સમાચાર મળે તો અચૂક તેના ઘરે લાપસીના આંધણ મૂકાય!

સવારથી જ માં આશાપુરાની વિશેષ પૂજા અને ધજા બદલવાના કાર્યક્રમમાં સુ. શ્રી સોનલબા વિશ્વરાજસિંહ ઝાલા અને દિલીપસિંહ જાડેજા પરિવાર દ્વારા ધજા અને શસ્ત્ર ઉપરાંત યંત્ર અને પાદુકાનું પુજન કરવામાં આવ્યું. આ તકે સમાજના આગેવાનો પણ આ પૂજાવિધિમાં જોડાયા હતા. બાદ સાંજે ૫.૦૦ કલાકથી સમાજની સામાન્યસભા મળી હતી. આ વર્ષે આ કાર્યક્રમમાં કચ્છના વતની એવા ભાવનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સુશ્રી. જે. એન. જરૂ, માન. કોર્પોરેટર સુ.શ્રી વર્ષાબા પરમાર તથા ભાવનગર જિલ્લા તિજોરી કચેરીના અધિકારી શ્રી કે. જે. ગોસ્વામીએ કાર્યક્રમનું મુખ્ય અતિથિપદ શોભાવ્યુ હતું. કાર્યક્રમમાં વાર્ષિક હિસાબો કોષાધ્યક્ષ શ્રી જગદીપભાઈ વ્યાસે રજૂ કર્યા હતા, તો વાર્ષિક અહેવાલ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહે રજૂ કર્યા હતા. ત્રણે મુખ્ય મહેમાનોએ પ્રસંગોચિત ઉદબોધન કર્યા હતા અને સૌને નવા

વર્ષની શુભકામના પાઠવી હતી. સમાજના ઉપ પ્રમુખ ડો. રવિભાઈ અને રેખાબેન પટેલનું સમાજ માટે અનન્ય યોગદાન બદલ સૌ સભાસદો અને મહેમાનોએ ઉભા થઈ તાળીઓના ગડગડાટ સાથે અભિવાદન કર્યું હતું.

આ ઉપરાંત ભાવનગરથી બદલી થઈ ગાંધીનગર મુકામે જતા શ્રી રવિભાઈ મહેશ્વરી અને તેમના પરિવારનું શાલ ઓઢાડી સ્મૃતિભેટ આપી સન્માન સહ વિદાય આપવામાં આવી હતી. તેમજ મંદિર માટે અને સમાજ માટે હંમેશાં મદદરૂપ થતા શ્રી મહેન્દ્રભાઈ સિદ્ધપુરા અને કુળદેવી ઇલેક્ટ્રોનિક્સ વાળા શ્રી ગોપાલભાઈનું પણ શાલ ઓઢાડી સ્મૃતિભેટ આપી સન્માન કરવામાં આવ્યું. સરસ્વતી વંદના કાર્યક્રમ હેઠળ ૭૨ તેજસ્વી વિદ્યાર્થીઓને મહેમાનોના હાથે ઇનામો આપી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ભાવનગરમાં વસતા કચ્છ સમાજના સભ્યો ઉપરાંત સમાજના સ્નેહીજનોએ પણ આ ઉજવણીમાં ભાગ લીધો હતો. જેમાં ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બરના શ્રી ભૂપતભાઈ વ્યાસ, દેવલભાઈ શાહ, રવીન્દ્રભાઈ ઘેવરીયા, સિહોર ચેપ્ટરથી શ્રી દીપકભાઈ ધોળકિયા, નવજવાનસંઘ હોસ્પિટલના શ્રી સૂર્યકાંત ચાવડા, મહાવીર મંડપવાળા શ્રી ઈશ્વરભાઈ લશ્કરી, યુબીઆઈ બેંકના મેનેજર શ્રી રમેશચંદ્રજી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સાંજે ૨૧ દીવાની આરતી કરવામાં આવી અને ચંદ્ર દર્શન બાદ સૌ સાથે મળી મેઘ લાડુનું ભોજન કરી છૂટા પડ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સમાજના મંત્રી ડો. ઇન્દ્રભાઈ ગઢવીએ કર્યું હતું તો ભોજન વ્યવસ્થા મંત્રી શ્રી હસમુખભાઈ પટેલે સંભાળી હતી. પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ અને ઉપ પ્રમુખ ડૉ. રવિભાઈના માર્ગદર્શનમાં સમગ્ર ટીમ રઘુભા જાડેજા, કિરીટસિંહ ગોહિલ, અશોકભાઈ અંજારિયા, ઘનશ્યામસિંહ જાડેજા, તુલસીભાઈ પટેલ, જગદીપભાઈ વ્યાસ ઉપરાંત ઇનામ વિતરણની વ્યવસ્થા સુ. શ્રી ભારતીબેન શાહના માર્ગદર્શનથી જયાબેન ગઢવી, જયશ્રીબેન પટેલ, હેમીનાબેન વ્યાસ, રેખાબેન પટેલ વગેરેએ સાંભળી હતી.

## કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા - ભુજ

કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા - ભુજ દ્વારા નવોદિત લેખન પ્રવૃત્તિ સાથે વિવિધ સાહિત્યના કાર્યક્રમ વિકાસને સંવર્ધન માટે પ્રવૃત્તિ કરવામાં આવે છે. જેમાં નવોદિત રસિક શોખીનોને પ્લેટફોર્મ સાથે પ્રોત્સાહન આપવામાં આવે છે. તેની સાહિત્ય ગોષ્ઠિ બેઠક દિલીપ આચાર્યના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતી.

આ ક્ષેત્રે વધુ વાંચન, લેખન સાહિત્યમાં થતું રહે તેમજ પ્રાચીન સાહિત્યના લેખન - કવિના સાહિત્યમાંથી પ્રેરણા લેવા તેમના જન્મ જયંતી વગેરે ઉજવવા સાથે વિવિધ સાહિત્ય વાંચન, લેખન ગ્રુપ સભ્યનું કરવામાં આવે છે. આવી રીતે સભ્યો તરફથી દર અઠવાડિયે સાહિત્ય ગોષ્ઠિ બેઠક યોજવામાં આવે છે તેમજ અન્ય કાર્યક્રમ કરવામાં આવે છે. જેમાં ચંદુલાલ ગોર, મદન ભટ્ટ, કનૈયાલાલ અબોટી, ખુશ્બુ સરવૈયા, ભાવના આહીર વગેરે હાજર રહેલ હતા. જેમાં આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક મુક્ત દિન, સ્વામી વિવેકાનંદ પુણ્યતિથિ, જેક ફૂડ (ફણસ) ડે, વિશ્વ યુ.એફ.ઓ. દિવસના કાર્યક્રમમાં રચના ભારતી ભંડેરી સાથે વરસાદની જયંતી વેદિયા, ઉષા દાવડા, મીરા વ્યાસ, પુષ્પા વૈદ્ય, નેણશી મીઠિયા, કવિ જાન વગેરે જોડાયા હતા. જે સભ્યોની રચના પઠન કરવામાં આવેલ હતી. દર વખતની જેમ કાવ્ય સંગ્રહ (કાવ્ય કિરણ) ટૂંક સમયમાં પ્રકાશિત કરવામાં આવશે તેવી વિચારણા કરવામાં આવેલ હતી.

★

ભુજ કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થાના ઉપક્રમે ડૉક્ટર દિવસ, સોશિયલ મીડિયા દિન વગેરે પર્વ ઉજવણી બેઠક વરસાદી માહોલમાં સ્થાપક પ્રમુખ દિલીપ આચાર્યના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતી. જેમાં પર્વના મહિમા સાથે માહિતીનું વિવરણ કરવામાં આવ્યું હતું.

અષાઢી ચોમાસાના માહોલ વચ્ચે વરસાદી રચના રજૂ કરી પછી દિવ્યકાંત છાયા, ચંદુલાલ ગોર, કવિ નંદ, સોનલ ભાટિયા, વિનોદ ગોર, પુષ્પ વૈદ્ય, વિનોદ સલાટે વિવિધ રચના રજૂ કરેલ હતી. જયદેવ ગઢવીએ પ્રાચીન દુહા, છંદ રજૂ કરેલ હતા. મગનભાઈ ઠક્કર કાવ્ય પ્રસ્તુત કરેલ. જયારે ઉપસ્થિત સભ્યોએ પઠન કર્યું હતું. જેમાં ભારતી ભંડેરી, ઉષા દાવડા, મીરા વ્યાસ, પ્રભુલાલ સિધ્ધપુરા, ભારતી ગડા, રાજેશ સોની, વેરસી માતંગ, છાયા શાહ, હરેશ દરજી, મનીષા વીરા, અન્ય કૃતિમાં કોકિલા રાજગોર, ભરત ગોસ્વામી, કવિ નૂર, રમેશ પટેલ, પંકજ ભંડેરી સહિત એ ભાગ લેવા જોડાયા હતા. નારદી પારેખ, કનૈયાલાલ અબોટી, મદન ભટ્ટ, ભરત શાહ, ભાવના આહીર, ખુશ્બુ સરવૈયા, નયના ચારનીયા વગેરેએ સહયોગ આપ્યો હતો.

## લોહાણા સમાજ માટે નિઃશુલ્ક ગરબા ક્લાસીસનું આયોજન

શ્રી ભુજ લોહાણા મહાજનના સાંનિધ્યમાં શ્રી અખિલ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેના તથા શ્રી ભુજ લોહાણા યુવા મંડળ

દ્વારા આયોજિત "પાંજો તહેવાર, પાંજી ગરબી" નવરાત-૨૦૨૫ અંતર્ગત લોહાણા સમાજના લોકો માટે શ્રી અખિલ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેના દ્વારા કચ્છના પ્રસિદ્ધ કોરિયોગ્રાફર જતીન યાદવ RHYTHM ના સથવારે નિઃશુલ્ક ગરબા ક્લાસીસનું તા. ૨૩-૭થી તા. ૧૮-૯-૨૦૨૫ સુધી સોમવારથી શુક્રવાર સાંજે ૬.૦૦થી ૧૦.૦૦ કલાક સુધી શેઠશ્રી રસીકલાલ કરશનદાસ કતીરા પાર્ટી પ્લોટ, ભાનુકાંત લાલજી પલણ હોલ - ભુજ ખાતે આયોજન કરવામાં આવેલ છે.

શ્રી ભુજ લોહાણા મહાજનના પ્રમુખશ્રી ડૉ. મુકેશભાઈ ચંદે, ઉપપ્રમુખશ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, મંત્રી શ્રી હિતેશભાઈ ઠક્કર તથા સમસ્ત કારોબારી તેમજ આમંત્રિત સભ્યોના, શ્રી અખિલ કચ્છ રઘુવંશી સોશિયલ ગ્રુપના પ્રમુખ શ્રી જયેશભાઈ સચદે, શ્રી ભુજ લોહાણા મહિલાશ્રમના પ્રમુખ શ્રી હર્ષદભાઈ ઠક્કર, શ્રી ભુજ લોહાણા યુવા મંડળના પ્રમુખ શ્રી નીતિનભાઈ સચદે, શ્રી ભુજ લોહાણા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મમતાબેન ઠક્કર અને દાતાશ્રીઓના સહયોગથી આ નિઃશુલ્ક ગરબા ક્લાસનું આયોજન કરવામાં આવેલ છે.

આ આયોજનને સફળ બનાવવા માટે રઘુવીર સેનાના પ્રમુખ શ્રી મયંકભાઈ રૂપારેલ, શ્રી મિતભાઈ ઠક્કર, મહામંત્રી શ્રી મેહુલભાઈ કોટક, શ્રી દિનેશભાઈ ઠક્કર, શ્રી તુષારભાઈ આઈયા, શ્રી જીગરભાઈ કોટક, શ્રી રીશીભાઈ ઠક્કર, શ્રી ધવલભાઈ ઠક્કર, શ્રી ભાવેશ સોમૈયા, શ્રી શિવમ કાનાબાર, શ્રી ભુજ લોહાણા યુવા મંડળના ઉપપ્રમુખ શ્રી નમન ઠક્કર, શ્રી વરૂણ ઠક્કર, શ્રી સ્મિત નરમ, બીજલબેન ઠક્કર, શ્રી જય ઠક્કર, શ્રી દીપ ઠક્કર, શ્રી હિરેન ઠક્કર તથા રઘુવીર સેનાની સમગ્ર ટીમ જહેમત ઉઠાવી રહી છે.

આ ગરબા ક્લાસનું આયોજન પ્રોજેક્ટ ચેરમેન શ્રી નિખિલ ઠક્કર અને શ્રી માહિર કોટકની આગેવાની હેઠળ થઈ રહ્યું છે. આ આયોજનમાં મહિલાઓ અને પુરૂષો માટે અલગ અલગ બેચ રહેશે. આ ગરબા ક્લાસનો શુભારંભ તા. ૨૩-૭-૨૦૨૫ના રોજ શ્રી ભુજ લોહાણા મહાજનના હોદ્દેદારશ્રીઓ, વિવિધ સંસ્થાઓના હોદ્દેદારશ્રીઓ તથા દાતાશ્રીઓના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવશે. ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ ૨૧-૭-૨૦૨૫ છે. ફોર્મ મેળવવા માટે શ્રી ભુજ લોહાણા મહાજનવાડી કાર્યાલયનો સંપર્ક કરવો. વધુ માહિતી અને નામ રજિસ્ટ્રેશન કરાવવા માટે શ્રી નમન ઠક્કર (૯૪૨૯૦ ૧૨૮૦૦), બીજલબેન ઠક્કર (૮૫૧૧૦ ૪૦૪૦૦) તથા શ્રી સ્મિત નરમ (૮૯૮૦૨ ૧૬૮૨૨)નો સંપર્ક કરવો. ■

## ભાઈ બહેનના સ્નેહ લાગણીનું પર્વ રક્ષા બંધન

આપણી પ્રાચીન સંસ્કૃતિની ભારતીય પરંપરામાં પાવન શ્રાવણી માસમાં શિવ ઉપાસના, અર્ચનનો આરંભ થાય છે. આ માસમાં ઉત્સવો પણ આવે છે. જેમાં રક્ષા બંધન, જનોઈ (યજ્ઞો પવિત) બદલવી, સાગર પૂજા, નાળિયેરી પૂર્ણિમા જેવા પર્વ આવે છે. જે ઉત્સવો આનંદથી ઉજવવામાં આવે છે. એવો ભક્તિભાવ સભર પવિત્ર માસ આવે છે જે તહેવારની અનોખી છાપ પડે છે.

આમ સ્નેહનું બંધન પવિત્ર પર્વ રક્ષા બંધન તેવો ભાઈ-બહેનના પ્રેમ લાગણી આધ્યાત્મિકતાથી ઘણું મહત્ત્વ રહેલ છે.

ભાઈ બહેનની સ્નેહ ગાથાનું પર્વ છે. આ ઇતિહાસમાં મહિમા પુરાણો વગેરેમાં ગવાયો છે. જેમાં મહાભારતમાં નજર કરીએ તો સુભદ્રા પુત્ર અભિમન્યુના સ્મરણાર્થે માતા કુંતીએ રાખડી બાંધી છે. મોગલ સુલતાન સમયમાં અંતિમ રાજવીની સુવર્ણમય જડિત કલાત્મક રાખડી રાજા અકબર બાદશાહને કાંડે બાંધી છે. રાજસ્થાનમાં રણ શુરી પરિવારની જોધાબાઈ પરાક્રમી પ્રસંગ યાદ આવે છે. આવા ઐતિહાસિક પ્રેરણારૂપ પ્રસંગો ઘણા જ યાદ આવે છે. તેવો રક્ષા બંધન તહેવાર છે.

આ પર્વનું પુરાણોમાં પણ મહત્ત્વ સ્નેહ બંધન તરીકે મનાય છે. ભાઈ રક્ષક, બહેન રક્ષ ય એટલે રક્ષા બંધન તહેવાર ભાવ સૂચક બને છે. પ્રાચીન સમયમાં લંકા, બ્રહ્મદેશ, જાવા વગેરે દેશો સાથે સાગર વહેવાર હતો. એટલે સાગર પૂજાનો મહિમા રહેલ છે. ભારતમાં પવિત્ર ગંગા, યમુના, ગોદાવરી વગેરે નદીઓનું પૂજનમાં મહત્ત્વ રહેલ છે. આ પર્વ વેદ નિષ્ઠા, વેદની રક્ષાની યાદ આપતો માનવામાં આવે છે. આ રક્ષા બંધન તહેવાર નારી તરફની લાગણી સાથે નિર્મળ સ્નેહ સમજાવતો પવિત્ર જળ જેવી દૃષ્ટિથી ઉજવવામાં આવે છે. જીવનમાં પ્રેમના પ્રતિકની પ્રાપ્તિ થાય છે. આ તહેવાર એ સ્નેહમય લાગણીના બંધન સાથે ઉજવાતો તહેવાર છે. જે સુખ, શાંતિનું યાદગાર સ્નેહમય વિશુધ્ધ લાગણીના બંધનનું પર્વ છે.

***દિલીપ આચાર્ય 'દિલકશ' – ભુજ, કચ્છ***

*કોઈ વિપત્તિના સમયે આપને આ સાત ગુણો*
*વિપત્તિમાંથી બહાર લાવવા જરૂર પ્રયાસ કરશે :*
*તમારું જ્ઞાન, તમારી વિનમ્રતા, તમારી બુદ્ધિ,*
*તમારી સાહસવૃત્તિ, તમારા શુદ્ધ કાર્યો,*
*તમારી સત્ય બોલવાની ટેવ*
*અને તમારો કુદરત પર વિશ્વાસ.*

પ્રેરણાત્મક પ્રસંગો

# મણકો - ૩૬ : મારા પિતાથી કોઈ ભૂલ થઈ હોય તો માફ કરજો
# મણકો - ૩૭ : નવા વિચારો, નવી પદ્ધતિ અને નવો ઉત્સાહ

• સંકલન •
ડૉ. આશિષ ચોકસી

## મારા પિતાથી કોઈ ભૂલ થઈ હોય તો માફ કરજો

અબ્રાહમ લિંકન એમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બન્યા તે વખતની વાત છે. એક અશ્વેત વ્યક્તિઓ માટે લડનાર ચૂંટણી જીતી રાષ્ટ્રપ્રમુખ બને તે કેટલાંક ધનવાન અને શ્વેત સેનેટર્સને ગમ્યું ન હતું. અબ્રાહમ લિંકન શપથ લેવા ઊભા થયા ત્યારે એક ધનવાન સેનેટર ઊભા થયા અને બોલ્યા, 'મિ. લિંકન, તમે એ વાત ના ભૂલશો કે એક સમયે તમારા પિતા મારા પિતાના જૂતાં રીપેર કરવા આવતા હતા. તમારા પિતા જૂતાં રીપેર કરનાર કારીગર હતા.'

એક સેનેટર નવા પ્રેસિડેન્ટનું આવું અપમાન કરે એ જોઈ આખી સેનેટમાં શાંતિ છવાઈ ગઈ. બધાની નજર હવે નવા પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકન પર હતી. લિંકને જરાય ઉશ્કેરાયા વિના કે ગુસ્સે થયા વિના સેનેટરને શાંતિથી જવાબ આપ્યો, 'મિ. સેનેટર, આજે મેં પ્રેસિડેન્ટ તરીકે શપથ લીધા છે એ જ દિવસે તમે મારા પિતાની યાદ અપાવી તે બદલ તમારો આભાર. બીજું, મારા પિતા જૂતાં રીપેર કરવા માટેના શ્રેષ્ઠ કારીગર હતા. એટલો શ્રેષ્ઠ પ્રેસિડેન્ટ કદાચ હું નહીં બની શકું અને મારા પિતાએ તમારા પિતાના જૂતાં રીપેર કરવામાં જો કોઈ ભૂલ કરી હોય તો મારા પિતા વતી હું માફી માંગું છું.'

સેનેટર નીચું જોઈ ગયા અને આખી સેનેટે અબ્રાહમ લિંકનના જવાબને તાળીઓથી વધાવી લીધો.

• **છેલ્લો બોલ :**

*સજ્જન અને દુર્જન બન્ને માણસો દરેક પ્રકારના અપરાધો કરતા હોય છે. સજ્જન માણસ અને દુર્જન માણસમાં ફર્ક એ પડે છે કે સજ્જનો અપરાધ કરે તો અપરાધ કબૂલી લેતાં હોય છે, પોતાની જાતને ફરી અપરાધ ન કરવા તૈયાર કરે છે અને અન્ય કોઈએ અપરાધ કર્યો હોય તો તેને ક્ષમા આપી શકે છે.*

*દુર્જનો અપરાધ કબૂલતા નથી, પોતાની જાતને બદલતા નથી અને અન્યએ અપરાધ કર્યો હોય તો બદલો લે છે પણ તેને માફ કરતા નથી.*

## નવા વિચારો, નવી પદ્ધતિ અને નવો ઉત્સાહ

તમે ક્યારેય ભૂલ સુધારવા પાછા શરૂઆત પર જઈ શકવાના નથી પણ તમે જ્યાં છો ત્યાંથી નવેસરથી, નવા વિચારોથી, નવા ઉત્સાહથી તેમજ નવી પદ્ધતિથી શરૂઆત કરીને કામનો અંત સુંદર રીતે લાવી શકો છો.

સફળ, શાંત અને ખુશ જીવન જીવતા લોકો પોતાનો ભૂતકાળ ડસ્ટબિનમાં ફેંકી દેતાં હોય છે, વર્તમાનકાળ હંમેશાં ટેબલ પર રાખતા હોય છે અને ભવિષ્ય હંમેશાં નોટીસ બોર્ડ પર રાખતા હોય છે.

મનના માળિયામાં રહેલ ભૂતકાળના કચરાને સાફ કરી વર્તમાનમાં તમારી પાસે રહેલા શ્રેષ્ઠ રંગોથી મનને ભરી દો, જીવંત કરી દો, પ્રફુલ્લિત કરી દો. જો આમ થયું તો આવનાર સુંદર દિવસોનું નિર્માણ કરવાની તમારી ક્ષમતામાં આપોઆપ વધારો થશે. ભૂતકાળ સાથે કામ કરનાર વ્યક્તિ આગળ નીકળી શકે છે પણ આગળનું જોઈ શકતી નથી. જીવનમાં આગળ નીકળવા કરતાં આગળનું જોઈ શકનાર વ્યક્તિ વધુ સફળ થાય છે.

જો આહાર સારો હશે તો તમારું શરીર મંદિર બની જશે. જો તમારા વિચારો સારા હશે તો તમારું મન મંદિર બની જશે. જો તમારો વ્યવહાર સારો હશે તો તમારો આત્મા મંદિર બની જશે અને જો આ ત્રણેય વસ્તુઓ સારી હશે તો તમારું જીવન મંદિર બની જશે. (ગુરૂ વિશ્વરત્નજી)

જો કંઈક આપવું હોય તો દાન, જો કંઈક લેવું હોય તો જ્ઞાન અને જો કંઈક ત્યાગવું હોય તો અભિમાન સર્વશ્રેષ્ઠ છે.

• **છેલ્લો બોલ :**

*સકારાત્મક વિચાર રાખવાનો પ્રયત્ન કરો તો કોઈ પણ પ્રકારનો અવાજ સંગીત લાગશે, ચાલ નૃત્ય બની જશે, દરેક વાતમાં આનંદ દેખાશે, દરેક ઘટનામાં ખુશી અનુભવાશે, મન ધ્યાન થઈ જશે અને જીવન ઉત્સવ બની જશે.*

*– ભાઈશ્રી રમેશભાઈ ઓઝા*

*દૂધથી ભરેલ માટીનું વાસણ ઝેરથી ભરેલ સોનાના વાસણ કરતા કિંમતી છે.*
*એજ રીતે મનુષ્યની બહારની સુંદરતા કરતાં અંદરના સંસ્કારોનું મૂલ્ય અધિક છે.*

## સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

# મણકો - ૨૦ : સેનાપતિ તાત્યા ટોપે

• લેખક •
રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ

*જન્મ : ૧૯ ફેબ્રુઆરી, ૧૮૧૪*

*વીરગતિ : ૧૮ એપ્રિલ, ૧૮૫૯*

આ રણ ધૂરંધર સેનાનીનો જન્મ ૧૯ ફેબ્રુઆરી ૧૮૧૪ના રોજ થયો હતો. તાત્યા ટોપેનું ખાનદાન મૂળ નાસિકના યેવલાનું. તેમના પિતાનું નામ પાંડુરંગ ત્ર્યંબક ભટ્ટ ઉર્ફે યેવલેકર હતું. પાંડુરંગ ભટ્ટના સંસ્કૃત પાંડિત્યથી પ્રભાવિત થઈ પેશવા બાજીરાવે ભર દરબારમાં અતિ મૂલ્યવાન રત્નજડિત ઊંચી ટોપી આપી સત્કાર કર્યો તેથી તેમની અટક ટોપે પડી હતી. પાંડુરંગ રાવના બીજા પુત્ર રામચંદ્ર આગળ જતાં તાત્યા ટોપેના નામથી ઓળખાવા લાગ્યા. નોકરી નિમિત્તે પાંડુરંગરાવ બ્રહ્માવર્ત આવ્યા. ત્યાં રજવાડામાં જ તાત્યાએ નાનાસાહેબ અને લક્ષ્મીબાઈ સાથે યુદ્ધકળા આત્મસાત્ કરી પોતાની કારકિર્દીનો પાયો બાંધ્યો. 'નાનાસાહેબના એ.ડી.સી.' તરીકે અંગ્રેજ ગ્રંથકારોએ તેમનું વર્ણન કર્યું છે. તાત્યાનું વ્યક્તિત્વ રૂઆબદાર હતું. ઊંચાઈ પાંચ ફૂટ છ ઈંચ હતી. નેણ અત્યંત રેખાદાર હતા. તે નિશ્ચયી સ્વરમાં બોલતા. તાત્યાને ઉર્દુ, મરાઠી અને ગુજરાતી ભાષા આવડતી હતી. તેઓ અંગ્રેજી હસ્તાક્ષર પણ કરી જાણતા હતા. ૧૮૫૭ના અરસામાં ઘટેલી રાજકીય ઘટના વખતે તે નાનાસાહેબના સલાહકાર હતા. ૧૮૫૭ના સ્વાતંત્ર્યના સંગ્રામની ઘટના વિદ્યુતવેગે આગળ વધી ગઈ હતી. તાત્યાની કાબેલિયતને લીધે સેનાપતિ પદ તાત્યા પાસે આવ્યું. કાનપુરનો તાબો ફરીથી અંગ્રેજો પાસે ગયો. આ વખતે તાત્યાની સૈન્ય-રચના અને રણકૌશલ્યના વખાણ અંગ્રેજ ઈતિહાસકારોએ પણ કર્યા.

પરાભૂત થયેલા પંથકોને કાલ્પી નજીક ફરીથી એકઠા કરવાનું તાત્યાએ નિરધાર્યું. તે જ યોજના હેઠળ પોણા બે વરસ સુધી ક્રાંતિયુદ્ધ ચાલતું રહ્યું. આ યુદ્ધમાં તાત્યાએ અનેક રાજાઓ પાસે મદદ માગી. પણ તે બધાએ નકારી કાઢી. તે બધા ઉપર હુમલા કરી પેશવાના સેનાપતિ તરીકે ખંડણી અને યુદ્ધ સાહિત્ય એકઠું કરી અંગ્રેજો સાથે યુદ્ધ ચાલુ રાખ્યું. કાલ્પી નજીક આવેલી રાણી લક્ષ્મીબાઈને મદદ કરવા ગ્વાલિયરના સિંધિયાને પોતાની તરફ વાળવાના પ્રયત્નમાં નિષ્ફળતા મળી. હાર-જીતનો સામનો દીર્ઘકાળ સુધી તાત્યાને કરવો પડ્યો. તે દરમિયાન અંગ્રેજોને સતત હાથતાળી આપતા રહ્યા. આ અલ્પ સમય દરમ્યાન હેવલોક, સર રોઝ, રોબર્ટ નેપિયર, સ્મિથ, મેન હોમ્સ, મિચેલ વગેરે અંગ્રેજ સેનાપતિઓનો રણમેદાનમાં સામનો કર્યો હતો. રણભૂમિ પર પ્રભુત્વ, જલદ હિલચાલ, શત્રુની આંખોમાં ધૂળ ઝોંકવી, સામાન્ય જનતાની સહાનુભૂતિને લીધે તાત્યા અંગ્રેજોના હાથે સપડાતા ન હતા. આખરે રીચર્ડ મિડે કૂટનીતિ વાપરી. ગ્વાલિયરના નમકહરામ માનસિંહની મદદથી તાત્યાની અટક કરી. તાત્યા ઉપર શિમી ખાતે મુકદમો ચલાવી આ યોદ્ધા સેનાપતિને એપ્રિલ ૧૮, ૧૮૫૯ના રોજ ફાંસી અપાઈ. તે સાથે જ ૧૮૫૭ના સંગ્રામની એક જ્યોતમશાલ ઓલવાઈ ગઈ. ■

---

## દાંપત્ય જીવનમાં ટકટક

(અનુસંધાન : પાના નં. – ૭૭ ઉપરથી ચાલુ)

**ઉપસંહાર :**

૧. એકબીજા પ્રત્યે માનથી જોવાથી દાંપત્ય જીવનમાં ટહુકા થતા રહે પણ ટકટક નહિ.

૨. માથામાં વાગે તેવા શબ્દોનું ઉચ્ચારણ માંડી વાળવાનું. ગુસ્સાને સરનામું ન આપો.

૩. એકબીજાના ગમા અણગમાને ધ્યાનમાં રાખો. વારંવાર સોરી, મૌન કે જવાબ આપવાથી બાજી બગડે છે.

૪. પતિ અને પત્નીએ એકબીજાને વફાદાર રહેવાના સોગંદ લીધા છે ત્યારે દાંપત્ય જીવનમાં શંકા ને સરખામણીને કોઈ સ્થાન નથી.

૫. હા... સંવાદો મજા આવે તેવા હોવા જોઈએ. એકબીજાને ઉતારી પાડવાની વાત તદ્દન ખોટી છે તે સમજવાની જરૂર છે.

૬. અકળામણ થાય તેવી હરકતો ટાળવી. બે કામ વધારે કરી લેવાથી નાના નથી થઈ જતા. નાની નાની ભૂલો તરફ આંગળી ચિંધવાને બદલે નજર અંદાજ કરવાની જરૂર છે.

૭. છેલ્લે કોઈ અજ્ઞાત કવિના શબ્દો સમજી લઈએ...

***તું મારાથી રીસાય કે જીદ કર, તારું ધાર્યું કર, પણ યાદ રાખજે, નારાજ તારાથી હું કદી થઈશ નહીં. જીદ પૂરી કરવા ને ધાર્યું ન થાય તો તેથી શું? તને સાંભળવા ને સંભાળવા અંતે તો હું જ આવીશ, એટલે કહું છું કે અંતે આપણે બે જ હોઈશું...***

જય શ્રીકૃષ્ણ...

## એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૧૭ ★ ઓસવાલ શ્રેષ્ઠી – ૧૦

# પાટણના વેપારીઓએ ધોતિયાની એક લાંગ ખુલ્લી રાખવી પડી

• લેખક •
દેવેન્દ્ર પટેલ

ભૈંસા શાહ ઘણા પ્રતાપી હતા. તેમનું નિવાસસ્થાન ડીડવાણા હતું. તેમણે અનેક જૈન મંદિરો બંધાવ્યાં. તેઓ ઓસવાલ હતા. એકવાર તેમની માતાએ શેત્રુંજય સંઘ કાઢ્યો હતો. માર્ગમાં બધું જ ધન વપરાઈ ગયું. માતાને સંઘ કાઢતી વખતે ભૈંસા શાહે એક ડબલી આપી હતી. તે પાટણમાં ગીરવે મૂકી ધન લેવા વિચારાયું. તે વખતે પાટણમાં શેઠ ઈશ્વરદાસનું ચલણ હતું. તેમની પાસે ડબી ગીરો મૂકી ધન માંગવામાં આવ્યું પરંતુ શેઠ ઈશ્વરદાસે ઘમંડ કર્યો : 'ભૈંસા જેવા તો કંઈક મારી આગળ પાણી છે.'

માતાને ક્રોધ આવ્યો.

ભૈંસા તો તેમના વતનમાં હતા. તેમને સમાચાર મોકલવામાં આવ્યા. ભૈંસા પાસે બેસુમાર ધન હતું. તેમણે પાટણના બજારમાં ઉપલબ્ધ તમામ ઘી-તેલ ખરીદી લેવા આદેશ આપ્યો. મુનીમે જબરજસ્ત ઑર્ડર આપ્યો. શરત એ મૂકી કે જેટલો ઑર્ડર અપાય તે બધો જ માલ પૂરો પાડવો. શહેરમાંથી બધું જ તેલ અને ઘી ખરીદી લેવાયું અને તેના પૈસા પણ ચૂકવી દેવાયા પરંતુ જેટલો ઑર્ડર અપાયો હતો એટલો માલ તેઓ આપી શક્યા નહીં. ભૈંસા શેઠની ખરીદી કરવાની નાણાકીય તાકાત જોઈ પાટણના વેપારીઓ શરમાઈ ગયા. તેઓ ભૈંસા શાહ પાસે ગયા. ભૈંસાએ કહ્યું : 'મારી નહીં, મારી માતાની માફી માંગો.'

વેપારીઓએ ભૈંસાશાહની માફી માંગી પરંતુ માતાએ પાટણના વેપારીઓને એક શરતે માફી આપી : 'આજથી તમારે ધોતિયાની એક લાંગ ખુલ્લી રાખવી.' વેપારીઓએ શરત માની લીધી. મારવાડથી આવેલા વેપારીઓ સામાન્ય રીતે બે કાછોટા મારેલું ધોતિયું એ જમાનામાં પહેરતા પણ આ કિસ્સા પછી વર્ષો સુધી પાટણના વેપારીઓએ એક જ કાછોટો મારી ધોતિયાની એક લાંગ ખુલ્લી રાખવી પડી હતી. આવા અદ્વિતીય ભૈંસા શાહનો સમય વિક્રમ સંવત ૧૧૦૮નો હતો.

વિક્રમની ૧૮મી સદીમાં જગતશેઠ માણેકચંદ એક મોટા ઓસવાલ શ્રેષ્ઠી હતા. બંગાળની રાજધાની (એ વખતની) મુર્શિદાબાદમાં શેઠ માણેકચંદની શાનદાર કોઠી હતી. તેમણે રાજ્ય માટે ટંકશાળ બનાવી હતી. તેમણે બનાવેલા સિક્કા રાજ્યમાં અમલી હતા. પણ હવે અંગ્રેજોનો પ્રભાવ વધ્યો હતો. અંગ્રેજો વિદેશમાંથી ચાંદી લાવી ભારતમાં વેચતા. એ વખતે મદ્રાસમાં પણ તેમની ટંકશાળ હતી. વિક્રમ સંવત ૧૭૭૦માં બાદશાહ ફર્રુખ શિમોરે તેમને 'જગતશેઠ'ની પદવી આપી હતી.

૧૯૪૫ દરમિયાન બીજું વિશ્વયુદ્ધ થયું અને અંગ્રેજોને ભારતમાં તેમના રોકાણો અસુરક્ષિત લાગતાં કંપનીઓ વેચવા કાઢી. ૧૯૫૨ સુધીમાં પશ્ચિમ બંગાળની ૬૬ યુરોપિયન પેઢીઓ મહેશ્વરી અને અગ્રવાલ જૈન ઉદ્યોગપતિઓએ ખરીદી લીધી. બિરલા બંધુઓ યુદ્ધ પહેલાં માત્ર ૨૦ લાખની પાર્ટી હતી તે યુદ્ધ બાદ ૮૦ લાખની પાર્ટી બની ગઈ.

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં જૈન ઓસવાલોએ અફીણના ધંધામાં બેસુમાર કમાણી કરી. કાપડ અને શણના વેપારમાં તેઓ પ્રમુખ હતા.

ઓસવાલો હવે વિદેશ પણ જવા લાગ્યા હતા. ચીનના ગિરગમ પ્રદેશમાં તીર્થંકરની પ્રતિમાઓની પૂજા થતી. ખાસ ચીન (પીકવીન)માં ૩૦૦ જિનાલયો છે. કોરિયામાં પાતકે ધધેસવાલ બાધાનારે જાતિના જૈનો નિવાસ કરે છે. તિબેટમાં જૈનોનાં ૮ હજાર ઘર છે. તાતારિ દેશમાં પાતકે અને ધંધેસવાલ જાતિના જૈનો છે.

સર્વપ્રથમ ઈંગ્લેન્ડની યાત્રા કરનારા ઓસવાલ શ્રેષ્ઠી મુર્શિદાબાદના ઈન્દરચંદ દુધોડિયા હતા. ઈ.સ. ૧૮૮૨માં ઈંગ્લેન્ડ જતી સ્ટીમરમાં બેસવા તેઓ મુર્શિદાબાદથી મુંબઈ આવ્યા હતા. તે વખતે પૂનમચંદ ઝવેરી અને પ્રેમચંદ રાયચંદે જૈન સંઘ તરફથી તેમને ઈંગ્લેન્ડ જતા રોકવાની કોશિશ કરી. પરંતુ તેઓ વિલાયત ગયા જ. ત્યારબાદ વેપાર કરવા શેઠ હનુતમલજી શેઠિયાના પુત્ર ખૂબચંદ પણ ઈંગ્લેન્ડ ગયા અને ત્યાંનું નાગરિકત્વ પણ સ્વીકાર્યું.

ઈ.સ. ૧૮૪૪માં કચ્છ દસા ઓસવાલ જ્ઞાતિના શેઠ શિવજી નેણસી હોંગકોંગ ખાતે અને ઈ.સ. ૧૮૫૪માં શેઠ કેશવજી નાયકે ચીનમાં પેઢીઓ સ્થાપી. એ પહેલાં ઈ.સ. ૧૮૩૦માં શેઠ વેલજી માલુ અખાતી દેશો અને આફ્રિકાની વેપારી સફર કરી તેમના પુત્ર ત્રિકમજી વેલજીએ લંડનમાં પેઢી નાખી. પછી તો કેન્યા, યુગાન્ડા અને ટાંગાનિકા જવા ઓસવાલોની કતારો લાગી.

વિક્રમ સંવત ૧૮૪૦માં કચ્છમાં નલિયામાં જન્મેલા નરસી નાથા ૧૬ વર્ષની વયે મુંબઈ જતા રહ્યા. મુંબઈના બંદરે તેઓ લોકોને પાણી પીવડાવવા લાગ્યા. બદલામાં તેઓ વેરાયેલા દાણા ભેગા કરે. ચબરાક નરસી બંદરથી માહિતગાર થઈ ગયો. ધીમે ધીમે વેપાર શરૂ કર્યો. નરસી મટી તેઓ નરસી શેઠ બની ગયા. વહાણોનાં વહાણો ભરી તેઓ મોકલવા

લાગ્યા. આજે મુંબઈમાં તેમના નામની નરસી નાથા સ્ટ્રીટ છે. તેમની છબીને હાર પહેરાવવા આજે ઉછામણી થાય છે.

ઓસવાલ શ્રેષ્ઠીઓમાં મુંબઈના શેઠ પ્રેમચંદ રાયચંદ એક મોટું નામ છે. ઈ.સ. ૧૮૬૦-૬૪માં અમેરિકામાં આંતરવિગ્રહ ફાટી નીકળ્યો હતો. ત્યાંનું રૂ ઇંગ્લેન્ડ જતું બંધ થતાં ઇંગ્લેન્ડની મિલો બંધ પડવાની તૈયારીમાં હતી. ભારતનું રૂ વિલાયત જવા લાગતાં ખાંડીના ભાવ રૂ. ૭૦ હતા તે વધીને રૂ. ૮૫૦ થઈ ગયા. રૂના તેજીલા ભાવ જોઈ એ જમાનામાં લોકો પોતાના ગાદલાનું રૂ પણ વેચવા લાગ્યા હતા. મુંબઈના રૂના વેપારીઓ એટલું બધું કમાયા હતા કે તેઓ શૅરના ભાવે સોનું ખરીદવા લાગ્યા. તેમાં શેઠ પ્રેમચંદ રાયચંદ પ્રમુખ હતા. લોકો કહેતા : 'આજના બજાર ભાવ અમુક છે, પણ કાલના ભાવ પ્રેમચંદ રાયચંદ જાણે.'

શૅરબજારનો ક્રેઝ શેઠ પ્રેમચંદ રાયચંદે ઊભો કર્યો. તેઓ આંગળીના ટેરવે શૅરબજારને નચાવતા. વિલાયતના ધનિકો પણ મુંબઈના શૅરબજાર તરફ આકર્ષાયા હતા. કહેવાય છે કે મહારાણી વિક્ટોરિયાએ પણ શૅરબજારમાં શેઠ પ્રેમચંદ રાયચંદની નામના સાંભળીને એકવાર તેમને જોવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. તેઓ દસા ઓસવાલ હતા. તેમની માતાનું નામ રાજબાઈ હતું. શરૂઆતમાં તેમના પિતા મુંબઈના શેઠ રતનચંદ લાલાની પેઢીમાં મુનીમ હતા. પાછળથી તેમના પ્રતિભાશાળી પુત્ર પ્રેમચંદ તરફ શેઠની નજર જતાં ફોર્ટની કોઈ ઑફિસમાં અંગ્રેજીના જાણકાર માણસ તરીકે પ્રેમચંદને નોકરીએ રાખવામાં આવ્યા હતા. ટૂંક સમયમાં જ તેઓ પેઢીના સર્વેસર્વા બની ગયા. શેઠ નિવૃત્ત થયા અને બધો કારોબાર પ્રેમચંદે સંભાળ્યો. પછી બીજી અનેક કંપનીઓએ વિલાયતની કંપનીઓને રૂની દલાલીનું કામ તેમને સોંપ્યું. પરિણામે મુંબઈમાં બેંકો સ્થપાઈ. કોમર્શિયલ અને મર્કેન્ટાઈલ બેંકના શેરો ઊંચકાયા. પ્રેમચંદ શેઠ એશિયાટિક બેંકિંગ કોર્પોરેશનના દલાલ નીમાયા. તેમની કાર્યદક્ષતાથી પહેલા જ વર્ષે તેમની કંપનીની થાપણ રૂ. ૧ કરોડ ૪ લાખ જેટલી અંકાઈ. પછી તો દરેક કંપનીને તેમનામાં રસ જાગ્યો. ત્યાર બાદ બેંક ઓફ બોમ્બેનું સુકાન તેમને સોંપાયું. પહેલા જ વર્ષે રૂ. ૫૦૦ના શેરના ભાવ રૂ. ૨૮૫૦ બોલાયા. કેટલીક બેંકોએ તો એમને પોતાની કોરી ચેકબુક આપી દીધી.

એ વખતે પ્રેમચંદ શેઠે બે કંપનીઓ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. એ જમાનામાં દરિયો પૂરી જમીન સંપાદન કરવાની પ્રવૃત્તિ ચાલતી હતી. આ કામ કરતી એક કંપની સાથે શેઠ પ્રેમચંદ જોડાવાના છે તેવી વાત બહાર આવતાં તે કંપનીના રૂ. ૫૦૦૦ના શેરના ભાવ રૂ. ૫૦ હજાર બોલાવા લાગ્યા.

શેઠ પ્રેમચંદ રોજ વહેલા જાગી જાય. નિત્યક્રમમાંથી પરવારીને ભાયખલાના જિનાલયમાં નિયમિત સેવાપૂજા કરવા જતા. લવલેન પરના 'પ્રેમોદ્યાન' બંગલે મોટા મોટા વેપારીઓ અને ધનિકો રાહ જોતા બેસી રહેતા. ઘેર આવીને જમીને ઑફિસે જવા તૈયાર થાય. સુરતી ઢબનું કેડિયું પહેરે અને પારસી ઘાટની પાઘડી માથે મૂકતા. ફોર્ટ ખાતે આવેલી ઑફિસે પહોંચે એટલે વેપારીઓ અને દલાલો તેમને ઘેરી લે. અસંખ્ય લોકો બજારની રૂખ જાણવા તેમની ઑફિસની બહાર ટોળે વળતા. તેમના આગમનની સાથે જ શૅરબજારનું કામ શરૂ થાય. મુંબઈની માતબર યુરોપિયન કંપનીઓના સંચાલકો સર જ્યોર્જ બર્ડવુડ, માઈકલ સ્કોટ જેવા પણ તેમની સલાહ લેતા.

પ્રેમચંદ શેઠે અવિરત દાનનો પ્રવાહ વહાવ્યો. ગુજરાત કાઠિયાવાડમાં અનેક કૂવા-હવાડા, ધર્મશાળાઓ, પાંજરાપોળ બનાવડાવ્યાં. રૂપિયો જ્યારે ગાડાના પૈડા જેવો હતો ત્યારે ઈ.સ. ૧૮૬૪માં મુંબઈ યુનિવર્સિટીના વિકાસ માટે યોજાયેલા એક સમારંભમાં ગવર્નરના હાથમાં તેમણે રૂા. ૬ લાખનો ચેક મૂકી દેતા સહુ દંગ રહી ગયા. એ રકમમાંથી રૂા. બે લાખના ખર્ચે એક ઊંચો ટાવર બાંધવામાં આવ્યો. તે ટાવરની સાથે તેમની માતા રાજબાઈનું નામ જોડવામાં આવ્યું. તે રાજાબાઈ ટાવર તરીકે સુવિખ્યાત છે. વિશ્વના તમામ ઘડિયાળોમાં ૬૦ મિનિટે ડંકો વાગે પરંતુ અહીં ૪૮ મિનિટે ડંકો વાગતો કારણ કે તે વખતે તેમનાં માતા સામાયિક કરતાં અને એક સામાયિક ૪૮ મિનિટે પૂરું થતું. બાકીની બે લાખની રકમમાંથી યુનિવર્સિટીનું પુસ્તકાલય બન્યું, જેની સાથે તેમનું નામ જોડવામાં આવ્યું. ત્યાર પછી કલકત્તા યુનિવર્સિટીને તેમણે સવા ચાર લાખ રૂપિયાનું દાન આપ્યું. મુંબઈમાં રૂા. પાંચ લાખના ખર્ચે જૈન ભોજનશાળા સ્થાપી. અમદાવાદમાં ટ્રેનિંગ કૉલેજ માટે રૂા. ૮૦ હજાર આપ્યા જે આજે પી.આર. ટ્રેનિંગ કૉલેજ તરીકે જાણીતી છે.

૧૯૨૦માં એમના એક મિત્ર માઈકલ સ્કોટ કાયમ માટે ઇંગ્લેન્ડ જઈ રહ્યા હતા ત્યારે તેની પૂર્વસંધ્યાએ શેઠ પ્રેમચંદ રાયચંદે તેમના માનમાં ગાર્ડન પાર્ટીનું આયોજન કર્યું. પાર્ટી દરમિયાન પ્રેમચન્દ શેઠે માઈકલ સ્કોટના હાથમાં રૂા. સાડા સાત લાખનો ચેક મૂકતાં કહ્યું, 'ઇંગ્લેન્ડમાં કોઈ પણ સારી સંસ્થાને આ રકમનું દાન કરી દેજો.'

લોકો હેરતમાં પડી ગયા. તેમના હિતશત્રુઓનો આરોપ હતો કે, 'પ્રેમચંદ શેઠે જૈન ધર્મ માટે સખાવતો ઓછી અને શિક્ષણ સંસ્થાઓ માટે વધુ કરી છે.' પરંતુ પ્રેમચંદ શેઠને જાણનારાઓ એ વાતની યાદ અપાવે છે કે પાલિતાણાના નરેશ અને જૈન સંઘ વચ્ચે શેત્રુંજય તીર્થ અંગે વિવાદ જાગ્યો ત્યારે પ્રેમચંદ શેઠે આખો શેત્રુંજય પહાડ ખરીદી લેવાની ઑફર કરી હતી. ■

# સાચા દિલની ક્ષમા

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

પર્યુષણપર્વની આરાધનાના દિવસો, એ આત્મખોજનો અવસર છે. કોડી જેવો દેહ અને તેમાં રહેલાં મદ, માન, મોહને ભલે ખોઈ નાખીએ, પણ લાખેણા આત્માને શોધીએ. આમેય પર્યુષણ એ આત્માની નજીક જવાનું, આત્માને શોધવાનું પર્વ છે. ક્ષમાપના એનો સર્વશ્રેષ્ઠ મૂળ મંત્ર છે.

વેરના અંધકારમાં, દ્વેષના દાવાનળમાં, બદલાની બુરી ભાવનામાં વિહરતા જીવને માટે આજે આત્મીય પ્રેમને કાજે પ્રાયશ્ચિત્તનું પર્વ ઊગ્યું છે. દીપાવલીના પર્વે નફાતોટાનો હિસાબ કરવામાં આવે. સંવત્સરીપર્વનો અર્થ છે વાર્ષિક પર્વ. આ દિવસે વર્ષભરનાં સારાં-નરસાં કાર્યોનું સરવૈયું કાઢીને ખોટાં કાર્યોમાંથી મુક્તિ મેળવવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ.

આપણાં આગમ શાસ્ત્રોમાં ત્રણ વેપારીનું એક દૃષ્ટાંત આવે છે. આમાં ત્રણ વેપારીઓ સરખી મૂડી લઈને વેપાર કરવા નીકળ્યા હતા. દેશ-દેશાવરમાં ઘૂમીને ઘણા દિવસે સહુ પાછા ફર્યા. પહેલો વેપારી મૂળ મૂડીને બમણી કરીને પાછો આવ્યો. બીજો ભાવની મંદીમાં ફસાયો છતાં મૂળ મૂડી સાચવીને પાછો આવ્યો. ત્રીજો વેપારી તો નુકસાનીમાં ડૂબી ગયો. કમાણીની વાત તો દૂર રહી પણ મૂળગી રકમ જ ખોઈને આવ્યો.

આ ત્રણ વેપારી જેવા સંસારના તમામ જીવો છે. પહેલા પ્રકારના જીવો મનુષ્યત્વરૂપી મૂળ મૂડીને જાળવે છે, ને ઉપરાંત પૂજ્યતાને પામે છે. મનુષ્ય જીવનમાં સદાચાર, શીલ અને વ્રત પાળી મુક્ત બને છે.

બીજા પ્રકારના જીવો મુક્ત નથી બનતા, પણ મનુષ્યત્વ જાળવી રાખે છે, સાદા આચારો એ પાળે છે.

ત્રીજા પ્રકારના જીવો તો મનુષ્યત્વ પણ ખોઈ નાખે છે, ને અનાચારી ને દુરાચારી બની નરકના ભાગી બને છે.

પર્યુષણના આ દિવસો એ આંતરખોજના દિવસો છે. માનવી સતત બહાર ભ્રમણ કરતો રહે છે. બહારની દુનિયા જોવી પણ સરળ હોય છે. એને માટે નજર હોય તો ચાલે, દૃષ્ટિની જરૂર નથી. આપણી ઇંદ્રિયોનું મુખ પણ બાહ્યજગત ભણી વિશેષ રહેતું હોય છે. પરંતુ પર્યુષણના દિવસો એ આત્મનિરીક્ષણના દિવસો છે.

વ્યવહારમાં અનેક જીવોને દુભવવાનું બને છે. એમની તરફ અન્યાય, અનાદર કે અપરાધ થઈ જાય છે. વેર, વિરોધ કે વૈમનસ્ય જન્મે છે. આ બધાંનો વિચાર કરીને એ ભૂલભરેલા માર્ગેથી પાછા વળવાની વાત છે, એમની ક્ષમા માગવી, એમની સાથેનો વેર અને વિરોધ ત્યજી દેવો. એટલું જ નહીં પણ એમની સાથે મૈત્રીભાવ કેળવવો એ ક્ષમાપનાનો હેતુ છે.

ક્ષમાપનાના મંત્રમાં ક્ષમા માગવી અને આપવી એમ બંને ભાવો સમાયેલા છે. કોઈની ક્ષમા માગતાં પહેલાં માણસને અહંકારના શિખર પરથી નીચે ઊતરવું પડે છે. જે માગતાં મોટાઈ કે નાનાઈ નડે નહીં એનું નામ જ મિચ્છામિ દુક્કડં. અહીં બધા આગ્રહો, પૂર્વગ્રહો, પદ અને મોટાઈ મટી જાય છે. ક્ષમા માગવાની ઉત્તમ ભાવના તો જ્ઞાનના ભંડાર અને સાધુતાના અગાધ જ્ઞાની ગૌતમના જીવનમાં મળે છે. એક વાર ભગવાન મહાવીરના પટ્ટશિષ્ય ઇંદ્રભૂતિ ગૌતમ અડવાણે પગે ને ઉઘાડે મસ્તકે ભિક્ષા વહોરીને પાછા ફરતા હતા. દિગ્દિગંતવિજયી ગૌતમના મુખ પર નમ્રતા તરવરતી હતી. જ્ઞાનનો ગર્વ ગળાઈ ગયો હતો. 'મારું એ સાચું'ના બદલે 'સાચું એ મારું'માં માનનારા મહાવીરના આ પરમ શિષ્ય હતા.

ધોરી માર્ગ વીંધીને ચાલ્યા જતા ગૌતમને ખબર મળી કે ભગવાન મહાવીરના ગૃહસ્થ શિષ્ય આનંદ મૃત્યુપર્યંતનું અનશન ધારણ કરીને દર્ભની પથારીએ પોઢ્યા છે. દયાના અવતાર ગૌતમ અઢાર કોટિ હિરણ્યના સ્વામી, દસ હજાર ગાયોવાળા છ-છ વજના માલિક આનંદ શ્રાવકને મળવા ગયા. મહાવીરના આ પટ્ટશિષ્યને જોઈને આનંદે વંદન કર્યા અને પૂછ્યું, 'ભગવન, કોઈ ગૃહસ્થને અવધિજ્ઞાન થઈ શકે છે ખરું?"

'જરૂર. શ્રમણોપાસકને ગૃહસ્થાશ્રમ ચલાવતાં ચલાવતાં પણ ત્રીજું મહાજ્ઞાન – અવધિજ્ઞાન થઈ શકે છે.'

આ સાંભળીને આનંદના ચહેરા પર તેજ પ્રગટી રહ્યું. એણે કહ્યું, 'ભગવન્, મને તેવું અવધિજ્ઞાન થયું છે. તેના લીધે અહીં બેઠાંબેઠાં હું પૂર્વ-પશ્ચિમ ને દક્ષિણમાં લવણ સમુદ્રમાં પચાસ જોજન સુધી જોઈ શકું છું. ઉપર આકાશમાં સૌધર્મકલ્પ સુધી અને નીચે પાતાળમાં લોલચ્ચુઅ નરકાવાસ સુધીના તમામ પદાર્થ હું પ્રત્યક્ષ જાણી શકું છું."

આનંદના અવાજમાં અનુભૂતિનો રણકો હતો. પાસે ટોળે વળેલાં પરિજનો તેમની વાત આશ્ચર્યથી સાંભળી રહ્યાં. લબ્ધિના ભંડાર ગૌતમ સ્વામી થોડી વાર વિચારમાં પડી ગયા ને બોલ્યા, "આનંદ, શ્રાવકને અવધિજ્ઞાન થઈ શકે ખરું, પરંતુ તમે કહો છો તેટલું દૂરગ્રાહી હોઈ શકતું નથી. તમે ભ્રાંતકથન કર્યું છે. આવા કથન માટે તમારે શીઘ્ર પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ.'

શ્રાવક આનંદને પોતાના દર્શનમાં પાકી શ્રદ્ધા હતી. એમણે કહ્યું, 'ભગવન્, પ્રભુ મહાવીરના શાસનમાં સત્ય બોલનાર માટે પ્રાયશ્ચિત્ત છે ખરું?'

'ના.'

'તો પછી આપે જ પ્રાયશ્ચિત્ત કરવું ઘટે. આપે જ અસત્ય કથન કર્યું.' આનંદે આત્મવિશ્વાસથી કહ્યું.

શ્રમણોપાસકના આ વિધાને ગુરૂ ગૌતમને ક્ષણભર વિમાસણમાં નાખી દીધા. લોકો કહેવા લાગ્યા કે આનંદે નાને મોઢે મોટી વાત કરી. કયાં સાધુશ્રેષ્ઠ ગૌતમ ને ક્યાં ગૃહસ્થ આનંદ! અરે, સાગર એ સાગર ને સરોવર એ સરોવર! ગુરૂ ગૌતમ જ્ઞાનસાગર છે. સરોવરને પાળ હોય, પણ સાગરને તે કંઈ પાળ હોય?

મહાન ગણધર ગૌતમને સત્ય નિર્ણયની ભારે તાલાવેલી લાગી. એમણે તરત જ ભગવાન મહાવીર પાસે જઈને આખી ઘટના કહી અને પ્રાર્થના કરી, 'હે ભગવન્, આ વિષયમાં કોણે પ્રાયશ્ચિત્ત કરવું ઘટે? મારે કે આનંદને?'

સત્યના મહાન સમર્થક અને પ્રરૂપક મહાવીરે લેશમાત્ર થોભ્યા વિના કહ્યું, 'ગૌતમ, આ બાબતમાં તમારે પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. શ્રાવક આનંદ પાસે વેળાસર ક્ષમા યાચી લેવી જોઈએ.'

વનનાં તમામ ઝાડવાંને તોફાની વાવંટોળ ઘડીભર ધ્રુજાવી નાખે, તેમ વાતાવરણમાં ધ્રુજારી પ્રસરી રહી. કેવો નિર્ણય! ખુદ પ્રભુ પોતાના પટધરને ક્ષમા માગવાનું કહે! ન શેહ, ન શરમ રાખી! કદાચ જ્ઞાની ગૌતમ ભૂલ્યા હોય, તો ખાનગીમાં પ્રાયશ્ચિત્ત આપે, પણ એક શ્રાવક પાસે જઈને ક્ષમાયાચના માગવાની! અસંભવ! અશક્ય! કયાં ગૌતમ અને ક્યાં આનંદ! ધર્મકર્મમાં થોડું સમજનારો એક શ્રાવક ક્યાં અને ધર્મકર્મના સિદ્ધાંતોના સાગર મહાજ્ઞાની ગૌતમ ક્યાં?

દુનિયા દેખતી રહી ને ગર્વ, અહમ્ ને અભિમાન જીતી ચૂકેલા ગૌતમ તો સીધા આનંદ પાસે ગયા ને કહ્યું, 'આનંદ, તમે સાચા. મારા અસત્ય વિધાન માટે હું મિચ્છામિ દુક્કડં માગું છું.'

આનંદની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. એણે બે હાથ જોડીને કહ્યું, 'પ્રભુ, મારી છેલ્લી ઘડી ઉજાળી! જ્ઞાનીને શોભતી કેટલી ભવ્ય નમ્રતા! ભવોભવે અલભ્ય એવી કેવી લઘુતા! જય! પ્રભુ મહાવીરનો જય! જ્ઞાની ગૌતમનો જય!' આમ ક્ષમા માગતી વખતે નમ્રતા અને લઘુતા જોઈએ. આથી જ બાહુબલિને એમની બંને જ્ઞાનવૃદ્ધ બહેનો બ્રાહ્મી અને સુંદરીએ કહ્યું હતું, 'વીરા મોરા! ગજથી હેઠા ઊતરો.' અને આ પંક્તિએ બાહુબલિને એના મહાદોષનો ખ્યાલ આપ્યો. 'પોતાનાથી વયમાં નાના પરંતુ પોતાની પૂર્વે દીક્ષા લેનાર ભાઈઓ નાના હોવા છતાં જ્ઞાનવૃદ્ધ ગણાય અને તેથી જ બાહુબલિએ એમને વંદન કરવા ઘટે.' બાહુબલિ તપની માત્રા વધારતા ગયા પરંતુ 'હું મોટો છું'નો નાનો શો કંટક બાહુબલિની ઉગ્ર સાધનાને સફળ થવા દેતો નહીં. પરંતુ પોતાના દોષનો ખ્યાલ આવતાં બાહુબલિએ સાચા દિલની ક્ષમા યાચી. બીજી જ પળે એની સાધના સફળ થઈ. ■

---

## સેવા પ્રવૃત્તિઓનું વટવૃક્ષ : કુલીનકાંત લુઠિયા

**(અનુસંધાન : પાના નં. – ૬૩ ઉપરથી ચાલુ)**

એકાદ/બે ગોળી બચેલી સ્ટ્રીપ બીએમસી ધોરણે નાશ કરી, બાકીની બધીય સારી ઉપયોગી દવાઓ કેટેગરીવાઈઝ મૂકી દર્દીઓને મેડિકલ પ્રિસ્ક્રિપ્શન ઉપર વિનામૂલ્યે અપાય છે.

- **ડ્રગ બેંક – કિડની ફેઇલ્યોર દરદીઓની વહારેઃ**

માનવ જ્યોત ૨૦૧૪-૧૫થી ૨૦૨૪-૨૫ સુધીનાં ૧૧ વર્ષમાં કિડની ફેલ્યોર દર્દીઓની વહારે મોંઘી દવાઓ રાહતદરે આપી તેમને કપરી પળે તેમની પડખે ઊભા રહેવાનું કામ કરે છે. મોટી ફાર્મા કંપનીઓ માનવ જ્યોતની આ સેવા પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈ, ખૂબ જ રાહતદરે દવાઓ પૂરી પાડે છે. જેનો પરેપૂરો લાભ દર્દી મહાશયોને પહોંચતો કરવામાં આવે છે. છેલ્લાં ૧૧ વર્ષમાં રૂપિયા ૪૬ કરોડમાં ખરીદેલો માલ રૂપિયા ૪૫ કરોડમાં વેચી રૂા. ૧ કરોડનો ફાયદો દર્દીઓને કરી આપ્યો છે, તે બધીયે નેટ ખોટ માનવ જ્યોતે ભોગવી છે. ગરીબ જરૂરિયાતમંદ દર્દીને જરૂર પડયે દિલાવર દાતાઓના સહયોગથી અવારનવાર વિનામૂલ્યે દવા આપવાની યોજના પણ સંસ્થા ચલાવે છે. કિડની ડાયાલિસીસના દર્દીઓને રાહતદરે દવાઓ ઉપરાંત તેમના રહેઠાણ પાસેના ડાયાલિસીસ સેન્ટર અંગેની વિગત રૂપે માર્ગદર્શિકા પણ અપાય છે. દરેક પેશન્ટને રૂા. ૧૦૦૦/-નો એક ચેક – એક વખત આપી ડાયાલિસીસમાં મદદરૂપ થવાય છે.

- **રોટી બેંક :**

માનવ જ્યોત છેલ્લાં ૩ વરસથી રોટી બેંક પ્રોજેક્ટમાં સામાન્યજનને પોતાના ઘરમાં બનાવેલી પાંચ રોટીનું એક પેકેટ રોટી બેંક કલેક્શન સેન્ટરમાં પહોંચાડે છે. આ રોટી બેંકનાં પેકેટ જાહેર સરકારી- મ્યુનિસિપલ હૉસ્પિટલમાં પહોંચાડવા એક વાહનની વ્યવસ્થા થઈ છે, જેમાં બધાંય કલેક્શન સેન્ટરમાંથી નિયત સમયે એકત્ર કરી એ પૅકેટો હૉસ્પિટલોના કીચનમાં પહોંચાડ્યા છે.

***'જન્મભૂમિ'ના સૌજન્યથી***

# સેવા પ્રવૃત્તિઓનું વટવૃક્ષ : કુલીનકાંત લુઠિયા

કોઈ માન-મોભો, નામ-અકરામની અપેક્ષા વિના, નિઃસ્પૃહભાવે, લોકસેવા કરતા હોય, એવા બહુ ઓછા, આંગળીના વેઢે ગણાય, એવા સેવાભાવી મુઠ્ઠી ઊંચેરા, કર્મયોગી ગુજરાતમાં છેવાડાના ભાગના અંતરિયાળની સેવાલક્ષી સંસ્થાઓને શોધી, તેમને આર્થિક અનુદાનથી મદદરૂપ થતા સામાજિક કાર્યકર – તે કુલીનકાંત ચાંપશી લુઠિયા.

માનવસેવાને મહેંકાવતા 'માનવ જ્યોત'ની સ્થાપના ૩૪ વર્ષ અગાઉ ૧૩ જુલાઈ ૧૯૯૧માં વલ્લભજી ડુંગરશી શાહ, માનવ મિત્ર અને કુલીનંકાંત ચાંપશી લુઠિયાએ કરી હતી. તેના મુખ્ય હેતુઓમાં મેડિકલ સામાજિક તો ખરા જ, પણ સાથે સાથે મહિલા ઉત્કર્ષ, ગરીબોને ભોજન, જીવદયા તથા અન્ય સેવાલક્ષી સંસ્થાઓને સહાયક બનવાનો અને તેવા ઉદ્દેશ્યથી કાર્યરત રહેવાનો હતો.

કુલીનકાંતભાઈએ મે. લુઠિયા ઍન્ડ શાહ, વ્યવસાયિક સીએની પ્રેક્ટિસ છોડી ફુલટાઈમ સામાજિક સેવાને પોતાની કારકિર્દી બનાવી. સ્વ. લખમશી ઘેલાભાઈ સાવલા પરિવારના મૂલચંદભાઈ તથા પીયૂષભાઈ વશનજીએ લાખો રૂપિયા ખર્ચી સેવાસ્થાન શરૂઆતમાં એક નાનકડા ગેરેજમાંથી મોટી જગ્યામાં તે કાર્યાલયને સ્થાનાંતર કરાવી આપ્યું.

મજબૂત ટીમવર્ક સાથે કાર્યરત આ સંસ્થામાં દિલીપ મૂલચંદ શાહ, મૂલરાજ હરખાણી, મનોજ મોદી, સતીષ હરિયા, વિનોદ હરિયા, અતુલ સતરા વગેરે તેમજ કેટલાક નામી-અનામી શુભેચ્છકોના સહયોગથી સંસ્થા નૂતન લક્ષ્યાંકો, અભિગમો અને નૂતન ક્ષેત્રમાં વ્યસ્ત રહી સમાજ સેવાના કામને દીપાવે છે.

માનવ જ્યોત કલકત્તામાં વીરેશ લક્ષ્મીચંદ લુઠિયા (શાહ) બ્લડ ડોનેશન કેમ્પ, મોતિયાનાં ઑપરેશન, મેડિકલ કૅમ્પ, કિડની ડાયાલિસીસમાં મદદ, આર્થિક ભક્તિ, અનાજ વિતરણ, ઓરગન ડોનેશન જેવી સેવાપ્રવૃત્તિઓ માટે કાર્યકરોના જૂથ દ્વારા ડિઝાસ્ટર મૅનેજમેન્ટ, આશ્રમવાસીઓને સહાયક, અન્નપૂર્ણા યોજના, વોકેશનલ ટ્રેનિંગ, હૉસ્પિટલ સેવા દ્વારા ભૂખ્યાને ભોજન જેવી પ્રવૃત્તિમાં સદાય સક્રિય રહે છે.

માનવ જ્યોત - ભુજ સંસ્થાના સૂત્રધાર પ્રબોધભાઈ મુનવર માનવસેવાની જ્યોત જલતી રાખે છે. રામદેવ સેવાશ્રમ ખાતે રખડતા ભટક્તાઓનું પુનર્વસન, જાહેર સમારંભોમાં વધી પડેલી રસોઈનું ઝૂંપડપટ્ટીમાં વિતરણ, પ્લાસ્ટિક્નો કચરો વીણતાં બાળકોને શિક્ષણ, પર્યાવરણ રક્ષણ, ચકલી બચાઓ અભિયાન, પક્ષીઓને પાણી પીવા કુંડાં વિતરણ, લાવારીસ લાશને અગ્નિદાહ, ટીફિન સેવા, ભૂલ્યા ભટક્યાને પરિવારમાં પુનઃ જોડવા, દિવ્યાંગોને ટ્રાયસિકલો, મહિલાઓને સીવણ મશીન વગેરે જેવા અનેક સેવાકાર્યો કરી માનવ જ્યોતની જ્યોતને પ્રજ્વલિત રાખે છે.

કુલીનકાંત લુઠિયા ૧૦૦૦ જેટલા દેહદાન કરાવવામાં મદદરૂપ થયા છે. મહારાષ્ટ્ર સરકારે પણ તેમની સેવાની નોંધ લીધી છે. ગુજરાતમાં ઉપરોક્ત સેવાર્થે શ્રી લુઠિયા આ સત્કાર્ય કરાવી આપે છે. તેમણે તેમના સ્વ. પિતાશ્રીનું દિલ્હી ખાતે પ્રથમ દેહદાન કરાવ્યું હતું. તેઓ નેશનલ કિડની ફાઉન્ડેશન અને નેશનલ લીવર ફાઉન્ડેશન સાથે જોડાયેલા રહ્યા, તો નર્મદા કિડની ફાઉન્ડેશનમાં પણ તેઓ દવાદાન અને આર્થિક અનુદાન દ્વારા જોડાયેલા છે.

ઘાટકોપરની સમર્પણ બ્લડ બેંક સાથે તેઓ છેલ્લાં ૩૦ વર્ષથી જોડાયેલા રહ્યા છે. જ્યાં આશરે ૫ લાખ બ્લડ બોટલ ૩૦૦થી વધુ કેમ્પો દ્વારા એકત્ર થયા છે. તેને સી.એમ. શાહ દાતા પાસેથી રૂપિયા ૧૪ લાખનું એક ભવ્ય એમ્બ્યુલન્સ વાહન દાનમાં અપાવી મહત્ત્વનું કામ કર્યું છે. માનવ જ્યોત દ્વારા દેહદાન, ચક્ષુદાન, ચર્મદાન અને અવયવ દાન અંગેનું સાહિત્ય પુસ્તિકા અને પેમ્ફલેટ દ્વારા છેલ્લાં ૩૦ વર્ષથી લોકજાગૃતિ અને જાણકારી અર્થે પ્રકાશિત થયા છે.

લુઠિયાએ આંખની હૉસ્પિટલો તેમજ આરોગ્ય કેન્દ્રો, બ્લડ બેન્ક, ચક્ષુદાન કરતી સંસ્થાઓ, પાગલખાના વગેરે માટે ૧૮ જેટલાં એમ્બ્યુલન્સ વાહનો અપાવવા દાતાઓના સહકારથી નિમિત્ત બન્યા છે. લુઠિયાએ ૩૦ વર્ષ અગાઉ આ મ્યુ. કમિશનર જી.આર. ખૈરનાર સાથે ૧૮ વર્ષની નીચેની ૩૦૦ જેટલી કુમારિકાઓને મુંબઈના કમાટીપુરામાંથી છોડાવી તેમને સ્વમાનભરી જિંદગી જીવવામાં સહાયભૂત થયા હતા.

મુંબઈ શહેરનાં વિવિધ પરાઓમાં ૨૫૦ જેટલા મેડિસિન ક્લેક્શન માટે વિવિધ સ્થળે, દેરાસરો, મંદિર, શૉપમાં મુકાયેલા છે. જેમાં જાહેર જનતા તેમને બિનઉપયોગી વણવપરાયેલી દવાઓ નાખી જાય છે. આ દવા માનવ જ્યોતના કાર્યાલયમાં લાવી એક્સપાયરી ડેટેડ દવાઓ અને

(અનુસંધાન : જુઓ પાના નં. – ૬૨ ઉપર)

# કચ્છ યાત્રા વખતે ગાંધીજીએ વિંઝાણમાં ભાણજીભાની મહેમાનગતિ માણી હતી

જગદીશચંદ્ર છાયા

મહાત્મા ગાંધીજીની કચ્છ યાત્રાની શતાબ્દિની છ મહિના પર્યંત – 'કચ્છ મિત્ર' મીડિયા પાર્ટનરના સહયોગથી વિવિધ આયોજનોથી ઉજવણી થશે ત્યારે આ વિશેની અજાણી કે ઓછી જાણીતી ઘટનાઓ પ્રકાશમાં આવશે એવી અપેક્ષા છે. ઇતિહાસવિદ્ સ્વ. સાવજસિંહજી જાડેજાએ એમના પરદાદાજી, ગામ વિંઝાણના પ્રતિભાશાળી શિક્ષક ભાણજીભા જાડેજાની ગાંધીજી સાથેની સ્મૃતિ આ રીતે તાજી કરી હતી.

જે સમયમાં કચ્છમાં શિક્ષણ નહિંવત હતું તે સમયમાં શેઠ ગોકલદાસ તેજપાલ મિડલ સ્કૂલ - વિંઝાણમાં ઈ.સ. ૧૮૮૫માં શરૂ થઈ હતી. આ શાળામાં શિક્ષક તરીકે વિંઝાણ જાગીરદારના ભાયાત અને જાગીરના પાંચમા ભાગદાર ભાણજીભા પૂંજાજી જાડેજા શિક્ષક તરીકે જોડાતાં, તેમને કચ્છ જાડેજા ભાયાતના પ્રથમ શિક્ષક કહી શકાય. તે સમયમાં શિક્ષણ કામ વ્યવસાય નહીં પણ સેવા હતી. મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, મહાદેવભાઈ દેસાઈ તારીખ ૨૭-૧-૧૯૨૫ના રોજ વિંઝાણ પધાર્યા હતા. સ્કૂલમાં સભા ભરી હતી. પછી ભાણજીભાની મહેમાનગતિ માણી હતી.

ભાણજીભાના અક્ષરો પ્રિન્ટીંગ પ્રેસને ઝાંખા પાડે તેવા હતા. આ અંગે કચ્છ ઇતિહાસ પરિષદના તત્કાલીન પ્રમુખ સાવજસિંહજી જાડેજાને મળીને મેં ચર્ચા કરતાં વિશેષ રસપ્રદ જાણકારી મળી હતી. તેમણે ભાણજીભાના અક્ષરો માટે 'મોતીના દાણા'ની ઉપમા આપી હતી. તેમણે દોરેલા નકશા - લેખો આજે પણ એમના પરિવાર પાસે મોજૂદ છે એમ જણાવ્યું હતું. ત્યારે મને મારી એક વિદ્યાર્થિની શાળામાં લાવી હતી એ નોટબુક યાદ આવી. એ તો 'રફ નોટ' તરીક એનો ઉપયોગ કરી રહી હતી, પણ એણે એ નોટ મારા હાથમાં મૂકતાં જ હું આશ્ચર્યચકિત થઈ ગયો! મારા માટે એ 'અમૂલ્ય' બની ગઈ. મેં એની પાસેથી એ નોટ હસ્તગત કરીને બદલામાં બીજી નોટ આપવા જણાવ્યું હતું. હવે આશ્ચર્યચકિત થવાનો વારો એનો હતો.

એ નોટમાં અબડાસાની કોઈ અજ્ઞાત વ્યક્તિ દ્વારા લખાયેલ મહારાવ શ્રી વિજયરાજજી બાવાના સમયની હસ્તપ્રત પાનાની એક બાજુએ ઉડીને આંખે વળગે એવા સુંદર, મરોડદાર અક્ષરોથી સુશોભિત એ નોટમાં ગામ, જિલ્લા, તાલુકાના નકશા ઉપરાંત સામાન્ય જ્ઞાનની અભ્યાસપૂર્ણ નોંધો, ચિત્રો અદ્‌ભુત છે! પ્રથમ દૃષ્ટિએ એ લખાણ પ્રિન્ટેડ જ લાગે. હું એ 'વ્યક્તિ વિશેષ'ની શોધમાં છું ત્યારે પ્રાથમિક દૃષ્ટિએ વિંઝાણના શિક્ષક ભાણજીભા જાડેજામાં મને એ પ્રતિભાનાં દર્શન થતાં જણાય છે. આ મુલાકાત યાદગાર બની રહી છે.

વિશેષમાં, સાવજસિંહજીના દાદાજી – તે ભાણજીભાના કુંવર ભારાજી પણ શિક્ષક હતા. ■

---

## ભાઈ-બહેનના સ્નેહનું પર્વ – રક્ષાબંધન

(અનુસંધાન : પાના નં. – ૬૫ ઉપરથી ચાલુ)

ડૂબકી મારવી પડે ઊંડા પાણીમાં. તો જ રત્નો મળે. આવી જ રીતે સંસાર સાગરમાં છીછરા પાણીમાં છબછબીયા કરવાથી કંઈ મળતું નથી. ભરતી-ઓટ દરિયામાં આવે તેમ જીવનમાં પણ સુખ-દુઃખરૂપી ભરતી-ઓટ આવે છે. આ બધી જ વાતો સમંદર પાસેથી મેળવીને અનેક ગુણ સમંદરના મેળવીએ. સાગર જેવું વિશાળ પેટ રાખીએ. એવી ઉદારતા શીખવા જેવી છે અને આ ઉદારતાથી તે પૂજાય છે.

આમ, રક્ષાબંધન, નારિયેળી પૂર્ણિમા અને યજ્ઞોપવિત બદલવાનો પર્વ એટલે ત્રિવેણી સંગમ તહેવારનો છે. તેનું મહત્ત્વ સમજીએ. બહેન નિર્ભય બની ફરે તેવી ભાઈની હૂંફ બહેનને હૈયાધારણરૂપ બને છે. આ નિર્મળ - નિષ્પાપ સંબંધોના પ્રતીકરૂપ પર્વ છે. જેમાં રક્ષાબંધનનું જીવનમાં ખૂબ જ મહત્ત્વ છે. નારી માત્ર તરફ જોવા દૃષ્ટિ બદલવાની જરૂરત છે. આ પર્વના અંતરની લાગણીસભર વિશુદ્ધ પ્રેમનું અસ્ખલિત ઝરણું વહેવડાવીએ. એ જ બંધુ - ભગીની સહેલી શુભ કામના સાથે વસુધૈવ કુટુંબકમ ભાવના તહેવાર પૂરતી મર્યાદિત ન રાખતાં વ્યાપક બનાવીએ ને સમાજ નારીને વિશાળ દૃષ્ટિથી નિહાળીએ ને વિચારીએ.

આ પર્વ નારિયેળી પૂર્ણિમા હોય રક્ષા બંધનના રૂપે તહેવારને વૈદિક નિષ્ઠા અને સંસ્કૃતિ પરંપરા મુજબ વેદ રક્ષાની યાદ આપતો યજ્ઞોપવિત પર્વ જીવનભાવોને પુષ્ટ કરતો આ સાગર પૂજનનો મહિમા ગાતો સંસ્કૃતિનો અતિ ઉદાત્ત ભાવપૂર્ણ ઉત્સવ છે. જેને મનાવીએ અને સાચી ભાવના નારી પ્રત્યેની લાગણીસભર બનાવીએ એ જ પાવન પર્વના સંકલ્પ કરી કૃતાર્થતા અનુભવીએ... ■

# ભાઈ-બહેનના સ્નેહનું પર્વ – રક્ષા બંધન

દિલીપ આચાર્ય 'દિલકશ'

ભારતીય સંસ્કૃતિએ પર્વની પરંપરામાં મહત્ત્વ અને વિશ્વક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. તેથી સંસ્કૃતિની પ્રાચીન પરંપરા મુજબ અલગ અલગ તહેવાર અને પર્વ ભિન્ન ભિન્ન રીતે ઉજવવામાં આવે છે. આવોજ સમાજનો પવિત્ર પર્વ રક્ષા બંધનનો છે, જેમાં ત્રિવેણી સંગમ રૂપ પાવન પર્વ છે. આ દિવસે સાગર પૂજન, રક્ષાબંધન અને યજ્ઞોપવિત (જનોઇ) બદલવાનો – આવી રીતે એ નારિયેળી પૂર્ણિમા તરીકે પણ આ દિવસને ઉજવવામાં આવે છે. તેનું સામાજિક અને સંસ્કૃતિની પરંપરા મુજબ ખૂબ મહત્ત્વ છે. જેમાં સ્ત્રી શક્તિનો સમાજ પ્રત્યેનો આદરભાવ સાથે જોવા પાવન દૃષ્ટિ કેળવી ભાઈ-બહેનના સ્નેહભર્યા સંબંધોની સરવાણી વહેવડાવતો પર્વ – જે રક્ષાબંધનના પાવન ભાવને સંસ્કૃતિમાં પુષ્ટ કરે છે.

"मातृवत यरदायेषु" એટલે પાવન દૃષ્ટિથી માતૃભાવનાથી સ્ત્રી સામે જોવું એ નારી પાવન શક્તિ સ્વરૂપ મનાય છે. આ આપણી પ્રાચીન સંસ્કૃતિ કહે છે. ભાઈ-બહેનના પાવન સંબંધોની માન્યતા આમ છે. આ નિર્મળ સંબંધને માન્યતા આપી ભાઈ-બહેનની જાતિય સંબંધને વર્જ્ય ગણ્યો છે. આમ પણ આપણી સંસ્કૃતિ પરંપરા પત્ની સિવાયના સંબંધોને પાપ સમાન માને છે. દરેકને મા-બહેન શક્તિ સ્વરૂપે જોવી જોઈએ, એ ભાવના રહેલી છે. પત્ની સિવાયના શારીરિક સંબંધો પાપરૂપ છે. આજ આ તહેવાર આધુનિક પરંપરા અંગૂલી નિર્દેશ કરીને કહેવા માંગે છે કે આપણી પ્રાચીન સંસ્કૃતિની પરંપરા મુજબ ચાલીએ અને વિકૃતિના વિચારો ત્યજી દઈ નિર્મળ સંબંધની ભાવના કેળવવાની તાતી જરૂરિયાત છે. એટલે ભાઈ-બહેન, એ સ્વિકારેલી સામાજિક જવાબદારી ભાઈના રક્ષણ માટે રક્ષાબંધનથી બહેનની નિર્ભયતા છૂપાઈ છે. વીરો બહેનને પાવન રક્ષા કવચની હૂંફ આપે છે. આ 'રક્ષા'ના પાવન કાચા તાંતણે નિઃસ્વાર્થ પવિત્ર સંબંધ રહેલો છે, જે સ્નેહનું પ્રતીક છે. જેની અસીમ શ્રદ્ધા અને પ્રેમથી પુષ્પો ખીલે છે. જે આ હીરા કે રશ્મિ દોરો એકબીજાની લાગણીના રક્ષાબંધન બની જાય છે.

યજ્ઞોપવિત (જનોઇ) બદલવાની રીત આ પાવન પર્વના છે. જીવનને દૈવી કર્તા વૈદિક સંસ્કૃતિ પ્રાચીન પરંપરા અતિ સુંદર ભાવનું પ્રતીક છે. યજ્ઞોપવિત એટલે જ શ્રાવણી પૂર્ણિમાના દિવસને નારિયેળી પૂર્ણિમા પણ કહેવામાં આવે છે. જૂની જનોઈ કાઢી અગ્નિની સાક્ષીએ નવી યજ્ઞોપવિત ધારણ કરવામાં આવે છે.

આ પ્રાચીન પરંપરા મુજબ જનોઈ બદલી વખતે વિશ્વ નિયંતા યમરાજને પ્રાર્થના કરવામાં આવે છે : હે ભગવાન! હું વૈદિક પરંપરા મુજબના વિચારોથી જીવન જીવીશ. ને વૈદિક સંસ્કૃતિની પરંપરા મુજબ ધર્મનું પાલન કરીશ. હજુ ઘણા સત્કર્મો બાકી છે તો દીર્ઘાયુષ્ય આપજો એવી અનેક હૃદયની ભાવના જનોઈ બદલાવતી વખતે રહેલી છે, તે વર્ણવી છે. આમ, દસવિધ સ્નાનથી શરીર, બુદ્ધિ બધા જ અંગો પવિત્ર કરેલ છે. આ શુદ્ધિ પછી યજ્ઞોપવિત ધારણ કરેલ છે. દેવ-ઋષિ, પિતૃઓ (સપ્તર્ષિ પૂજન) કરવાની પરંપરા ટકાવી રાખીએ. એ સદ્‌ભાવના સાથે અગ્નિદેવની સાક્ષીએ ભગવાન સૂર્ય નારાયણને દેખાડી ૐ ભૂર્ભૂવઃ સ્વઃ ના દસ જાપ મંત્ર બોલી યજ્ઞોપવિતં પરમં પવિતં પ્રજાપતૈર્યત્સહજંપુરસ્તાન્... બોલી જૂની જનોઈ કાઢી, નવી જનોઈ ધારણ કરવામાં આવે છે.

સાગર પૂજન : પ્રાચીન સમયમાં દરિયાઈ મુસાફરીનું ખૂબ જ મહત્ત્વ હતું. એટલે લંકા, જાવા-સુમાત્રા, બ્રહ્મદેશ વગેરે દેશો દરિયાપાર એટલે સાગરની સંસ્કૃતિ વ્યાપારી સંબંધો હતા. એ રીતે દરિયાપારના ધંધાર્થે વેપારી નૌકાથી જતા. એટલે પૂર્ણિમાના દિવસે સમુદ્ર શાંત થતાં આ પ્રવાસ શાંતિરૂપ દરિયાદેવ પાર પાડે તેવી ભાવનાથી શ્રીફળ વધેરી તેની પૂજા કરતા હતા. તેથી શ્રાવણી પૂર્ણિમાને નારિયેળી પૂર્ણિમા તરીકે ઓળખવામાં આવે છે.

સાગર પૂજનની પાછળ ભારતીય સંસ્કૃતિની પ્રાચીન પરંપરાની ઉમદા ભાવના રહેલી છે. ભારતની પાવન નદીઓ તીર્થરૂપ ગંગા, યમુના, નર્મદા, સરસ્વતી આદિ સરિતા પૂજાય છે. જે પાવન નદીનું જળ સમુદ્રમાં ઠલવાય છે. તેથી સાગરમાં કેટલીય પવિત્રતા છે. એટલે સર્વ તીર્થ સાગરમાં સમાયા છે. તેથી સંગમ સ્નાન સમુદ્રનું પ્રચલિત મહિમારૂપ છે. ઉપરાંત કંઈક વિશેષ ગુણો છે. તેથી પ્રાચીન સમયમાં સમુદ્ર તટે આવાસ બાંધતા અદ્યતન સુવિધા ન હોઈ, નદી કાંઠે રહેણાંક લોકો પાણીની સુવિધા માટે કરતા હતા. "સાગરે સર્વ તીર્થાની" આમ સાત્ત્વિક વિચારોથી સાગર રત્નો લેવા મરજીવા બની

(અનુસંધાન : જુઓ પાના નં. – ૬૪ ઉપર)

# મંદિરો અને બેન્કો પાસે અઘધ સોનું

ભાલચંદ્ર જાની

ઝપાટાબંધ વધતા જતાં સોનાના ભાવો રોજ બજારમાં તરખાટ મચાવે છે. એક તોલા સોનાનો ભાવ એક લાખ રૂપિયા હોય ત્યારે ઘેર ઘેર તેની ચર્ચા થાય તે સ્વાભાવિક છે. મધ્યમ વર્ગનું કોઇ ઘર એવું નથી કે જ્યાં આઠ દસ તોલ સોનું ના હોય. શ્રીમંતોમાં સોનાનો ક્રેઝ સામાન્ય બનતો જાય છે. મધ્યમ વર્ગમાં તે સંકટ સમયની સાંકળ છે તો પૈસાદારોમાં તે બે નંબરી રોકાણ છે. શ્રમજીવીઓ માટે તે સપનાં સમાન છે. આમ પણ લોકો એવું માનતા થયા છે કે બેંકોમાં સાત ટકે પૈસા ફિક્સ ડિપોઝીટમાં મૂકી રાખવા તેના બદલે સોનામાં કરેલું રોકાણ બમણા કરતાં વધુ વળતર આપે છે. સોનું એ સમૃદ્ધિની નિશાની છે. મધ્યમ વર્ગમાં લગ્ન સમયે દીકરીને રિવાજ પ્રમાણે દસ-બાર તોલા સોનું આપવાનું હોય છે. સોના પ્રત્યેની આ અભૂતપૂર્વ ઝંખનાને કારણે જ ભારત આજે સુવર્ણના ઢગલા પર બેઠેલો દેશ છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. વિશ્વમાં સોનાનો સૌથી વધુ જથ્થો ભારતીયો પાસે છે. **ભારતના નાગરિકો પાસે ૨૫,૦૦૦ ટન સોનાનો જથ્થો હોવાનો અંદાજ છે. આ જથ્થો વિશ્વની ટોપ-૧૦ સેન્ટ્રલ બેંકોના કુલ જથ્થા કરતાં પણ વધારે છે.** એમાં અમેરિકા, જર્મની, ઇટલી, ફ્રાન્સ, રશિયા, ચીન, સ્વિટ્ઝરલેન્ડ, ભારત, જાપાન અને તુર્કીનો સમાવેશ થાય છે અને જિઓ પોલિટિકલ અને જિઓ ઇકોનોમિકલ પરિબળોને કારણે છેલ્લા કેટલાક મહિનાઓથી આંતરરાષ્ટ્રીય બજાર અને સ્થાનિક બજારમાં સોનાના ભાવ સતત વધી રહ્યાં છે.

સોનાના ભાવ વધારાને પગલે ભારતીય નાગરિકો પાસે સોનાનો જથ્થો છે એના મૂલ્યમાં નોંધપાત્ર વધારો થયો છે. સપ્ટેમ્બર ૨૦૨૪માં ૧૦ ગ્રામ સોનાનો ભાવ રૂા. ૭૫,૫૪૯ હતો એ મુજબ ભારતના લોકો પાસે સોનાનો જે જથ્થો હતો એનું મૂલ્ય રૂા. ૧૮૮.૯૦ લાખ કરોડ જેટલું હતું. આ મૂલ્ય હવે વધીને રૂા. ૨૨૦ લાખ કરોડ જેટલું થયું છે.

છેલ્લા એક વર્ષમાં સોનાના ભાવમાં ૩૫ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. એપ્રિલ ૨૦૨૪માં ૧૦ ગ્રામ સોનાના ભાવ રૂા. ૬૮,૪૨૦ હતા એ મે ૨૦૨૫માં વધીને રૂા. ૧ લાખ જેટલા થયા છે. **વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના અહેવાલ અનુસાર ભારતીય મહિલાઓ પાસે કુલ મળીને આશરે ૨૫ હજાર ટન જેટલું સોનું છે. જે ઝવેરાતના રૂપમાં દુનિયામાં કુલ સોનાનો આશરે ૧૧ ટકા જેટલો હિસ્સો થાય છે અને દુનિયામાં સૌથી વધુ પણ છે.**

ભારતીય મહિલાઓ પાસે જેટલું સોનું છે તે દુનિયાના શિર્ષ પાંચ દેશોના સંયુક્ત સુવર્ણ ભંડાર કરતાં પણ અધિક છે. જો તુલના કરવામાં આવે તો અમેરિકા પાસે ૮ હજાર ટન સોનું છે, જર્મની પાસે ૩૩૦૦ ટન, ઇટાલી પાસે ૨૪૫૦ ટન, ફ્રાંસ પાસે ૨૪૦૦ ટન અને રશિયા પાસે ૧૯૦૦ ટન સોનું છે. જો આ દેશોના સુવર્ણ ભંડારનો સરવાળો કરી નાંખવામાં આવે તો પણ ભારતીય મહિલાઓ પાસે તેનાથી વધુ સોનું છે.

ઓક્સફર્ડ ગોલ્ડ ગ્રુપનાં અહેવાલ અનુસાર ભારતમાં પણ દક્ષિણ ભારતીય મહિલાઓ પાસે વધુ સોનું છે. **ભારતના કુલ સોનાના અંદાજે ૪૦ ટકા જેટલો હિસ્સો દક્ષિણ ભારતમાં છે. આમાં પણ એકલા તામિલનાડુની હિસ્સેદારી ૨૮ ટકા જેટલી છે.** બીજી તરફ રીઝર્વ બેંક છેલ્લા ઘણા મહિનાથી સતત સોનાની ખરીદી કરી રહી છે. આર.બી.આઈ.ના કુલ વિદેશી મુદ્રા ભંડારમાં સોનાનો હિસ્સો વધીને ૧૦.૨ ટકા થઈ ગયો છે. કેન્દ્રીય બેંકના તાજા આંકડા અનુસાર નવેમ્બરના અંત સુધીમાં દેશનો સુવર્ણ ભંડાર વધીને ૮૭૬.૧૮ ટન થઈ ગયો હતો જે ગત વર્ષની તુલનામાં ૯ ટકા જેટલો વધુ છે. **રીઝર્વ બેંકના તાજેતરના આંકડા અનુસાર, ગત માર્ચ દરમિયાન દેશનો સોનાનો ભંડાર ૮૭૯.૫૮ ટન થયો છે.** માર્ચ ૨૦૨૪ના રોજ દેશની કુલ ગોલ્ડ રીઝર્વ ૮૨૨.૦૯ ટન હતી અને તે સમયે ફોરેક્સ રીઝર્વમાં તેનો હિસ્સો માત્ર ૮ ટકા હતો. ત્યારબાદ જાન્યુઆરીથી નવેમ્બર સુધીમાં આર.બી.આઈ.એ સરેરાશ ૬.૬ ટકા સોનું ખરીદ્યું હતું. ડિસેમ્બર ૨૦૨૪ અને ફેબ્રુઆરી ૨૦૨૫ને બાદ કરતાં બાકીના ૧૩ મહિનામાં આર.બી.આઈ.એ સરેરાશ ૬.૩ ટન સોનું ખરીદ્યું હતું. ચીનની સેન્ટ્રલ બેંક, પીપલ્સ બેંક ઓફ ચાઇના અનુસાર તેણે માર્ચમાં ૩ ટન (૦.૦૯ મિલયન ઔંસ) સોનું ખરીદ્યું હતું. છ મહિનાના વિરામ બાદ પીપલ્સ ઓફ ચાઇનાએ સતત પાંચમા મહિને (નવેમ્બર ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ સુધી) સોનું ખરીદ્યું છે. ચાલુ કેલેન્ડર વર્ષના પ્રથમ ત્રણ મહિનામાં ચીનનો સોનાનો ભંડાર ૧૩ ટન વધીને ૨,૨૯૨ ટન થયો છે. એક અહેવાલ મુજબ, રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આર.બી.આઈ.) દ્વારા અત્યાર સુધીની સૌથી વધુ સોનાની ખરીદી નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં કરવામાં આવી હતી, જ્યારે કુલ ૬૬ ટન સોનું અનામતમાં ઉમેરવામાં આવ્યું હતું. આ પછી ૨૦૨૨-૨૩માં ૩૫ ટન અને ૨૦૨૩-૨૪માં ૨૭ ટન સોનું ખરીદવામાં આવ્યું. જિયો હોટ સ્ટાર પર રીલીઝ થયેલી 'આર.બી.આઈ. અન લોક્ડ : બિયોન્ડ ધ રૂપી' નામની દસ્તાવેજી ફિલ્મમાં રીઝર્વ બેંકના સિક્રેટ વોલ્ટની ઝલક દેખાડવામાં આવી હતી. આ વોલ્ટમાં સાડા બાર કિલોની એક એવી સેંકડો સોનાની ઇંટો સંઘરવામાં આવે

છે. અત્રે એ વાત પણ જણાવી દઈએ કે દેશના મોટાભાગના સોનાના ભંડાર ઇંગ્લેન્ડ અને અન્ય વિદેશી બેંકોમાં રાખવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૪ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં, ભારત સૌથી વધુ સોનું ખરીદનારા ટોચના દેશોમાં સામેલ હતું.

**મુંબઇના બુલિયન માર્કેટે એક ટન સોનાનો ભાવ અંદાજે ૧૦૦૦ કરોડ રૂપિયા મૂક્યો છે. હવે એ વિચારો કે ભારતના મંદિરો પાસે ૪૦૦૦ ટન સોનું હોય તો તે કેટલા રૂપિયા થયા?** ઘરો અને મંદિરોમાં મળીને ૨૯,૦૦૦ ટનનો હિસાબ પણ ગણવો જોઈએ. જો આ સોનાનો ઉપયોગ ભારતની ગરીબાઈ દૂર કરવામાં આવે તો ચમત્કાર થઈ શકે એમ છે. મંદિરોમાં સોનાનો ઘુમ્મટ, ભગવાનના આભૂષણો, મુગટ, દરવાજા વગેરે બનાવવા માટેની રીતસરની સ્પર્ધા ચાલે છે. ભારતમાં કોઈ મંદિર એવું નથી કે જ્યાં સોનાનું છત્ર ના હોય.

ભારતના મંદિરોમાં સોનાના ઢગલાં છે એમ કહી શકાય. કેરળના પદ્મનાભ સ્વામી મંદિરના ચાર ભોંયરાની થોડા સમય પૂર્વે સુપ્રીમ કોર્ટના આદેશથી તપાસ કરાઈ ત્યારે ૨૨ અબજ ડોલરનું સોનું (૨૦૧૧માં સોનાનો ભાવ ૨૬,૦૦૦નો હતો) ગણવામાં આવ્યું હતું. તેનું વજન ૧૩૦૦ ટન જેટલું હતું.

બહુ પ્રસિધ્ધ એવા તિરૂપતિ બાલાજી મંદિરમાં દર વર્ષે આશરે એક ટન સોનું દાનમાં આવે છે. આ મંદિરને વિશ્વનું સૌથી શ્રીમંત મંદિર ગણવામાં આવે છે. આ મંદિરનું સાડા ચાર ટન સોનું બેંકોમાં પડેલું છે. તેનું વ્યાજ ૮૦ કિલો વજનના સોનાની કિંમત જેટલું આવે છે.

સોનાની દેશમાં વધતી માંગને સંતોષવા માટે લોકો, મંદિરો તથા ધર્માદા ટ્રસ્ટ પાસે સંગ્રહાયેલા ૨૯,૦૦૦ ટન સોનાના સ્ટોકને બહાર લાવવાનાં પગલાં વિચારવાનું સૂચન થોડા વર્ષો પહેલાં ઇન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશને કર્યું હતું.

આ સંગ્રહાયેલું સોનું બહાર લાવવામાં આવે તો વર્ષે ૨૦૦થી ૩૦૦ ટન જેટલા માલની પુરવઠામાં આપૂર્તિ થાય અને આયાત પરનું અવલંબન પણ ઘટી શકે.

તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાનમના ટ્રસ્ટીઓ દ્વારા ગયા વર્ષે જ જાહેર કરેલી વિગતો પ્રમાણે આ મંદિર ટ્રસ્ટ પાસે ૧૪ ટનથી વધુ સોનું છે. રૂા. ૧૪,૦૦૦ કરોડથી વધુ મૂલ્યની ફિક્સ્ડ ડિપોઝીટ છે. આ ટ્રસ્ટ આખા દેશમાં ૯૬૦ પ્રોપર્ટી ધરાવે છે જેની કુલ વેલ્યુ ૮૫,૭૦૫ કરોડ રૂપિયા થાય છે. કહે છે કે આ મિલ્કતોની આજના માર્કેટ ભાવ પ્રમાણે કિંમત આંકો તો ૨ લાખ કરોડથી વધી જાય.

છેલ્લાં બે વર્ષમાં મંદિરની હૂંડીમાં દર્શનાર્થીઓ દ્વારા ધરાવાતી રોકડ રકમનો આંકડો પણ ૭૦૦ કરોડથી વધી ગયો છે.

કેરળના વિખ્યાત અને ધનાઢ્ય મંદિરો અયપ્પા મંદિર અને સાબરીમાલા મંદિરનો વહીવટ કરતાં ધ ત્રાવણકોર દેવસ્વોમ બોર્ડ - ટીડીબી દ્વારા રીઝર્વ બેંકની ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમનો લાભ લેવા માટે ૫૦૦ કિલો સોનું જમા કરાવ્યું છે. આ સોનું જમા કરાવવાથી વર્ષે પાંચ કરોડ રૂપિયાની આવક થવાની ધારણા છે.

આર.બી.આઈ. આ સોના પર વર્ષે અઢી ટકા જ વ્યાજ આપશે.

તામિલનાડુના મંદિરોને દાનમાં મળેલા ૨૧૩૮ કિલો વજનના સોનાના દાગીના પીગાળવાનો નિર્ણય ત્રણ વર્ષ પૂર્વે રાજ્યની સ્ટાલિન સરકારે લીધો હતો. આ સોનાની કિંમત વર્તમાન બજારભાવ પ્રમાણે ૨૦,૦૦૦ કરોડથી વધુ થાય. એક અંદાજ પ્રમાણે ભારતના વિવિધ મંદિરોના ટ્રસ્ટ પાસે હજુ પણ આશરે ૩૦૦૦ ટન સોનું ફાજલ પડી રહ્યું છે.

તામિલનાડુના ૨૧ મંદિરોમાં શ્રદ્ધાળુઓ દ્વારા ચઢાવવામાં આવેલા ૧૦૦૦ કિલોગ્રામથી વધુ સોનાની સામગ્રીને પીગાળીને ૨૪ કેરેટના સોનાના બિસ્કીટમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે અને બેંકોમાં જમા કરવામાં આવ્યા છે. સોનાના બિસ્કીટના આ રોકાણને કારણે તેને વાર્ષિક રૂા. ૧૭.૮૧ કરોડ રૂપિયાનું વ્યાજ મળ્યું છે.

આ મંદિરો પૈકી તિરૂચિરાપલ્લી જિલ્લાના સમયપુરમમાં અરુલમિગુ મરિઅમ્મન મંદિરે રોકાણ યોજના માટે સૌથી વધુ (લગભગ ૪૨૪.૨૬ કિલોગ્રામ) સોનું આપ્યું હતું.

મહારાષ્ટ્ર રાજ્યના અમુક મંદિરોએ પણ આ દિશામાં પહેલ કરી છે. જાન્યુઆરી ૨૦૦૯થી ૨૦૨૩ના સમયગાળામાં તુળજા ભવાની માતાજીના ચરણે અર્પણ કરવામાં આવેલ ૨૦૪ કિલો સોનું તથા ૩ ટન ચાંદીના દાગીનાને ગાળવામાં આવ્યા છે. શિરડી સાંઈ મંદિર પાસે ૪૦૦ કિલોથી વધુ સોનું છે. વર્તમાન સમયમાં મહારાષ્ટ્રમાં શિરડી સાંઇ સંસ્થાન, તુળજા ભવાની મંદિર અને સિદ્ધિ વિનાયક ટ્રસ્ટ તેમને મળતા સોના-ચાંદીના દાગીના ગાળી આર.બી.આઈ.માં ડિપોઝીટ તરીકે રાખે છે.

વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અને શક્તિપીઠ અંબાજીના શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અગાઉ ૯૬ કિલો સોનું બેંકમાં મૂકવામાં આવ્યું હતું. આ સિવાય સોમનાથ મંદિર, દ્વારકાધીશનું મંદિર, ડાકોરનું રણછોડરાય મંદિર જેવા અનેક મંદિરો પાસે પણ સુવર્ણ જથ્થો છે. વિચારવા જેવી વાત એ છે કે ઉપરોક્ત વિગતો પ્રમાણે ભારતની પ્રજા પાસે અઢળક સોનું છે. મંદિરો અને રીઝર્વ બેંક પાસેના સોનાના અણમોલ જથ્થાને ધ્યાનમાં રાખીએ તો ભારતની ગણના વિશ્વના સૌથી શ્રીમંત દેશ તરીકે થવી જોઈએ. પરંતુ અફસોસ, કે વાસ્તવિક્તા જુદી છે.

***"ગુજરાત સમાચાર"ના સૌજન્યથી***

# દેશની ન્યાયિક વ્યવસ્થા માટે એ.આઈ.ની મદદ સહારો બનશે!!!

ડૉ. નાનક ભટ્ટ

ગુજરાતના મહીસાગર જિલ્લામાં બે પરિવારોની પેઢી-દરપેઢી અદાવતમાં ખેતરમાં હત્યાના ગુનાસર ખૂનીને ૧૦ વર્ષની સજા મળી. પરંતુ ૭ વર્ષે ખબર મળ્યા એફ.આઈ.આર. રજિસ્ટર મુજબ મારી નાખવામાં આવેલ માણસ તો જીવિત છે. આથી પોલીસ નોંધની ભૂલ જાણી હાઈકોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કર્યો અને વિભાગે હ્યુમન ઍરર જાણી ફાઈલ બંધ કરી દીધી.

પ્રવર્તમાન કાયદા અને ન્યાયની દુઃખદ સ્થિતિ અંગે સુરતના લીટરેચર ફેસ્ટીવલમાં સુપ્રીમ કોર્ટના પૂર્વ ચીફ જસ્ટીસશ્રી રંજન ગોગોઈએ શહેરના વકીલો સમક્ષ જણાવ્યું કે દેશની વિવિધ અદાલતોમાં ક્રિમિનલ ટ્રાયલ ૩ થી ૪ વર્ષનો સમય લે છે તે સ્થિતિમાં અલગ-અલગ કોર્ટોમાં આજે ૪ કરોડ કેસ પેન્ડિંગ છે. ૪૫ કરોડ નાગરિકોના કેસ આજે લીટીગેશનમાં છે.

સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજે બંધારણીય સંસ્થા માટે અતિ મહત્ત્વના પદ માટેની નિમણૂંક પ્રક્રિયા અંગે ખુલ્લી નારાજગી દર્શાવતા કહ્યું કે, સારા નિબંધો અને ચપો-ચપ અંગ્રેજીમાં ગોખી રાખેલી માહિતી ઠાલવી દેતા યુવાનો જજ તરીકે પસંદ થાય તેવું ધોરણ હોતા દેશની ૧૪૦ અબજની વસ્તી માટે માત્ર ૨૪ હજાર ન્યાયાધીશો કાર્યાન્વિત છે. પરિણામે અનેક કિસ્સાઓમાં માણસ મૃત્યુ પામે અને તેનો પરિવાર બરબાદ થઈ જાય પછી કોર્ટ વ્યક્તિને નિર્દોષ જાહેર કરે છે. શ્રી રંજન ગોગોઈએ જણાવ્યુ કે ન્યાયની અપેક્ષાએ કાચા કામના કેદી તરીકે સજા ભોગવતા નાગરિકોની વ્યવસ્થા માટે દેશની જેલોનો કુલ ખર્ચ એક રાજયના સંચાલન બરાબર પહોંચ્યો છે! દેશની બંધારણીય વ્યવસ્થામાં સ્વાયત્ત દરજ્જો ધરાવતી ન્યાય વ્યવસ્થામાં વ્યાપેલ ભ્રષ્ટાચારને લોકશાહી પ્રક્રિયાની ખામી તરીકે સ્વીકાર કરતા સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ સુબ્રમન્યમ સ્વામીએ ટીવી ઈન્ટરવ્યુમાં કહેવું પડ્યું, ‘નાગરિકોને ન્યાય મળતો નથી, ખરીદવો પડે છે.’

ગુલામી કાળમાં અંગ્રેજો દ્વારા મૂકવામાં આવેલ ન્યાયિક વ્યવસ્થાઓ આજે અમૃતકાળે મહદ્ અંશે જેમની તેમ છે અને વ્યક્તિ સ્વાતંત્ર્ય માટે રાજય વ્યવસ્થાનું સ્વપ્ન નાગરિકો માટે દુર્લભ છે. ત્યારે મર્યાદિત સમય સાથે ચાલતી, વેકેશન માણતી કોર્ટ વ્યવસ્થા પુનઃ વિચારણાને આધીન બની રહે છે.

સત્ય ન્યાયની દેવી કોઈપણ પ્રભાવથી અંજાયા વિના હાથ પરના ત્રાજવામાં માત્ર હકીકતોથી ન્યાય તોળે છે તેવી ગ્રીક માન્યતાના સ્થાને ૨૧મી સદીમાં ગુજરાતમાં સાબરમતી એક્સપ્રેસ અને યુરોપમાં ક્રિસમસ ક્રાઈમના અભ્યાસો દર્શાવે છે કે અખબારો અને ટેલીવિઝન જુથની પૂર્વ નિર્ધારિત ભૂમિકા ન્યાયિક પ્રક્રિયાને ભ્રમિત કરવા સક્ષમ રહે છે. આથી જ તો ૨૭ વર્ષ જેલવાસ વેઠી ખુલ્લી હવામાં પ્રથમ પગલું મુકતા જ નેલ્સન મંડેલાએ કહેવું પડ્યું કે, ‘ન્યાયનો આધાર સત્યતા રહેશે તો જ માનવ જાત શાંતિને પામશે.’

સીંગાપોર યુનિવર્સિટીના ફેકલ્ટી ઑફ લૉ ની ઈમારત ઉપર લખાણ છે : ‘શુભ તમને શક્તિશાળી લાગી શકે છે પણ અશુભ પોતાના સંખ્યાબળથી તેને પછાડે છે.’ સમાજશાસ્ત્રી ચેનોવેથ નોંધે છે, ‘કોઈ શાસન વ્યવસ્થા બહુમતીનો સામનો કરી શકે નહીં.’ ભારતીય બંધારણના મથાળે તો લખાય છે ‘સત્યમેવ જયતે’ પરંતુ જગતના ઈતિહાસના અભ્યાસુ પ્રાધ્યાપક રીચાર્ડ કાર્ટીસના મતે ‘ઈતિહાસ જનતાના સામૂહિક મંતવ્યને સત્ય તરીકે સ્થાન આપે છે.’

ન્યાય પ્રક્રિયાના કેન્દ્રમાં મનુષ્ય છે અને માણસની વિવેક શક્તિનો આધાર માનવ મસ્તિષ્ક છે. આથી કોઈ વ્યક્તિ કે પરિસ્થિતિને સમજવા માટે બેઠેલ જજ પણ અંતે પોતાના કાનથી સંભળાયેલ, આંખોથી જોયેલ પુરાવાને તર્કને મસ્તિષ્કના અગ્રભાગે પ્રિફ્રન્ટ કોરટેક્સથી સ્વીકારે છે. પરંતુ તર્કનું સંકલન મસ્તિષ્કના પાછળના કોરટેક્સ હિસ્સામાં જ થાય છે. આથી સમગ્ર પ્રક્રિયા વ્યકિતના ઉછેર, સંસ્કાર, તાલીમ અને પૂર્વા-પર ખ્યાલોથી અલિપ્ત રહી શકતી નથી. વર્તન વિજ્ઞાની લેવિસ બી. સ્મેડ્સ તો ત્યાં સુધી કહે છે કે, ‘ન્યાય વ્યક્તિની વિવેકશીલતા અને ધૈર્યનું ધૂંધળું ચિત્ર છે.’

વર્ચ્યુઅલ વિશ્વની ૨૧મી સદીમાં તો ન્યાયની દેવીના ત્રાજવામાં સત્ય હકીકતથી ઘણું વધારે ઉમેરણ માહિતી ઉપકરણથી થતું રહે છે ત્યારે પ્રવર્તમાન ન્યાય પ્રક્રિયાની મર્યાદાઓનો સ્વીકાર લોકશાહીમાં અનિવાર્ય બનતો જાય છે. રશિયન સુપ્રિમો મારીશ કોન્તીકોવ તો ડંકાની ચોટ પર કહે છે, ‘જુબાની ઉપર વિશ્વાસ કરવાના વૈભવની કિંમત નિર્દોષ અને મૌન રહેનાર લાચારોને ચૂકવવી પડે છે.’

(અનુસંધાન : જુઓ પાના નં. – ૭૦ ઉપર)

# ચિનાબ રેલ બ્રિજ ખુલ્લો મૂકી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને મોટી ભેટ આપી છે

ડૉ. મિહિર એમ. વોરા

પહેલગામ હુમલા પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જમ્મુ અને કાશ્મીરમાં તેમણે રિયાસી જિલ્લામાં બનેલા ચિનાબ પુલનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

આ દરમિયાન પીએમ મોદી ત્રિરંગો લહેરાવતા જોવા મળ્યા હતા. આ ચીન અને પાકિસ્તાન માટે એક મજબૂત સંદેશ હતો, જેઓ ભારતની સરહદો અને સાર્વભૌમત્વને વારંવાર પડકાર આપે છે.

ચિનાબ રેલ બ્રિજ ખૂલ્લો મુકી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને મોટી ભેટ આપી છે. અંદાજે ૧૪૦૦ કરોડના ખર્ચે તૈયાર થયેલો ચિનાબ રેલ પુલ પેરિસના એફિલ ટાવરથી પણ ઉંચો છે.

ચિનાબ બ્રિજ વિશ્વનો સૌથી ઉંચો રેલ પુલ છે. સિવિલ એન્જિયરિંગની અજાયબી સમાન આ પુલ કમાન આકારમાં છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવાર ૬ જૂને આ પુલને ખુલ્લો મુકી જમ્મુ કાશ્મીર સહિત દેશવાસીઓને એક મોટી ભેટ આપી છે.

આ પ્રસંગે તેમણે શ્રીનગર અને કટરા વચ્ચે બે ખાસ ડિઝાઇન કરેલી વંદે ભારત ટ્રેનને પણ લીલી ઝંડી આપી.

આ બાદ પીએમ મોદીએ શ્રી માતા વૈષ્ણોદેવી કટરા (SVDK) થી શ્રીનગર વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને પણ લીલી ઝંડી આપી હતી.

આ પ્રસંગે ટ્રેનના લોકો પાયલટ, રામપાલ શર્માએ ઊંડી લાગણીઓ વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું, આ ટ્રેન ફક્ત પરિવહનનું સાધન નથી, પરંતુ એક સ્વપ્ન છે જે દેશે સાકાર થતું જોયું છે.

રામપાલ શર્માએ કહ્યું હતું કે, ‘આપણા બધા ભારતીયો માટે ગર્વની ક્ષણ છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ અને ભારતીય રેલવેના સમર્પિત ઇજનેરો અને કર્મચારીઓએ આ અસાધારણ કાર્ય કર્યું છે. તે સરળ નહોતું. આ માર્ગ ખૂબ જ મુશ્કેલ અને તકનિકી રીતે પડકારજનક છે. પરંતુ ઇજનેરોની મહેનત અને સમર્પણથી તે શક્ય બન્યું.’

ચિનાબ રેલવે પુલ એ એન્જિનિયરિંગની અજાયબી તો છે જ પરંતુ સાથોસાથ નવા કાશ્મીરનું પ્રતીક પણ છે.

દેશ માટે ગૌરવ સમાન ચિનાબ બ્રિજની ડિઝાઇન ડબલ્યૂએસપી ફિનલેન્ડ એ તૈયાર કરી છે. જેમાં જર્મન કંપની લિયોનહાર્ટ, એન્ડ્રા એન્ડ પાર્ટનર અને વિયના કન્સલ્ટિંગ એ પુલના પિલ્લર સહિતની ડિઝાઇનમાં સહયોગ આપ્યો છે.

ભૂકંપ પ્રૂફ આ પુલનું નિર્માણ કોંકણ રેલવે કોર્પોરેશન દ્વારા કરાયું છે.

ચિનાબ પુલ જમ્મુ કાશ્મીર વિકાસ માટે ઘણો મહત્ત્વનો છે. આ પુલ ચિનાબ નદી પર બનાવવામાં આવ્યો છે. જે ઉધમપુર શ્રીનગર બારામુલ્લા રેલ લિંક યોજનાનો ભાગ છે. જેનો હેતુ જમ્મુ અને કાશ્મીરમા કનેક્ટિવિટી વધારવાનો છે. જેની ઊંચાઈ નદીના તળિયાથી ૩૫૯ મીટર છે, જે પેરિસના પ્રતિષ્ઠિત એફિલ ટાવર કરતાં ૩૫ મીટર જેટલો ઊંચો છે.

આ પુલ ૧૩૧૫ મીટર લાંબો છે. ચિનાબ પુલના નિર્માણમાં ૨૮,૬૬૦ મેટ્રિક ટન સ્ટીલ; ૧૦ લાખ ઘન મીટર રેતી; ૬૬,૦૦૦ ઘન મીટર ક્રોંક્રિટનો ઉપયોગ કરાયો છે.

આ પુલનું અંદાજિત વજન ૧૦,૬૧૯ મેટ્રિક ટન છે. તેનું સ્ટીલ માળખું -૨૦ ડિગ્રી સેલ્સિયસ સુધીના તાપમાન અને ૨૬૬ કિમી પ્રતિ કલાકની પવનની ગતિનો સામનો કરી શકે છે.

આ પુલ બનાવવા માટે ૩૨૦૦ શ્રમિકો અને એન્જિનિયરોએ કડી મહેનત કરી હતી.

આ પુલ ઘણી બધી રીતે ખાસ છે. આ પુલના નિર્માણમાં ખાસ સ્ટીલનો ઉપયોગ કરાયો છે. જેનાથી પુલને ૧૨૦ વર્ષ સુધી કંઇ થાય એમ નથી.

આ પુલની ડિઝાઇન એ રીતે કરવામાં આવી છે કે ૧૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ટ્રેન પસાર થઇ શકશે.

વધુમાં આ પુલ ભૂકંપ પ્રુફ અને વિસ્ફોટ સામે પણ અડીખમ છે. તે રિક્ટર સ્કેલ પર ૮ની તીવ્રતા સુધીના ભૂકંપનો સામનો કરી શકે છે. ઉપરાંત ૪૦ ટન TNT જેટલા ઉચ્ચ-તીવ્રતાના વિસ્ફોટોનો પણ સામનો કરી શકે છે.

***આવો જાણીએ, ભારતમાં એવા કયા બ્રિજ છે જે અદ્‌ભુત અને ઐતિહાસિક છે.***

★ મુંબઈ દેશની આર્થિક રાજધાની પણ કહેવાય છે. મુંબઈમાં આવેલ **બાંદ્રા-વરલી સી લિંક બ્રિજ** ભારતમાં એન્જિનિયરિંગના શ્રેષ્ઠ ઉદાહરણોમાંનો એક છે.

ગીચ વસ્તી ધરાવતા મુંબઈગરાઓ માટે આ બ્રિજ આર્શીવાદ બન્યો છે. આ બ્રિજથી કલાકોની સફર ફક્ત મિનિટમાં પૂરી થાય છે.

આ પુલ ૫.૬ કિમી લાંબો છે. આ બ્રિજ ૬૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બન્યો છે. જો કે આ બ્રિજ પર સુરક્ષાના કારણોસર રાહદારીઓ, ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર વાહનો પર પ્રતિબંધ છે.

★ **પંબન બ્રિજ** ભારતનો સૌ પ્રથમ વર્ટીકલ લિફ્ટ બ્રિજ છે. આ બ્રિજના કારણે રામેશ્વર જવું વધુ સરળ બન્યું છે. જૂના પુલની જગ્યાએ એક નવો પંબન રેલ બ્રિજ બનાવવામાં આવ્યો છે.

નવો પંબન બ્રિજ ૨.૦૮ કિલોમીટર લાંબો છે. તેના ૧૦૦ કમાનો સમુદ્ર પાર કરીને બનાવવામાં આવ્યા છે. આમાંથી ૯૯ કમાનો ૧૮.૩ મીટર ઊંચા છે.

દરિયા કિનારાની ઉપર આ બ્રિજની મુસાફરી કરવામાં લોકોને અદ્‌ભુત અનુભવ થાય છે. આ બ્રિજની ખાસિયત છે કે જ્યારે પણ કોઈ મોટા જહાજને ત્યાંથી પસાર થવું હોય તો તેને વર્ટીકલ લિફ્ટ સ્પાન દ્વારા વચ્ચેથી ઉપાડીને સરળતાથી જહાજને રસ્તો આપી શકાય છે.

★ કોલકાતાની ઓળખ જ **હાવડા બ્રિજ**થી થાય છે. અંગ્રેજોના સમયનો આ બ્રિજ આજે પણ અડીખમ છે.

આ બ્રિજની કુલ લંબાઈ ૭૦૫ મીટર, પહોળાઈ ૨૧.૬ મીટર અને ઊંચાઈ ૮૨ મીટર છે. આ બ્રિજની સૌથી મોટી ખાસિયત એ છે કે તેમાં એક પણ નટ-બોલ્ટ નથી. હુગલી નદી પર બનેલો હોવાથી આ બ્રિજ હાવડા બ્રિજ તરીકે ઓળખાય છે, જેનું સાચું નામ રવિન્દ્ર સેતુ છે. ૧૯૩૬માં અંગ્રેજો દ્વારા આ બ્રિજનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું અને ૧૯૪૨માં બ્રિજનું કાર્ય પૂર્ણ થયું હતું. કોઈપણ ઔપચારિક ઉદ્‌ઘાટન વિના ૧૯૪૩ માં આ પુલને જનતા માટે ખુલ્લો મૂક્યો હતો .

*સંદર્ભ : વિવિધ અખબારી અહેવાલ.*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ, વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## દેશની ન્યાયિક વ્યવસ્થા માટે એ.આઈ.ની મદદ...

**(અનુસંધાન : પાના નં.– ૬૮ ઉપરથી ચાલુ)**

અહીં નોર્વેના જંગલોમાં ઓસલોથી ૬૦ માઈલ દૂર દક્ષિણમાં દુનિયાની એ.આઈ. સંચાલિત ન્યાય અને જેલ વ્યવસ્થા આશાનો સંચાર લઈ ઉગી નીકળે છે. રોબોટીક ન્યાય અને સીસીટીવી કેમેરાની વ્યવસ્થાના આધાર ગુનેગારના ખરાબ આચરણ ઉપર રોક લગાવવાનો નહીં પરંતુ ખરાબ ઈરાદાઓ પર રોક લગાવવાનો પ્રયત્ન આશાસ્પદ બન્યો છે. બેસ્ટોયના અધ્યક્ષ ઈબાહાર્ટ જણાવે છે, 'એ.આઈ. ગુનેગારને મનુષ્ય તરીકે જુએ છે. આથી વ્યક્તિનું વર્તન મનુષ્યત્વ આસપાસ જકડાઈ રહે છે.'

૨૦૧૮માં અમેરિકા અને નોર્વના અર્થશાસ્ત્રીઓના મૂલ્યાંકન અનુસાર ૪૦ ટકા ઓછી ખર્ચાળ એ.આઈ.થી જળવાતી ન્યાયિક વ્યવસ્થામાંથી પસાર થતા નાગરિકોના જીવનમાં અસાધારણ પરિવર્તન આવ્યું છે. દુનિયાની તમામ જેલોમાં ગુનેગારોના પરત ફરવાના ૬૦ ટકાના રેકોર્ડથી વિરુધ્ધ નોર્વની જેલોમાં માત્ર ૧૬ ટકા કેદીઓ ફરી ગુનો આચરી ન્યાયિક વ્યવસ્થાના ખર્ચમાં બેગણો ઘટાડો કરનાર સાબિત થયા છે. રાષ્ટ્રપતિ લીંડન બી જેન્સનની અધ્યક્ષતામાં ગઠીત અપરાધ વિજ્ઞાનીઓ, નિવૃત્ત જજ અને જેલરોની કમિટીએ સોંપેલ અહેવાલમાં પોલીસ એફ.આર.આઈ.થી લઈ જેલ સુધીની વ્યવસ્થા પ્રત્યે પારંપારિક માત્ર અભિગમ છોડવા ભલામણ છે. અહેવાલ જણાવે છે કે, 'પ્રવર્તમાન ન્યાય અને દંડ વ્યવસ્થામાં વ્યક્તિને સામાન્ય બનાવવાની સંભાવનાઓ ઘણી ઓછી છે. હવે આમૂલ સુધારાનો સમય આવી ગયો છે. સળિયા, કોઠરી અને અંતહીન ગલીયારાઓ હવે ખતમ કરવા પડશે.

વિશ્વમાં લોકશાહીનું માળખું વધારે અને વધારે સ્વીકૃત કરવા માટે પણ ન્યાયિક વ્યવસ્થામાં વધુ મોકળાશ અને માનવ મૂલ્યો તરફનો ઝુકાવ વધારવો પડશે. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ જો બાઈડનએ પોતાના નિવૃત્તિ નિવેદનમાં ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું કે, 'લોકશાહીને અમીરોથી બચાવવી પડશે.' જનમત ઉપર વધતા જતા મની અને મસલ્સ પાવરને સંયમિત રાખવાની માસ્ટર કી ન્યાયિક પ્રક્રિયા છે. પરંતુ તેનું પારંપરિક સંકલન બદલવા પૂર્વ ચુકાદાઓના પુસ્તકો અને જજોની માન્યતાઓથી બહાર નીકળી રોબોટીક એ.આઈ. તરફ જવું જ રહ્યું.

***મો. ૯૮૯૮૪ ૬૩૪૮૯***

*જીવનમાં અગર ખુશ રહેવું હોય તો સ્વયંને એક શાંત સરોવર જેવું બનાવો*
*કે જેમાં અગર કોઈ અંગારા પણ ફેંકે તો તે ખુદ ઠંડા પડી જાય.*

# ભૂગર્ભ જળનું સ્તર વધારવા વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ જરૂરી

મનીષ જોશી 'મૌન'

**પ્રાચીન ભારતમાં પાણીને બચાવવા સુંદર રીત અપનાવાતી**
**વડોદરાની સોક્લીન સંસ્થા દ્વારા વરસાદી પાણી બચાવવા હાથ ધરાયું સુંદર અભિયાન**

ભારત વર્ષની પ્રાચીન પરંપરામાં વરસાદી પાણી જમીનમાં ટાંકી બનાવી સંગ્રહિત કરવામાં આવતું હતું અને એ પાણીનો ઉપયોગ રસોઈ બનાવવા માટે કરવામાં આવતો હતો. (જૂના પોરબંદર અને મોરબીમાં આજે પણ આ સિસ્ટમ જોવા મળે છે) તેને શુદ્ધ કરવા ફટકડી સહિતના પદાર્થોનો ઉપયોગ કરાતો હતો. પાણી ગાળવા માટે રેતી પછી ગરણું ઉપયોગમાં લેવાતું હતું. કાળક્રમે વરસાદી પાણી સંગ્રહિત કરવાની પદ્ધતિ લુપ્ત થવા માંડી. વીજળીની શોધ થઈ. ક્લોરોનેશન આવ્યું, તળાવો, વાવ, કુવાનું રોકડી કરવા પૂરાણ કરી દેવાયું અને નદી પર ડૅમ બાંધી દેવાયા. ઘરે ઘરે પાણી પહોંચતું કરવામાં આવ્યું.

તેમ તેમ પાણીની કિંમત ઘટવા માંડી. આડેધડ પાણીનો ઉપયોગ થવા માંડ્યો. જરૂર હોય કે ના હોય નળ બંધ કરવાની તસ્દી ના લેવાય અથવા નળ તૂટી ગયો હોય તો રીપેર ના કરાય. 'હોતી હૈ.. ચલતી હૈ... ચાલે..' તેને કારણે પાણીની ગંભીર સમસ્યા સર્જાવા માંડી.

વરસાદનું પાણી અગાઉ જમીનમાં ઉતરતું હતું. અલ્સફાટી સડકોનું નિર્માણ થતાં અને પાકી ફૂટપાથ બનતા પાણીને જમીનમાં ઉતરવા માટે અવકાશ ન રહ્યો. એટલે પાણી ગટર મારફતે વેડફાવા લાગ્યું. શોર્ટ કટમાં રૂપિયા કમાવવા આતુર રોડ બનાવનારા આડેધડ રોડ બનાવવા માંડ્યા. તેને કારણે વરસાદી પાણી શહેરોમાં પ્રસરવા માંડ્યું. અને જો વડોદરાની વિશ્વામિત્રી નદીની જેમ નજીકમાં નદી વહેતી હોય તો તેનું પાણી પણ પૂરરૂપે નગરમાં પ્રવેશવા લાગ્યું.

સમસ્યા ગંભીર છે. જો દરેક નગરજન તેના પર ગહનતાથી વિચાર નહીં કરે તો ત્રીજું વિશ્વયુદ્ધ પાણી માટે ખેલાશે તેમાં બેમત નથી. હાલમાં જ સિંધુ નદીના પાણી માટે પાકિસ્તાન વલખા મારી રહ્યું છે. તે માનવ માટે જળની આવશ્યકતા બતાવે છે. પાણી નહીં મળતા લોકો ભૂગર્ભ જળ બોર કરીને ખેંચવા લાગ્યા. તેથી ભૂગર્ભ જળનું સ્તર પણ ઘટતું જાય છે અર્થાત ઊંડું ઉતરતું જાય છે. ત્યારે ભૂગર્ભ જળના સંચય માટે માણસે વિચારવાનો સમય પાકી ગયો છે. વિસ્તારથી ભૂગર્ભ જળ સંચય વિષે લખવાનું કારણ વડોદરામાં ક્લિન એન્વાયરમેન્ટ માટે કાર્યશીલ સોકલીન સંસ્થા દ્વારા ભૂગર્ભ જળનું સ્તર વધારવા અભિયાન હાથ ધર્યું છે. સોકલીન સંસ્થાના પ્રમુખ તરીકે મ.સ. યુનિવર્સિટીના ચાન્સેલર, વડોદરાના રાજમાતા શુભાંગીનીદેવી ગાયકવાડ છે. રાજમાતા પોતે સંસ્કારી નગરીનું ગટરમાં વેડફાતું વરસાદી પાણી અટકાવવા માટે સતત પ્રયત્નશીલ છે. તેને કારણે જ્યારે યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ધનેશ પટેલ દ્વારા તેમને જાણ થઈ કે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ ટેકનોલોજી વિભાગમાં વર્ષોથી વરસાદી પાણી ભરાઈ રહે છે, તેને કારણે વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોને મુશ્કેલી સહન કરવી પડે છે, તેથી તરત જ સોકલીન સંસ્થાના ઉપપ્રમુખ ડો. સંજય પંડિતને જાણ કરાઈ અને સ્થળનું નિરીક્ષણ કર્યા પછી વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ કાર્યરત કરવા નિર્ણય કરવામાં આવ્યો. એ માટે મ.સ. યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ ઓફ સિવિલ એન્જિનિયરીંગના તજજ્ઞ ડો. સંસ્કૃતિ સુહાસ મજમુદારની નિગરાની હેઠળ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો. જેમાં યુનિવર્સિટીના ટેકનોલોજી ફેકલ્ટીના તમામ હેડનો સહકાર મળવા લાગ્યો. વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ કાર્યરત કરવા નાણાં ભંડોળની પણ સતત જરૂર પડે. એટલે ભંડોળ માટે સોકલીન દ્વારા બરોડા લાયન્સ ક્લબ એજ્યુકેશન ટ્રસ્ટના જગદીશ શુક્લનો સંપર્ક કર્યો. તેમણે રાજીપો વ્યક્ત કરી આર્થિક સહયોગ આપ્યો અને વિજય મિસ્ત્રી દ્વારા તૈયાર કરેલી હાર્વેસ્ટીંગ સિસ્ટમ યુનિવર્સિટીના મેટલર્જી વિભાગ નજીક રાજમાતા શુભાંગીનીદેવી ગાયકવાડે હિંદુ ધર્મની પરંપરા મુજબ પૂજા કરી ખુલ્લી મૂકી.

સોક્લીન સંસ્થા દરેક શહેર અને ગામમાં વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ શરૂ કરવા માટે પ્રતિબદ્ધ છે. જો કોઈ વ્યક્તિ કે સોસાયટી પોતાના વિસ્તાર કે ઘરમાં હાર્વેસ્ટીંગ સિસ્ટમ શરૂ કરવા માગતી હોય તો સોકલીન સંસ્થાના તજજ્ઞો નજીવી ફી લઈને માર્ગદર્શન આપવા આવતા હોય છે.

હાલ સોકલીન સંસ્થાનું ફોકસ શૈક્ષણિક સંસ્થાઓ છે. કારણ આજનું બાળક આવતીકાલનું ભવિષ્ય છે. જો વરસાદી પાણી કઈ રીતે સંચય થાય છે તે બાળક અત્યારથી જોશે તો પાણી સંગ્રહિત કરવા જાગૃત થશે.

સંસ્થાના તજજ્ઞો કહે છે દરેક બિલ્ડરે વોટર હાર્વેસ્ટીંગ

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૬ ઉપર)

# વસતી વધારાના કારણે માથાદીઠ આવકમાં ઘટાડો થવાની સંભાવના

ધવલ મહેતા

ભારતની વસતી જગતમાં સૌથી વધારે છે તે બાબત શરમજનક છે. વસતી વધારાની બાબતમાં સૌથી પહેલી વાત એ યાદ રાખવાની છે કે કોઈપણ દેશની કે જગતની વસતી ચક્રવૃદ્ધિના વ્યાજના દરે વધે છે અને દેશની સરાસરી માથાદીઠ આવકને ઘટાડી શકે છે. જગતમાં સૌથી વધુ જીડીપી (રાષ્ટ્રીય આવક) ધરાવતા દસ દેશો અનુક્રમે યુ.એસ.એ., ચીન, જર્મની, ભારત, જાપાન, યુ.કે., ફ્રાન્સ, ઇટાલી, કેનેડા અને બ્રાઝીલ છે. પરંતુ ભારતની વસતી ૧૪૬.૪ કરોડ એટલી પ્રચંડ છે કે ભારતની જીડીપીને તેની કુલ વસતી દ્વારા ભાગાકાર કરી તો ૨૦૨૪ના ચાલુ વર્ષમાં ભારતની માથાદીઠ આવક માત્ર ૨૮૭૮ ડોલર્સની થાય છે. જ્યારે ૩૪ કરોડની વસતી ધરાવતા યુ.એસ.એ.ની તે ૨૦૨૫માં ૮૯,૧૦૫ ડોલર્સ હતી. ૪ વર્ષમાં સ્વિટ્ઝરલેન્ડની ૧ લાખ પાંચ હજાર ડોલર, ગ્રેટ બ્રિટન એટલે કે યુ.કે.ની ૫૪,૯૪૯ ડોલર્સ, જર્મનીની ૫૫,૯૧૧ ડોલર્સ, ફ્રાંસની ૪૬,૭૯૨ ડોલર્સ, આયર્લેન્ડની અધધ ૧,૦૮,૯૧૯ ડોલર્સ, ઇઝરાયેલની ૫૭,૭૬૦ ડોલર્સ – જ્યારે તેની સાથે સંઘર્ષમાં ઉતરેલ ઇરાનની સરાસરી માથાદીઠ આવક માત્ર ૩૮૯૭ ડોલર્સ છે. જ્યારે ૨૦૨૫માં ચીનની માથાદીઠ સરાસરી આવક ૧૩,૬૮૭ ડોલર્સ, રશિયાની ૧૪,૩૪૧ ડોલર્સ, બ્રાઝીલની ૯,૯૬૦ ડોલર્સ, જાપાનની ૩૩,૯૫૬ ડોલર્સ, કેનેડાની ૫૩,૪૩૧ ડોલર્સ, બ્રાઝીલની ૧૦,૩૫૦ ડોલર્સ અને ઇટાલાની ૪૧,૭૧૦ ડોલર્સ છે. માથાદીઠ સરાસરી આવકની આ લાંબી સૂચિ એટલે આપી છે કે જગતમાં માત્ર જીડીપીના આધારે જે દેશોની સૂચિનો અનુક્રમ આપવામાં આવે છે તે માથાદીઠ આવકનો રેન્કિંગથી જુદો છે. ભારત ભલે કુલ જીડીપીની દૃષ્ટિએ વિશ્વમાં ચોથા ક્રમે છે પરંતુ તેની વસતી એટલી પ્રચંડ છે કે માથાદીઠ સરાસરી આવકમાં તેનો ક્રમ શરમજનક નીચો છે. જગતની વસતી નિરંકુશ રીતે વધી રહી છે તેની હવે કોઈ ચિંતા કરતું નથી. તે હવે જગતના પોલીટીકલ કે ઇકોનોમિક એજન્ડા પર નથી. તેનું મુખ્ય કારણ એ છે કે જગતમાં આર્થિક અને રાજકીય એજન્ડા પર જીડીપીની વૃદ્ધિનો દર સેન્ટ્રલ સ્ટેજ પર છવાઈ ગયો છે. એનું બીજું કારણ એ છે કે જગતનો છેલ્લા ઘણા વર્ષોથી સરાસરી આર્થિક વૃદ્ધિ દર ૩ ટકા છે (જો કે ૨૦૨૦ના કોવિડના વર્ષમાં તે નેગેટીવ ૨.૮૮ ટકા થઈ ગયો હતો.) જ્યારે જગતની વસતીનો વૃદ્ધિ દર ૦.૮૯ ટકા એટલે કે એક ટકાથી પણ નીચો છે. અત્યારનું જગત આર્થિક રીતે સમૃદ્ધ થઈ રહ્યું છે પરંતુ જગતમાં આવક અને સંપત્તિની અસમાનતા (જગતના દેશોની વચ્ચે તેમજ જગતના દરેક દેશની અંદર) વધતી જાય છે. એમ લાગે છે કે સત્તાની, મોભાની અને આવક અને સંપત્તિની અસમાનતા માનવીના ડીએનએ તથા આરએનએ માં જ પ્રોગ્રામ્ડ છે.

જગતના ગરીબ દેશો એવી દલીલ કરે છે કે ડોલર્સની દૃષ્ટિએ ભલે અમારી માથાદીઠ આવક નીચી છે પરંતુ પરચેઝીંગ પાવર મેરીટની દૃષ્ટિએ અમારી માથાદીઠ આવક ઊંચી છે. દા.ત. ભારતની માથાદીઠ વાર્ષિક સરાસરી આવક માત્ર ૨૮૭૮ ડોલર્સ છે પરંતુ પરચેઝીંગ પાવર મેરીટની દૃષ્ટિએ તે ૧૨,૧૩૨ ડોલર્સ છે. ઉદાહરણ તરીકે અમેરિકામાં એક પ્યાલો કોફીનો એક ડોલર (૮૫ રૂપિયા) આપવો પડે જ્યારે ભારતમાં ૨૦ રૂપિયામાં કોફીનો મગ મળે. કોઈ ધાબા પર માત્ર સો કે એકસો વીસ રૂપિયામાં આપણે ભરપેટ ભોજન કરી શકીએ તો અમેરિકાની સામાન્ય રેસ્ટોરામાં સાદા પરંતુ ભરપેટ ભોજનના કદાચ દસથી બાર ડોલર થાય. એટલે કે ૮૫૦ રૂપિયાથી માંડીને રૂપિયા ૧૦૨૦ થાય.

ટૂંકમાં ભારતમાં નીચી સરાસરી માથાદીઠ આવકના બચાવમાં ઉપરની દલીલમાં વજૂદ છે. જગતે તથા ભારતે વસતી વધારાની બાબતમાં શરમજનક રીતે હદ વટાવી નાંખી છે તેમ છતાં હવે જગત વધતી જતી વસતીને ટાઈમ બોંબ ગણતું નથી.

ભારત ૨૦૨૩માં ચીનની વસતીને આંબી ગયું. ૨૦૨૫માં ભારતની વસતી અધધધ ૧૪૬.૪ કરોડ છે, જ્યારે ચીનની વસતી ૧૪૧.૬ કરોડ છે. ભારત માટે તે શરમજનક બાબત છે.

*'ગુજરાત સમાચાર'ના સૌજન્યથી*

## કરદાતાઓએ રીટર્ન ફાઈલ કર્યા

નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતમાં ૯.૧૯ કરોડ કરદાતાઓએ પોતાના રીટર્ન ફાઈલ કર્યા.

દેશમાં રીટર્ન ફાઈલ કરનારાઓની સંખ્યા ૬૭ લાખ વધી.

કરોડપતિ કરદાતાઓની સંખ્યા ૩.૨૩ લાખ.

પાંચ લાખથી ઓછી આવકવાળા કરદાતાઓની સંખ્યા ૪.૧૯ કરોડ.

પાંચ લાખથી ઉપરની આવકવાળા કરદાતાઓની સંખ્યા ૪,૯૬,૭૭,૦૦૦. ■

# વિદ્યાર્થી જીવનમાં સફળતાના માપદંડ

પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર

*"એક છલાંગે આભ અંબાય, હામ જોઈએ*
*મુઠ્ઠીમાં તો સમંદર સમાય, હામ જોઈએ*
*લીલું વન વટાવવું આમ તો દોહ્યલું*
*ને આમ તો પળમાં રણ કપાય, હામ જોઈએ"*

*– રમેશ ગોસ્વામી*

- **ભૂમિકા :**

વિશ્વમાં ૮ અબજથી વધુ વસ્તી છે. ભારતમાં ૧૪૨ કરોડ જનસંખ્યા છે. બધાનું શારીરિક, માનસિક બંધારણ તો સરખું છે પણ તેમાં નરેન્દ્ર મોદી, આમીરખાન, સચિન તેંડુલકર, ચેતન ભગત કે ડૉ. સુદર્શન આયંગર જુદા પડી જાય છે. આપણે પણ ઘેટાની જેમ એકની પાછળ બીજા ચાલે તેવા પ્રાણીને બદલે અલગ, અનોખી, સ્વતંત્ર ઓળખ ધરાવતી વ્યકિત તરીકે સમાજમાં અવશ્ય સ્થાન પામી શકીએ. આવી સફળતા પ્રાપ્ત કરવાની ગુરૂચાવીઓ નીચે મુજબ છે.

**૧. ધ્યેય – લક્ષ્ય નિર્ધારણ :**

દરેકે પોતાના રસ, રૂચિ, કૌટુંબિક સંજોગો, પર્યાવરણ વગેરે બાબતો લક્ષ્યમાં રાખીને નિશ્ચિત ધ્યેય નક્કી કરવાનું છે. એક વખત ધ્યેય નક્કી થઈ જાય પછી તેમાં વારંવાર ફેરફાર કરવાના નથી. જે લોકો ધ્યેય નિર્ધારણ કરીને, દૃઢ શ્રદ્ધા અને આત્મવિશ્વાસથી આગળ વધે છે તેના અનેક ઉદાહરણો આપી શકાય. અહીં ત્રણ વ્યકિતની ચર્ચા કરવી છે.

મહાન વૈજ્ઞાનિક, **મિસાઈલમેન અબ્દુલ કલામ**. આકાશને આંબવાનું સ્વપ્ન જેમણે સાકાર કર્યું તે ધીરૂભાઈ અંબાણી. લોકભારતીના સ્નાતક અને માધ્યમિક શિક્ષણબોર્ડના નાયબ અધ્યક્ષ (નિવૃત્ત) શ્રી અર્જુનભાઈ ગોપાણી. અબ્દુલ કલામ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા ત્યારે તેમના શિક્ષકે વાત કરી હતી કે ભારતનો વિકાસ કરવો હશે તો શાંતિ જોઈશે. શાંતિ જોઈતી હશે તો તાકાત – Strength કેળવવી પડશે. યુવાન વિદ્યાર્થીને આ વાત બરાબર મનમાં વસી ગઈ. તેમણે ખંતપૂર્વક અભ્યાસ કરીને, સ્પેસ ટેકનોલોજીમાં તજજ્ઞતા પ્રાપ્ત કરી. તેમના કૌટુંબિક સંજોગો પ્રતિકૂળ હતા. બાપુજી રામેશ્વરમમાં નાવિક હતા. પોતે છાપાની ફેરી કરતા હતા. પણ તેઓ સંજોગોના ગુલામ ન બન્યા, સંજોગોના માલિક થયા. આજીવન કુંવારા રહ્યા. પરિણામે 'અગ્નિ' અને 'પૃથ્વી' જેવા મિસાઈલનું પદ્ધક્ષિણ આપણે કરી શક્યા. તેમનું પુસ્તક 'અગનપંખ' સૌએ વાંચવું જોઈએ.

**ધીરૂભાઈ** પ્રાથમિક શાળાના શિક્ષકના સંતાન હતા. જુનાગઢમાં મેટ્રીક પાસ થઈને ઍડન (યમન) ગયા. બર્માશેલ પેટ્રોલિયમ કંપનીના પેટ્રોલ પંપમાં સત્તર વર્ષની નાની વયે નોકરી સ્વીકારી. આ કામથી તેમને સંતોષ ન હતો. ભારતમાં વર્ષોથી પેટ્રોલિયમ પેદાશોની આયાત થતી હતી. ધીરૂભાઈએ વિચાર્યું કે ભારત, પેટ્રોલ-ડીઝલની આયાત કરવાને બદલે ક્રુડ ઓઈલની વધુ આયાત કરે અને તેને ભારતમાં જ રીફાઈન કરી પેટ્રોલ ડીઝલ તૈયાર કરે તો અબજો રૂપિયાનું વિદેશી હૂંડિયામણ બચે. આ સ્વપ્ન સાકાર કરતા વર્ષો લાગ્યા. શ્રી ધીરૂભાઈએ ઍડનની નોકરી ૨૬ વર્ષે છોડી. ભારત આવ્યા. મુંબઈમાં તેજાનાની નિકાસના સોદા શરૂ કર્યા. રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના કરી. કાપડની મિલ શરૂ કરી અને બધા સંજોગો અનુકૂળ થતાં જામનગરમાં રીલાયન્સ રીફાઈનરી સ્થાપી. શ્રી મુકેશભાઈ અંબાણીએ તેનું વિસ્તરણ કર્યું. આજે સમગ્ર વિશ્વમાં આ મોટામાં મોટી રીફાઈનરી છે.

**શ્રી અર્જુનભાઈ ગોપાણી** અભ્યાસ પૂર્ણ કરી, અધ્યાપન મંદિર, વડિયા (જિ. અમરેલી)માં શિક્ષક તરીકે જોડાયા. G.P.S.C.ની પરીક્ષા પાસ કરી, આગળ વધતાં જિલ્લા શિક્ષણાધિકારી થયા. માધ્યમિક શિક્ષણ બોર્ડના નાયબ અધ્યક્ષ સુધી પહોંચ્યા. તેઓ જુનાગઢમાં પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી હતા ત્યારે તેમના હસ્તક ૧૫૦૦ પ્રાથમિક શિક્ષકોની ભરતી થઈ, ૧૫૦૦ની બદલી થઈ. આ પ્રક્રિયામાં કોઈપણ તબક્કે એક રૂપિયાનોય ભ્રષ્ટાચાર થવા દીધો નહીં. એક વખત જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનની હાજરીમાં એક માથાભારે શખ્સે એક શિક્ષકની બદલી માટે દબાણ કર્યું. મારી નાખવાની ધમકી આપી. પણ શ્રી અર્જુનભાઈ ગેરવાજબી માગણીને તાબે ન થયા. તેમના કાર્યકાળમાં જ બોર્ડની પરીક્ષાની ઉત્તરવહીના પાંચ પ્રશ્નો પાંચ શિક્ષકો તપાસે, સીટ નંબરની જગ્યાએ ડમી નંબરો આપવા, ઉત્તરવહી તપાસવાની કેન્દ્રીય વ્યવસ્થા, ઓક્ટોબરને બદલે જુલાઈમાં ફેર પરીક્ષા વગેરે પરીક્ષા સુધારણાના માળખાગત ફેરફારો થયા.

અબ્દુલ કલામ, ધીરૂભાઈ કે અર્જુનભાઈ સામાન્ય કુટુંબમાંથી આવતા હતા પણ તેઓ તેમના ક્ષેત્રમાં સફળ થયા, યશસ્વી બન્યા. તેના કારણમાં તેમણે જે ધ્યેય નક્કી કર્યું તેને મિશન માનીને સિધ્ધ કરવા માટે અથાગ પુરૂષાર્થ કર્યો. આપણે

પણ આવા સફળ લોકોના જીવનકાર્યનો ઊંડાણથી અભ્યાસ કરીને, તેમના ગુણો-શકિતઓ, સ્વપ્નો આપણામાં આત્મસાત્ કરીએ, તેમની પ્રતિમા મનમાં ઊભી કરીએ, તેમનું ચિત્રાંકન કરીએ તો આપણેય સફળ બની શકીશું.

**૨. સમયનું વૈજ્ઞાનિક આયોજન :**

આપણા ધ્યેયને ચરિતાર્થ કરવા માટે સતત અધ્યયન-વાંચન-મનન કરવું પડશે. બીજા લોકો સાથે પરામર્શ-ગોષ્ઠિ કરવા પડશે. આ માટે સમયના ન્યાયપૂર્ણ ઉપયોગ અર્થે આયોજન કરવું પડશે. કુદરતે 'સમય'નામના સંસાધનની મહાન ભેટ દરેકને આપી છે. આ આગવી ભેટ છે. તેની મુખ્ય બે વિશેષતા છે. તે નાણાં કે વસ્તુની જેમ બીજા પાસેથી ઉછીની મેળવી શકાતી નથી. બીજું સમયનો સંગ્રહ કરી શકાતો નથી. આજે સમયનો ઉપયોગ ન કર્યો તો તેનો તુરંત નાશ થઈ જાય છે. પણ માણસ વધુ કમાણી કરી, વધુ બચત કરીને, તે નાણાં ભાવિ વપરાશ માટે રાખી શકે છે તેમ સમયનો સર્વશ્રેષ્ઠ ઉપયોગ કરી, આપણા ભાવિજીવનને સર્વોત્તમ બનાવી શકીએ.

***સમયના ત્રણ પ્રકાર છે :***

*(૧) કમિટેડ સમય :* નિત્ય ક્રિયાઓ, ભોજન વગેરે માટે ચોક્કસ સમય આપવો જ પડે.

*(૨) ફુરસદ માટે વિટામિનો જેવો સમય :* કુટુંબના સભ્યો સાથે, મિત્રો સાથે વાતો કરવી, સંગીત સાંભળવું, રમવું, ટી.વી. જોવું. ફરવા જવું વગેરે.

*(૩) ક્રીમ સમય :* આ સમયમાં ધ્યેયને પરિપૂર્ણ કરવા એકાગ્રતાથી અધ્યયન કરવું, વાંચવું-વિચારવું, નેટ પરથી સામગ્રી શોધીને અભ્યાસ કરવો. આપણને દરરોજ એક તાજો દિવસ મળે છે. તેમાંથી ક્રીમ સમય માટે જેટલા વધુ કલાકો ફાળવીશું તેટલા આપણે સમૃદ્ધ થઈશું. આ સમયમાં કોઈને મુલાકાત આપવી નહીં, ફોન પર વાતચીત કરવી નહી. ઈંગ્લેન્ડના વિખ્યાત ચિંતક લોઈડ જ્યોર્જને તેમની મહાનતાનું રહસ્ય પૂછ્યું ત્યારે જવાબ આપ્યો, 'હું જ્યારે મારા વાળ ઓળતો હોઉં ત્યારે વાળ ઓળવાના જ વિચારો કરું છું.'' ક્રીમ સમયના ઉપયોગનું આયોજન આગળના દિવસે જ કરી લેવું.

**૩. સુખચેનના કોચલામાંથી બહાર નીકળો :**

જેમણે પોતાના જીવનને અર્થપૂર્ણ બનાવવું છે તેમણે આળસ-પ્રમાદ-અતિશય નિદ્રા છોડવા પડશે. તુચ્છ વાતોથી દૂર રહેવું પડશે. પોતાની મર્યાદાઓ ઓળંગવી પડશે. જે હાથીને સરકસમાં મોકલવાનો હોય તે હાથી જ્યારે નાનું મદનિયું હોય ત્યારથી જ તેને એક થાંભલા સાથે દોરડાથી બાંધી રાખવામાં આવે છે. શરૂઆતમાં મદનિયું તે દોરડું ખેંચીને થાંભલાથી પોતાની સીમાથી દૂર જવા ધમપછાડા કરે છે. પછી તેને પોતાની મર્યાદાઓનો ખ્યાલ આવી જતાં તે શાંત થઈ જાય છે.

મદનિયું મોટું થાય, પાંચ ટન વજનનો પુખ્ત હાથી થઈ જાય ત્યારે તો દોરડું તોડીને નાસી જઈ શકે તેમ છે પણ પેલા દોરડાના બંધનથી તે ટેવાઈ ગયો છે એટલે તેની શકિત હોવા છતાં તે મુકત નથી થઈ શકતો. દરેક પાસે અગાધ શકિત-સામર્થ્ય છે પણ આપણે કાલગ્રસ્ત – જરી પુરાણી માન્યતાઓ – મર્યાદાઓનું દોરડું તોડી શકતા નથી. સંકલ્પ કરીને સુખચેનના ઝોનમાંથી આપણે બહાર નીકળી શકીએ.

સરદાર પટેલના સચિવ વી.પી. મેનન દિલ્હી સચિવાલયમાં સામાન્ય કારકુન હતા પણ અંગ્રેજી રાજ અને દેશી રજવાડાંનો ઊંડો અભ્યાસ કર્યો. પરિણામે આઝાદી પછી સરદાર સાહેબે, રજવાડાંઓના એકત્રીકરણ માટે તેમની સેવાઓ મેળવી. તેમને સચિવ બનાવ્યા અને ૫૫૫ દેશી રાજ્યોનું સફળતાપૂર્વક ભારતમાં વિલીનીકરણ થયું. પછી તો મેનનની કેરાલાના ગવર્નર તરીકેય નિમણૂંક કરવામાં આવેલી.

**૪. સતત અભ્યાસ કરોઃ**

જે ધ્યેય નક્કી કર્યું હોય તેને કેન્દ્રમાં રાખી નિરંતર ઊંડાણપૂર્વક ચિંતન-મનન કરો. ગુજરાતી-અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવીને માહિતી અને જ્ઞાન પ્રાપ્ત થાય તે પ્રકારના વર્તમાનપત્રના તંત્રી લેખો, પુસ્તકો, સંદર્ભગ્રંથો, સામયિકોનું અધ્યયન કરો. ટી.વી. અને નેટ ઉપર સમગ્ર વિશ્વની વૈવિધ્યપૂર્ણ માહિતી આવે છે. તેને સર્ચ કર્યા કરો. શરીરની સ્વસ્થતા માટે આપણે પોષક આહાર લઈએ છીએ. આપણી કારકિર્દીના ઘડતર માટે સાહિત્ય સામગ્રીની યોગ્ય પસંદગી કરવી પડે. આ સામગ્રી દેવતા સમાન છે. તેની નિરંતર આરાધના-પૂજા કરીશું તો આપણે બીજા સામાન્ય માણસથી અનોખા તરી આવીશું. આપણું વ્યકિતત્વ ખીલશે. મનુભાઈ પંચોળી ઉત્તમ સર્જક, ઈતિહાસકાર બની શકયા તેનું એક કારણ તેમની વિશાળ વાંચન દૃષ્ટિ હતી. તેઓ વિશ્વના મહાન સાહિત્યકારોની કૃતિઓનું પરિશીલન તો કરતા જ પણ તેની સાથે અર્થકારણ-પર્યાવરણ જેવા વિષયોના ગ્રંથો પણ તપાસી જતા. તેમને નિયમિત રોજના સો પાના વાંચવાની ટેવ હતી.

**૫. નિરાશ ન થાઓ**

આપણે કારકિર્દી ઘડી રહ્યા હોઈએ, આગળ ધપી રહ્યા હોઈએ ત્યારે અડચણો આવવાની, મુશ્કેલીઓ પડવાની.

તેનાથી કયારેય હતોત્સાહ થવું નહીં, ભયગ્રસ્ત બનવું નહી. 'ગૂગલ' વેબસાઈટના સર્જક સર્જરી બ્રીન અને લેરી પેઈઝએ 'યાહૂ' સાથે તેમની વેબસાઈટ જોડી દેવા દરખાસ્ત કરી. યાહૂએ તેમને નવા નિશાળીયા ગણીને 'ના' પાડી. બંને મિત્રો નિરાશ થયા. તેમણે પોતાની સ્વતંત્ર વેબસાઈટ શરૂ કરી અને કરોડો ડોલર કમાયા.

'ના'ને તમારી ભેટ માનો. 'ના'ના કારણો તપાસી તેનું પૃથક્કરણ કરો, ભૂલો સુધારો અને ફરીથી શ્રદ્ધા દઢ કરી આગળ વધો. શ્રદ્ધારૂપી એન્ટીબાયોટિક ભયના બેક્ટેરિયા દૂર કરીને આત્મવિશ્વાસનું પ્રસ્થાપન કરે છે.

આપણને પગાર વધારો ન મળે, પ્રમોશન ન મળે, કામની કદર ન થાય તો થાકવું-હારવું નહી. શ્રેષ્ઠતા માટે પ્રયત્નો કરતા રહેવા અને તેનોય પ્રતિસાદ ન મળે તો પછી જે તે સંસ્થાને અલવિદા કહેવામાં વિલંબ કરવો નહીં. શ્રેષ્ઠતા અને ગતિશીલતાના ગુણોનો સમન્વય જરૂરી છે.

**૬. સંબંધોમાં સહૃદયતા સ્થાપો :**

વ્યક્તિને જ્યારે નિજી સ્વાર્થ હોય ત્યારે બીજા સાથે સંબંધ સ્થાપે છે પછી તેને વિસ્મરી જાય છે. સંબંધો, એ મૂડી છે. એટલે નિઃસ્વાર્થભાવે તેનું જતન કરવું જોઈએ. ધીરૂભાઈ અંબાણી જ્યારે ઍડન પેટ્રોલપંપમાં નોકરી કરતા હતા ત્યારે એક અરબ શેખે પોતાના ઘરે ગુલાબ વાવવા અંગે પૃચ્છા કરી. ધીરૂભાઈએ માત્ર માર્ગદર્શન ન આપ્યું પણ ભારતની ગુલાબના છોડ માટે જરૂરી માટી અને રોપ મંગાવી આપ્યા. આરબ શેખે આ ઘટનાને કાયમી યાદ રાખી. ધીરૂભાઈએ જ્યારે રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના કરી ત્યારે તેમને આ શેખ પૂરા મદદરૂપ થયા.

સંબંધોનું જતન સંવર્ધન કરવા માટે મિત્રો, સંબંધીઓને અવાર નવાર ફોન કરો, જન્મદિવસે શુભેચ્છા આપો, મેસેજ કરો. પ્રસંગોપાત નાની મોટી ભેટ મોકલો. તેમની સાથે નિખાલસતા-પ્રસન્નતાથી વાત કરો.

**૭. હકારાત્મક વલણ દાખવો :**

આપણી પ્રકૃતિના બે પાસાં છે : હકારાત્મક અને નકારાત્મક. આપણે બીજા લોકો તરફ રાગ, દ્વેષ, ઈર્ષ્યા, અરૂચિ, વૈરભાવ નહીં સેવીએ; સમભાવથી વર્તન-વ્યવહાર કરીશું તો આપણા શરીરમાં એન્ડ્રોફિન્સ હોર્મોન્સ વધુ પેદા થશે. ટેન્શન, કોલેસ્ટેરોલ ઓછા થશે. લોહીનું દબાણ, ડાયાબિટીસ, એસિડિટી અંકુશમાં રહેશે. પાચનતંત્ર વ્યવસ્થિત રહેશે. જો આપણે બીજા તરફ અકારણ ક્રોધ, હિંસા દાખવીશું, નિંદા - ટીકા - કૂથલી કરીશું, બીજાના અંગત જીવનમાં દખલગીરી કરીશું, ભૂતકાળની ભૂલોને વાગોળ્યા કરીશું તો શરીરમાં એડ્રેનાલિન હોર્મોન વધુ પેદા થશે. ટેન્શન-તાણ વધશે. એટલે શારીરિક, માનસિક સ્વાસ્થ્ય માટે હંમેશાં હકારાત્મક બનો.

**૮. આનંદ - ઉત્સાહને જીવનનો ભાગ બનાવો :**

આપણે સફળતા શાંતિ પ્રાપ્ત કરવા હોય તો પણ મુકત જીવન જીવતા શીખવું પડશે. સપ્તાહમાં બે દિવસ ચિંતામુક્ત હોય છે. એક ગઈકાલનો દિવસ. ગઈકાલે ભૂલો કરી તે ભૂલી જવાની છે. બીજો આવતીકાલનો દિવસ. તે તો આનંદમય જ હશે તેમ માનવાનું છે. એટલે આજના દિવસને માણતાં શીખો. આપણને જે ક્ષેત્રમાં રસ, શોખ હોય તેમાં થોડો સમય નિયમિત આપો. આલ્બર્ટ આઈન્સ્ટાઈન દરરોજ વાયોલીન વાદન કરતા. ચર્ચિલ સૂતા પૂર્વે અગાથા ક્રિસ્ટીની કથાઓ વાંચતા. આપણે નાના મોટા પ્રવાસનું આયોજન કરીએ. ઘરમાં સમૂહ પ્રાર્થના કરીએ. સાંજે સૌ સાથે બેસીને જમીએ. જમતી વખતે હળવી વાતો કરીએ. બહારની ખાણીપીણીની મર્યાદા રાખીએ. પ્રસંગોપાત એકટાણા-ઉપવાસ કરીએ, મૌન રાખીએ. સૂર્યપ્રકાશનું સેવન કરીએ. આલ્કાહોલિક પીણાં-તમાકુનું સેવન તો ન જ કરીએ. દરરોજ દસ ગ્લાસ પાણી પીએ.

આપણે જો ઉપરોકત માપદંડોનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરી આગળ વધીશું તો સફળતા-સંતોષ અવશ્ય પ્રાપ્ત થશે. તેમ છતાં કયારેક ધાર્યા પરિણામ ન મળે તો નાસીપાસ થવું નહી. ઓલિમ્પિકમાં અનેક દેશના ખેલાડીઓ ભાગ લે છે. બધા તો વિજયી બનતા નથી. એ શક્ય પણ નથી. ભાગ લેનાર માટે એ મહત્ત્વનું છે કે તેણે નિષ્ઠાપૂર્વક પૂરતી મહેનત કરી, પ્રેક્ટિસ કરી અને મહોત્સવમાં હિસ્સેદાર થવું. આ પ્રકારની ખેલદિલી, ઉદાર વલણ જીવનમાં જો અપનાવીશું તો સંતોષ – સાર્થકતાનો અનુભવ થશે જ.

*ડી-૨૦૪, અભિષેક એન્ટિલિયા, સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સામે,*
*પુનિત નગર, ન્યુ સમા રોડ, વડોદરા-૩૯૦ ૦૨૪.*
*મો. ૯૪૨૬૪ ૬૧૦૯૦*

## ભાષણનો નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો

કોરીએ ભાષણ આપી ૧૯૫૭નો ૨૪ કલાક ૧૮ મિનિટનો રેકોર્ડ તોડ્યો.

યુ.એસ. સેનેટમાં કોરી બુકરનું ટ્રમ્પની વિરુદ્ધ નોન સ્ટોપ ૨૫ કલાક વિક્રમજનક ભાષણ.

સેનેટના નિયમો અનુસાર ભાષણ દરમિયાન સેનેટર બ્રેક લઈ શકતો નથી કે રેસ્ટ રૂમનો ઉપયોગ કરી શકતો નથી.

રાતના સમયે સેનેટમાં કોઈ નહોતું તો પણ કોરી બુકરે એકલા ઊભા રહીને ભાષણ કર્યું. ■

# ડાયરેક્ટ માર્કેટિંગ કંપનીઓની માયાજાળ

ચૌલા કુરૂવા

દેશમાં ફેલાયેલી ડાયરેક્ટ માર્કેટિંગ કંપનીઓ – જેમાં ઍમ વે, મોદીકેર, ટપ્પરવેર, ઑરીફલેમ જેવી ડઝનબંધ કંપનીઓ આવે છે. આની માયાજાળ બહુ મોટી ને ગૂંચવાડા ભરેલી છે. ઘણા એમાં ફસાઈ ગયેલ છે. આની સંખ્યા લાખો ઉપર છે. ઘણા તો બહુ ખરાબ રીતે ફસાઈ ગયેલ છે.

એમાં પણ પુરુષો કરતા મહિલાઓ મોટી સંખ્યામાં ને ખરાબ રીતે ફસાઈ ગયેલ છે.

ખાસ બાબત એ છે કે આ કંપનીઓ જુઠાણાથી ભરપૂર છે. ખોટી ને મોટી મોટી લાલચો આપવી એ એમનુ મુખ્ય કામ છે. ગ્રાહકના લાભની વાત કરતા કરતા લાલચોની ભરમાર પીરસે છે જેમા ભલભલા ફસાઈ ગયા છે.

મફત ભેટો.

મફત ટીવી, ફ્રીજ, એસી, વોશિંગ મશીન જેવી કિંમતી ચીજોની ભેટ.

મફત પ્રવાસો – દેશમાં ને વિદેશમા.

મફત લંચ, ડીનર – મોંઘી ને મોટી ફાઈવ સ્ટાર હોટલોમાં.

મીટિંગ ફાઈવ સ્ટારમાં તેમજ મોટા શહેરમાં. સાથે રહેવાનું જમવાનું વગેરે...

વેચાણ પર કમિશન : ૨૦/૨૫ ટકા.

મહિલાઓ અને અન્યોને ઠસાવવુ કે તમે હવે એન્ટરપ્રિન્યોર છો...

જુઓ તમારા દ્વારા ખાસ કોઈ મોટું ઈન્વેસ્ટમેન્ટ પણ નથી કરવામા આવ્યું. વગેરે... વગેરે...

કંપનીઓ આ લોકોની મજૂરી પર કરોડોના ટર્ન ઓવર કરે છે. પણ આ લોકો ખરાબ રીતે ફસાઈ જાય છે. મહેનતનુ પૂરું વળતર ભાગ્યેજ મળે છે.

સમજ પડે, આંખ ઉઘડે ત્યા સુધી જિંદગી વીતી જાય છે. મોડું થઈ જાય છે.

જોકે ઘણા તો બસ આ જ જિંદગી છે એમ માને છે ને બોલે પણ છે. જોકે ઘરમાં બીજા કમાનાર છે, આવક છે, જે ખરેખર ઘર ચલાવે છે.

આમને મળતા વળતરમાંથી ભાગ્યેજ કોઇના ઘરના ખર્ચ નીકળે છે. છોકરાઓની સ્કુલ ફી કે કરિયાણાના ખર્ચ નથી નીકળતા... તો ધંધો શેનો ને મહેનતનું વળતર શેનું? દૂધનો ખર્ચ નીકળે તો પણ નસીબ... હા, બ્યુટી પાર્લરના ખર્ચ નીકળી શકે... પણ એ તો હસબન્ડની જવાબદારી ને વીજળીનું બીલ તો શેના ભરાય?...

તો આ લોકો શુ કરે છે... ધંધો કે શું? સમય,પૈસા ને શક્તિ નો બગાડ.

૫ વરસ કે ૨૫ વરસ કામ કરનારને પૂછો કે ઘરના કેટલા ખર્ચ ઉઠાવો છો? તો જવાબ ચોંકાવનારો મળશે....

આ બધાના પરિવાર ખરાબ રીતે હેરાન થાય છે ને બોલી શકતા નથી..

પુરુષો તો આવી કંપનીઓની માયાજાળમાં ફસાયેલા હોય તો છૂટી જાય વહેલી તકે....

એમાં પણ આ કંપનીઓ પાસે પોઝીશન લેવા ને હોદ્દાઓ લેવા જે જાય તે તો સાવ જ ગયા સમજો.....

ટાર્ગેટના આટાપાટા ને ચોકઠામાં કમિશન, ને બીજા પૈસા પણ પરિવારના ગુમાવશો ને માલના ભરાવામાં ફસાઈ જશે. ઘરમાં કોઈ રહી નહી શકે.

મહિલાઓ ટાઈમ પાસના નામે કે ખોટા ફાંકામાં ને દેખાડામાં ફસાઈ હોય તો નસીબ એમના ને પરિવારના...

કારણકે આ દેશનો કાયદો આમને મદદરૂપ થાય તેમ નથી...

## વલોપાત

પાપા પગલા ભરતી ને
પપ્પા પપ્પા કરતી એ માસૂમ બાળા
આવીને ગોદમાં સમાઈ જાય છે
ને હેતભર્યા હાથ એના માથે મૂકાઈ જાય છે
ઘર અને આંગણે કિલ્લોલ કરતી મુગ્ધા
જવાની ને આંગણે આવીને
આજ સોળ શણગાર સજીને દુલ્હન બનેલી
દીકરીની જ્યારે વસમી વિદાય થાય છે
ત્યારે ઉદાસ વદન ઉપર વિષાદની રેખા અંકાઈ જાય છે
ને નતમસ્તકે ઉભેલા તાત હૈયું વલોવાઈ જાય છે.

*મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ*
*મો. ૮૧૪૦૨ ૭૧૯૯૪*

# દાંપત્ય જીવનમાં ટકટક

ડૉ. કમલેશ એન. શાહ
M.D., F.I.C.A. (USA)

રોજિંદી ફરિયાદ, અકળામણ કે પછી શિસ્તના પ્રોટોકોલ શીખવાડવા માટેના પેંતરા! નાહ્યા પછી રૂમાલ હંમેશાં બેડરૂમની ગાદી ઉપર જ મૂકો છો! આ સીંક ઉપર કેવું ગંદુ કરી મૂક્યું છે. તમારા સ્લીપર, એક ડ્રોઈંગ રૂમમાં ને એક બાથરૂમમાં પડયા છે. મોજાની જોડીમાંથી એક મોજો ધોવામાં આવ્યો નથી! આ પ્રકરના ટહુકાઓ રોજિંદા પત્ની તરફથી પતિને સંભળાવવામાં આવે છે.

પત્ની માને છે કે ઘરને વ્યવસ્થિત રાખવાની જવાબદારી બંનેની છે. જયારે પતિને લાગે છે કે, સવારથી ઓફિસમાં સમયસર પહોંચવાનું, ટ્રાફિકની સમસ્યાને ધ્યાનમાં લેવાનું, આખો દિવસ ગ્રાહકો સાથેની કચકચ કે વાર્તાલાપો, મેનેજર, ડિરેક્ટર કે બોસને ધંધો આપવાનો કે પછી સોંપેલા કામને સમયસર પૂરું કરવાનું – પ્રોફેશનલ હોય તો વકીલને તેના અસીલ માટે પુરાવા, સંવાદ તૈયાર કરવાના; ડૉક્ટર હોય તો ઓ.પી.ડી. કે વોર્ડના દર્દીઓના નિદાન ને તેની સારવારમાં ન્યાય આપવાનો, સી.એ. હોય તો યોગ્ય પ્રમાણમાં પોતાના ગ્રાહકને જી.એસ.ટી. સમયસર ભરાવવાનો કે પછી નવા ઈન્કમટેક્ષના માળખા હેઠળ રીટર્નનું માળખું તૈયાર કરવાનું, તેમાં વ્યસ્તતાને કારણે ઉપરની વસ્તુઓની ટકટક સામાન્યથી આકરી લાગે છે. જે પત્ની દ્વારા કરવામાં આવેલ સૂચનો ગેરવ્યાજબી છે, અકળામણ ઉત્પન્ન કરનારા છે ત્યારે કહેવાનું મન થાય છે કે,

*ઘણું બધું હતું એવું જે જીવનમાં જતુ કર્યું*
*પછી ખબર પડી કે જે જતુ કર્યું એ જ જીવન હતું.*

ટકટકના પ્રશ્નો ગંભીર છે, આક્ષેપ છે, કે બધાંની વચ્ચે કરેલું અપમાન? તેને સમજવું પડશે. ત્યારે પતિ-પત્ની જ્યારે લગ્ન જીવનના શરૂઆતના દિવસો યાદ કરે ને તો આવી ઘણી બાબતો થતી હતી ને કોઈ ફરિયાદ ને ટકટક ન હતી. તો પછી ધીરે ધીરે સમાજમાં કીટી પાર્ટીઓમાં કે પછી સીરીયલોમાં થતા કાન ભંભેરણાંઓ - તો ક્યારેક અંગત વર્તુળોમાં થતી કથાઓના કારણે, ખાસ કરીને બહેનોમાં તેની અવળી અસર થતી રહે છે. ગૃહસ્થ જીવનમાં બનતા નાના નાના કામો કરી લેવાની કોઠાસૂઝ, દાંપત્ય જીવનમાં ટકટક થતી અટકાવે છે. સમજી લેવાની જરૂર છે કોઈ નીચું નથી કે કોઈ ઊંચુ – સહેજ પણ પરસ્પર ઈગો આવી જાય તો પછી તૂ તૂ, મેં મેં ની શરૂઆત થઈ જાય છે. પછી તે પતિ કે પત્નીના કુટુંબો સુધી પહોંચે છે. શું લઈ જવાનું છે? તેની સમજણ કેળવાય તો પછી જીવન ગુલાલ ગુલાલ થઈ જાય.

હા, દાંપત્ય જીવનમાં સતત ઉકસાવવાની વાતો કે પછી સંવાદો થતા રહે છે - સાંજે શું જમવાના છો? મારો ફોન મૂકી કેમ દીધો, વાત તો કરો! આટલા બધા મોડા આવ્યા? - કયાં ગયા હતા ? આ જ વાતને – આજે સાંજે હું ફાઈન આઈટમ બનાવવાની છું... Sorry હોં તમે કામમાં હશો ને મેં ફોન કર્યો... ઓફિસમાં કે ફેક્ટરી કે હોસ્પિટલમાં આજે ઘણું કામ હતું નહીં એટલે મોડું થયું? તો ટીફિન તો બરોબર જમ્યા ને? મૌન, હકારાત્મક પ્રતિસાદ, ને નો (No) Argument ટકટક ન થવાના શણગારો છે. કોઈના શરીર કે મન ઉપર ન બોલવાના આકરા શબ્દોની સોગંદ એ આભૂષણો છે.

જેમ જેમ ઉંમર થાય ને ખાસ કરીને ૬૦ વર્ષ પછી એકબીજાના નવ ગમા અણગમાની ખબર ન હોય તો બેસીને દૂર કરવા અથવા સમજવામાં ચપળતા ને ચાતુર્ય પરસ્પર કેળવવું પડશે. કોઈ કામ નાનું નથી ચાહે ને હાઉસ વાઈફ હોય, જોબ કરતી હોય કે પછી પોતાના ધંધામાં સાથ આપતી હોય, ત્યારે સમજી લઈએ આ પંક્તિઓને...

*એકબીજાને ગમતાં રહીએ કંઈ અટકે તો ખમતા રહીએ,*
*સંજોગો કેવા પણ સર્જાય, થોડા થોડા નમતા રહીએ...*

કેટલીક ગૃહિણીઓને એકની એક વાત વારંવાર કહેવાની ને મગજમાં રાખીને ફરવાની ટેવ હોય છે. સામેવાળી વ્યક્તિ કેટલી ચતુર છે તે જાણીને વારંવાર એકની એક વાત કહેવાની જરૂર નથી. પોતે છોકરાઓને કેવા સંજોગોમાં મોટા કર્યા, ભણાવ્યા, પરણાવ્યા. સાચી વાત છે પણ ભવ્ય ભૂતકાળને આજના સંજોગોમાં ક્યારેય ઢાળી ન શકાય. વર્તમાનમાં રહીને નાની નાની વાતો શીખતાં રહેવું પડશે. જીવનના પ્રત્યેક ક્ષણને માણવા આપણી જાત - એટલે કે મનને બદલતા રહેવું પડશે.

દાંપત્ય જીવનમાં શંકા કરતાં કોઈ મોટો દુશ્મન નથી. તે ટકટક તો શું કંકાસ, રીસાઈને જતા રહેવુંથી માંડીને છુટાછેડા સુધી પહોંચી જાય છે. આ તો દિવાસળીનો પલીતો છે. કોઈની કોઈના સાથે સરખામણી, ઝઘડાનું ઘર છે. લગ્ન પછી એકબીજાના કુટુંબના માણસો તમારા પોતાના છે. એટલે કોઈ બુરાઈવાળી વાત, એકબીજાના મન ઊંચા કરે છે. ત્યારે જાણી લઈએ આ પંક્તિઓને....

*જીદ ના કરો મારી વીતેલી ક્ષણોને સાંભળવાની*
*હું હસીને કહીશ તો પણ તમે રડવા લાગશો.*

(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૮ ઉપર)

# કચ્છની મુસાફરી

વસંત 'કચ્છ કેસરી'

વીસમી સદીની શરૂઆતથી મુંબઈ - કચ્છ માંડવી વચ્ચે આગબોટથી આવવા જવાની મુસાફરી કરવાની શરૂઆત થઈ. મુંબઈથી કરાંચી સુધી પેસેન્જર સર્વિસ એક ભાટિયા કુટુંબે, સિંધિયા સ્ટીમ નેવિગેશનના નામની કંપની દ્વારા ચલાવી, મુંબઈથી સાબરમતી અને સરસ્વતી નામની બે સ્ટીમરો મારફત મુંબઈથી કચ્છ માંડવીના અંદાજે ૪૦૦ મુસાફરોને કરાંચી જતી સ્ટીમરોમાં, અઠવાડિક એક ફેરી રૂપે, માંડવી અને મુંબઈ વચ્ચે આવ - જા કરવાની સુવિધા આપવાની શરૂઆત કરી. કચ્છી લોહાણા શેઠ કાનજી જાદવજીની કંપનીએ ટિકિટની વ્યવસ્થા એજન્ટ તરીકે સંભાળી. માંડવી બંદર પર રેતીના લીધે કિનારો છીછરો હોવાથી અને ડ્રેજરની સગવડ ન હોવાથી, સ્ટીમર કિનારા સુધી આવી શકે તેમ ન હોવાથી બે માઈલ દરિયામાં દૂર ઊભી રાખવી પડતી. બે માઈલ સુધી મુસાફરોને સ્ટીમર સુધી ચડાવવા અને ઉતારવાની ગોઠવણ, માંડવીના નાખવા કોમના સાગરખેડૂ યુવાનો સાથે યોગ્ય મહેનતાણાથી નક્કી કરવામાં આવી.

બે માઈલ દૂર ઊભી રહેતી સ્ટીમરના બોઈલરના ધુમાડા જોઈને, ૧૫ થી ૨૫ નાની નાની હોડીઓ લઈને, સ્ટીમરની દિશામાં, મુસાફરોને લઈ જવા અને લઈ આવવા, શક્ય એટલી ઝડપથી સ્ટીમર પર પહોંચી જતા. સાગરના અનુભવી, યુવાન, પડછંદ, મરજાદી અને પ્રામાણિક નાખવાઓ, સ્ટીમર પર ચડવા ઉતારવા માટેની, દોરડા સાથે બાંધેલી અને હાલક ડોલક થતી નિસરણી દ્વારા પ્રવાસીઓને ખૂબ ચીવટપૂર્વક ચડાવતા અને ઉતારતા. ક્યારેક કોઈ વૃદ્ધ કે અશક્ત પ્રવાસી પાણીમાં પડી જાય તો તરત બચાવી લેતા. ક્યારેય કોઈ જાનહાનિ થઈ હોય એવો એક પણ દાખલો નોંધાયેલ નથી. હા, પવનની પ્રતિકૂળતા તથા દરિયાના મોજામાં વધારે ઉછાળાને લીધે હોડીઓ, સ્ટીમર પરથી ઉતારીને પ્રવાસીઓને લઈને આવતી વખતે માર્ગમાં ફંટાઈને, તુણા તેમજ મુન્દ્રા બંદરના કિનારાઓ તરફ વળી જતી.

સામાન્ય અગવડો જરૂર હતી છતાં પણ સ્ટીમરનો પ્રવાસ એ એક સાગરની સફરની મોજ માણવાનો આનંદ જે આઠેક દાયકા વટાવી ચૂકેલા વડીલોએ માણ્યો છે તેમને પૂછશો તો ઘણી રોમાંચક વાતો આ વિશે જાણવા મળશે.

૧૯૬૫ના વર્ષે સરસ્વતી નામની સ્ટીમર મુંબઈથી કરાંચી માટે રવાના થઈ તેમાં કચ્છ માંડવીના ૨૫૦ મુસાફર હતા. તેમને માંડવી બંદરે ઉતારી એ સ્ટીમર કરાંચી પહોંચી ત્યારે પાકિસ્તાનની સરકારે એને જપ્ત કરી લીધી. બસ, એ દિવસ બાદ મુંબઈ - માંડવીની દરિયાઈ સફર પર પૂર્ણવિરામ મૂકાઈ ગયું.

ત્યારબાદ રેલવે સફરની વિસ્તૃત સગવડ કરવામાં આવી. ટ્રેનોની સંખ્યા ઘણી વધી છતાં આજે પણ રેલવે પ્રવાસ પ્રમાણમાં ખૂબ મુશ્કેલ બનતું રહ્યું છે.

તા. બીજી માર્ચ ૨૦૨૫ના ગુજરાત સમાચારમાં ખબર છપાયેલ છે કે મુંબઈથી ગોવા માટે રો - રો બોટ સર્વિસ ચાલુ કરવા તૈયારી શરૂ થઈ ગઇ છે. જે સસ્તી અને સગવડ સાથે ઝડપી મુસાફરી હશે. આજે તા. ૨૦-૭-૨૦૨૫ ના 'ગુજરાત સમાચાર' પેપરમાં વધુ એક દરિયાઈ સફરના સમાચાર છે, જેમાં મહારાષ્ટ્ર સરકાર, મેરીટાઇમ બોર્ડના સહકારથી કોંકણના કિનારાના બે શહેરોને જોડતી રો-રો બોટ સર્વિસ, ગણપતિ તહેવાર દરમિયાન શરૂ કરશે જેમાં ૬૨૦ પ્રવાસી અને ૬૦ વાહનોને સમાવવાની સગવડ હશે. સરકારના આ નિર્ણયની સરાહના કરવી જ રહી.

જો આવી સમુદ્ર પરની મુસાફરી મુંબઈથી ગોવા અને કોંકણના સમુદ્ર કિનારાના શહેરો માટે શક્ય થઈ શકે તો એવી જ રો - રો બોટ સર્વિસ મુંબઈથી કચ્છના કંડલા, તુણા કે મુન્દ્રા બંદરો માટે પણ ચોક્કસ કરી શકાય. આવી વ્યવસ્થા થાય તો હાલની રેલવે સફરની હાલાકીમાં ખૂબ મોટી રાહત મળે. સુરક્ષિત, આરામદાયક અને ઝડપી મુસાફરી કચ્છના પ્રવાસીઓને મળી રહે.

આપણા કચ્છના દરેક નાતના સમાજના મોભીઓ, શ્રેષ્ઠીઓ અને દાતાઓએ સંયુક્ત સભા બોલાવી, કચ્છ માટે આવી બોટ સર્વિસ ચાલુ કરવા, સરકારી મેરીટાઇમ બોર્ડ સાથે વાટાઘાટ કરી યોગ્ય કરવા, આ દિશામાં પગલા લેવા દબાણ લાવવું જોઈએ.

સાથે સાથે આપણી સામાજિક સંસ્થાઓ જેવી કે કચ્છ યુવક સંઘ, કચ્છ જાગૃતિ અભિયાન અને કચ્છ પ્રવાસી સંઘ – સૌ સાથે મળી આ વિષયમાં ચર્ચા વિચારણા કરી, કચ્છની પ્રજા માટે અતિ ઉપયોગી, સાગરી યાતાયાતના પ્રબંધ અંગે ત્વરિત નિર્ણય લે એવી અપેક્ષા અસ્થાને નહીં ગણાય.

જૈન યુથ ફોરમ જેવી એક સંસ્થા કચ્છીઓને કચ્છમાં વસાવવા માટે અથાગ પ્રયાસો કરે છે એ સંસ્થાને પણ આવી યાતાયાતની વ્યવસ્થાના નિર્માણથી અનેરું બળ મળશે.

આશા રાખીએ કે દરેક કચ્છી માડુને નજીકના ભવિષ્યમાં, મુંબઈથી વતન જવા આવવા માટે, સામુદ્રિક પ્રવાસ ઉપલબ્ધ થશે જ. ■

# આહાર

શરદ શાહ

'આહાર' શબ્દથી તો આપણે સૌ પરીચિત છીએ, પણ ભારતીય મનિષીઓએ આહાર વિષે જે સમજ આપી છે તેનાથી મોટાભાગના લોકો અપરીચિત છે. સામાન્ય રીતે આપણે રોજબરોજ જે ભોજન લઈએ છીએ તેને જ આહાર સમજીએ છીએ. પરંતુ આહાર નો અર્થ છે ઈનપુટસ અર્થાત આપણે જે કાંઈ આપણી ઈન્દ્રિયો દ્વારા ભીતર લઈએ તે તમામ આહાર છે. આમ આહારને મુખ્ય ત્રણ વિભાગમાં વહેંચી શકાય : (૧) ભોજન (જેને ફિઝીકલ ફુડ કહો) (૨) હવા કે શ્વાસ (જેને એર ફુડ કહો) (૩) સંવેદનાઓ (જેને ઈમ્પ્રેશન ફુડ કહો). આપણે આ ત્રણે પ્રકારના આહાર વિષે સમજીએ.

**(૧) ભોજન (ફિઝીકલ ફુડ) :**

આપણને એ તો ખબર છે કે આપણે જે ભોજન લઈએ છીએ તે દૂષિત, વાસી, અપચ્ય ન હોવું જોઈએ. ભોજન સ્વાદિષ્ટ અને સાત્વિક હોવું જોઈએ.

વિજ્ઞાનની નજરે જોઈએ તો આપણું શરીર એક રાસાયણિક બંધારણ છે અને ભોજન પણ. ભોજનના રસાયણો શરીરના રસાયણો પર અસર કરે છે. જેમકે શરાબનું સેવન કરવામાં આવે તો નશો ચઢે, કે ઝેર ખાવામાં આવે તો શરીરમાં રાસાયણિક ફેરફારો થાય અને શરીરના કોષો (સેલ) મૃત બને અને વ્યક્તિ મરી જાય. વિજ્ઞાન કેવળ રસાયણની ભાષા જ સમજે. એટલે શરીરમાં કોઈ વ્યાધી આવે તો તે કયા રસાયણો આપવાથી બેલેન્સ કરી શકાય તે મુજબના રસાયણોવાળી દવા શોધે અને પ્રયોગો પછી તે રસાયણો ગોળીઓ કે ઈન્જેક્શન દ્વારા આપે. જેની અસર ત્વરીત થાય અને ટુંકાગાળામાં વ્યાધી જતી રહી હોય તેવું લાગે. પરંતુ આવા રસાયણોની આડ અસરો લાંબાગાળે થતી હોય છે તે મેડિકલ સાયન્સ પણ કબૂલ કરે છે.

વિજ્ઞાનનો આયામ ભૌતિક જગત છે જ્યારે ધર્મનો આયામ સૂક્ષ્મ જગત છે. આથી વિજ્ઞાન ભૌતિક શરીર વિષે ઘણું બધું કહી શકે કે જાણી શકે પરંતુ ધર્મ ભૌતિક શરીર ઉપરાંત સૂક્ષ્મ શરીરની વાત કરે તે વિજ્ઞાનની પકડ બહાર છે. ધર્મ બીજા સાત સૂક્ષ્મ શરીરની વાત કરે અને કેટલાંક યોગીઓ તો ચોવીસ શરીરની વાત કરે તે બધું વિજ્ઞાનની સમજમાં ન આવે. કારણ કેવળ એટલું છે કે તે વિજ્ઞાનનુ ક્ષેત્ર નથી. જેમકે કોઈને હૃદયની નળીઓમાં બ્લોકેજ હોય તો વિજ્ઞાન સમજી શકે, તેનો ઉપાય કરી શકે, પરંતુ કોઈનુ હૃદય (દિલ) ભાંગી જાય તો વિજ્ઞાનની સમજ બહાર છે. જો કે મનોવિજ્ઞાનના વિકાસ સાથે હવે વિજ્ઞાન પણ થોડા ઘણા અંશે મનને સમજવા મથી રહ્યું છે. પણ આજની તારીખમાં પણ મનોવિજ્ઞાન મનના ઉપરના આવરણોથી આગળ નથી વધી શક્યું.

પ્રકૃતિમાં પશુ પંખી, જીવ જંતુ તમામનો આહાર નિશ્ચિત છે, પ્રમાણ નિશ્ચિત્, સમય નિશ્ચિત છે. જ્યારે મનુષ્ય એક માત્ર છે જેનો આહાર નિશ્ચિત નથી, આહારનો સમય નિશ્ચિત નથી, આહારનુ પ્રમાણ નિશ્ચિત નથી. પરિણામે મનુષ્યએ શું લેવું? કેટલું લેવું? ક્યારે લેવું? તે નક્કી કરવું શરીરના સ્વાસ્થ્ય માટે અતિ જરૂરી છે.આપણું ભૌતિક શરીર રસાયણોનુ બનેલું છે તેથી એટલું તો સમજાય છે કે જે રસાયણો શરીરને નુકસાનકર્તા છે તે ન લેવાં. સહેજ વિચારીએ અને વિવેકબુધ્ધિનો ઉપયોગ કરીએ તો એ પણ સમજાય કે જે પદાર્થો બેહોશી, ઉત્તેજના, ચરમ અવસ્થા કે અશાંતિ પેદા કરે તે ન લેવા. પરંતુ જીભના સ્વાદને આધિન જીવ જાણે અજાણ્યે આવો આહાર લેતો હોય છે અને પરિણામ સ્વરૂપ તેનું નાભિ કેન્દ્ર જડ બને છે અને તે વધુને વધુ ટોક્ષીક આહાર લેતો બને છે.

કુદરતી ઉપચાર કેન્દ્રમાં નાભિ પર ભીની માટીની પટ્ટીઓ મૂકવામાં આવે છે કે કટી સ્નાન ઠંડા ગરમ પાણીમાં કરાવવામાં આવે છે, કે નાભિમાં ગાયનુ ઘી કે દિવેલના ટીપાં મૂકવામાં આવે છે તેનુ કારણ એ જ છે કે નાભિ કેન્દ્રને ફરીથી ચેતનવંતુ કરી શકાય અને તેનો લાભ શરીરને થાય છે. સાથે સાથે ફળોનો રસ, શાકભાજી, સુપ કે અન્ય હલકો સુપાચ્ય આહાર આપવાથી અનેક જટીલ રોગોમાંથી મુક્તિ મેળવી શકાય છે. કોઈપણ જાતની દવાઓ વગર કેવળ આહારના ફેરફારો ચમત્કાર સર્જી શકે છે. આમ ભૌતિક આહારની આપણા શરીર પર અસરો જોઈ શકાય છે.

આપણે શું ખાવું અને શું ન ખાવું? કેટલું ખાવું અને ક્યારે ખાવું? આ પ્રશ્નોના જવાબ કોઈ અન્ય ન આપી શકે, પછી તે ભલે મોટો ડોક્ટર કે ડાયેટિશીયન હોય. આથી ખાવા બાબતે અનેક નિષ્ણાતોના મત જોશો તો વિરોધાભાષી જણાશે. દરેક વ્યક્તિની પ્રકૃતિ અને શારીરિક બંધારણ અને શરીર પાસેથી લેવાતો શ્રમ અલગ અલગ છે. તેથી એકને આપેલી સલાહ બીજાને કામ ન લાગે. દરેક વ્યક્તિએ પોતાનુ શરીર શું કહે છે તે સાંભળતાં શીખવું પડે. આપણું શરીર આપણી સાથે સતત

સંવાદ કરે છે પરંતુ જીવન એટલું બધું કોલાહલ અને આપાધાપીથી ભરેલું છે કે આપણે ભાગ્યેજ તેનુ સાંભળીએ છીએ અને ક્યારેક તો માંદુ પડે ત્યારે જ તેની વાત સાંભળીએ છીએ.

વિજ્ઞાન જયારે ભોજનની વાત કરે ત્યારે તેમાં રહેલાં વિટામિનો અને મિનરલ્સની વાત કરે અને તેને આધારિત ભોજન કયું લેવું, કયું ન લેવું તે નક્કી કરે. જયારે ધર્મ ભોજનની વાત કરે છે ત્યારે ભોજનના સૂક્ષ્મ અતિસૂક્ષ્મ પાસાઓને પણ ધ્યાનમાં રાખી વાત કરે છે. જેમકે ભોજન બનાવતી વખતે, પીરસતી વખતે બનાવનાર કે પીરસનારના હૃદયના ભાવ અને મનના વિચાર પ્રેમથી ભરેલ અને શુધ્ધ હોવા જોઈએ. ભોજન ત્યારે જ કરવું જોઈએ જયારે શરીર માંગે (ભૂખ સરખી લાગે). ભોજન આરોગતી વખતે ભોજન કરનાર અહોભાવથી ભરેલ, મૌન અને શાંત હોવો જોઈએ. જેથી તે ભોજનનો સ્વાદ પૂર્ણતાથી માણી શકે અને શરીરનો સંવાદ સાંભળી શકે. ધર્મ કહે છે કે આવું ભોજન અમૃત છે. પછી ભોજનના થાળમાં લાડુ લાપસી હોય કે સૂકો રોટલો અને છાશ.પરંતુ આવું ભોજન આપણા સ્થુળ શરીરની સાથે સાથે સૂક્ષ્મ શરીરને પણ લાભદાયી છે જે ભાવ શરીરનુ બંધારણ કરે છે. વિજ્ઞાનને માટે ભાવશરીર પકડ બહારની વાત છે.

કેટલાંક માણસો ભોજન પૂરતું ન મળવાને કારણે મરે છે તો કેટલાંક લોકો ભોજન વધુ કરવાને કારણે. વધુ પડતાં તો ભોજનના અતિરેકને કારણે જ મરે છે. વૈજ્ઞાનિકો કહે છે કે એક માણસ ૯૦ દિવસ ભોજન ન મળે તો પણ જીવતો રહી શકે છે. તેમજ કહે છે કે માણસજાતની મોટાભાગની બીમારીઓ ગલત ખાવાપીવાની આદતોને કારણે છે.

ભોજન અંગેની આપણી માન્યતાઓ અને ખોટી સમજ ખતરનાક અને મોંઘી સાબિત થઈ શકે છે. ભોજન જે આપણને સારું સ્વાસ્થ્ય આપી શકે તે ભોજન વધુ બીમારીઓ આપે છે. એટલે ભોજન પરત્વેની આપણી જાગરુકતા અતિ આવશ્યક છે. જો ભોજન પછી પેટમાં ભાર લાગે કે આળસ અને ઘેન ચઢે તો સમજવું કે ભોજન યોગ્ય રીતે નથી થયું. અને શરીર પર કોઈપણ જુલ્મ કરો તો શરીર તેનો બદલો લીધા વગર નથી મૂકતું.

**(૨) હવા કે શ્વાસ (એર ફુડ):**

આપણને બધાને ખબર છે કે શ્વાસોચ્છવાસમાં શુધ્ધ હવા લેવી જોઈએ. પરંતુ વિજ્ઞાનના વિકાસની સાથે હવા, પાણી દિનબદિન વધુને વધુ પ્રદૂષિત બનતા જાય છે અને પરિણામે જે હવા આપણે શ્વાસમાં લઈએ છીએ તે અનેક પ્રકારના ટોક્ષીક વાયુથી ભરપૂર હોય છે અને પરિણામે આપણા સ્વાસ્થ્ય પર તેની વિપરીત અસરો થાય છે. જે બાહ્ય પરિસ્થિતિ છે તેને સ્વિકાર્યા સિવાય કોઈ છુટકો નથી. બહુ બહુ તો આપણે પર્યાવરણના શુદ્ધિકરણ માટે આપણાથી જે કાંઈ કરી શકાય તે કરીએ. જેમ કે બે-ચાર ઝાડ વાવીએ કે લોક જાગૃતિના કામ કરીએ. પરંતુ તે સિવાય એર ફુડ આપણે લઈએ છીએ તેમાં બદલાવ લાવી શકાય છે. જેમકે સવારના સમયમાં હવામાં પ્રાણવાયુનું પ્રમાણ વધુ હોય ત્યારે ચાલવા કે બગીચામાં જઈ શકીએ. ઘરની બારી કે બારણા જે દિશામાં વધુ ઝાડ કે બગીચો હોય તે દિશામાં રાખી શકીએ, સૂર્ય પ્રકાશ રૂમમાં આવે તેનું ધ્યાન રાખી શકીએ, ઘરમાં ગુગળનો ધુપ, અગરબત્તી, કે કપૂરનો ઉપયોગ કરી શકાય. હવે તો આધુનિક ઓક્સિજન જનરેટરો પણ મળે છે જેનો ઉપયોગ પણ કરી શકાય (ખિસ્સાને પોષાય તો!). એ સિવાય સવારના સમયે ઉંડા શ્વાસ કે પ્રાણાયામની ક્રિયાઓ કરી શકાય. સૌથી અગત્યનુ છે શ્વાસની રીધમ. ભારતીય મનિષીઓ કહે છે કે સમગ્ર બ્રહ્માંડ શ્વાસ લે છે અને તેની શ્વાસની રીધમ છે ૩ સેકંડ શ્વાસ લેવાનો અને ૨ સેકંડમાં શ્વાસ છોડવાનો. આમ એક મિનિટના ૧૨ શ્વાસોચ્છવાસ થશે. ભારતીય મનિષીઓ કહે છે કે આપણે આ રીધમમાં શ્વાસ લઈએ તો જીવનમાં બીજું બધું આપોઆપ ગોઠવાઈ જાય છે. ફક્ત એક કલાક આ રિધમમાં શ્વાસ લઈ જોજો એટલે તેનુ મહત્ત્વ સમજાશે.

**(૩) સંવેદનાઓનો આહાર (ઈમ્પ્રેશન ફુડ):**

આપણને આંખ, કાન, નાક, જીભ અને ત્વચા જેવા અંગો છે જેના દ્વારા આપણે જુદી જુદી સંવેદનાઓનો અનુભવ કરીએ છીએ જેને જ્ઞાનેન્દ્રિયો પણ કહે છે. આ તમામ જ્ઞાનેન્દ્રિયો મારફત આપણે ભીતર કાંઈક લઈ જઈએ છીએ. જેમ કે કાન દ્વારા શ્રવણ કરીએ તો ધ્વનિ કે સ્વરનો ભીતર અહેસાસ થાય. આ તમામ સંવેદનાઓ, એ અતિ અગત્યનો આહાર છે. પ્રથમ બે આહારની જે વાત કરી તે આપણા ભૌતિક શરીર પર વધુ કામ કરે છે અને સૂક્ષ્મ શરીર પર ઓછું. જયારે ઈમ્પ્રેશન ફુડ એ અત્યંત અગત્યનો આહાર છે જે આપણા સૂક્ષ્મ શરીરો પર ગહેરો પ્રભાવ પાડે છે. જીવનમાં સૌથી વધુ મહત્ત્વ આ સંવેદના આહારનુ છે પરંતુ સૌથી વધારે દુર્લક્ષ્ય આપણે તેના પ્રતિ દાખવીએ છીએ.

આંખ દ્વારા આપણે જોવાનુ કાર્ય કરીએ છીએ. બહાર જે આંખના ડોળા દેખાય છે તે તો કેવળ બાહ્ય ઈન્દ્રિય માત્ર છે. અસલ આંખ ભીતર છે જે દૃશ્યને જુએ તેની સાથે ભીતરની મેમરી સિસ્ટમ અને થીન્કિંગ સેન્ટર કાર્યરત બને છે અને જે નજર સામે છે તે મોટે ભાગે આપણે જોતાં નથી.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૮૨ ઉપર)

તંદુરસ્તી

# માનસિક સ્ટ્રેસની શરીર પર અસર
## ભાગ-૭ : સારવાર ★ સાઇકોથેરાપિ કાઉન્સેલિંગ-૨

ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આગળના લેખમાં (ભાગ-૬) આપણે મનોચિકિત્સાની પદ્ધતિ સાઇકોથેરાપી / કાઉન્સેલિંગ વિશે જાણકારી મેળવી. આપણે જાણ્યું કે (૧) સાઇકોથેરાપી / કાઉન્સેલિંગ એક વૈજ્ઞાનિક પદ્ધતિની સારવાર છે. (૨) થેરાપિસ્ટને વ્યવસાયીક તાલીમ લેવી જરૂરી છે જેથી એના નિયમો તથા મર્યાદાઓ જાણી શકાય. (૩) સાઈકોથેરાપીની પ્રક્રિયા વ્યક્તિ સમજી શકે એ માટે મનની સ્થિતિ નોર્મલ હોવી જરૂરી છે. (૪) દવાઓ દ્વારા પ્રથમ સારવાર કરી મનની સ્થિતિ નોર્મલ થયા બાદ જ સાઈકોથેરાપીની સારવાર શરૂ કરાય છે. (૫) સાઇકોથેરાપી / કાઉન્સેલિંગ સારવારની અલગ અલગ પદ્ધતિઓ છે. દર્દીની જરૂરત પ્રમાણે એક અથવા વધારે પદ્ધતિઓનો ઉપયોગ કરી શકાય છે.

આ લેખમાં વલણ તથા જીવનશૈલી વિશે જાણકારી મેળવીએ. જેથી માનસિક સ્ટ્રેસમાં ઘટાડો થાય.

### ૧. વિવેકપૂર્વકનો નકાર વિપદા નિવારે :

વિવેકપૂર્વક 'ના' પાડતા શીખવું જરૂરી છે. 'ના' પાડીએ તો બીજાને દુઃખ લાગે, માઠું લાગી જાય, સંબંધ બગડે, લોકોમાં વાતો થાય, બધા આપણને સ્વાર્થી કે અતડામાં ખપાવી દે, જ્યારે આપણને જરૂર પડે ત્યારે કોઈ નજીક જ ન આવે – વગેરે ચિંતા કે કલ્પના કરી 'ના' પાડી શકતા નથી. ત્યાગમૂર્તિ બનીને બધા માટે કરી છૂટે છે અને છેવટે દુઃખી થાય છે.

જે વ્યક્તિ બધાને 'હા' જ કહે છે તે પોતાને, પોતાની જરૂરિયાતોને, સુવિધાઓને કે પસંદગીને 'ના' કહે છે અને છેવટે દુઃખી થાય છે તથા સ્ટ્રેસ અનુભવે છે.

અહીં આપેલ કેસ સ્ટડી પરથી આ સમજાશે.

### • કેસ સ્ટડી •

૪૪ વર્ષના નિખિલને સતત માથું ભારે રહેતું હતું. વારંવાર ધબકારા વધી જતા હતા. કામમાં ધ્યાન રહેતું ન હતું, ભૂલો થતી હતી. રાત્રે ઊંઘ વ્યવસ્થિત આવતી ન હતી. કામે જવાની ઇચ્છા થતી ન હતી. નિખિલનો સ્વભાવ લાગણીશીલ હતો. બધાનું કામ જાતે કરી આપતો જેમાં એને આનંદ આવતો હતો. 'ના' પાડતા નિખિલ શીખ્યો ન હતો.

આ એક સ્ટ્રેસ ડિસઓર્ડરનો કેસ છે. સારવારમાં સ્ટ્રેસ પ્રતિરોધક દવાઓ શરૂ કરી. થોડા સમયમાં નોંધપાત્ર સુધારો થયો. ત્યારબાદ સાઈકોથેરાપી / કાઉન્સેલિંગની સારવાર શરૂ કરી.

સાઈકોથેરાપીના સેશનમાં નીચે પ્રમાણેની ઉપયોગી માહિતી મળી. જેના લીધે નિખિલ સતત સ્ટ્રેસમાં રહેતો હતો.

નિખિલ પોતાના કામ પ્રત્યે ખૂબ જ સજાગ હતો. એની પાસે કામનું સારું એવું જ્ઞાન હતું તથા અનુભવ પણ હતો. પોતાના સહકર્મચારીઓને સતત મદદ કરવા તત્પર રહેતો. સહકર્મચારીઓને જાતે કામ કરી આપતો. કોઈને પણ 'ના' ન પાડતો. પોતાનું કામ બાજુએ મૂકી એમનું કામ પહેલા કરી આપતો. આને લીધે એનું કામ રહી જતું. એના કામમાં ખલેલ પહોંચતી. કામમાં ભૂલો થતી હતી. નિખિલના ઉપરી બોસે એને ઠપકો પણ આપ્યો હતો. ઘણી વખત એને ઓફિસમાં મોડેથી બેસીને કામ કરવું પડતું હતું. એટલે ઘરે પણ મોડો પહોંચતો. જે સહકર્મચારીઓને એ મદદ કરતો, એ લોકો તો પોતાના સમયે ઓફિસમાંથી નીકળી જતા. નિખિલને આ બધાને લીધે ગુસ્સો આવતો, પણ ગુસ્સો દબાવી દેતો.

સાઈકોથેરાપીના સેશનમાં નિખિલને સમજાયું કે એણે 'ના' પાડતા શીખવાની જરૂર છે. પરંતુ એને ડર તથા ચિંતા હતા કે સહકર્મચારીઓમાં એ અળખામણો થશે, લોકો એને સ્વાર્થી કહેશે વગેરે. 'ના' પાડવાની પદ્ધતિ વિશે ચર્ચા કરી, જે નિખિલે અપનાવી.

નિખિલ પોતાનું કામ પહેલા પૂરું કરતો. સહકર્મચારીઓનું કામ પછીથી કરી આપતો. સમય ન હોય તો બીજા દિવસે કરી આપતો. પોતાના સમયે ઓફિસેથી નીકળી જતો. આ વલણથી એનું કામ સમયસર થઈ જતું. જેના લીધે એના બોસે એના વખાણ કર્યા. ઘર પર સમયસર આવી જતો એટલે કુટુંબમાં પણ સમય આપી શકતો.

### • 'હા' કે 'ના' પાડવી :

પોતાની જાતનો, સમયનો, શક્તિનો, સંજોગોનો, પ્રવૃત્તિનો, ક્ષમતાનો તથા સીમાનો ખ્યાલ રાખ્યા પછી જ 'હા' કે 'ના' કહેવાનો નિર્ણય લેવો જોઈએ. જેથી આપણે સ્ટ્રેસની બીમારીમાંથી બચી શકીશું.

'ના' પાડવાની હિંમત કેળવવી જરૂરી છે. 'ના' પાડવાની રીત તથા પદ્ધતિ પર ધ્યાન આપવું અગત્યનું છે.

'ના' પાડીએ છીએ એટલે આપણે સ્વાર્થી છીએ, એ નહીં પરંતુ આપણી ક્ષમતા વિશે આપણને જાણકારી છે અને ક્ષમતાની હદમાં આપણે રહીએ છીએ.

**૨. તર્કબુદ્ધિથી નિર્ણય (Rational / Logical Decisions)**

મહત્ત્વની નિર્ણાયક બાબતોમાં લાગણીથી નહીં પણ તર્કબુદ્ધિથી મક્કમ નિર્ણય લેવો જોઈએ. અંગત કે વ્યવસાયીક જીવનમાં અનિર્ણાયક સ્થિતિમાં મૂકાઈ જઈએ તથા ભાવનાત્મક મુંઝવણથી ઘેરાઈ જઈએ ત્યારે મક્કમ થઈને તર્કબુદ્ધિથી નિર્ણય લઈશું તો પાછળથી સ્ટ્રેસની બીમારી નહીં થાય.

મહાભારતની લડાઈમાં રણમેદાનમાં અર્જુને લાગણીથી નિર્ણય લઈ લડાઈ લડવાની ના પાડી પરંતુ ભગવાન શ્રીકૃષ્ણે ગીતા જ્ઞાન દ્વારા સાઈકોથેરાપી આપી તર્કબુદ્ધિથી નિર્ણય લીધો. પરિણામ સૌ કોઈ જાણે છે.

**૩. હકારાત્મક જીવનશૈલી (Positive Life Style) :**

૧. નિત્યક્રમ સામાન્ય બનાવી દો. સવારના ખુલ્લી હવામાં ફરવા જાઓ. નિયમિતપણે પોતાને માફક આવે એવી કસરત કરો (Regular Morning Walk).
૨. પર્યટન, પિકનિક, યાત્રાનું આયોજન કરો (Enjoyment).
૩. નિયમિત, સક્રિયપણે મેડિટેશન, યોગા કરો (Relaxation).
૪. દરેક કામ માટે સમય ફાળવો. જરૂરત છે એ કામને પ્રાથમિકતા આપવાની (Priority).
૫. સકારાત્મક વિચારો કરો. સાથે નક્કર પગલા લેવા જરૂરી છે (Positive Action).
૬. વર્તમાનમાં જીવો, ભૂતકાળને યાદ કરી પસ્તાવો ન કરવો. ભવિષ્યની ખોટી ચિંતા ન કરો.
૭. કંઈક અણગમતું બને ત્યારે અફસોસ ન કરતા, હકીકતનો મનથી સ્વીકાર કરવો. ભૂલ થાય તો એને સ્વિકારી, ભૂલ સુધારવાનો પ્રયત્ન કરો.
૮. ઘનિષ્ઠ મિત્રો બનાવો. જેમની સાથે અંગત તથા મનની વાતો કરી શકાય તથા દુઃખ હળવું કરી શકાય.
૯. યોગ્ય પૌષ્ટિક આહાર લો. સીઝન પ્રમાણે તાજા ફળો, લીલા શાકભાજીનું સેવન કરો. શક્ય હોય તો ફાસ્ટ ફૂડ ટાળો.
૧૦. નિયમિત અને પ્રમાણસર ઊંઘ લો.
૧૧. ખૂબ લાગણીને સ્થાન ન આપો.

**• સારાંશ :**

૧. માનસિક સ્ટ્રેસની શરીર પર વિવિધ અસરો થાય છે.
૨. માનસિક સ્ટ્રેસ એક પ્રકારની બીમારી છે.
૩. યોગ્ય મનોચિકિત્સા કરો.
૪. હકારાત્મક જીવનશૈલી અપનાવો. જેથી માનસિક સ્ટ્રેસની નકારાત્મક અસરોથી બચી શકાય અને યોગ્ય ગુણવત્તાભર્યું જીવન જીવી શકાય.

***(સંપૂર્ણ)***

## આહાર

**(અનુસંધાન : પાના નં. – ૮૦ ઉપરથી ચાલુ)**

જેમકે બહાર એક ગુલાબનુ ફુલ જોઉં તે સાથે તુરંત મારી મેમરી સિસ્ટમ અને થીન્કિંગ સેન્ટર જોડાઈ જાય અને તુરંત મને થાય કે, ‘ગાંધીનગરના બગીચામાં ગયા વરસે કાળું ગુલાબ જોયેલ અને આ ગુલાબ કરતાં તે વધુ સુંદર હતું. વળી થાય કે જવાહરલાલને પણ ગુલાબ ખૂબ પસંદ હતાં અને તેઓ કોટમાં ભરાવતા. જવાહરની સાથે ઈંદિરા અને પછી સોનિયા અને રાહુલ અને કોંગ્રેસ યાદ આવી જાય અને વિચારે ચઢેલું મન ક્યાંનુ ક્યાં વિચારવા માંડે અને એવા વિચારો આવે કે આ દેશનુ સત્યાનાશ આ ગાંધી પરિવારે અને કોંગ્રેસે વાળી દીધું!”

પેલું ગુલાબ જોઈ ગુલાબની તાજગી, તેની સુંદરતા, તેની મીઠી સુગંધનો અનુભવ થવો જોઈતો હતો પણ તેમાંનું કાંઈ થાય નહીં અને એક ખિલેલું ગુલાબ દુઃખી કરી જાય. આનું કારણ છે ઈમ્પ્રેશન ફુડ મને લેતાં હજી આવડ્યું નથી. અને તેના પરિણામે મારી તમામ સિસ્ટમ દૂષિત બની ગઈ છે. જે આંખ જોવા મળી હતી તે આંખ હવે કાંઈકનુ કાંઈક જુએ છે. આથી આંખથી જોઈએ, કાનથી સાંભળીએ, જીભથી સ્વાદ લઈએ, નાકથી સુંઘીએ કે ત્વચાથી સ્પર્શ કરીએ ત્યારે સંવેદનાઓ પ્રત્યે સજગતા અને વિવેક ખૂબ જરૂરી છે.

કાનથી આપણે ઘોંઘાટ કે અપશબ્દો કે કામોત્તેજક પાશ્ચાત સંગીત પણ સાંભળી શકીએ છીએ અને પક્ષીઓનો કલરવ, વૃક્ષોમાંથી પસાર થતો પવન કે ઝરણાંનો ખળખળ અવાજ કે મધુર સંગીત પણ સાંભળી શકીએ છીએ. આમ આપણી પાસે પસંદગીનો અવકાશ છે ત્યારે જે સાભળતાં મન, વિચાર અને હૃદયના ભાવો શુધ્ધ બને તેવું સાંભળવામાં આવે તો તે આપણા એસ્ટ્રલ બોડીને વિકસિત કરે અને વિકાર રહિત બનાવે.

આમ તમામ જ્ઞાનેન્દ્રિયોનો વિવેક પૂર્વકનો ઉપયોગ આપણા સૂક્ષ્મ શરીરના સ્વાસ્થ્ય અને બંધારણમાં મુખ્ય ફાળો આપે છે. જેટલું ઈમ્પ્રેશન ફુડ સારું તેટલી શારિરીક અને માનસિક પરિસ્થિતિ સારી બને.

***એમ-૪, ૭૯/૫૯૫, શાસ્ત્રીનગર શોપીંગ સેન્ટર,***
***નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૬૩.***

# વાર્તા : "હેમુ"

વસંત મારૂ

હેમુદાદા આજે પંચ્યાસીના થયા. કુટુંબીજનોએ હોંશથી હેમુદાદાની પંચ્યાસીમા જન્મ દિવસની મિજલસ રાખી હતી. હેમુદાદા ભરપૂર જીવ્યા. મિત્રતાની મસમોટી કમાણી કરી હતી. લીલીછમ જિંદગી જીવી હતી. પણ હૃદયમાં એક ટીસ હતી. એમની આંખો અત્યારે પણ માને શોધતી હતી. એરકંડિશનના ડકને જોતા જોતા એ ભૂતકાળમાં સરી ગયો....

હેમુ જયારે છ વર્ષનો થયો ત્યારે એની નાનકડી આંખો સતત મા ને શોધતી હતી. એના મોટા ભાઈ ભાભીના મુખે સાંભળેલું કે એ એક વર્ષનો હતો ત્યારેજ બહુ ટૂંકા ગાળામાં મા અને બાપાનું અવસાન થયું હતું. આખા સામખિયારી ગામમાં હાહાકાર મચી ગયો હતો. રૂના પુમડા જેવા એક વર્ષના હેમુએ જનેતા અને પિતા ગુમાવ્યા એટલે આખા ગામનું હેત એના પર વરસવા લાગ્યું. જોકે ગોળમટોળ હેમુ સાવ અનાથ નો'તો. એના દાદીએ એને હેતથી છલકાવી દીધો હતો. પણ કમનસીબે દાદી પણ દુનિયા છોડી ઈશ્વર પાસે ચાલી ગયા. ત્યારે મોટી બહેન એની મા બની ગઈ.

મોટી બહેનને સાસરામાં બહુ ત્રાસ હોવાથી દીકરાને લઈ પિયરે આવી ગઈ હતી. હેમુનાજ ઉંમરનો એનો દીકરો હેમુનો દોસ્ત બની ગયો હતો. આ મામા ભાણેજની જોડી આખા સામખિયારી ગામમાં વખણાતી. નવરાત્રીમાં દેશી ઢોલના તાલ પર નાનકડા હેમુને રાસ રમતો જોઈ ગામવાસીઓ આફરીન થઈ જતા. ઢોલના અવાજમાં એને મા સાંભરતી અને વધુ તીવ્રતાથી રાસ રમતો.

ઘરમાં ઉજવણીની ચહેલ પહેલ હોવાથી પૌત્રીએ હેમુ દાદાને મીઠડો સ્પર્શ કરતા હેમુદાદા ભૂતકાળમાંથી બહાર આવી ગયા. સ્નેહીજનોના ફોનથી મોબાઈલ સતત રણકતું હતું. જન્મદિવસની શુભેચ્છાઓથી મેસેજ બોક્સ ઉભરાતું હતું. પૌત્રો હેમુદાદાને પગે લાગતા અને સેલ્ફી પાડતા. વહાલથી પૌત્રો પૌત્રીઓને બોણી આપી આપી હેમુદાદા રાજીના રેડ થઈ ગયા હતા. નાનકડો પરપૌત્ર ઓચિંતો હેમુદાદાના ખોળામાં આવીને ચશ્માં સાથે મસ્તી કરવા લાગ્યો અને હેમુદાદા પાછા ભૂતકાળમાં સરી ગયા.....

માંડ છ વર્ષના હેમુ પર એક પછી એક ત્રણ સ્વજનોની વિદાયનો આઘાત લાગ્યો હતો. રોજ સામખિયારીમાં વાસના કૂતરાઓને રોટલો ખવડાવવો, પસાર થતી ગાયોને ઘાસ ખવડાવવું કે આકાશમાંથી પસાર થતા વાદળાઓને જોતા રહેવું એનો નિત્ય ક્રમ. હેમુ નાનો હતો ત્યારે મોટીબેન ભાઈને કહેતા હતા કે છાપામાં આવ્યું છે કે અત્યારે બીજું વિશ્વયુદ્ધ ચાલે છે. મોંઘવારી ફાટી નીકળી છે. બાજરી ત્રણ રૂપિયા મણ અને સોનુ દોઢસો રૂપિયા તોલો છે. એવી ફાટફાટ થતી મોંઘવારી ઉપરાંત દુકાળમાં ગામમાં આજીવિકા મેળવવી મુશ્કેલ છે એટલે મુંબઈ ચાલ્યા જાઓ.

જોકે ભાઈ થોડાક સમય પહેલા જ મુંબઈ કોઈ દુકાનમાં નોકરી કરતો હતો. મોટી બહેનના આગ્રહથી ભાઈએ એની પત્નીને લઈ મુંબઈની વાટ પકડી. સાથે હતો નાનકડો હેમુ. દોસ્ત જેવા ભાણિયા અને મા જેવી મોટી બહેનથી વિખુટા પડવાની ટીસ એને સ્ટીમરમાં બેઠા બેઠા વધુને વધુ પજવતી હતી. ક્યાંક ગામ છોડવાનું દર્દ પણ સતત બેચેન કરતું હતું. જોકે ભાભી એની દોસ્ત બની ગઈ હતી. સ્ટીમરના તુતક પર ભાભીના ખોળામાં માથું મૂકી સૂઈ ગયો. પણ સ્વપ્નમાં પણ હેમુ માને શોધતો હતો. એમ કરતા કરતા ત્રીજા દિવસે એ મુંબઈ પહોંચ્યા. વીસ બાવીસ લાખની વસ્તીથી ઉભરાતા મુંબઈને જોઈને હેમુ હેબતાઈ ગયો. એને સામખિયારી પાછા જવાની તીવ્ર ઈચ્છા થઇ આવી. પણ ભાભીએ મીઠો ઠપકો આપી ભાગેડ વૃત્તિ પર લગામ લગાવી.

પ્રેમાળ ભાભીને હેમુની ચિંતા હતી. પાંચ છ વર્ષના હેમુની આંખમાં અજબ ચમક હતી. એની પાણીદાર આંખો કહેતી હતી કે એ ગણો આગળ વધશે. ભણીને કદાચ ગોરા અંગ્રેજોની નોકરી કરશે, સાહેબ બની જશે. પણ ભાભીનું એ સ્વપ્ન અધૂરુંજ રહી ગયું કારણકે હેમુ પાંચ છ વર્ષનો થયો ત્યાં દેશ આઝાદ થયો. અને કચ્છ અને વાગડમાંથી થોડાક સાહસિકોએ સ્ટીમર વાટે મુંબઈ તરફ પ્રયાણ કર્યું એમાં હેમુના મોટાભાઈ પણ હતા...

રૂમમાં અવાજ થવા લાગ્યા. મોબાઈલથી રીલ બનવા લાગી અને કેકની ખુશ્બુથી હેમુદાદા પાછા જાગૃત થયા. સવારથી અસંખ્ય લોકો હેમુદાદાને મળવા કફપરેડના ઘરે આવતા હતા. આટલા વર્ષોમાં એમણે સબંધ જમાવ્યો હતો. મોટા રાજ નેતાથી લઈ સમાજના આગેવાનો, સાહિત્ય અને સાંસ્કૃતિક જગતના લોકોથી ઘર ઉભરાતું હતું. બધા સાથે નિખાલસ સંબંધો બંધાયા હતા. હેમુદાદા કોઈને કોઈ માટે ઘસાયા હતા. પણ એમનું ચિત્ હજી કાંઈક શોધતું હતું. હેમુદાદા સુખી હતા. ચિક્કાર સુખી હતા પણ મા ની સાથે આજે એમને બાપા યાદ આવતા હતા, પત્ની યાદ આવતા હતા. વહાલસોઈ દિકરી યાદ આવતી હતી. ને દાદી તો જાણે ધડકતા હતા અને ધડકતું હતું તારદેવનું સોનાવાલા મકાન... પાછા હેમુદાદા ભૂતકાળમાં સરી પડ્યા...

આખું કુટુંબ મુંબઈના તારદેવમાં એક નાનકડી ઓરડીમાં રહેવા આવ્યું. હેમુના ભાઈએ થોડોક સમય નોકરી કરી. પછી એજ દુકાન લઈ લીધેલી. આગળ દુકાન અને પાછળ ઘર રાખવાનો એ સમયે રિવાજ હતો. તારદેવ વિસ્તારમાં આઝાદીની ચળવળ ની ચહેલ પહેલ હતી. જોકે દેશ તાજો તાજો આઝાદ થયો હતો. આઝાદી પછી પણ સવારે યોજાતી પ્રભાત ફેરીઓ, સરઘસો ઈત્યાદિની અસર બાળ હેમુ પર થતી. હેમુ પણ ઝંડો લઈ સરઘસ જવા થનગનતો. ચાલીની ઓરડીની બારીમાંથી રસ્તા પર પસાર થતા ઘોડા ગાડી, ટ્રામમાં થોડીક રહી ગયેલી અંગ્રેજ મહિલાઓ સફર કરતી એમા પોતાની માને શોધતો...

ભાઈની દુકાન હતી. આગળ દુકાન પાછળ મકાન હતું. દુકાન પાછળની એ નાનકડી ઓરડીમાં ભાભી ઘરના અને દુકાનના માણસોની રસોઈ કરતી. એ બાઈ દિલની માયાળુ હતી. દુકાન પાછળ એનો સંસાર રચાયો હતો. હેમુ રાતે ફૂટપાથ પર દુકાનના માણસો સાથે સૂતો. કયારેક દુકાનમાં ભાઈને મદદ કરવા માલ ખભા પર મૂકી ત્રીજા ચોથા માળે પહોંચાડતો. ત્યાં કોઈ ઘરમાં પારસી માઈજી રૂપકડા હેમુના માથે હાથ ફેરવી વહાલ કરતા. તો કોઈ મરાઠી આજી એને ખાવા માટે વડી આપતા. કોઈ ગુજરાતી ઘરમાં બાઇજી એને ખાવા માટે ચણીયા બોર આપતા. પણ હેમુ આ બધી માયાળુ સ્ત્રીઓમાં પોતાની માં ને શોધતો.

પૈસાની અછત હોતા ભાભીએ ભણવા માટે હેમુને મ્યુનિસિપલ સ્કૂલમાં દાખલ કરાવ્યો. પણ પછી ભાઈ ભાભીને લાગ્યું કે અહીં હેમુનો વિકાસ રૂંધાશે એટલે એને માટુંગા બોર્ડિંગમાં દાખલ કર્યો. અને માટુંગા બાર્ડિંગે હેમુનું ભાગ્ય પલટાવી દીધું. અહીં લેખન કળા ખીલી. બોર્ડિંગના મેગેઝીન 'ઝંકાર'નોએ બાળ તંત્રી બની ગયો. તો બોર્ડિંગના બેન્ડમાં હેમુ અદ્‌ભુત ડ્રમ વગાડતો. એ જન્મજાત ચિતારો હોય એમ ચિત્રો દોરતો, ભણવામાં પણ અવ્વલ રહેતો.

હેમુના જીવનમાં એક શુભ અવસર આવી પહોંચ્યો. એમની એક્ટિંગ જોઈ બોર્ડિંગના એક ટીચરે એમને હિંદી ફિલ્મમાં કામ અપાવ્યું. એ જમાનાની સુપરહિટ હિંદી ફિલ્મ "અપના ઘર"માં બાળ કલાકાર તરીકે હેમુએ જાણીતી અભિનેત્રી નંદા સાથે અભિનય કરી નિર્માતાઓનું ધ્યાન ખેચ્યું.

એમનો ચોકલેટી ચહેરો, ગોરો વાન અને એક્ટિંગ જોઈને નિર્માતાઓને લાગતું, મોટો થઈને જરૂર નામી એક્ટર બનશે. પણ પાંસઠ વર્ષ પહેલા કચ્છ વાગડના કોઈ માણસ ફિલ્મ લાઈનમાં જાય એ વિચારી નો'તું શકાતું. અને આમેય એમનો પહેલો પ્રેમ ચિત્રકામ હતો. એટલેજ મેટ્રિકમાં ટોપ ક્લાસ પાસ થઈ "જે જે. સ્કુલ ઓફ આર્ટસ"માં એડમિશન લીધું.

અચાનક સોસાયટી બહાર કચ્છી ઢોલનો અવાજ સંભળાવા લાગ્યો અને હેમુદાદા ભૂતકાળમાંથી વર્તમાનમાં આવી ગયા. ખાસ કચ્છથી આવેલા કેટલાક ઢોલી અને શરણાઈ વાદકના મીઠડા સ્વરથી દાદાના જન્મ દિવસને વધાવવા લાગ્યા. ભારતભરમાં પથરાયેલા કચ્છના કલાકારો, ઉદ્યોગપતિઓ, રમતવીરોને શોધી શોધી એમને ઍવોર્ડ્સથી નવાજી સમાજમાં ઓળખ ઊભી કરવાનું કામ હેમુદાદાએ કર્યું હતું. એ પણ એકબે વર્ષ નહીં પણ ચાર દાયકાઓ સુધી. એક બાજુ વડાપ્રધાનથી લઈ મુખ્ય પ્રધાનો, નેતાઓ, કલાકારો તો બીજી બાજુ પ્રજા વચ્ચે સેતુનું કામ કરતા. અવારનવાર મિજલસો ગોઢવી મોટા નેતાઓ, વ્યાપારીઓ કે કલાકારોને ભેગા કરવા માટે એમને અજબ નશો ચડતો.

બહાર જન્મ દિવસની ઉજવણીનો એક તાજગીસભર ઘોંઘાટ ચાલતો હતો ત્યારે પોતે દોરેલ કાલ્પનિક માં ના સ્કેચની ફ્રેમને દીવાલ પરથી ઉતારી માને મહેસુસ કરવાનો પ્રયત્ન હેમુદાદા કરવા લાગ્યા. આઠ દાયકાઓથી માં માટે એમની શોધ ચાલુ હતી. એમને ખબર હતી કે આ એક ગાંડપણ છે. પણ આવા ગાંડપણને કારણે જિંદગીમાં પરોપકારના ચિક્કાર કામ કર્યા. મુંબઈમાં સમાજ વાડી અને ભવન – એમ બે બે જબરજસ્ત પ્રકલ્પો બાંધ્યા. આવા પ્રકલ્પો માટે બે ત્રણ જિંદગી ખપાવી દેવી પડે. પણ હેમુદાદાએ કરી બતાવ્યું. સફળ લોકોને ત્રણસો પાંસઠ દિવસ શોધતા રહેવું અને પછી એમને ઍવોર્ડ આપવા, સંખ્યાબંધ પુસ્તકો લખવા, વ્યવસાય કરતા રહેવું, અનેક તકલીફો, દુઃખોનો હસતા મુખે સામનો કરવો – એવા કેટલાય ભાવ આવતા રહ્યા.

અચાનક ઘરમાં ધમાલ થઈ ગઈ. કેક કાપવાના સમયેજ હેમુદાદા ઘરમાંથી ગાયબ હતા. હેમુદાદાને શોધવા દીકરા, વહુ, સ્નેહીજનો બેબાકળા બની ગયા ત્યારે નાનકો પરપૌત્ર સોસાયટી સામેના દરિયા કિનારે આવેલ ખડકો પાસે પહોંચી ગયો. પરપૌત્રને ખબર હતી કે દાદા એકાંત માણવા ખડકો પાસે પહોંચી જતા. દાદાને જોઈ પૌત્ર હરખઘેલો થઈ ગયો. હેમુદાદા મનમાં બોલતા હતા, હે મા, હે પિતા! આજે હું પંચ્યાસીમાં આવ્યો. તમારું વળગણ મને જંપવા દેતું નો'તું. એટલે દરિયાદેવને તમને સમર્પણ કરી મુક્ત થાઉં છું. એટલું કહી હેમુદાદાએ સજળ નયને માતા પિતાના ચિત્રોની ફ્રેમ્સ દરિયાના ઉછળતા મોજામાં પધરાવી દીધી.

ત્યારે પાણીના ઉડતા છાંટા જાણે મા બની હેમુદાદાને વહાલ કરતા હતા.

***(નોંધ : આજે મંગળવાર, તા. ૧૧-૩-૨૦૨૫ના રોજ મુંબઈના મરદ ગુજરાતી હેમરાજ શાહના જન્મદિવસે એમની જીવની પરથી આ 'હેમુ' નામની વાર્તા લખાઈ છે.)***

***આભાર : CT પરિવાર.***

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૮૧

### શ્રી સમેતશિખર તીર્થ
### (શ્રી શામળિયા પાર્શ્વનાથ ભગવાન)



તીર્થોમાંય તીર્થાધિરાજ એવા સર્વોપરી તીર્થના મહિમાનું વર્ણન શબ્દાતીત છે. અનેક તીર્થંકરો અને મુનિગણોની તપોભૂમિ અને નિર્વાણભૂમિ હોવાથી આ તીર્થની યાત્રા એ પ્રત્યેકને માટે પુણ્યકારી અને પાપવિનાશિની છે. વર્તમાન ચોવીસીના વીસ તીર્થંકરો અને અનેક મુનિગણો અહીં તપશ્ચર્યા કરતાં મોક્ષે સિધાવ્યા છે. મધુવન પાસે સમુદ્રની સપાટીથી ૪૪૭૯ ફૂટ ઊંચે આવેલો આ સમેતશિખર પહાડ પાર્શ્વનાથ પહાડને નામે પણ ઓળખાય છે. પરંપરાગત માન્યતા અનુસાર તીર્થકારોનાં નિર્વાણસ્થળો પર સૌધર્મેન્દ્રે પ્રતિમાની સ્થાપના કરી હતી. લગભગ બીજી સદીમાં આ. શ્રી પાદલિપ્તસૂરિ અને એ પછી પ્રભાવક આ. શ્રી બપ્પભટ્ટસૂરિ પોતાની આકાશગામિની વિદ્યા દ્વારા અહીં યાત્રાર્થે આવ્યા હતા. વિક્રમની નવમી સદીમાં આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિજી અહીં સાત વખત યાત્રાએ આવ્યા હતા અને જીર્ણોધ્ધારનું કાર્ય કરાવ્યું હતું. વિ.સં. ૧૩૪૫માં, વિ.સં. ૧૬૫૯ અને વિ.સં. ૧૬૭૦માં અહીં પ્રતિષ્ઠા કરાવ્યાનો કે મંદિરો રચ્યાનો ઈતિહાસ મળે છે. વિ.સં. ૧૬૪૯ મોગલ બાદશાહ અકબરે જગદગુરૂ શ્રી હરિવિજયસૂરિજીને શ્રી સમેતશિખર ક્ષેત્રની ભેટ આપીને વિજ્ઞપ્તિ જાહેર કરી હતી. વિ.સં. ૧૮૦૫માં મુર્શિદાબાદના શેઠ મહતાબરાયને દિલ્હીના બાદશાહ અહમદશાહે જગતશેઠની ઉપાધિ આપી હતી અને એ પછી એમને પારસનાથ પહાડ ભેટ આપ્યાનો ઉલ્લેખ મળે છે. વર્તમાનમાં આણંદજી કલ્યાણજીની પેઢીએ આ પહાડ ખરીદીને જૈન શ્વેતાંબર સંઘને અધીન કર્યો. એનો ત્રેવીસમો અંતિમ ઉધ્ધાર વિ.સં. ૨૦૧૨માં આગમોદ્ધારક આ. શ્રી સાગરાનંદસૂરિજીની પરંપરામાં વિદુષી સાધ્વી શ્રી રંજનશ્રીજી તથા સાધ્વીશ્રી સુરપ્રભાશ્રીજીના પ્રયાસથી થયો. પ્રાકૃતિક સૌંદર્યની વચ્ચે આવેલા આ પહાડ પર ટૂંકો અને મંદિરો હોવા ઉપરાંત મધુબનમાં આઠ શ્વેતાંબર મંદિરો, બે દાદાવાડી અને એક ભોમિયાજી મહારાજનું મંદિર છે. હાલ સમેતશિખર તીર્થના કબજા માટે દિગંબર અને શ્વેતાંબરો વચ્ચે કોર્ટમાં કેસો ચાલી રહ્યા છે.

## તીર્થ દર્શન-૮૨

### શ્રી પાવાપુરી તીર્થ
### (શ્રી મહાવીર ભગવાન)



*શ્રી મહાવીર ભગવાનના ચરણપાદુકા*

પાવાપુરી રોડ રેલવે સ્ટેશનથી ૧૦ કિ.મી. દૂર આવેલા પાવાપુરી ગામની બહાર સરોવરની મધ્યમાં પતિત પાવન ચરમ તીર્થંકર શ્રીમહાવીર સ્વામીની નિર્વાણભૂમિ સમું આ તીર્થ આવેલું છે. અહીં જલમંદિરમાં શ્રીમહાવીર ભગવાનની શ્યામ વર્ણની ૧૮ સે.મી.ની ચરણપાદુકા મળે છે. આ ભૂમિ, એ ભગવાનની અંતિમ દેશનાની અને નિર્વાણની ભૂમિ છે. આથી આ ભૂમિના વાતાવરણમાં પવિત્રતાની મહેંક અનુભવાય છે. ભગવાન મહાવીરની પ્રથમ દેશના પણ અહીં થઈ હોવાનું મનાય છે. એ સ્થળ પર નવીન અને સુંદર સમવસરણના મંદિરનું નિર્માણ થયું છે. વળી આ જ સ્થળે ભગવાન મહાવીર સાથે ઈન્દ્રભૂતિ ગૌતમનો પ્રથમ મેળાપ થયો હતો અને તેમનાથી પ્રભાવિત થઈને પ્રભુ પાસે દીક્ષા લીધી હતી તથા તેમના પ્રથમ ગણધર બન્યા હતા. આવી પાવન ભૂમિમાં કમળનાં ફૂલોથી ખીચોખીચ સરોવરની વચ્ચે આ મંદિરનું દૃશ્ય તીર્થંકર મહાવીર સ્વામીનું પવિત્ર સ્મરણ કરાવે છે. અહીં સતત સોળ પ્રહર સુધી અખંડ દેશના આપ્યા પછી ભગવાન નિર્વાણ પામ્યા હતા. એ દીપાવલીના નિર્વાણ દિને આ સ્થળે ભાવિક ભક્તોનો મેળો ઉભરાય છે. અહીં ગામમંદિર અને જલમંદિર ઉપરાંત જૂનું સમવસરણ મંદિર, મહેતાબકુંવરનું મંદિર, નવું સમવસરણ મંદિર અને શ્રી જિનયશસૂરિ ગુરૂમંદિર છે. શ્રી અભયદેવસૂરિજી દ્વારા પ્રતિષ્ઠિત કરવામાં આવેલી પંચધાતુની મૂર્તિ દર્શનીય છે. જૈન શાસ્ત્રોમાં આ પવિત્ર પાવાપુરી નગરીને 'મધ્યમા પાવા' તરીકે ઓળખાવી છે, કારણ કે એ સમયે પાવા નામની ત્રણ નગરીઓ હતી. કેટલાક ગ્રંથોમાં મધ્યમા પાવાનું અપાપાપુરી એવું નામ મળે છે, પણ એ પછી એનું નામ પાવાપુરી પડ્યું હોય એમ જણાય છે. આજે પ્રાચીન કાળની એ પાવાપુરી પાવા અને પુરી એમ બે ગામોમાં વિભકત થયેલી છે. બંને ગામ વચ્ચે એક માઇલનું અંતર છે. જૈનોનું તીર્થધામ પુરીમાં છે.

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***
***મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭***

બોધ કથા :

## બીજાને ઉપયોગમાં આવે એ નાના નહીં, બહુ મોટા છે

પ્રેષક : નવનીત પટેલ

એક વખત એક માણસના ખિસ્સામાં રૂા. ૨૦૦૦/-ની નોટ અને ૧ રૂપિયાનો સિક્કો ભેગા થયા. સિક્કો તો અભિભૂત થઈને નોટની સામે જોયા જ કરતો હતો.

નોટે પૂછ્યું, આટલું ધ્યાનપૂર્વક શું જુએ છે?

સિક્કાએ કહ્યું, આપના જેટલા મોટા મૂલ્યની વ્યક્તિ સાથે ક્યારેય મુલાકાત થઈ નથી. એટલે આપને જોઉં છું. આપનો જન્મ થયો ત્યારથી અત્યાર સુધીમાં આપ કેટલું બધું ફર્યા હશો. આપનું મૂલ્ય મારા કરતા બે હજાર ગણું વધારે છે. એટલે કેટલા લોકોને ઉપયોગી થયા હશો?

નોટે દુઃખી વદને કહ્યું, 'ભાઈ, તું વિચારે છે એવું કંઈ નથી. હું એક ઉદ્યોગપતિના કબજામાં હતી. એણે મને સાચવીને એની તિજોરીમાં રાખેલી. એક વખત મને તિજોરીમાંથી બહાર કાઢીને એણે કરેલા ટેક્સ ચોરીના કૌભાંડને ઢાંકવા માટે લાંચ તરીકે એક અધિકારીના હવાલે કરી. મને એમ થયું કે ચાલો, જેલમાંથી છુટ્યા. હવે કોઈના ઉપયોગમાં આવીશ. પણ મારા સપનાઓ સપનાઓ જ રહ્યા કારણકે અધિકારીએ મને એના બેંક લોકરમાં કેદ કરી દીધી.

કેટલાય મહિનાઓ બાદ અધિકારીએ એક મોટો બંગલો ખરીદ્યો એટલે મને બેંક લોકરમાંથી બહાર નીકળવાની તક મળી. જેવી બિલ્ડરના હાથમાં આવી કે એણે તો કોથળામાં પૂરીને એક અંધારી જગ્યાએ મૂકી દીધી. મારો તો શ્વાસ પણ રૂંધાતો હતો. હજુ થોડા દિવસ પહેલા જ ત્યાંથી નીકળીને આ માણસના ખિસ્સામાં પહોંચી છું. ભાઈ, સાચુ કહું તો મેં મારી જિંદગી જેલમાં જ વિતાવી છે.'

નોટે પોતાની વાત પૂરી કરીને પછી સિક્કાને પૂછ્યું, 'દોસ્ત, તું તો કહે તારા જન્મ પછી તું કેટલુંક ફર્યો? કોને કોને મળ્યો?'

સિક્કાએ હરખાતા હરખાતા કહ્યું, 'અરે દોસ્ત, શું વાત કરું? હું તો ખૂબ ફર્યો. એક જગ્યાએથી બીજી જગ્યાએ અને ત્યાંથી વળી ત્રીજી જગ્યાએ સતત ફરતો જ રહ્યો. ક્યારેક ભિખારી પાસે જઈને એને બિસ્કીટનું પેકેટ અપાવ્યું તો ક્યારેક નાના બાળકના હાથમાં જઈને એને ચોકલેટ અપાવી. પવિત્ર તીર્થસ્થાનોમાં જઈ આવ્યો, પવિત્ર નદીઓમાં નાહી આવ્યો અને પ્રભુના ચરણસ્પર્શ પણ કરી આવ્યો. ક્યારેક હું આરતીની થાળીમાં જઈ આવ્યો, તો ક્યારેક અલ્લાહની ચાદરમાં પણ પોઢી આવ્યો. મને ખૂબ મજા આવે છે અને જેની જેની પાસે જાઉં છું તેને પણ મજા કરાવું છું.'

સિક્કાની વાત સાંભળીને નોટની આંખ ભીની થઈ ગઈ.

મિત્રો, તમે કેટલા મોટા છો એના કરતા તમે લોકોને કેટલા ઉપયોગમાં આવ્યા, એ વધુ મહત્ત્વનું છે. મોટા હોય પણ ઉપયોગમાં ન આવે તો એ નાના જ છે અને નાના હોય પણ બીજાને ઉપયોગમાં આવે તો એ નાના નહીં બહુ મોટા છે. ■

## કેવી મજાની વાત...

૧ એકમ
૧૦ દસક
૧૦૦ સો
૧૦૦૦ હજાર
૧૦,૦૦૦ દસ હજાર
૧,૦૦,૦૦૦ લાખ
૧૦,૦૦,૦૦૦ દસ લાખ
૧,૦૦,૦૦,૦૦૦ કરોડ
૧૦,૦૦,૦૦,૦૦૦ દસ કરોડ
૧,૦૦,૦૦,૦૦,૦૦૦ અબજ
૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦ દસ અબજ
૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ ખર્વ
૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ નિખર્વ
૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ મહા પદય
૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ અંત્ય
૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ પ્રાર્ધ
૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ દસ પ્રાર્ધ
૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ શંખ
૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ દસ શંખ
૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ રતન
૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ દસ રતન
૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ ખંડ

એકની પાછળ ૨૧ મીંડા ચડે ત્યારે એક ખંડ થાય. આવા એક ખંડ, ૮૬ રતન, ૮ શંખ, ૪ પ્રાર્ધ વર્ષ વીતે ત્યારે આ અમૂલ્ય મોક્ષના દ્વાર સમો માણસનો દેહ પ્રાપ્ત થાય છે. માટે ખૂબ જ સત્સંગ, ભજન,સેવા કરી સમજણ પાકી કરી લેવી.

મોંઘો મનુષ્યનો દેહ મળ્યો છે. તે ખોટા ફેલ ફતુરમાં ખોઈ નાખશો નહીં. જો એકવાર આ અણમોલ અવસર ચૂકાઈ ગયો, તો ફરીને મનુષ્ય દેહ પ્રાપ્ત થવો એ ઉપર કહ્યો એટલો સમય લાગશે.

આ દેહ લખ ચોરાશીની સર્કલ બ્રેક કરવા માટે છે. માટે જન્મમરણના રોગથી મુક્ત થવાય, યુગો સુધીનો અખંડ આનંદ, અખંડ આકાર, અખંડ આયુષ, અખંડ અલૌકિકતા પ્રાપ્ત થાય; એવું કરી લેજો...

Since 1985
INDOTEX PAINTS
• Durable • Decorative • Protective • Anti-fungus
• Heat, Scrub and UV resistant • All weather proof
PRODUCTS • Exterior & Interior Emulsion • Textures • Putty • Distemper • Primers • Enamel • Damp Proof • Satin Enamel • Zinc Yellow • Red Oxide • Wood Primers • Road Marking • Aluminium Paint • Black Board Paint • Touch wood • Epoxy enamels • Thinners
Contact No.: 9825033596 • 9712133596 • 9909444598
Web : www.indotexpaints.com • E-mail : indotexpaints@yahoo.co.in



સ્ટેપલરની એક પીન
કરોડોના દસ્તાવેજ સાચવી રાખે છે.
દુનિયામાં કોઈ પણ વ્યકિતને એના કદથી નહીં,
એના ગુણથી પારખજો.



જે માણસ સારા વિચારો પકડી શકે છે,.
એ માણસે હાથમાં માળા પકડવાની
જરૂરત રહેતી નથી.

*Bharat B. Gala*
M. : 93270 05460
SHREE Raju ENTERPRISE
RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI
323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

*With Best Compliments From*
Sathwara Construction
C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com



સારું કામ અને સારી ભાષા
ફિક્સ ડિપોઝીટ સમાન છે;
સમય જતાં મૂડીની સાથે વ્યાજ પણ આપી જાય છે.



હંમેશાં એટલા નાના બનો કે
કોઈ પણ વ્યકિત તમારી સાથે બેસી શકે અને
પોતાના કામો થકી એવા મોટા બનો કે
તમે ઉભા થાવ ત્યારે કોઈ બેસી ન શકે.

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦
શાંતિનાથ ડેકોરેટર્સ
(મહાવીર ગ્રુપ - ધામાવાળા)
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર
બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month


• શુભેચ્છા સહ •



## પ્રભુલાલ એમ. સંઘવી

ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

**Chandrakant K. Gada**
+91-9825069290

BLUE STAR INDUSTRIES

**Stainless Steel Re-Rollers**

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com



## SKYBLUE
**STATIONERY MART**
EVERY THING THAT YOU THINK

**South Bopal :** 35, Gala Magnus, Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara :** GF Shop No. 26, Maple Trade Centre, SAL Hospital Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**



## ફ્યુઝન કિડની કેર પ્રા. લી.
FUSION KIDNEY INSTITUTE
*Full UroNephro Solutions*



**ડો.હિમાંશુ શાહ** [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્વાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

BMCB BANK ESTD 1995
Multi-State Bank

## ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ–૬.
Tel. : 26400969 • www.bhujbank.com

બેંકની વિવિધ સગવડો
- FDR વ્યાજ દર upto 8.75% @ with monthly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil*
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : • વર્ષ ૨૦૨૨ : ૧૦% • વર્ષ ૨૦૨૩ : ૧૨%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫

* Conditions apply




ભાઈ, ભાઈબંધ, ભાગીદાર અને ભગવાન –
આ ચારની સાથે ચાલાકી નહીં કરનાર
હંમેશાં ફાયદામાં રહે છે.

*પાણી તો દરેકને એક જેવું જ અપાય છે. છતાં શેરડી મીઠી, દ્રાક્ષ ખાટી, કારેલું કડવું અને મરચું તીખું ઉગે છે; એનું કારણ પાણી નહીં પણ બીજ છે. આપણે આપણા મનમાં જેવા વિચારોનું વાવેતર કરીશું એવું જ ઉગી નીકળશે.*

*If undelivered please return to :*


**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬


**To,**